# સ્વાધ્યાય

દીપોત્સવી

વિ. સં. ૨૦૨૫

પુસ્તક ૭

અંક ૧



રાજા અમરશક્તિ, તેના ત્રણ મૂર્ખ પુત્ર, પ્રધાન અને વિષ્ણુશર્મા ('પંચાખ્યાન બાલાવબોધ'). જુઓ આ અંકમાં ડૉ. ઉમાકાન્ત શાહનો લેખ, ચિત્ર નં. ૮

સ્વાધ્યાય અને
સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

---

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ડિસેમ્બર, ૧૯૬૬.

# સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૨૫ પુસ્તક ૭

નવેમ્બર ૧૯૬૯ અંક ૧


# નયવિધાનજ્ઞ શ્રીકૃષ્ણ[1]


ઉપેન્દ્રરાય જ. સાંડેસરા


કૌરવોની સંસદમાંથી દૂતકાર્ય પતાવીને શ્રીકૃષ્ણ ફોઈ કુન્તીને ઘેર મળવા ગયા. ચરણમાં અભિવાદન કર્યું, અને સંક્ષેપમાં સભાનો વૃત્તાંત કહ્યો : 'મેં તથા ઋષિઓએ દાખલાદલીલો સાથે સમજવાલાયક ઘણી વાતો કહી પણ દુર્યોધને એને ન સ્વીકારી. એટલે દુર્યોધનના અનુયાયીયો કાળથી પકવ થઈ ગયા છે—એમને મૃત્યુ પોકારી રહ્યું છે. હવે હું આપની વિદાય લઈને શીઘ્ર પાંડવો પાસે જઈશ. એટલે મહાપ્રાજ્ઞે! આપના વતી મારે પાંડવોને શું કહેવું, તે મને કહો. તમારો સંદેશો સાંભળવા ઉત્સુક છું.' (૫-૧૩૦-૧ થી ૪)

શ્રીકૃષ્ણે સંદેશો માગ્યો. એટલે વીરમાતા કુન્તીએ પાંડવોને કહાવ્યું : 'કેશવ! તમે ધર્માત્મા યુધિષ્ઠિરને કહેજો કે તારો (પ્રજાપાલનનો સ્વ-)ધર્મ ક્ષીણ થતો જાય છે. તેને દીકરા!

---

૧ શ્રીકૃષ્ણ નયનિપુણ હતા. તે માટે જુઓ 'જરાસંઘ-વધ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', સં. ૨૦૨૨, જન્માષ્ટમી અંક. તેમાં શ્રીકૃષ્ણનો પોતાનો મત (૨-૧૮-૩); ભીમસેનનો મત (૨-૧૪-૯) અને નીચે ટાંકેલો રાજા યુધિષ્ઠિરનો મત :

तस्मान्नयविधानज्ञं पुरुषं लोकविश्रुतम् ।
वयमाश्रित्य गोविन्दं यतामः कार्यसिद्धये ॥ २-१८-१८.

एवं प्रज्ञानयबलं क्रियोपायसमन्वितम् ।
पुरस्कुर्वीत कार्येषु कृष्ण कार्यार्थसिद्धये ॥ २-१८-१९.

एवमेव यदुश्रेष्ठं पार्थः कार्यार्थसिद्धये ।
अर्जुनः कृष्णमन्वेतु भीमोऽन्वेतु धनंजयम् ।
नयो जयो बलं चैव विक्रमे सिद्धिमेष्यति ॥ २-१८-२०.

'...તેથી **નયવિધાનજ્ઞ** (નીતિવિધાનના જ્ઞાતા), ખ્યાતનામ મહાપુરુષ ગોવિંદને આશ્રયે અમે કાર્ય સિદ્ધ કરવા યત્ન કરીએ છીએ. ક્રિયા (અર્થાત્ સમજ, બુદ્ધિ અને શોધનથી લાભ મેળવવાની કુશળતા) તથા ઉપાય (સામ, દાન, દંડ, ભેદ)વાળી પ્રજ્ઞા, નય અને બળને કૃષ્ણ! કાર્યાર્થની સિદ્ધિને માટે કાર્યોમાં આગળ કરવાં. એટલે આમ અર્જુન યદુશ્રેષ્ઠ કૃષ્ણને અનુસરો અને ભીમ ધનંજયને અનુસરો. એ રીતે નય (શ્રીકૃષ્ણ), જય (અર્જુન) અને બળ (ભીમસેન) પરાક્રમ કરીને સિદ્ધિને વરશે...'

વૃથા ન કર. જેમ મૂર્ખ અને બુદ્ધિ વિનાના વેદિયા (ગમાર વેદપાઠીની) બુદ્ધિ (અર્થ સમજ્યા વિના) વેદને ગોખ્યા કરવાથી જડ થઈને એ ગોખણપટ્ટીને જ ધર્મ સમજે છે, એમ તારી બુદ્ધિ પણ (સાચા ધર્મને નહિ પણ જડ) ધર્મને વળગી રહે છે.[૨] સ્વયંભૂએ (= સર્વાત્મક પુરુષોત્તમે) (શત્રુમર્દનરૂપી) ક્રૂર કર્મ અને પ્રજાપાલન કરી બાહુબળથી આજીવિકા ચલાવનાર ક્ષત્રિયને છાતીમાંથી સર્જ્યો છે.'[૩] (૫-૧૩૦-૫ થી ૭.) પછી પૂર્વે કુબેરે રાજર્ષિ મુચુકુન્દને રાજ્ય આપવા માંડયું હતું પણ તેણે (વગર મહેનતનું મફતિયું) રાજ્ય ન લેતાં બાહુબળથી જ રાજ્ય મેળવીને શાસન કર્યું હતું, એ દૃષ્ટાંત કહી સંભળાવ્યું[૪] (૫-૧૩૦-૮ થી ૧૦). એ પછી સુરક્ષિત પ્રજાના સદ્ધર્માચરણમાં રાજાને ચોથો ભાગ મળે છે, ધર્મિષ્ઠ રાજા દેવપણાને અને અધર્મિષ્ઠ નરકને પામે છે, દંડનીતિના સમ્યગ્ ઉપયોગથી (કાયદો અને ન્યાયવ્યવસ્થાના સંરક્ષણથી) કૃતયુગ (= સત્યયુગ) નામનો શ્રેષ્ઠ સમય પ્રવર્તે છે, રાજા (= રાજ્યકર્તા) જ (સારા કે ખોટા) સમયનું કારણ છે, અર્થાત્ કૃતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, અને (કનિષ્ઠ) કલિયુગનું કારણ બને છે, અને રાજા તેનાં સારાંખોટાં ફળને પણ ભોગવે છે;[૫] વગેરે સમજાવીને રાજધર્મનું પાલન કરવાનો અનુરોધ કર્યો. પોતે યુધિષ્ઠિરમાં દાન, તપ, શૌર્ય, પ્રજા, સંતાન, મહત્તા, બલ અને ઓજસ્ની જ આશા કરી હતી, તથા પિતૃઓ અને દેવો પણ (ક્ષત્રિયમાં) દાન, અધ્યયન, યજ્ઞ

---

૨ श्रोत्रियस्येव ते राजन्मन्दकस्याविपश्चितः ।
अनुवाकहता बुद्धिर्धर्ममेवैकमीक्षते ॥ ५-१३०-६.

૩ સર૦ 'ઋગ્વેદ'નું 'પુરુષસૂક્ત' ૧૦-૯૦-૧૨, જેમાં 'પુરુષ'ના બાહુમાંથી ક્ષત્રિયો થયા એમ છે. મ૦ ભા૦ની કેટલીક પ્રતોનો પાઠ बाहुभ्यां क्षत्रियाः सृष्टाः । એ સાથે મળે છે. 'પુરુષસૂક્ત'નો આ 'પુરુષ', આદિપુરુષ > વિરાજ > પુરુષ એમ પરમાત્માથી ઉત્પન્ન થયેલો 'પુરુષ' છે.

૪ રાજર્ષિ મુચુકુન્દની આ કથા માટે જુઓ મ૦ ભા૦ ૧૨-૭૫-૧ થી ૨૧.

૫ (૧) दण्डनीत्यां यदा राजा सम्यक्कार्त्स्न्येन वर्तते ।
तदा कृतयुगं नाम कालः श्रेष्ठ प्रवर्तते ॥ ५-१३०-१४.
कालो वा कारणं राज्ञो राजा वा कालकारणम् ।
इति ते संशयो माभूद्राजा कालस्य कारणम् ॥ ५-१३०-१५.

૫-૧૩૦-૧૪ = કે. ૧૨-૭૦-૭; ૫-૧૩૦-૧૫= ૧૨-૭૦-૬.

દંડનીતિના સમ્યગ્ ઉપયોગ (ન્યાયપૂર્ણ રાજ્યવ્યવસ્થા)થી પ્રવર્તતા કૃતયુગ અથવા ધર્મયુગ, અને ક્રમશઃ ઘટતી જતી ન્યાયવ્યવસ્થાથી અનુક્રમે ત્રેતા, દ્વાપર અને કલિ પ્રવર્તે છે તે દર્શાવતું ભીષ્મનું પ્રવચન જુઓ, 'શાન્તિપર્વ' અ-૭૦. માતા કુન્તી અને ભીષ્મનાં પ્રવચનો સાફ દર્શાવે છે કે, ન્યાયી વ્યવસ્થાનો ભરતીયુગ એ સત્યયુગ છે. એમાં ઓટ આવતાં બીજા યુગો પ્રવર્તે છે. સત્યયુગ એ કોઈ અતિપ્રાચીન જમાનાનું પૌરાણિક ગપ્પું નથી, પરન્તુ થોડાઘણા અંશે સાકાર થઈ ચૂકેલી અને હવે સાકાર થઈ શકે એવી ફલવતી, શાસ્ત્રીય, આદર્શવતી કલ્પના છે.

(૨) આ વિચાર અને વચનનું સમર્થન કરતો 'મનુસ્મૃતિ'નો સંદર્ભ સર૦ ૯-૩૦૧, ૩૦૨. મનુ. ૯-૩૦૨નો વિચાર 'ઐતરેયબ્રાહ્મણ'ના 'શુનઃશેપાખ્યાનમ્' (૭-૧-૪)માંથી ઊતરી આવેલો જણાય છે.

અને પ્રજારક્ષણુની આશા રાખે છે,[૬] ઇત્યાદિ વર્ણવીને ક્ષત્રિયાણી કુન્તી યુધિષ્ઠિરને ઉદ્દેશીને બોલ્યાં : 'આ હું જે કહું છું તે ધર્મ હો કે અધર્મ હો પણ જન્મથી જ આ (દાનાદિ) કર્મો તારી સાથે લાગેલાં છે.' વળી ચાતુર્વર્ણ્યનો સ્વધર્મ સમજાવતાં, 'તું ક્ષત્રિય હોઈ પ્રજાનું રક્ષણ કરનારો અને બાહુબળ પર જીવનારો છે' કહીને સામ, દાન, ભેદ, દંડ અને નયથી કોઈ પણ પ્રકારે, શત્રુઓએ ગળેલા રાજ્યભાગને પાછો મેળવવા પ્રેરતાં કટાક્ષભર્યો ઉપાલંભ આપ્યો : 'અમિત્રનન્દન! (શત્રુઓને આનન્દ આપનારા!) બન્ધુજનો વગરની અને તને જન્મ આપનારી અને કોળિયા ધાન માટે પણ મારે બીજાના મોં સામું જોઈ રહેવું પડે છે, તેનાથી અદકું દુઃખ બીજું કયું હોય?! માટે તું રાજધર્મ પ્રમાણે યુદ્ધ કર. પૂર્વજોને (તેમના પ્રતાપી નામને) બોળ નહિ. ક્ષીણપુણ્ય થઈને નાના ભાઈઓની સાથે અધોગતિને ન પામ.' (૫-૧૩૦-૧૧ થી ૩૨)

યુધિષ્ઠિર અને પાંડવો ઉપરના સંદેશાની આટલી પ્રસ્તાવના કરીને માતા કુન્તીએ, યશસ્વિની, દીર્ઘદર્શિની, રાજસંસદોમાં વિખ્યાત, જુસ્સાદાર અને બહુશ્રુત ક્ષત્રિયાણી વિદુરાનું પોરસ ચઢાવતું ઉદાહરણ આપ્યું :

'સિંધુરાજથી પરાજય પામી હતાશ થઈ સૂઈ રહેલા સૌવીરના રાજા સંજયને, તેની માતા વિદુરાએ હતાશા ખંખેરી આત્માનું .અવમાન ન કરવા; અપ્રમાદી, નિર્ભય અને અલ્પ-પ્રાપ્તિથી અસંતોષી થવા;[૭] પરાક્રમી, અદીન અને સર્વ આશ્રિતોને પાકાં ફળવાળા વૃક્ષની જેમ આજીવિકા આપનાર થવા માટે, તીક્ષ્ણ અને સૌમ્ય નીતિશાસ્ત્રના ઉપદેશથી યુદ્ધ કરવા માટે તૈયાર કર્યો.[૮] એમાં દિલમાં ધૂંધવાયા કરતાં, બુદ્ધિની પ્રવૃત્તિ કરી, બહાદુરીપૂર્વક શત્રુ સાથે યુદ્ધ કરી કાં તો રાજ્ય મેળવવું કાં સ્વમાનપૂર્વક રણક્ષેત્રમાં સૂવું એ ઘણુ ઉત્તમ છે, એમ હાકલ કરતાં વિદુરાએ કહ્યું : 'ટીંબરુના ઊંબાડિયાની જેમ એક ક્ષણવાર પણ તું ઝળક. ભટકતા કાગડાની માફક (કેવળ) જીવવાની ઇચ્છાથી ડાંગરનાં છોડાંના અગ્નિની જેમ ધૂંધવાયા ન કર,

---

૬ સત્ત્વશીલ રાજધર્મની પ્રશસ્તિ ગાતું ભીષ્મે કહેલું સુભાષિત સર°

धर्मोत्थिता सत्त्ववीर्या धर्मसेतुवहाकरा ।
त्यागवाताध्वगा शीघ्रा नौस्त्वा संतारयिष्यति ॥ १२–६६–३१.

(પ્રજાપાલનના) ધર્મમાંથી બનેલી, સત્ત્વગુણના ચાલક બળવાળી, ધર્મમર્યાદારૂપી સઢનાં રાંઢવાંવાળી અને ત્યાગ(= ૧. દાન. ૨. કર્મફ્લાસક્તિત્યાગ)રૂપી (અનુકૂલ) વાયુથી શીઘ્ર ચાલનારી (રાજધર્મરૂપી) નૌકા (યુધિષ્ઠિર!) તને સારી રીતે તારશે.

૭ सुपूरा वै कुनदिका सुपूरो मूषिकाञ्जलिः ।
सुसंतोषः कापुरुषः स्वल्पकेनापि तुष्यति ॥ ५–१३१–८.
= કે. 'પંચતંત્ર' ૧–૨૫.

૮ यमाजीवन्ति पुरुषं सर्वभूतानि संजय ।
पक्वं द्रुममिवासाद्य तस्य जीवितमर्थवत् ॥ ५–१३१–४०.

વળી જુઓ :

उद्भावस्व वीर्यं वा तां वा गच्छ ध्रुवां गतिम् ॥ ५–१३१–१६કખ.

કાં તો હીર ઝળકાવ અથવા તો ચિરનિદ્રામાં પોઢી જા. Do or die.

કારણ કે લાંબા સમય સુધી ધૂંધવાયા કરતાં એક ક્ષણ પણ ઝળકવું વધુ સારું છે,"[૯] અને ધારદાર ભાષામાં શૂર ચઢાવતાં બોલ્યાં : 'સજ્જનોમાં અપકીર્તિ કરાવનારા, તથા કુલ અને વંશનો નાશ કરનારા તને, સંજય ! મેં પુત્ર નામથી કલિનો જન્મ આપ્યો છે. તારા જેવા અમર્ષ (ગુસ્સા) વિનાના, ઉત્સાહ વિનાના, નિર્વીર્ય અને શત્રુઓને આનંદ આપનારા પુત્રને કોઈ સૌભાગ્યવતી સ્ત્રી જન્મ આપશો નહિ.[૧૦] તું ધૂંધવા નહિ, પણ મહાજ્વાળા થઈને આક્રમણ કરી શત્રુઓનો વધ કર. અરે, એક મુહૂર્ત માટે, કે છેવટ એક ક્ષણ માટેયે શત્રુઓનાં મસ્તક ઉપર પગ મૂકીને ઝળકી ઊઠ......ઇત્યાદિ.'[૧૧]

આવું ભારે શૂર ચઢાવનારું દૃષ્ટાંત કહાવ્યું. તે પછી શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં આવીને વિષ્ટિ પહેલાં કુન્તીને મળ્યા હતા, ત્યારે કુન્તીએ શોક કરતાં કરતાં જે હૈયાવરાળ કાઢી હતી, એ લાગણીઓને સુવ્યવસ્થિત કરીને એમણે પ્રતાપી પુત્રોને તથા કલ્યાણી પુત્રવધૂ દ્રૌપદીને ઉદ્દેશીને શૌર્ય, ઓજસ્ અને પ્રતાપ વધારવા માટે સંદેશો મોકલ્યો. પાંડવોનું, તેમના પુત્રોનું અને દ્રૌપદીનું કુશળ પૂછ્યું. પોતાની કુશળતા જણાવી. નિર્વિઘ્ને ઉપપ્લવ્ય જવાની આશિષ આપી અને પાંડવોનું રક્ષણ કરવા ભલામણ કરી[૧૨] (૫-૧૩૫-૧ થી ૨૨).

---

૯ अलातं तिन्दुकस्येव मुहूर्तमपि विज्वल ।
मा तुषाग्निरिवानर्चिः काकरङ्खा जिजीविषुः ।
मुहूर्तं ज्वलितं श्रेयो न तु धूमायितं चिरम् ॥ ५-१३१-१३.

આ શ્લોકના ઉદ્ઘાટન માટે જુઓ 'ભારત રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૫૭૫, ૫૭૬.

૧૦ अवर्णकारिकं सत्सु कुलवंशस्य नाशनम् ।
कलिं पुत्रप्रवादेन संजय त्वामजीजनम् ॥ ५-१३१-२७.
निरमर्षं निरुत्साहं निर्वीर्यमरिनन्दनम् ।
मा स्म सीमन्तिनी काचिज्जनयेत्पुत्रमीदृशम् ॥ ५-१३१-२८.

૫-૧૩૧-૨૮ સાથે સર° 'વાલ્મીકિ રામાયણ' ૨-૫૩-૨૧; 'હિતોપદેશ' ૨-૭; અને 'પ્રબંધકોશ'માં ૨૪મા 'વસ્તુપાલપ્રબંધ'માંનો શ્લોક.

જેનાથી કુલ અને વંશનો નાશ થાય તે 'કલિ' કહેવાતો હશે. દુર્યોધનને પૌરાણિક રીતે 'કલિ'ના અંશથી જન્મેલો કહ્યો છે. ત્યાં એને કુરુઓને અપયશ આપનાર સમગ્ર પૃથ્વીનો ઘાત કરનાર અને પ્રાણીઓનો નાશ કરનારા વૈરનો ભડકો કરનાર કહ્યો છે તે સર° ૧-૬૧-૮૦, ૮૧.

૧૧ मा धूमाय ज्वलात्यन्तमाक्रम्य जहि शत्रवान् ।
ज्वल मूर्धन्यमित्राणां मुहूर्तमपि वा क्षणम् ॥ ५-१३१-२९.

'વિદુરાપુત્રાનુશાસન' માટે જુઓ મ. ભા. ઉદ્યોગ. અ. ૧૩૧ થી ૧૩૪. તથા 'બુદ્ધિપ્રકાશ' મે, ૧૯૬૩ના અંકમાં 'વીરમાતા વિદુરાનું અનુશાસન' (ઉ. જ. સાંડેસરા).

૧૨ (૧) જુઓ 'સર્વમિત્ર શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય,' સં. ૨૦૨૫નો અક્ષયતૃતીયા અંક. કુન્તીમાતાનાં બન્ને વક્તવ્યમાંના સમાનાર્થક શ્લોકોના કેટલાક સંદર્ભ : 'ઉદ્યોગપર્વ', ૧૩૫-૪ જુઓ ૮૮-૬૪, ૬૫; ૧૩૫-૭ = ૮૮-૬૭; ૧૩૫-૮ = ફે. ૮૮-૬૬; ૧૩૫-૯ = ફે. ૮૮-૭૪ અને ૮૩; ૧૩૫-૧૦ જુઓ ૮૮-૮૩; ૧૩૫-૧૩ = ફે. ૮૮-૭૭; ૧૩૫-૧૪ = ૮૮-૩૮; ૧૩૫-૧૬ = ફે. ૮૮-૮૪; ૧૩૫-૧૭, ૧૮, ૧૯, ૨૦ = ૮૮-૮૫, ૮૬, ૭૯, ૮૦, ૧૩૫-૨૧ = ફે. ૮૮-૮૧.

(૨) અર્જુનને દ્રૌપદીને પગલે ચાલવા અનુરોધ કરતા વચન માટે જુઓ ૫-૮૮-૭૯.

શ્રીકૃષ્ણે કુન્તીફોઈનો સંદેશો સાંભળ્યો. ફોઈને પ્રણામ કર્યા. પ્રદક્ષિણા કરી અને પછી સિંહના જેવી ગૌરવવાળી ચાલવાળા (सिंहखेलगतिः) શ્રીકૃષ્ણ ફોઈના આવાસની બહાર નીકળ્યા, ભીષ્માદિ કૌરવોને વિદાય આપી, અને કર્ણને રથમાં બેસાડીને સાત્યકિની સાથે હસ્તિનાપુરમાંથી નીકળ્યા (૫-૧૩૫-૨૩, ૨૪).

શ્રીકૃષ્ણ વિદાય થયા તે પછી (ઘણા) કૌરવો ટોળે મળીને કેશવે દર્શાવેલા મહાન અદ્ભુત આશ્ચર્યની (વિશ્વરૂપની) ચર્ચા કરતાં બોલવા માંડ્યા કે : 'સમગ્ર પૃથ્વી મૃત્યુના જડબામાં ફસાઈને મૂઢ બની ગઈ છે. દુર્યોધનની બાલિશતાથી (કે જે બાલિશતાને ભીષ્મ-દ્રોણ જેવા સમર્થ પુરુષો પણ અસહાયપણે ટેકો આપી રહ્યા હતા,) એ વિનાશ પામશે.'[૧૩] (૫-૧૩૫-૨૫, ૨૬)

* * *

આ બાજુ શ્રીકૃષ્ણ ગયા તે પછી ભીષ્મ અને દ્રોણે શાસનાતિગ--મોઢું તોડી લેનારા— દુર્યોધનને શિખામણ આપી વારવા પ્રયત્ન કર્યો. પ્રથમ ભીષ્મ પિતામહે એને (દુર્યોધનને) કુન્તીએ શ્રીકૃષ્ણ સાથે મોકલેલા સંદેશાની, શ્રીકૃષ્ણની એ સંદેશાને અનુમતિ હોઈ અને એમની સહાય હોવાથી પાંડવો રાજ્ય લીધા વિના જંપશે જ નહિ એ નિઃશંક વાતની, દ્રૌપદીના સભામાં થયેલા અપમાનની, અર્જુન વગેરેની બહાદુરીની, યુધિષ્ઠિરની ધર્મશીલતા અને વત્સલતાની ખાતરી આપી સુલેહ કરવા દબાણ કર્યું; અને જો એમ સુલેહ થશે તો દાશાર્હ શ્રીકૃષ્ણ વગેરે રાજાઓ આનન્દનાં અશ્રુ સારશે વગેરે હકીકત સમજાવી. તથા અર્જુન જેવા ઈર્ષ્યા વિનાના, પવિત્ર અને સત્યવાદી જોડે પોતાને લઢવું પડે તેનું અકથ્ય દુઃખ વ્યક્ત કર્યું (ઉદ્યોગ. અ. ૧૩૬; ૧૩૭-૧ થી ૩).

ભીષ્મ પછી આચાર્ય દ્રોણે પુત્ર અશ્વત્થામાથીય વધુ પ્રિય અને વિનમ્ર અર્જુનની સામે લડવું પડશે તેની વેદના વ્યક્ત કરી, અને ક્ષાત્રજીવિકાને ફિટકાર આપતાં પોતાના હાથે જ તાલીમ પામીને તૈયાર થયેલા અર્જુનની સર્વશ્રેષ્ઠ ધનુર્વિદ્યાની પ્રશસ્તિ કરતાં દુર્યોધનને ઉપાલંભ આપ્યો :

> वार्यमाणोऽपि पापेभ्यः पापात्मा पापमिच्छति ।
> चोद्यमानोऽपि पापेन शुभात्मा शुभमिच्छति ॥ ५-१३७-८.

---

૧૩ (૧) શ્રીકૃષ્ણની નીતિનિપુણતાએ સામાન્યતઃ દુર્યોધનાભિમુખ સરાસરી કૌરવ વ્યક્તિઓને તેનાથી પરાઙ્મુખ કરી દીધી હતી, તેનું આ ઉદાહરણ છે.

(૨) શ્રીકૃષ્ણ-કુન્તીમિલનની ધૃતરાષ્ટ્ર ઉપર પડેલી અસર સર૰

> यदाश्रौषं वासुदेवे प्रयाते
> रथस्यैकामग्रतस्तिष्ठमानाम् ।
> आर्तां पृथां सान्त्वितां केशवेन ।
> तदा नाशंसे विजयाय संजय ॥ १-१-१२०.

'મેં જ્યારે સાંભળ્યું કે શ્રીકૃષ્ણ (હસ્તિનાપુરમાંથી) જવા નીકળ્યા ત્યારે (વિદાય આપવા) રથની પાસે એકલાં આવીને ઊભેલાં આર્તા કુન્તીને કેશવે સાંત્વન આપ્યું, ત્યારે સંજય! મેં વિજયની આશા મૂકી દીધી.'

(પાપ કરવામાંથી વારવામાં આવે તો પણ પાપાત્મા પાપ કરવાનું ઇચ્છે છે, અને પાપ કરવાની પ્રેરણા કરવામાં આવે તોપણ શુભાત્મા શુભને જ ઇચ્છે છે.)

અને આગળ ચાલતાં ઉમેર્યું : 'કુરુવૃદ્ધ ભીષ્મે, મેં, વિદુરે અને વાસુદેવે તને હિતવચનો કહ્યાં છે, પણ તું માનતો જ નથી. તાકાતના અભિમાનમાં જાણે કે, ઘડિયાલ, ઝૂડ અને મગરથી ભરપૂર વર્ષાઋતુની ગંગાના વેગને એકાએક તરી જવાની ઇચ્છા રાખે છે. પારકી લક્ષ્મીને પોતાની જ માને છે, વગેરે.' પછી ભીષ્મ અને પોતે દાન-યજ્ઞ-અધ્યયન કરીને કૃતાર્થ થયા છે, (એટલે પોતાને બન્નેને કોઈ જાતનો ભય નથી) એ સમજાવીને કહ્યું, 'તપ અને ઘોર (બ્રહ્મચર્ય) વ્રતવાળી સત્યવાદિની દેવી દ્રૌપદી જેના વિજયની આકાંક્ષા રાખે છે તે પાંડવ યુધિષ્ઠિરને તું નહિ જીતી શકે. જેના મન્ત્રી જનાર્દન છે અને જેનો ભાઈ સર્વશસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ ધનંજય છે, એ પાંડવ યુધિષ્ઠિરને તું કેવી રીતે જીતીશ?[૧૪] માટે એક સુહૃદ્ તરીકે પુનરુક્તિ કરીને કહું છું કે, હે વીર! યુદ્ધ કરવાનું માંડી વાળી કૌરવોની વૃદ્ધિ માટે સુલેહ કર.' (૫-૧૩૭-૪ થી ૨૨)

* * *

આ બાજુ ઉપપ્લવ્ય જતા શ્રીકૃષ્ણે કર્ણને રથમાં સાથે લીધેલો. તેની સાથે ખૂબ લંબાણથી મન્ત્રણા કરી. અમેયાત્મા શ્રીકૃષ્ણે કર્ણને માયાળુ, કોમળ, પ્રિય, ધર્મયુક્ત, સત્ય, હિતકર અને હૃદયમાં ચોંટી જાય એવાં વાક્યોથી સમજાવવા માંડ્યો :[૧૫] 'રાધેય! તેં વેદપારગામી બ્રાહ્મણોને ઉપાસ્યા છે. નિયમપરાયણ રહીને અસૂયા વિના તત્ત્વાર્થ જાણવા વારંવાર પ્રશ્નો કર્યા છે—

---

૧૪ (૧) સભામાં અપમાન થયા પછી દ્રૌપદી બ્રહ્મચર્યવ્રત પાળતી હતી. જુઓ, 'દ્રૌપદીવસ્ત્ર-પૂરણનું અર્થઘટન' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', સં. ૨૦૨૩, અક્ષયતૃતીયા અંક, પૃ. ૨૫૫.

(૨) मन्त्री जनार्दनो यस्य भ्राता यस्य धनंजयः ।
सर्वशस्त्रभृतां श्रेष्ठं कथं जेष्यसि पाण्डवम् ॥ ५-१३७-१९.

૧૫ (૧) ૫-૧૩૫-૨૭, ૨૮; ૧૩૮-૧ થી ૩. ધૃતરાષ્ટ્રે શ્રીકૃષ્ણ-કર્ણ મન્ત્રણા અંગે પ્રશ્ન કરતાં સંજય વૃત્તાંત આપે છે :

आनुपूर्व्येण वाक्यानि श्लक्ष्णानि च मृदूनि च ।
प्रियाणि धर्मयुक्तानि सत्यानि च हितानि च ॥ ५-१३८-४.

हृदयग्रहणीयानि राधेयं मधुसूदनः ।
यान्यब्रवीदमेयात्मा तानि मे श्रृणु भारत ॥ ५-१३८-५.

ટીકાકારો અર્જુનમિશ્ર અને નીલકંઠની વાચનાઓમાં ૧૩૮-૪ખનો तीक्ष्णानि° પાઠ છે તે બરાબર નથી લાગતો.

૧૩૮-૪, ૫ સાથે સર° મનુ. ૪-૧૩૮.

सत्यं ब्रूयात्प्रियं ब्रूयान्न ब्रूयात्सत्यमप्रियम् ।
प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ॥

परिपृष्टाः.[૧૬] કર્ણ ! તું સનાતન વેદવાદોને જાણે જ છે. તું ધર્મશાસ્ત્રના (૧. શાસ્ત્ર, અને ૨. કાયદાના) સૂક્ષ્મ સિદ્ધાંતોનો પણ નિષ્ણાત છે. હવે કાનીન (કુંવારી કન્યાને જન્મેલા) અને સહોઢ (લગ્ન વખતે જે કન્યા સગર્ભા હોય એવા) સંતાનનો પિતા તે કન્યાની સાથે લગ્ન કરનાર પુરુષ છે એવું શાસ્ત્રવેત્તાઓ કહે છે. કર્ણ ! તું પણ એ જ રીતે (કુન્તીને ખોળે) જન્મ્યો છે. ધર્મ પ્રમાણે પાંડુનો પુત્ર છે, અને ધર્મશાસ્ત્રની મર્યાદા મુજબ રાજા થઈ શકીશ, કારણ કે તારા પિતૃપક્ષે પાંડવો અને માતૃપક્ષે વૃષ્ણિઓ છે. આ બન્ને પક્ષો તારા છે એમ સમજજે. તાત ! તું આજે મારી સાથે આવીશ એટલે પાંડવો તને યુધિષ્ઠિરની અગાઉ જન્મેલા મોટાભાઈ તરીકે જાણશે. પાંચે પાંડવ ભાઈઓ, દ્રૌપદીના પાંચ પુત્રો, અને અપરાજિત અભિમન્યુ તારો ચરણસ્પર્શ કરશે. પાંડવોની મદદે આવેલા રાજાઓ, રાજપુત્રો અને બધા અન્ધક–વૃષ્ણિઓ પણ તારો ચરણસ્પર્શ કરશે. રાજન્યો (ક્ષત્રિયો) અને રાજકન્યાઓ સોના, રૂપા અને માટીના ઘડાઓમાં તીર્થજળ લાવશે. તેમાં ઔષધિઓ, બધી જાતનાં બીજો, બધાં રત્નો અને લતાઓ નાખીને તારો (રાજગાદી) ઉપર અભિષેક કરશે. વળી દ્રૌપદી પણ વર્ષનો છઠ્ઠો ભાગ તારી સેવા કરશે.[૧૭] ચારે વેદ જાણનારા બ્રાહ્મણો અને વ્યાઘ્રચર્મ પર બેઠેલા પાંડવોના પુરોહિત ધૌમ્ય આજે જ તારો અભિષેક કરો. તે જ રીતે પુરુષશ્રેષ્ઠ પાંચ પાંડવ ભાઈઓ, દ્રૌપદીના પાંચ પુત્રો, પાંચાલો, ચેદિઓ અને હું પોતે તારો પૃથ્વીપતિ રાજા તરીકે અભિષેક કરીશું. કુન્તીપુત્ર યુધિષ્ઠિર રાજા તારા યુવરાજ થાઓ. સમ્યગ્ પ્રકારે પ્રતિજ્ઞાપાલન કરનાર એ ધર્માત્મા હાથમાં શ્વેત ચામર પકડીને રથમાં તારી પાછળ બેસો. રાજ્યાભિષેક થશે એટલે મહાબલી ભીમસેન તારા મસ્તક ઉપર મોટું શ્વેત છત્ર ધરશે. સેંકડો કિંકિણીના નાદવાળા, વ્યાઘ્રચર્મના ઓઢાવાળા અને શ્વેત ઘોડા જોડેલા તારા રથને અર્જુન હાંકશે ('સૂતપુત્ર'ના રથનો સારથિ થશે). અભિમન્યુ તો કાયમ તારી પાસે જ રહેશે. નકુલ, સહદેવ, દ્રૌપદીના પાંચે પુત્રો, મહારથી શિખંડી, પાંચાલી, હું, અન્ધક-વૃષ્ણિઓ-દાશાર્હો અને દાશાર્ણો તને વીંટાઈને તારી પાછળ પાછળ (સમ્માનપૂર્વક) ચાલીશું. માટે મહાબાહો ! પાંડવ ભાઈઓની સાથે જપ, હોમ અને અનેકવિધ મંગળ કાર્યો

---

૧૬ સર૦

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥

૬–૨૬–૩૪ (ગીતા ૪–૩૪).

'(તત્ત્વદર્શીઓને) પ્રણામ કરીને (નમ્રતાથી) વારંવાર પ્રશ્નો પૂછીને અને સેવાથી તે (જ્ઞાન) તું જાણ. તત્ત્વને જાણનારા જ્ઞાનીઓ તને જ્ઞાનનો ઉપદેશ કરશે.'

શ્રીકૃષ્ણ અર્જુનની જેમ કર્ણને પણ ઊંચે ચઢાવવા ચાહે છે, પણ કર્ણનું મનોમાલિન્ય આડે આવતું લાગે છે.

૧૭ षष्ठे च त्वां तथा काले द्रौपद्युपगमिष्यति ॥ ૫–૧૩૮–૧૫ ગદ્ય.

યુદ્ધને બદલે શાંતિ થતાં, વૈરનો બદલો લેવાનો મુદ્દો ન રહે તેથી દ્રૌપદી કર્ણની સેવામાં ઉપસ્થિત રહી શકે. જો કે આ દરખાસ્ત રાજદ્વારી મોભાથી વિશેષ કંઈ નથી. સીત્તેર ઉપરની ઉંમરના કર્ણને બાસઠ-ત્રેંસઠ વર્ષની વૃદ્ધા દ્રૌપદીનું આકર્ષણ રહે તે મોભા સિવાય બંધબેસતું લાગે નહિ.

કરતાં કરતાં રાજ્ય ભોગવ. વળી દ્રવિડો, કુન્તલો, આન્ધ્રો, તાલચરો, ચૂચુપો અને વેણુપો (બહુમાન સાથે) તારી આગળ ચાલો. સૂત-માગધો તારાં અનેકવિધ પ્રશસ્તિગાન કરતાં કરતાં આજે જ સ્તુતિ કરો, અને પાંડવો તારા વસુષેણ નામનો વિજયઘોષ ગજાવો. विजयं वसुषेणस्य घोषयन्तु च पाण्डवाः ॥ કૌન્તેય ! ('રાધેય' નહિ) નક્ષત્રોથી વીંટાયેલા ચન્દ્રમાની જેમ પાંડવોથી વીંટાઈને તું રાજ્યશાસન કર અને કુન્તીને રાજી કર. તારા મિત્રો હર્ષ પામો અને શત્રુઓ વ્યથા પામો, અને પાંડવ ભાઈઓ સાથે તું આજે જ ભ્રાતૃપ્રેમની ગાંઠથી જોડાઈ જાઓ.' (૫-૧૩૮-૬ થી ૨૮)

નયવિધાનજ્ઞ શ્રીકૃષ્ણે સત્ય અને હિતકર વચનોથી કર્ણના મર્મભાગને સ્પર્શ કર્યો. કર્ણ હાલી ગયો. હૃદય બોલ્યું : 'વાર્ષ્ણેય ! કેશવ ! તમે નિઃસંદેહ સૌહાર્દ, પ્રેમ, સખ્યભાવ અને મારા શ્રેયની કામનાથી આ બધી વાતો કરી છે. કૃષ્ણ ! ધર્મશાસ્ત્રની મર્યાદા પ્રમાણે અને તમે માનો છો તે મુજબ હું પાંડુનો પુત્ર છું, એ બધું હું જાણું છું', એમ બોલીને કર્ણે પોતે કુન્તીને ખોળે સૂર્યથી જન્મ્યો, સૂર્યની સૂચનાથી કુન્તીએ ત્યાગ કરીને પોતાનું અહિત કર્યું, અધિરથ સૂતે ઘેર લઈ જઈને રાધાને સોંપ્યો, રાધાને સ્નેહથી પાનો ચઢવાથી ધાવણ આવ્યું, અને પોતાનાં મળમૂત્ર ઉપાડ્યાં વગેરે સંક્ષેપમાં વર્ણવ્યું, અને શ્રીકૃષ્ણને કહ્યું : 'એટલે મારા જેવો ધર્મવેત્તા અને ધર્મશાસ્ત્રનો સતત શ્રોતા એ માતાનો પિંડલોપ[૧૮] કેવી રીતે કરી શકે ? સૂત અધિરથ મને પુત્ર ગણે છે અને હું પણ પ્રેમથી એમને પિતા જ ગણું છું. માધવ ! એમણે શાસ્ત્રોક્ત વિધિથી બ્રાહ્મણો દ્વારા જાતકર્મસંસ્કાર કરાવીને મારું 'વસુષેણ' નામ પાડ્યું. મોટો થતાં સ્ત્રીઓ પરણાવી, એમનાથી મને પુત્ર-પૌત્રો થયા. કૃષ્ણ ! એ સૌમાં મારું હૃદય કામબન્ધનથી બંધાયું છે. (બીજી બાજુ) હું સમગ્ર પૃથ્વી, સોનાના ઢગલા, હર્ષ કે ભયથી ગોવિન્દ ! જૂઠું બોલી શકતો નથી. (વચનભંગ કરી શકતો નથી.) વળી દુર્યોધનના આશ્રયથી મેં તેર વર્ષ સુધી નિષ્કણ્ટક રાજ્ય કર્યું છે. સૂત (સંબંધીઓની) સાથે અનેક યજ્ઞો કર્યા છે. રોટીબેટી-વ્યવહાર કર્યા છે. મારે આધારે તો લશ્કરી તૈયારી કરીને દુર્યોધને પાંડવો સાથે વિરોધ કર્યો છે. અર્જુનની સાથે દ્વૈરથ યુદ્ધ કરવા દુર્યોધને મને ચૂંટ્યો છે. એટલે જનાર્દન ! હું વધ, બન્ધ, ભય કે લોભથી ધીમાન દુર્યોધનનું બૂરું કરી શકીશ નહીં.[૧૯] હૃષીકેશ ! જો હું અર્જુન સાથે દ્વૈરથ

---

૧૮ (क) कन्या गर्भं समाधत्त भास्करान्मां जनार्दन ।
आदित्यवचनाच्चैव जातं मां सा व्यसर्जयत् ॥ ५-१३९-३.

કુન્તીએ આદિત્ય અર્થાત્ સૂર્યની સૂચનાથી કર્ણનો ત્યાગ કરેલો, એ વિધાન અનેક દૃષ્ટિએ મહત્ત્વનું છે.

(ख) (૧) શ્રાદ્ધમાં પિંડદાન આપવાનું બંધ કરવું તે પિંડલોપ. અર્થાત્ કર્ણ એ માને છોડ દઈને કેવી રીતે ત્યજી દે ? (૨) 'ભરણપોષણ બંધ કરવું' એવો અર્થ થઈ શકે. પરંતુ તે અહીં સંગત નથી.

૧૯ (૧) કર્ણ રૂઢ 'ધર્મ'નો વેત્તા અને શ્રોતા છે, ધર્મનો નહિ. એટલે એક બાજુથી તે 'કામબન્ધન'માં (જે ધર્મનું વિરોધી છે) બંધાયેલો રહે છે. બીજી બાજુ જો કુન્તીને માતા તરીકે સ્વીકારે તો પાલક માબાપનો ત્યાગ કરવો જ પડે, એમ ગૃહીત કરે છે. ('શ્રીકૃષ્ણે એ માબાપનો ત્યાગ કરવાનું કહ્યું નથી.) અને તેથી શ્રીકૃષ્ણના, અગ્રજ પાંડવ બનવાના સૂચનને નકારે છે.

યુદ્ધ ન કરું તો મારી અને એની બંનેની અપકીર્તિ થશે. મધુસૂદન ! અમારા હિત માટે પાંડવોને (દ્વૈરથ યુદ્ધ કરવું જ એવી) આ વાત જરૂર કહેજો; અને સૌ પાંડવો તમારા કાબુમાં છે એટલે નિઃસંદેહ તમારું માનવાના જ.

'પણ સર્વયાદવનન્દન પુરુષોત્તમ ! આપણી આ મન્ત્રણાને અહીં જ દાબી દેજો. એ જ હિતકારક છે, કારણ જો વ્રતધારી ધર્માત્મા રાજા યુધિષ્ઠિર મને કુન્તીના પહેલા ખોળાના પુત્ર તરીકે જાણશે તો એ રાજ્ય નહિ લે; અને અરિંદમ ! જો મને સમૃદ્ધ મહાન રાજ્ય (=સામ્રાજ્ય) મળે તોપણ હું તે દુર્યોધનને જ આપી દઉં ! (પરંતુ મારો સમજપૂર્વકનો અંતરનો અભિપ્રાય છે કે) **જેના નેતા હૃષીકેશ છે, અને જેનો યોદ્ધો ધનંજય છે તે ધર્માત્મા રાજા યુધિષ્ઠિર જ હમેશને માટે રાજા થાઓ. (દુર્યોધન નહીં જ.)** જેના મહારથી ભીમ અને નકુલ–સહદેવ જેવા ભાઈઓ છે, જેના દ્રૌપદીના પુત્રો, ઉત્તમૌજા, યુધામન્યુ, સત્યધર્મા સોમકિ (દ્રુપદ), ચેદિનો ચેકિતાન, અપરાજિત શિખંડી, ઇન્દ્રગોપના જેવા (તાંબા જેવા) વર્ણવાળા કેકય ભાઈઓ, ઇન્દ્રાયુધ જેવા (મેઘધનુષ્ય જેવા) વર્ણવાળો ભીમસેનનો (અને પાંડવોનો) મામો મહારથી કુન્તીભોજ, સેનજિત અને વિરાટના પુત્ર શંખ જેવા જેના પક્ષમાં છે, અને **જેના નિધિ (આધાર અથવા ભંડાર) જનાર્દન ! તમે છો** તેની પૃથ્વી છે અને તેનું રાષ્ટ્ર છે (દુર્યોધન જેવાનું નહિ).[20]

'કૃષ્ણ ! ક્ષત્રિયોની આ ભારે જમાવટ થઈ છે. ત્યારથી જ આ વિખ્યાત રાજ્ય યુધિષ્ઠિરને મળી ગયું છે (એમ હું માનું છું). હવે દુર્યોધનનો શસ્ત્રયજ્ઞ થશે. જનાર્દન !

(૨) રૂઢ 'ધર્મ' જ્ઞાનથી આવેલી વફાદારીની ભાવનાથી એ **સત્ય** વસ્તુસ્થિતિ સમજવા છતાં, આસુરી પક્ષમાં રહે છે, અને આસુરી પક્ષ છોડે તો એમાં એને **સત્યદ્રોહ** દેખાય છે અને શ્રેષ્ઠ બ્રહ્મવેત્તા વ્યાસની જેમ (જેમકે સર° 'ભારત-સાવિત્રી'નો વિખ્યાત શ્લોક, ૧૮–૫–૫૦) પોતે 'સત્યદ્રોહ નહીં જ કરે એમ ઉચ્ચારે છે ! એ પારગામી ધર્મવેત્તા નથી. એટલે ઉન્માર્ગગામી દુર્યોધનને સાચા સુહૃદની જેમ પાછો વાળી શકવાનું વિચારી શકતો નથી. એના જ શબ્દોમાં ' શ્રેયસ્ કામના 'વાળા શ્રીકૃષ્ણ જેવા તારક મળ્યા તોપણ એ દુર્યોધનનું 'બૂરું' કરવાનું વિચારી શકતો નથી. પરન્તુ એ ખરેખર તો દુર્યોધનનું બૂરું જ કરી રહ્યો છે !

(૩) કર્ણ 'તેર વર્ષ સુધી નિષ્કણ્ટક રાજ્ય કર્યું' એમ કહે છે. તેને આ સંદર્ભમાં લઈ શકાય: દુર્યોધને કર્ણને અસ્ત્રશિક્ષાપ્રદર્શન વખતે અંગ જનપદનો રાજા બનાવેલો (૧–૧૨૬–૩૬ થી ૩૯) એ સામાન્ય સામંત તરીકે. ત્યારબાદ દ્યૂતસભામાં એણે દુર્યોધનને એકધારો ટેકો આપ્યો, તેના ઈનામ તરીકે દુર્યોધને કર્ણને મૂર્ધાભિષિક્ત સ્વતંત્ર રાજાનો દરજ્જો આપ્યો હોય. એટલે ત્યાર પછીનાં તેર વર્ષ સુધી કર્ણે નિષ્કણ્ટક રાજ્ય કર્યું.

૨૦ स एव राजा धर्मात्मा शाश्वतोऽस्तु युधिष्ठिरः ।
नेता यस्य हृषीकेशो योद्धा यस्य धनंजयः ॥ ५–१३९–२३.

पृथिवी तस्य राष्ट्रं च यस्य भीमो महारथः ।
नकुलः सहदेवश्च द्रौपदेयाश्च माधव ॥ ५–१३९–२४.

* * *

शङ्खः पुत्रो विराटस्य निधिस्त्वं च जनार्दन ॥ ५–१३९–२७ ગદ્ય.

તમે એ યજ્ઞના વેત્તા (અનુભૂત સાક્ષીરૂપ) થશો. એ સાથે તમે આ યજ્ઞના અધ્વર્યુ[૨૧] પણ થશો. સજ્જ થયેલો કપિ-ધ્વજ અર્જુન હોતા થશે...' એ પ્રમાણે સ્રુક્ (સરવો), આજ્ય (ઘી), મન્ત્રો, ગ્રાવસ્તોત્ર (સોમ કૂટવાના પત્થરોનું સ્તોત્ર), સુબ્રહ્મણ્ય (ઇન્દ્રને આમન્ત્રણ કરતી પ્રાર્થના), શામિત્ર (પશુબલિ), યૂપો, ઉપબૃંહણ (સોમાહુતિ વખતે વપરાતું સોમપાત્ર), સોમકલશો, દર્ભનાં પવિત્રાં, પુરોડાશ (એક આહુતિદ્રવ્ય), કપાલ (પુરોડાશ મૂકવાનાં પાત્ર), હવિર્ધૂ, પરિધિ (યજ્ઞાગ્નિની ફરતાં રક્ષણાર્થે મુકાતાં લાકડાં), સમિધો, પરિસ્તોમ (સોમ અને ચમસ–સોમપાત્ર), વગેરે સાધનો; ઉદ્‌ગાતા, પ્રસ્તોતા, બ્રહ્મા, પ્રતિપ્રસ્થાતા વગેરે ઋત્વિજો; યજ્ઞના યજમાન દુર્યોધન તથા તેની યજમાનપત્ની મહાચમૂ (મોટી સેના); આ રણયજ્ઞનાં રાક્ષસી રાત્રિ-યુદ્ધોની 'અતિરાત્ર' નામના સોમયજ્ઞ સાથે શ્લેષાત્મક સરખામણી; આ રણયજ્ઞના વૈતાનકર્મની દક્ષિણા; અર્જુનને હાથે પોતાનું મૃત્યુ તે પુનશ્ચિતિ—યજ્ઞ પછીનો ચયન યજ્ઞ બનશે વગેરે ઉપમાઓ આપતાં આપતાં લાગણીવશ બનીને દુઃખિત હૃદયે કર્ણથી બોલાઈ ગયું : 'કૃષ્ણ ! દુર્યોધનને સારું લગાડવા પાંડવોને મેં કડવાં વચન કહ્યાં તે દુષ્કર્મનો મને આજે પશ્ચાત્તાપ થાય છે.' અને ફરીથી યજ્ઞરૂપક આગળ ચલાવતાં કહ્યું : 'જ્યારે ગર્જતો ભીમ બરાડા પાડતા દુઃશાસનનું રુધિર પીશે ત્યારે એ સુત્યાકર્મ (સોમપાન) થશે. જનાર્દન ! જ્યારે પાંચાલ્ય રાજપુત્રો શિખંડી અને ધૃષ્ટદ્યુમ્ન, ભીષ્મ અને દ્રોણનું પતન કરશે ત્યારે યજ્ઞાવસાન (યજ્ઞસમાપ્તિની શરૂઆત?) થશે. જ્યારે મહાબલી ભીમ દુર્યોધનને હણશે ત્યારે માધવ ! આ યજ્ઞ સમાપ્ત થશે. અને કેશવ ! ધૃતરાષ્ટ્રની પુત્રવધૂઓ અને પૌત્રવધૂઓ, પતિઓ, પુત્રો અને રક્ષકો માર્યા જવાથી ગાન્ધારીની સાથે રડતી રડતી (અને ચોધાર આંસુમાં નહાતી) કૂતરાં, ગીધ અને ટિટોડાંથી ભરપૂર રણભૂમિમાં ભેગી થશે તે યજ્ઞનું અવભૃથસ્નાન બનશે. ક્ષત્રિયશ્રેષ્ઠ જનાર્દન ! વિદ્યાવૃદ્ધ અને વયોવૃદ્ધ ક્ષત્રિયો તમારે લીધે આ યુદ્ધમાં વૃથામૃત્યુ ન પામે એમ કરજો. પણ આ સમૃદ્ધ ક્ષત્રિયમંડળ ત્રૈલોક્યમાં પરમ-પવિત્ર કુરુક્ષેત્રમાં શસ્ત્રથી મૃત્યુને વરે એમ કરજો. પુણ્ડરીકાક્ષ ! આ બાબતમાં તમારી (સર્વ-હિતકારી) અભીપ્સા પ્રમાણે કરજો. જેથી તમામ ક્ષત્રિયો સ્વર્ગે સંચરે...કેશવ ! પરંતપ ! મારી સાથેની મંત્રણા છૂપી રાખજો. અને અર્જુનને મારી સામે યુદ્ધ કરવા તેડી લાવજો.'[૨૨] ('ઉદ્યોગપર્વ,' अ. ૧૩૯)

કર્ણની વાત સાંભળીને પરવીરહા કેશવ મલકચા અને હસતાં હસતાં બોલ્યા : 'કર્ણ ! સ્વતંત્ર રાજ્ય મળે તોપણ તારે રાજ્ય કરવું નથી. અને હું પોતે તને રાજ્ય આપું છું તોપણ

---

૨૧ અધ્વર્યુનાં કાર્યો: 'યજુર્વેદ' કે જેનું બીજું નામ 'અધ્વર્યુ' છે તેના મન્ત્રો ભણતાં ભણતાં યજ્ઞભૂમિની માપણી, યજ્ઞવેદી રચવી, યજ્ઞપાત્રો સજાવવાં, સમિધ અને પાણી લાવવાં, અગ્નિ પ્રકટાવવો, પશુ લાવીને તેનું બલિદાન આપવું. અર્થાત્ આદિથી અંત સુધીનું યજ્ઞકાર્ય કરવું.

૨૨ (૧) શ્રીકૃષ્ણના સમર્થ નયવિધાનને લીધે દુર્યોધનમાં જ અનુરક્ત વફાદાર કર્ણ માનસિક રીતે પાંડવોની જીત અનિવાર્ય માનવા લાગ્યો તથા ઇચ્છવા પણ માંડચો.

(૨) ૫-૧૩૯-૫૫, ૫૬માં કર્ણના મુખમાં મહાભારતયુદ્ધની પ્રશસ્તિના શબ્દો મૂકચા છે: 'જનાર્દન ! જ્યાં સુધી ગિરિઓ અને સરિતાઓ ટકશે ત્યાં સુધી આ (મહાભારતરૂપી) કીર્તિકર શબ્દ કાયમ રહેશે. વાર્ષ્ણેય ! બ્રાહ્મણો ક્ષત્રિયોની યશગાથાવાળા મહાભારતયુદ્ધનું સભાઓમાં વર્ણન કરશે (કથા કરશે)'.

તારે શાસન કરવું નથી ! એટલે હવે પાંડવોનો વિજય ચોક્કસ થશે જ, એમાં કોઈ જાતની શંકા નથી. ઉગ્ર વાનરરાજવાળો અર્જુનનો જયધ્વજ (જાણે) ઊંચે ફરકી રહેલો જણાય છે. એમાં ભૌવને (ઈજનેરે) ઇન્દ્રધ્વજના જેવી દિવ્ય કળા (માયા) વાપરીને બનાવ્યો છે. એમાં ભયપ્રદ ભયાનક દિવ્ય પ્રાણીઓ જણાય છે. કર્ણ ! અર્જુનનો એ ઊંચે ફરકતો સોનેરી (શ્રીમાન) ધ્વજ અગ્નિ જેવો તેજસ્વી અને (દિવ્ય કારીગરીવાળી રચનાને લીધે) ઊંચે અને આડે યોજન જેટલે ફેલાયેલો (દેખાય) છે, છતાં ક્યાંય ઝાડ-પહાડમાં ભરાઈ જતો નથી !' (૫-૧૪૦-૧ થી ૫). અને પછી મહાયુદ્ધના પરિણામે આવનારા સમૃદ્ધિ અને સુનીતિના ભયાનક પ્રણાશની આગાહી કરતાં શ્રીકૃષ્ણે ઉચ્ચાર્યું : 'જ્યારે તું કૃષ્ણસારથિ (= કૃષ્ણ જેના સારથિ છે તે કૃષ્ણથી અર્થાત્ મારાથી દોરવાતા), શ્વેત ઘોડાવાળા અર્જુનને ઐન્દ્રાસ્ત્ર, અગ્ન્યસ્ત્ર અને મારુતાસ્ત્ર પ્રકટ કરતાં જોઈશ તથા વજ્રના કડાકા જેવા ગાણ્ડીવટંકારને સાંભળીશ, ત્યારે ત્રેતા, કૃત કે દ્વાપર નહિ પ્રવર્તે — न तदा भविता त्रेता न कृतं द्वापरं न च ।[23] જ્યારે તું જપહોમપરાયણ કુન્તી-પુત્ર યુધિષ્ઠિરને પોતાના મહાન સૈન્યને સંગ્રામમાં (કૂચ કરવાનો) હુકમ કરતાં અને આદિત્યની જેમ અસહ્ય તેજથી શત્રુસેનાને તપાવતા જોઈશ ત્યારે ત્રેતા, કૃત કે દ્વાપર નહિ પ્રવર્તે. તું જ્યારે યુદ્ધમાં સામા આવતા હાથીને મારનારા અને મદઝરતા માતંગ જેવા મહાબલી ભીમસેનને સંગ્રામમાં દુઃશાસનનું રુધિર પીને રણક્ષેત્રમાં નાચતો જોઈશ, ત્યારે ત્રેતા, કૃત કે દ્વાપર નહિ પ્રવર્તે. જ્યારે તું શત્રુવીરોના રથોને તોડી પાડનારા મહારથી નકુલ-સહદેવને લડાઈમાં શસ્ત્રોના અવિચ્છિન્ન મારાની વચ્ચે કૌરવી સેનાને (સરોવરને ડહોળી નાખનાર) હાથીઓની જેમ ખળભળાવી મૂકતા જોઈશ ત્યારે ત્રેતા, કૃત કે દ્વાપર નહિ પ્રવર્તે. જ્યારે તું ચઢી આવતા દ્રોણ, ભીષ્મ, કૃપ, સુયોધન અને સિન્ધુરાજ જયદ્રથને યુદ્ધમાં સવ્યસાચી (ડાબા હાથે પણ શરસંધાન કરનાર) અર્જુને ખાળી દીધા છે એમ જોઈશ ત્યારે ત્રેતા, કૃત કે દ્વાપર નહિ પ્રવર્તે. (હવે યુદ્ધ થવાનું છે એ નિશ્ચિત છે તેથી) કર્ણ ! અહીંથી જઈને દ્રોણ, ભીષ્મ અને કૃપને કહેજે કે, આ ઘાસ-ઇન્ધન સહેલાઈથી મળે એવો સૌમ્ય (કાર્તિક) માસ છે. પાકેલાં અનાજ, ઔષધિ અને ફળથી વનો સમૃદ્ધ છે. માખીઓ ઓછી થઈ ગઈ છે. પાણી કાદવ વિનાનું અને રસવાળું છે. અતિ તાપ અને અતિ ટાઢ વિનાનો સુખકારક સમય છે. આજથી સાતમે દિવસે (કાર્તિક વદ અર્થાત્

---

૨૩ (૧) ૫-૧૪૦-૭ ગદ્ય; ૯ ગદ્ય; ૧૧ ગદ્ય; ૧૩ ગદ્ય; ૧૫ ગદ્ય.

શ્રીકૃષ્ણ આમ પાંચ વખત પુનઃ પુનઃ કર્ણને યાદ આપે છે કે મહાયુદ્ધના અસામાન્ય વિનાશ પછી સત્યયુગને માટે તો અવકાશ નથી જ, સાથે ત્રેતા કે દ્વાપરનો અવકાશ પણ નહિ રહે. રહેશે કેવળ કલિ અર્થાત્ અનીતિ, કલહ, લડવાડ. આ વિધાનનો અર્થ સ્પષ્ટ છે કે શ્રીકૃષ્ણને મન અને કવિ વેદવ્યાસને મન યુદ્ધમાં અને યુદ્ધાન્તે અધર્મ જ હોય એવો દૃઢ અભિપ્રાય છે. વળી શ્રીકૃષ્ણના સ્વધામગમન બાદ, 'તુરત જ કલિયુગ બેઠો' તેમ કહેવાય છે તેની પાછળ પણ લગભગ આવો આશય હોય કે, 'આજીવન (યથાર્થ) ધર્મસંસ્થાપનનો પ્રયત્ન કરનારના ગમન પછી અધર્મ અર્થાત્ કલિ ઉપરનો દાબ જવાથી અધર્મને છુટ્ટો દોર મળ્યો.' જુઓ વિષ્ણુ. પુ. ૪-૨૪-૧૦૭ થી ૧૧૭; ભાગવત. ૧૨-૨-૩૦ થી ૩૩.

(૨) કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ એ દ્યૂતખેલનમાં પડતા પાસાઓનાં નામ છે. તેમાં કલિમાં ઓછામાં ઓછા દાણા હોઈ, શ્રીકૃષ્ણ દ્યૂતની રમતનું સ્મરણ કરાવી આગામી ઋદ્ધિક્ષયની યાદ આપતા હોય એવો બીજો અર્થ આ વિધાનમાં સંમિલિત હોઈ શકે.

હાલના ગુજરાતી પંચાંગ મુજબ અશ્વિન વદ ) અમાવાસ્યા થશે. એ દિવસે યુદ્ધની યોજના કરો, કારણ કે અમાવાસ્યાને વિદ્વાનો ઇન્દ્રદેવની તિથિ કહે છે. એ જ રીતે યુદ્ધ કરવા સૌ રાજાઓને કહેજે કે હું તમારા મનની બધી ઇચ્છા પૂરીશ. દુર્યોધનને અધીન અને તેના અનુયાયી બધા રાજાઓ અને રાજપુત્રો શસ્ત્રથી મૃત્યુ પામીને ઉત્તમ ગતિ પામશે.' ( ૫-૧૪૦-૬ થી ૨૦ )

કેશવનાં હિતકારી શુભ વચનોનું સન્માન કરીને કર્ણે મધુસૂદન શ્રીકૃષ્ણને ઉત્તર આપ્યો : 'મહાબાહો ! તમે જાણીને મને શા માટે મોહિત કરો છો ? (અર્થાત્ ગૂંચવો છો ?) જગતનો સંપૂર્ણ વિનાશ આવી લાગ્યો છે. તેમાં શકુનિ, હું, દુઃશાસન અને રાજા દુર્યોધન તો (કેવળ) નિમિત્ત બન્યા છીએ.[૨૪] આ ભયાનક યુદ્ધ થશે જ, અને દુર્યોધનપક્ષી રાજાઓ શસ્ત્રાગ્નિથી બળીને યમલોકમાં જશે. જાણે કે દુર્યોધનનો પરાજય અને યુધિષ્ઠિરનો વિજય સૂચવતાં હોય એવાં ઘોર સ્વપ્નો, નિમિત્તો તથા અતિ દારુણ લોમહર્ષણ ઉત્પાતો જોવામાં આવે છે.' (૫-૧૪૧-૧ થી ૬.) એમ બોલીને એણે દુઃસ્વપ્નો, ઉત્પાતો અને નિમિત્તોની લાંબી યાદી આપી. આ નિમિત્તોને પરિણામે યુધિષ્ઠિર રાજ્ય પામશે અને મહાયુદ્ધને અન્તે પાંચ પાંડવો, સાત્યકિ, અશ્વત્થામા, કૃપ અને કૃતવર્મા એટલા જ બચશે એવી આગાહી કરી, અને કર્ણે પોતે જોયેલાં સ્વપ્નો વિશે કહ્યું :[૨૫] '(વળી મેં સ્વપ્નમાં) યુધિષ્ઠિરને પૃથ્વીને જમી જતા જોયા. એટલે તેઓ તમે આપેલી પૃથ્વી ભોગવશે એમ સમજાય છે. વળી ભયંકર કર્મ કરનાર વૃકોદર ભીમ હાથમાં ગદા લઈને પૃથ્વીનું નિરીક્ષણ કરતો હોય એમ પર્વત ઉપર ચઢતો હતો. એ ઉપરથી ચોખ્ખું દેખાય છે કે મહાયુદ્ધમાં એ અમને સાફ કરી નાંખશે. હૃષીકેશ ! હું (બરાબર) જાણું છું કે

---

૨૪ (૧) योऽयं पृथिव्याः कात्स्न्र्येन विनाशः समुपस्थितः ।
निमित्तं तत्र शकुनिरहं दुःशासनस्तथा ।
दुर्योधनश्च नृपतिर्धृतराष्ट्रसुतोऽभवत् ॥ ५–१४१–२.

સર° શ્રીકૃષ્ણવચન

निमित्तमात्रं भव सव्यसाचिन् ॥ ६–३३–३३६ ( ગીતા ૧૧-૩૩ ૬ )

કર્ણને પોતે નિમિત્ત છે એવી પ્રતીતિ થઈ જણાય છે.

(૨) જુઓ, 'મહાયશસ્વી, દયાપૂર્ણ શ્રીકૃષ્ણ સંધિ કરાવવાની ઇચ્છાથી સ્વયં, હસ્તિનાપુર નગરમાં આવ્યા. બેઉ પક્ષના હિતાર્થે કરેલી સુલેહની માગણીને દુર્યોધને પાછી ઠેલી. કર્ણ અને દુર્યોધન વગેરેની દુષ્ટ મન્ત્રણાને જાણીને શ્રીકૃષ્ણે રાજાઓને યોગેશ્વરપણું દર્શાવ્યું. વળી શ્રીકૃષ્ણે રથમાં બેસાડીને કર્ણ સાથે સતત મન્ત્રણા કરી, પણ કર્ણે એને ઉપાયથી ( હોશિયારીથી ) અને ( દુર્યોધન પ્રત્યેની ) ભક્તિથી અસ્વીકારી...' ૧–૨–૧૪૫ થી ૧૪૮.

૨૫ કર્ણે આપેલી દુઃસ્વપ્નો, દુર્નિમિત્તો અને ઉત્પાતોની યાદી એ લખાયું તે યુગની પરાભૂત મનોદશાવાળી વ્યક્તિઓની માન્યતાઓ વ્યક્ત કરે છે. એમાં વ્યક્ત કર્યા મુજબની અસંભવિત અને અસંગત ગ્રહનક્ષત્રિય સ્થિતિઓ, ચમત્કારિક જણાતા બનાવો, ઉત્પાતો વગેરે થયાં હતાં એમ માનવાની કંઈ જ જરૂર નથી. છતાં નૃવંશશાસ્ત્રની દૃષ્ટિએ અભ્યાસીઓને એ ભારે રસપૂર્ણ સામગ્રી પૂરી પાડી શકે એમ છે. એમાંનાં કેટલાંક વિધાન ઉપયોગી છે. જેમકે,

(૧) 'મધુસૂદન! પહેલાં બ્રાહ્મણોનો અને વડીલોનો દ્વેષ કરવો અને ( પછી આગળ વધતાં વધતાં ) પ્રેમાળ સેવકોનો પણ દ્વેષ કરવો તે પરાભવનું લક્ષણ છે.' ૫-૧૪૧-૨૪.

**જ્યાં ધર્મ છે ત્યાં જય છે.**[૨૬] હૃષીકેશ ! પરમ શ્રીથી દીપતા ગાંડીવધારી ધનંજયને મેં તમારી સાથે ધોળા હાથી ઉપર સવારી કરતો દીઠો છે. એટલે તમે દુર્યોધનાદિ રાજાઓનો સમરભૂમિમાં વધ કરશો એમાં મને શંકા નથી. આ ઉપરથી જણાય છે કે જનાર્દન ! અમે ટૂંકા વખતમાં યમલોકમાં પહોંચી જઈશું. હું, બીજા રાજાઓ અને પેલું ક્ષત્રિય યોદ્ધાઓનું મંડળ, એ સૌ ગાંડીવ ધનુષ્યરૂપી અગ્નિમાં પ્રવેશીશું (અને ભસ્મ થઈશું) એમાં મને કંઈ જ સંદેહ નથી.' (૫-૧૪૧-૧ થી ૪૨).

સંયોગવશાત્ આસુરી પ્રકૃતિનું નિમિત્ત બની બેઠેલા કર્ણની વિનાશાભિમુખી દષ્ટિવાળી વાત સાંભળી કર્મયોગી શ્રીકૃષ્ણે કહ્યું : 'કર્ણ ! ખરેખર આજે આ વસુંધરાનો વિનાશ આવી લાગ્યો છે. તેથી મારાં (યુદ્ધ બંધ કરે એવાં) વચનોને તારું હૃદય સ્વીકારતું નથી. તાત ! જ્યારે વિનાશ નજીક આવે છે ત્યારે સર્વ પ્રાણીઓને અનય (અન્યાય) નય (ન્યાય) જેવો લાગે છે, અને તે (અન્યાય) હૃદયમાંથી આઘો ખસતો નથી !'[૨૭] (૫-૧૪૧-૪૩, ૪૪)

પછી કર્ણે શ્રીકૃષ્ણને ગાઢ આલિંગન આપ્યું અને વિદાય માગી : 'મહાબાહો શ્રીકૃષ્ણ ! વીરપુરુષોનો વિનાશ કરનારા આ મહાયુદ્ધમાંથી બચી જઈશું તો અમે તમને ફરી જોઈશું. નહિ તો સ્વર્ગમાં તો ચોક્કસ મળીશું ! હે નિષ્પાપ ! હાલ તો અમે તમને ત્યાં (રણક્ષેત્રમાં) પુનઃ મળીશું !' (૫-૧૪૧-૪૫, ૪૬, ૪૭)

શ્રીકૃષ્ણે રજા આપી એટલે કર્ણ રથમાંથી ઊતર્યો. પોતાના સોનેરી રથમાં બેઠો. ખિન્ન મનથી (સંજય વગેરે થોડા) સાથીઓની સાથે પાછો ફર્યો. (૫-૧૪૧-૪૭, ૪૮; સર° ૧-૨-૧૪૮)

અને શ્રીકૃષ્ણે દારુક સારથિને, 'ચલાવ, ઝડપથી ચલાવ,' એમ હુકમ કર્યો, અને દારુકે હાંકેલા એ મન-પવનવેગી મહાવેગવાન ઘોડાઓ જાણે કે આકાશને (પણ) પી જતા હોય

---

(૨) 'અચ્યુત ! સ્વપ્નના અંતે મેં યુધિષ્ઠિરને ભાઈઓની સાથે એક હજાર સ્તંભવાળા મહેલમાં ચઢતા જોયા છે.' ૫-૧૪૧-૨૭. શિલ્પ-સ્થાપત્ય માટે આ વિધાન ધ્યાન ખેંચનારું છે.

(૩) 'જનાર્દન ! સ્વપ્નના અંતે તમારા શરીરને મેં રુધિરથી ખરડાયેલાં આંતરડાંથી વીંટાયેલું દીઠું.' ૫-૧૪૧-૨૯.

૨૬ क्षपयिष्यति नः सर्वान्स सुव्यक्तं महारणे ।
विदितं मे हृषीकेश यतो धर्मस्ततो जयः ॥ ५-१४१-३३.

यतो धर्मस्ततो जयः । 'ધર્મ છે તો જય છે.' અને તેના આનુષંગિક સંદર્ભો ઇ. માટે જુઓ 'ભારત રત્ન' (ભો.જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૬૬ થી ૭૩, શ્લોક ૩૬ નું ઉદ્ઘાટન.

૨૭ उपस्थितविनाशेयं नूनमद्य वसुंधरा ।
तथा हि मे वचः कर्ण नोपैति हृदयं तव ॥ ५-१४१-४३.

सर्वेषां तात भूतानां विनाशे समुपस्थिते ।
अनयो नयसंकाशो हृदयान्नापसर्पति ॥ ५-१४१-४३.

એમ દોડવા લાગ્યા. અને તીવ્ર ગતિએ ઊડતા બાજની જેમ **ઉચ્ચૈઃસૂર્યમ્** (હજી સૂર્ય ઊંચો હતો, અર્થાત્ વેળા છતાં, સાંજ પહેલાં), શાર્ઙ્ગધન્વા શ્રીકૃષ્ણને સાત્યકિની સાથે ઉપપ્લવ્ય પહોંચાડી દીધા (૫-૧૩૫-૨૮ થી ૩૦; ૧૪૧-૧૯).

* * *

શ્રીકૃષ્ણ અનુનયમાં નિષ્ફળ થઈને પાંડવો પાસે ગયા. તે પછી વિદુર કુન્તી પાસે ગયા. દુઃખિત માતૃહૃદયનો એમને ખયાલ હતો, એટલે એમણે પોતે શોક કરતા હોય એવી રીતે કુન્તીને પરિસ્થિતિની સમજ પાડી: 'સુયોધન પોતાનું (વિદુરનું) કહેવું સાંભળતો નથી, ચેદિઓ, પાઞ્ચાલો, કેકયો, ભીમ, અર્જુન, શ્રીકૃષ્ણ, યુયુધાન, સાત્યકિ અને નકુલ-સહદેવની મદદને લીધે રાજા યુધિષ્ઠિર બલવાન છે. છતાં પણ સંબંધીઓ પ્રત્યેના સૌહાર્દભાવને કારણે દુર્બળની જેમ ધર્મની (લોહી ન રેડાય તેની) આકાંક્ષા રાખ્યા કરે છે. વયોવૃદ્ધ ધૃતરાષ્ટ્ર પુત્રમદથી છકી જઈને વિધર્મના માર્ગે જાય છે. શાન્ત પડતો નથી (અને બેવડી રમત રમે છે). જયદ્રથ, કર્ણ, દુઃશાસન અને શકુનિની દુર્બુદ્ધિથી પરસ્પર ફૂટ પડી છે, વગેરે.' અને ઉમેર્યું: 'કેશવ સમાધાન કર્યા વિના ગયા છે. એટલે પાંડવો યુદ્ધોદ્યોગ કરશે એટલે કૌરવોના વીર પુરુષોનો નાશ કરનાર મહા અનય (અત્યાચાર) થશે એ વિચારથી મને રાતદિવસ ઊંઘ આવતી નથી!' (૫-૧૪૨-૧ થી ૯)

વિદુરની વાત સાંભળી કુન્તી ખિન્ન થઈ ગયાં. સંબંધીઓનો વધ કરાવનાર અર્થને (ધનને) ધિક્કારવા માંડયાં, યુદ્ધમાં તો સ્નેહીઓનો જ પરાભવ થવાનો! જે કુન્તીને દ્રૌપદી ઉપર થયેલો અત્યાચાર સૌથી અધિકું દુઃખ લાગતું હતું એમને, કૌરવ-પાંડવ વચ્ચેનો ભાવિ વિગ્રહ સૌથી અધિકું દુઃખ લાગવા માંડયું (૫-૧૪૨-૧૨)! આ શૂરી ક્ષત્રિયાણીને (આવી પડેલું ધર્મ-)યુદ્ધ કરવામાં અને નહિ કરવામાં દોષ અને પરાભવ દેખાવા લાગ્યાં. પછી કુન્તીએ વિચાર્યું કે ભીષ્મ-દ્રોણ તો પાંડવો ઉપરના પ્રેમભાવથી લઢવામાંથી નિવૃત્ત થઈ પણ જાય, પરન્તુ દુર્યોધન જેની તાકાત ઉપર કૂદે છે તે કર્ણને તેના જન્મનો યથાતથ વૃત્તાંત કહીને એના મનને પાંડવો પ્રત્યે પ્રેમાળ બનાવું. આમ નિર્ણય કરીને કુન્તી કર્ણ પાસે ગયાં. તેના જન્મનો વૃત્તાંત કહ્યો, રાજા થવા લલચાવ્યો, માતાને માન આપવા શાસ્ત્રની મર્યાદા બતાવી, ભ્રાતૃભાવ રાખવા કહ્યું, અને 'સૂતપુત્રને બદલે મોભાવાળા પાર્થ' સંબોધનથી ઓળખાવા પ્રેર્યો.[૨૮] (૫-૧૪૨-૧૦ થી ૩૦: અને અ. ૧૪૩).

---

૨૮ (૧) કુન્તી કર્ણ પાસે જતાં કર્ણે ઉચ્ચારેલું વચન કવિનું અપ્રતિમ લાઘવ દર્શાવે છે:

राधेयोऽहमाधिरथिः कर्णस्त्वामभिवादये ।
प्राप्ता किमर्थं भवती ब्रूहि किं करवाणि ते ॥ ५-१४३-१.

(૨) અનન્યદર્શી માતાને પુત્રે સંતોષવા માટેનું કુન્તીવચન જુઓ ૫-૧૪૩-૭. માતાની પૂજ્યતા માટે વિસ્તૃત પ્રમાણો ઇ. માટે જુઓ 'ભારતરત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ ૧૯૬૭, પૃ. ૩૦૯ થી ૩૧૫, શ્લોક ૧૦૪નું ઉદ્ઘાટન.

(૩) કર્ણને સમજાવતાં કુન્તી ઉપમા આપે છે:

'જેવી (બલ)રામ-જનાર્દનની જોડી છે એવી કર્ણ-અર્જુનની થાઓ. જો તમારાં બન્નેનાં દિલ એક થઈ જાય તો જગતમાં કયી વસ્તુ અસાધ્ય છે?' ૫-૧૪૩-૧૦.

સૂર્યે કુન્તીની વાત સત્ય છે એવી સાક્ષી પૂરી, કર્ણને માતૃવચન પાળવા આજ્ઞા કરી (૫-૧૪૪-૧ થી ૩).

પરન્તુ કર્ણ ડગ્યો નહિ. એણે માતાને પુત્રત્યાગના પાપ માટે ઠપકો આપ્યો: 'ત્યજતી વખતે માનું કામ ન કર્યું અને હવે સ્વાર્થે 'પુત્ર' કહીને બોલાવે છે'[૨૯] એવો વીંધી નાખતો તીવ્ર કટાક્ષ કર્યો. શ્રીકૃષ્ણ સાથેના ધનંજયથી કોણ વ્યથિત ન થાય? અને પોતે આ તબક્કે જો પાંડવોને મળે તો લોકો પોતાને ભયભીત થયેલો માને...દુર્યોધન પોતાની (અર્થાત્ કર્ણની) તાકાત ઉપર જ પાંડવો સાથે વૈર બાંધીને પોતાને સન્માને છે, તેના મનોરથ શી રીતે ભાંગી શકાય? (સત્પથ અને કુપથનો વિવેક છતાં આચરણની અશક્તિ અને મિથ્યાભિમાન કર્ણને નડતર બની ગયાં છે.) વગેરે વાતો દુ:ખિયારી કુન્તીને સંભળાવી. પરન્તુ છેવટે વચન આપ્યું: 'સંગ્રામમાં હણી શકાય એવા તારા ચાર પુત્રોને હું નહિ હણું. હું માત્ર અર્જુન સામે (તેને હણવા) યુદ્ધ કરીશ. કારણ કે જો હું અર્જુનને હણું તો (શ્રેષ્ઠ યોદ્ધા તરીકેની ખ્યાતિ થવાથી) મારું જીવતર સફળ થઈ જાય. અને જો અર્જુન મને હણશે તોપણ (એવા મહાન પરાક્રમીના હાથે મરવાથી) મને યશ મળશે. ગમે તેમ પણ યશસ્વિની માતા! તારા પાંચ પુત્રોમાં ઓછા નહિ થાય!' (૫-૧૪૪-૪ થી ૨૨)

દુ:ખથી થરથર કમ્પતી કુન્તીએ 'દૈવ ખૂબ બલવાન્ છે' બોલી કર્ણને આલિંગન આપ્યું. આપેલું વચન પાળવા કહ્યું. 'તું સાજોનરવો રહે તથા તારું કલ્યાણ થાઓ' એવો આશીર્વાદ આપ્યો. અને બન્ને (આ મન્ત્રણા છૂપી રહે તે હેતુથી) અલગ અલગ રસ્તે ચાલ્યાં ગયાં.[૩૦] (૫-૧૪૪-૨૩ થી ૨૬)

* * *

આ તરફ શ્રીકૃષ્ણે ઉપપ્લવ્ય આવી પહોંચીને પાંડવો (તથા મુખ્ય મિત્ર રાજાઓ) સાથે વારંવાર મસલતો કરી અને વિશ્રામ કરવા ઉતારે ગયા. ત્યારબાદ સૂર્યાસ્ત થતાં પાંડવોએ વિરાટ વગેરે રાજાઓને વિદાય આપી સંધ્યાવન્દન કર્યું. સંધ્યાવન્દન સમાપ્ત થતાં તેઓ એકાગ્રચિત્તે શ્રીકૃષ્ણનું જ ધ્યાન (એમનો જ વિચાર) કરવા લાગ્યા, અને એમણે દાશાર્હ શ્રીકૃષ્ણને બોલાવીને પુનઃ મસલત શરૂ કરી. (૫-૧૪૫-૧ થી ૪).

યુધિષ્ઠિરે પૂછ્યું: 'પુણ્ડરીકાક્ષ! તમે નાગપુર (હસ્તિનાપુર) ગયા. ત્યાં સભામાં દુર્યોધનને શું કહ્યું?' (૫-૧૪૫-૫)

---

૨૯ अकरोन्मयि यत्पापं भवती सुमहात्ययम् ।
अवकीर्णोऽस्मि ते तेन तद्यशःकीर्तिनाशनम् ॥ ५-१४४-५.

'પૂજ્ય માતુશ્રી! તમે (મારા ત્યાગનું) મહાદુષ્કર્મ કરીને મારું જે ભૂંડું કર્યું છે, તેના કારણે હું યશ-કીર્તિનાશક જાતિભ્રષ્ટતાને પામ્યો છું.'

न वै मम हितं पूर्वं मातृवच्चेष्टितं त्वया ।
सा मां संबोधयस्यद्य केवलात्महितैषिणी ॥ ५-१४४-८.

કવિ વેદવ્યાસની દૃષ્ટિ ઉદાર છે. તેથી તો એ અવૈવાહિક સંતાન પ્રત્યે ન્યાયી વર્તાવની અપેક્ષા રાખે છે. બહુમતિ હિન્દુસમાજે આ ઉદાર દૃષ્ટિની ઉપેક્ષા કરી છે. અને પરિણામે અહિત થયું છે.

૩૦ કર્ણ-કુન્તીના ચિત્તાકર્ષક પ્રસંગ માટે જુઓ 'ઉદ્યોગપર્વ' અ. ૧૪૨ થી ૧૪૪.

શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો: 'મેં હસ્તિનાપુરની સભામાં દુર્યોધનને તથ્યવાળી, પથ્ય અને હિતકર વાતો કહી પરન્તુ એ દુર્મતિએ સ્વીકારી નહિ.' (૫-૧૪૫-૬)

યુધિષ્ઠિરે પુનઃ પ્રશ્ન કર્યો: 'હૃષીકેશ! (તમારી વાત માની નહિ) એટલે આડે માર્ગે જતા એ ક્રોધી દુર્યોધનને ભીષ્મ, દ્રોણ, કૃપ, ધાર્મિકશ્રેષ્ઠ નાના કાકા વિદુર તથા સભાસદ રાજાઓએ શું કહ્યું તે મને યથાતથ કહો. તમે બે કુરુમુખ્યને (ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મને) તથા મૂર્ખ હોવા છતાં પોતાને પ્રાજ્ઞ માનતા એવા કામ-લોભમાં ગળાડૂબ દુર્યોધનને બધી વાત કહી છે. **પરન્તુ કેશવ! મારા દિલમાં એમના વિશે કંઈ પણ અપ્રિય ભાવ નથી.** એટલે વિભુ ગોવિન્દ! એમનો જવાબ (વિગતે) સાંભળવાની ઇચ્છા છે. તેથી સમય નિરર્થક જાય નહિ એવી રીતે (સંક્ષેપમાં) કહો. કૃષ્ણ! આપ જ અમારી ગતિ છો. આપ જ અમારા નાથ (રક્ષક) અને આપ જ ગુરુ છો.'[31] (૫-૧૪૫-૭થી૧૨)

હવે શ્રીકૃષ્ણે સભાનો વૃત્તાંત કહેવા માંડ્યો. (અગાઉ વિસ્તૃત અહેવાલ આપેલો. હવે આ સંક્ષેપ છે. આમ કરીને મહાભારતના સંપાદકોએ શ્રોતા-વાચકનો સમય પણ બચાવ્યો છે):

'રાજેન્દ્ર! કુરુઓની વચ્ચે ભરસભામાં મેં સુયોધનને જે કહ્યું હતું તેનો વૃત્તાંત સાંભળો: જ્યારે મેં એને મારું વક્તવ્ય સંભળાવ્યું ત્યારે એ (અવજ્ઞાથી) ખડખડાટ હસ્યો. એટલે ભીષ્મે ખૂબ ચીડાઈને એને કહ્યું:

'દુર્યોધન! કુટુંબના હિત માટે હું તને જે કહું છું તે સાંભળ, અને સાંભળીને સ્વકુલનું હિત થાય એમ વર્ત. મારા પિતા વિશ્વવિખ્યાત શંતનુ હતા. હું તેમનો એકનો એક પુત્ર હતો. એમને એમ થયું કે, મારે બીજો પુત્ર કેવી રીતે થાય? કારણ કે મનીષીઓ એક પુત્રવાળાને અપુત્ર માને છે. તો મારું કુલ કેવી રીતે ઉચ્છેદ ન પામે અને તેનો યશ કેવી રીતે વિસ્તરે? તેમની આ ઇચ્છા જાણીને હું માતા કાલી (સત્યવતી)ને લઈ આવ્યો. અને મેં પિતા તથા કુલ(માં કલહ ન થાય તે) માટે રાજા નહિ થવાની અને ઊર્ધ્વરેતા (નૈષ્ઠિક બ્રહ્મચારી) થવાની દુષ્કર પ્રતિજ્ઞા કરી. તે વિગત તું સારી રીતે જાણે છે. એ પ્રતિજ્ઞાનું પાલન કરતો હું પ્રસન્નચિત્તે રહું છું.' (૫-૧૪૫-૧૩ થી ૧૯.) એ પછી વિચિત્રવીર્યનો જન્મ, શંતનુનો સ્વર્ગવાસ, ભીષ્મ પોતે વડીલ હતા તોપણ તેને રાજ્યગાદી ઉપર બેસાડી તેના હાથ નીચે સેવક બનીને રહ્યા, તેને યોગ્ય સ્ત્રીઓ સાથે વરાવ્યો, સ્ત્રીઓ વરાવતાં (પરશુ-)રામ જોડે દ્વંદ્વયુદ્ધ થયું, રામના ડરથી વિચિત્રવીર્યને નગરજનો મારફતે દૂર મોકલીને પોતે રક્ષણ કર્યું, (ત્યાં રાજકાજ ન હતું એટલે કેવળ) સ્ત્રીઓમાં અતિ આસક્ત થઈને ક્ષયરોગથી તે મરણ પામ્યો. રાજા મરતાં અરાજકતા થઈ

---

૩૧ अप्रियं हृदये मह्यं तन्न तिष्ठसि केशव ।
तेषां वाक्यानि गोविन्द श्रोतुमिच्छाम्यहं विभो ॥ ५–१४५–११.

यथा च नाभिपद्येत कालस्तात तथा कुरु ।
भवान्हि नो गतिः कृष्ण भवान्नाथो भवान्गुरुः ॥ ५–१४५–१२.

શત્રુ પ્રત્યે (પણ) હૃદયમાં અપ્રિય ભાવ ન હોય, તે અહિંસાનું અનિવાર્ય પ્રથમ લક્ષણ છે.

અને તેને લીધે દુષ્કાળ તથા રોગચાળો ચાલ્યો,[૩૨] (એટલે જનપદની) પ્રજાએ ભીષ્મને રાજા થવા વિનંતી કરી. પોતે તે નકારી. એ પછી નગરજનો, માતા કાલી, સેવકો, પુરોહિત, આચાર્યો, બહુશ્રુત બ્રાહ્મણોએ સાથે મળીને રાજા થવાની વિનંતી કરી. તેને પણ ભીષ્મે અત્યંત નમ્રતાથી (પ્રજા ઉપદ્રવોથી પીડાતી હતી તે કારણે) દુઃખી હૃદયે નકારી; પરન્તુ પછી માતા સત્યવતી અને ભીષ્મે વ્યાસને વીનવી નિયોગદ્વારા પુત્રોત્પત્તિ કરાવી, ઇત્યાદિ બીના વિગતવાર રજૂ કરીને ભીષ્મ આગળ ચાલતાં બોલ્યા: 'ત્રણ દીકરાઓમાં તારા પિતા ધૃતરાષ્ટ્ર અંધ હોઈ રાજા ન થઈ શકે. એટલે જગપ્રસિદ્ધ પાંડુ રાજા થયા. તેથી પિતાના વારસ હોઈ પાંડવો રાજ્યના હકદાર છે. માટે તાત! કલહ કર્યા વિના અર્ધું રાજ્ય સોંપી દે. (મારે રાજા થવું હોય તો) મારા જીવતાં બીજો કોણ અહીં રાજ્ય કરી શકે એમ છે?[૩૩] પરન્તુ હું સર્વદા તમારા બધામાં સંપ રહે એમ ચાહું છું. માટે મારા બોલને તરછોડ નહિ. પુત્ર! મને તારામાં કે પાંડવોમાં કોઈ ઓછું-અદકું નથી. તારા પિતા, ગાન્ધારી અને વિદુરને પણ (મારો) આ (સમભાવ) માન્ય છે. જો તું વડીલોનું સાંભળીશ અને મારાં વેણ ઉપર વહેમ નહિ રાખે તો સૌ પોતીકાંનો અને દુનિયાનો નાશ નહિ કરે (બચાવી શકીશ).' (૫-૧૪૫-૬ થી ૪૦)

'ભીષ્મે એમ કુટુંબનો પુરાણો ઇતિહાસ કહીને સુલેહ માટે દબાણ કર્યા પછી આચાર્ય દ્રોણે (દ્રુપદ સાથેનું જૂનું વૈર ભૂલીને) દુર્યોધનને શિખામણ આપી: દ્રોણે પાંડુ રાજા જ્યેષ્ઠ ધૃતરાષ્ટ્ર અને નાના ભાઈ વિદુરને રાજ્ય સોંપી વનમાં ગયા તેની વાત કરી.[૩૪] પરપુરંજય ભીષ્મ એ વખતે સંધિ-વિગ્રહ અને સંવાહનકાર્યો કરતા.[૩૫] એમ વિદુર અને ભીષ્મ રાજ્યકાજ કરતા,

---

૩૨ કાયદો અને વ્યવસ્થા પડી ભાંગતાં અરાજકતા પ્રવર્તી તેનું વર્ણન છે. અરાજકતામાં એમ જ બને છે.

૩૩ પિતામહ ભીષ્મે દુર્યોધન વારસાહકની રુએ અર્થાત્ કાયદા પ્રમાણે રાજા થવા હકદાર નથી એમ પ્રતિપાદિત કર્યું છે. છતાં ક્યાંક—ઘણું કરીને પગાર ખાવાની—કાયદાની બારીકીમાં અટવાઈને તેઓ દુર્યોધનને પક્ષે જ લડ્યા. એ વસ્તુ સતત અપ્રમાદથી ઉપજતી ઋતંભરા પ્રજ્ઞા અને પરિણામે આવતું અનુદર્શન કેટલું દુષ્કર છે એ દર્શાવે છે. પ્રાતિભદર્શન સદા નમ્રતાપ્રેરક જ બની રહે તો કદાચિત્ અનુદર્શનની સર્વજ્ઞ-સર્વગામી સ્થિતિ પ્રાપ્ત થાય. પૂ. ગાંધીજી અનેક વખતે 'માણસના મૃત્યુ પહેલાં તેની પૂજા ન હોય' એવા ભાવનું કહેતા તેની પાછળ સદા જાગ્રત નરોત્તમના અનુદર્શનમાં પણ ક્યાંક અંતરાય આવે તો તેનું વર્તન કદાચિત્ ખોટું બની જાય, એવો અર્થ હતો તેનું અહીં સ્મરણ થાય છે.

૩૪ પાંડુ વન જતાં (અવેજીમાં) ધૃતરાષ્ટ્ર સિંહાસને બેઠા અને વિદુર હજુરિયાની જેમ ધૃતરાષ્ટ્રને ચામર ઢોળતા તથા સેવા ઊઠાવતા. અને રાજ્યનાં આ ખાતાંનો વહીવટ કરતા: કોશસંજનન (ખજાનાની વૃદ્ધિ અર્થાત્ આય), દાન (ખર્ચ), રાજ્યના નોકરો ઉપર દેખરેખ (વ્યવસ્થિત રાજ્યવહીવટ), અને ભરણ (પુરવઠો) (૫-૧૪૬-૫ થી ૯). આધુનિક રીતે જોઈએ તો વિદુર નાણાં, ગૃહ અને પુરવઠાખાતું સંભાળતા.

૩૫ संधिविग्रहसंयुक्तो राज्ञः संवाहनक्रियाः ।
अवैक्षत महातेजा भीष्मः परपुरंजयः ॥ ५-१४६-१०.

સંવાહન કાર્યો એટલે આગેવાને કરવાનાં કાર્યો. જો આ સૈન્યને જ લાગુ પડે તો ભીષ્મ પરદેશખાતું (સંધિ-વિગ્રહ) સંભાળવા ઉપરાંત સરસેનાપતિ હતા એમ ગણાય. તથા જો સર્વસામાન્ય વિધાન હોય તો તેઓ કુરુરાજ્યના મહામાત્ય હતા એવો અર્થ ઘટાવાય. બીજો અર્થ વધુ સંગત છે.

અને ધૃતરાષ્ટ્ર તો સિંહાસન ઉપર બેસી જ રહેતા, ઇત્યાદિ પુરાણી વાતો કહીને ઉમેર્યું: 'આવા (મહાનુભાવોના) કુલમાં તું જન્મ્યો છે, છતાં શા માટે કુલભેદ કરવા તાકે છે? ભાઈઓ સાથે ઐક્ય રાખીને ભોગો ભોગવ! આ વસ્તુ હું કાર્પણ્ય (દૈન્ય) કે અર્થલોભથી (સ્વાર્થ અથવા તો ધનના લોભથી) કહેતો નથી. (પણ તને ચોખ્ખું કહું છું કે) હું ભીષ્મે આપેલું (વેતન) લઉં છું. તારું નહિ. (તારો નોકર નથી) એમ હું તારી પાસેથી આજીવિકાનો ઉપાય (પગાર) લેવાની પણ ઇચ્છા રાખતો નથી. એટલે એમ સમજ કે **જ્યાં ભીષ્મ છે, ત્યાં દ્રોણ છે.** માટે જેમ ભીષ્મ કહે તે મુજબ જ વર્ત, અને પાંડવોને અર્ધું રાજ્ય આપી દે. દીકરા! હું તારો અને પાંડવોનો સમાન રીતે આચાર્ય છું. મારે (મન) જેવો અશ્વત્થામા છે તેવો જ શ્વેતહય (રથને ધોળા ઘોડા જોડનાર) અર્જુન (વહાલો) છે. બહુ બકવાદ કરવાથી શું? ટૂંકમાં, જ્યાં ધર્મ છે ત્યાં જય છે.' (૫-૧૪૬-૧ થી ૧૬)

'દ્રોણનું વક્તવ્ય પૂરું થયું, એટલે સત્યપ્રતિજ્ઞ વિદુર પાછળ ફરીને પિતા ભીષ્મના મોં સામું જોઈને બોલ્યા: 'દેવવ્રત! મને એકચિત્તે સાંભળો. નષ્ટ થયેલા કૌરવ વંશને તમે પુનઃ ઉદ્ધાર્યો છે, પણ હવે હું (વર્ષોથી આટલો બધો) વિલાપ કરું છું છતાં તમે એની ખૂબ ઉપેક્ષા કરો છો.[૩૬] કુલાંગાર દુર્યોધન એવો તે કેવો (માથાભારે) છે કે એની લોભમાં તરબોળ બુદ્ધિને તમે અનુસરો છો?! કે જે **અનાર્ય**, અકૃતજ્ઞ અને લોભમાં લથપથ ચિત્તવાળો ધર્માર્થદૃષ્ટિવાળા પિતાની આજ્ઞાનું પણ (અત્યારે) ઉલ્લંઘન કરી રહ્યો છે. દુર્યોધનનાં કરતૂતોથી કૌરવોનો સર્વનાશ થશે. માટે મહારાજ! એમનો પ્રણાશ ન થાય એમ કરો. મહાદ્યુતે! તમે (મહામાત્ય હોવા ઉપરાંત પ્રતાપી હોઈ) મને અને ધૃતરાષ્ટ્રને તો પ્રથમથી જ ચિત્રકાર જેમ ચિત્રને રાખે એમ (પૂતળાની જેમ) રાખ્યા હતા. એમ કરીને (તથા તમારા ઉપર મોટી જવાબદારી હોઈ) પ્રજાપતિ જેમ પ્રજાને ઉત્પન્ન કરીને તેનો વિનાશ પણ કરે છે એવી રીતે નજર આગળ થતા (ઉછરેલા) કુલના નાશની ઉપેક્ષા ન કરો (અને શ્રીકૃષ્ણના સુલેહ માટેના કર્તવ્યનિર્દેશનો દુર્યોધન પાસે બલાત્કારે પણ સ્વીકાર કરાવો). અથવા વિનાશકાળ આવતાં આજે તમારી અક્કલ ગૂમ થઈ ગઈ છે. એમ હોય તો તમે મને અને ધૃતરાષ્ટ્રને લઈને વનમાં ચાલો. નહિ તો દુર્મતિયા કપટી દુર્યોધનને કેદ કરીને આજે જ રાજ્યનો કબજો સંભાળીને પાંડવોના સંરક્ષણ નીચે મૂકી દો. રાજશાર્દૂલ! આટલી કૃપા કરો, કારણ કે કૌરવો, પાંડવો અને અમાપ તેજસ્વી રાજાઓનો મહાવિનાશ દેખાઈ રહ્યો છે.' એમ કહીને ખિન્ન વિદુરે નિસાસા મૂકતાં મૂકતાં પોતાનું વક્તવ્ય પૂરું કર્યું. (૫-૧૪૬-૧૭ થી ૨૬)

'વિદુરના ભાષણ પછી કુલનો નાશ થવાની ભીતિથી ડરતાં ગાન્ધારીએ પાપબુદ્ધિ, નૃશંસ પુત્ર દુર્યોધનને રાજાઓની હાજરીમાં જ ધર્મ અને અર્થવાળા શબ્દોથી ધધડાવ્યો: 'આ રાજ-સભામાં જે રાજાઓ, બ્રહ્મર્ષિઓ અને જે બીજા સભાસદો બેઠા છે તે સૌ, પાપી દુર્યોધન! તારા,

---

૩૬ સર°

जानन्नपि च यः पापं शक्तिमान्न नियच्छति ।
ईशः सन्सोऽपि तेनैव कर्मणा संप्रयुज्यते ॥ १-१७१-११.

જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૩૪૫ થી.

તારા સલાહકારોના અને પરિવારના અપરાધો સાંભળો. કૌરવો વંશપરંપરાએ રાજ્ય ભોગવે એવો આપણો પરંપરાગત કુલધર્મ છે. એ કુરુરાજ્યનો ઓ પાપીબુદ્ધિવાળા અને અત્યંત હલકટ કામના કરનારા ! તું અનય (અનીતિ)થી નાશ કરીશ. આ રાજ્ય ઉપર (તેનો વહીવટ કરનારા) મનીષી ધૃતરાષ્ટ્ર અને તેમના નાના ભાઈ દીર્ઘદર્શી વિદુર બેઠા છે. એ બંનેને અવગણીને દુર્યોધન ! તું શી રીતે નૃપત્વ ઇચ્છે છે ? ! અરે ! રાજા ધૃતરાષ્ટ્ર અને વિદુર એ બંને મહાનુભાવો પણ ભીષ્મ હયાત છે ત્યાં સુધી તો પરતંત્ર છે. (સાચા હકદાર) આ નરશ્રેષ્ઠ ગંગાપુત્ર ભીષ્મ ધર્મજ્ઞતાને કારણે જ રાજ્ય ઇચ્છતા નથી. એટલે (ધર્મ મુજબ, ખરી રીતે) કોઈથી પણ ખૂંચવી ન લેવાય એવું આ રાજ્ય પાંડુનું છે, અને દાદાવારીથી વારસારૂપે ઊતરી આવેલું સમગ્ર રાજ્ય પાંડવોનું છે, અને (ભવિષ્યમાં પણ) એમના પુત્ર–પૌત્રોને મળવું જોઈએ.[૩૭] સત્યપ્રતિજ્ઞ, કુરુમુખ્ય મનીષી દેવવ્રત જે કંઈ સલાહ આપે તે (પરંપરાગત કુલધર્મરૂપી) સ્વધર્મપાલન કરનારા આપણે ધર્મ સાચવીને સ્વીકારી લેવી જોઈએ. મહાવ્રતધારી ભીષ્મની મંજૂરીથી રાજા ધૃતરાષ્ટ્ર અને વિદુર જે કંઈ કહે તે પ્રમાણે સુહૃદોએ ધર્મનો પુરસ્કાર કરીને સુદીર્ઘકાળ પર્યંત વર્તવું જોઈએ. એટલે કે (ભીષ્મ–ધૃતરાષ્ટ્ર—વિદુર કહે છે એમ) રાજા ધૃતરાષ્ટ્રે પ્રેરેલા અને શંતનુપુત્ર ભીષ્મે પુરસ્કારેલા ધર્મપુત્ર યુધિષ્ઠિર, કૌરવોના આ ન્યાયપ્રાપ્ત રાજ્યના શાસક થવા જોઈએ (તું નહિ)'. (૫-૧૪૬-૨૭ થી ૫૩)

'ગાન્ધારીએ ઠપકાર્યા પછી ધૃતરાષ્ટ્રે શિખામણ આપી : 'દુર્યોધન ! દીકરા ! મને ધ્યાનથી સાંભળ, અને જો તને પિતા પ્રત્યે માન હોય તો એ પ્રમાણે વર્ત. તારું કલ્યાણ થાઓ.' એમ કહીને રાજ્યાસને બેસવાના અધિકાર અંગે પોતાના કુરુવંશનો પ્રાચીન ઇતિહાસ કહ્યો : 'કુરુવંશના મૂળ પુરુષ સોમ પ્રજાપતિ હતા. તેમનાથી છઠ્ઠો નહુષપુત્ર યયાતિ થયો. યયાતિને પાંચ દીકરા થયા. તેમાં જ્યેષ્ઠ યદુએ (યયાતિની હયાતીમાં જ) સત્તા ધારણ કરી. આપણો વંશપ્રવર્તક શર્મિષ્ઠાપુત્ર પૂરુ નાનો હતો જ્યારે દેવયાનીનો દીકરો શુક્રાચાર્યનો દૌહિત્ર યદુ બલવાન અને પરાક્રમી હતો. એટલે (કુલીનતા અને બલના મદમાં) છકી જઈને એ મહામૂર્ખ, ક્ષત્રિયોનું અપમાન કરતો હતો. બલના છાકમાં એ પિતાનો હુકમ પણ માનતો ન હતો અને પિતા તથા ભાઈઓનું પણ અપમાન કર્યા કરતો. પૃથ્વીમાં ચોમેર યદુની જ હાક વાગવા માંડી અને (બીજા) રાજાઓને તાબે કરીને તે નાગસાહ્વયમાં (હસ્તિનાપુરમાં રાજધાની સ્થાપીને) રહેવા માંડ્યો. આથી યયાતિ ખૂબ ચીડાયો અને પુત્રને શાપ આપીને રાજ્ય(હક)થી ભ્રષ્ટ કરી દીધો. એટલું જ નહિ પણ જે ભાઈઓ યદુને ટેકો આપતા હતા તેમને પણ શાપ આપ્યો (રાજ્યહક ખૂંચવી લીધો) અને પોતાને અધીન રહેલા નાના પુત્ર પૂરુને રાજ્યગાદી આપી. તેથી જ્યેષ્ઠ પુત્ર પણ જો ગર્વિષ્ઠ હોય તો તેને રાજ્ય નથી મળતું, જ્યારે વડીલોને સંતોષ આપે તો નાનાને પણ રાજ્ય મળે છે.[૩૮] (૫-૧૪૭-૧ થી ૧૩)

---

૩૭　राज्यं तु पाण्डोरिदमप्रधृष्यं तस्याद्य पुत्राः प्रभवन्ति नान्ये ।
　　राज्यं तदेतन्निखिलं पाण्डवानां पैतामहं पुत्रपौत्रानुगामि ॥ ५–१४६–३२.

૩૮　યયાતિ અંગેની પુરાણકથાનું આ ઐતિહ્યરૂપ લાગે છે: કામભોગોમાં વિલાસી યયાતિને બલવાન યદુએ દબાવી દઈ સત્તા લઈ લીધેલી. પછીથી બીજા પુત્રોએ પણ એને જુદાં જુદાં કારણોસર ટેકો

'હવે એવું જ મારા પ્રપિતામહ પ્રતીપનું ઉદાહરણ છે. એમને દેવ જેવા ત્રણ પુત્રો હતા. તેમાં દેવાપિ જ્યેષ્ઠ હતા. તે પછી બાહ્લિક અને પછી શંતનુ જન્મ્યા હતા. જ્યેષ્ઠ દેવાપિ બધી રીતે સુયોગ્ય, ગુણસંપન્ન અને આબાલવૃદ્ધ સૌને હૃદયંગમ—पौरजानपदानां च संमतः साधुसत्कृतः। सर्वेषां बालवृद्धानां देवापिर्हृदयंगमः ॥ (૫-૧૪૭-૧૮)—હતા. પણ એમને ત્વચાદોષ (કોઢ) થયો હતો. એટલે વૃદ્ધાવસ્થામાં પ્રતીપરાજે દેવાપિના રાજ્યાભિષેકની તૈયારી કરવા માંડી, ત્યારે ત્રણે ભાઈઓમાં ઉત્તમ ભ્રાતૃભાવ હતો અને દેવાપિ આવા લોકપ્રિય હતા તોપણ 'હીનાંગ રાજાને દેવો (દેવો તેમ જ શ્રેષ્ઠ મનુષ્યો) અભિનન્દતા નથી' એમ કહીને બધી પ્રજાએ રાજ્યાભિષેક અટકાવ્યો. આને લીધે શોકથી પ્રતીપ મૃત્યુ પામ્યા. પિતા મૃત્યુ પામતાં દેવાપિ વનમાં ચાલ્યા ગયા. તેમનાથી નાના બાહ્લિક પિતા, ભાઈઓ અને રાજ્યનો ત્યાગ કરીને મામાની ગાદીએ (ઘણું કરીને બલ્ખ. બાહ્લિક શબ્દનો અર્થ 'બલ્ખનો' એવો થાય છે) ગયા હતા. એટલે પિતા મૃત્યુ પામતાં બાહ્લિકની અનુજ્ઞાથી શંતનુ રાજ્ય કરવા લાગ્યા. એ જ રીતે હું જ્યેષ્ઠ હતો પણ હીનાંગ—અંધ—હોઈ નાના પાંડુને રાજ્ય મળ્યું હતું. એટલે પાંડુના મરણ પછી રાજ્ય તેના પુત્રોનું ગણાય. અરે! મને જ રાજ્ય મળ્યું નથી, તો તું કેવી રીતે (એક માત્ર વારસ બની) રાજ્ય ઇચ્છે છે! મહાત્મા યુધિષ્ઠિર રાજપુત્ર છે. તેથી આ ન્યાયપ્રાપ્ત રાજ્ય તેનું છે. એ મહાનુભાવ કૌરવકુલના સ્વામી અને શાસક છે. એ સત્યપ્રતિજ્ઞ, સતત અપ્રમત્ત (જાગ્રત), શાસ્ત્રનિષ્ઠ, બન્ધુજનો સાથે સદ્વર્તન રાખનારા, પ્રજાને પ્રિય, સુહૃદો પ્રત્યે દયાળુ, જિતેન્દ્રિય અને સજ્જનોના પોષક છે; અને ક્ષમા, તિતિક્ષા, દમ (સંયમ), આર્જવ (ઋજુતા), સત્યનિષ્ઠા, વિદ્વત્તા, અપ્રમાદ, ભૂતદયા અને અનુશાસન (શાસન કરવાની યોગ્યતા) એમ રાજવીના સમસ્ત ગુણો યુધિષ્ઠિરમાં છે. જ્યારે તું રાજાનો પુત્ર નથી. અનાર્ય (હીન) ચારિત્ર્યવાળો, લોભી અને બન્ધુજનો પ્રત્યે પાપી બુદ્ધિવાળો તથા દુર્વિનીત (વિનય વિનાનો, કેળવણી વિનાનો) છે, તે (વંશ)પરંપરાથી ઊતરી આવેલા આ પારકા રાજ્યને કેવી રીતે હરી શકીશ? માટે તું મોહ (મૂર્ખતા) મૂકીને વાહનો અને સાધનસામગ્રી સાથેનું અર્ધું રાજ્ય પાંડવોને આપી દે, જેથી નરેન્દ્ર! તારો અને તારા ભાઈઓનો જીવ બચી જાય!'' (૫-૧૪૭-૧૪ થી ૩૫)

---

આપેલો. પોતાની ખરાબી જોઈ પાછલી વયમાં જાગેલા યયાતિએ **યુવાન પૂરુની મદદથી જાણે કે નવી યુવાની મેળવતા હોય** એમ રાજસત્તા પાછી મેળવી, અને તેના પિતૃકૃત્યના બદલામાં સૌથી નાનો હતો છતાં તેને ગાદી આપી, અને ચારે પુત્રોને રાજ્યમાંથી કાઢી મૂક્યા.

આ કથાગર્ભમાંથી

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ।
यत्पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः ।
एकस्यापि न पर्याप्तं तस्मात्तृष्णां परित्यजेत् ।

—'આદિપર્વ' ક્ષેપક ૮૪૦ લીટી ૧ થી ૪; = ફે. ક્ષેપક ૬૯૩ લીટી ૬ થી ૯; વિષ્ણુ. પુ. ૪-૧૦-૨૩, ૨૪; ભાગવત. ૯-૧૯-૧૩, ૧૪; લીટી ૧, ૨ = મનુ. ૨-૯૪—વગેરે અર્થપૂર્ણ રત્નો આપનારું યયાત્યુપાખ્યાન જન્મ્યું.

ત્યાર પછી સભાના વૃત્તાંતનો સમારોપ કરતાં શ્રીકૃષ્ણ બોલ્યા: 'ભીષ્મ, દ્રોણ, વિદુર, ગાન્ધારી અને ધૃતરાષ્ટ્રે આ પ્રમાણે કહ્યું, તોપણ મૂરખો દુર્યોધન સમજ્યો જ નહિ. (રામ, નારદ, ઇ. ઋષિઓએ સમજાવેલો તે વિગત અગાઉની મન્ત્રણાઓમાં શ્રીકૃષ્ણે આપેલી અધ્યાહૃત છે. જુઓ 'શાન્તિદૂત શ્રીકૃષ્ણ', 'સ્વાધ્યાય', જન્માષ્ટમી અંક, સં. ૨૦૨૫માં ઉ. જ. સાંડેસરાનો લેખ) અને બધાંને ધુત્કારતો ક્રોધથી લાલચોળ આંખો સાથે સભામાંથી બહાર નીકળી ગયો, અને તેની પાછળ મરવા તૈયાર થયેલા તેના પક્ષના રાજાઓ પણ ચાલી નીકળ્યા. પછી દુર્યોધન એ દુષ્ટ બુદ્ધિવાળા રાજાઓને પુનઃ પુનઃ હુકમ આપવા માંડ્યો કે 'આજે પુષ્ય નક્ષત્ર છે. માટે કુરુક્ષેત્રમાં કૂચ કરી જાઓ.'[૩૯] એટલે કાલપ્રેરિત તે રાજાઓએ ભીષ્મને સેનાપતિ બનાવીને ઉત્સાહપૂર્વક કૂચ કરી. કૌરવપક્ષે રાજાઓની અગિયાર અક્ષૌહિણી સેના છે, અને તેના અગ્રભાગમાં તાલકેતુ (તાડના ચિનહ્‌વાળી ધ્વજાવાળા) ભીષ્મ શોભી રહ્યા છે.

'એટલે હવે આ બાબતમાં તમને જેમ યોગ્ય લાગે તેમ ગોઠવો. ભીષ્મ, દ્રોણ, વિદુર, ગાન્ધારી અને ધૃતરાષ્ટ્ર મારી સમક્ષ જે જે બોલ્યાં હતાં, અને કૌરવોની સંસદમાં જે પ્રસંગ બન્યો હતો તે મેં તમને કહ્યો.[૪૦] રાજન્! ભાઈઓમાં સરસ ભ્રાતૃભાવ રહે, કુરુવંશમાં ઐક્ય રહે, અને પ્રજાની ખૂબ વૃદ્ધિ થાય એ માટે મેં પ્રથમ તો સામપ્રયોગ (સમાધાનનો ઉપાય) કર્યો; પણ જ્યારે સામનો અસ્વીકાર થયો ત્યારે (કૌરવપક્ષમાં) ભેદ કરવો યોગ્ય હતો. એટલે મારાં દૈવી તથા માનુષી કર્મોનું અનુકીર્તન કર્યું (પોતે કેવાં દિવ્ય તેમ જ માનુષી કાર્યો કરી શકે છે તે વિશ્વરૂપ જેવા અદ્ભુત દર્શન અને કથનથી સમજાવ્યું). દુર્યોધને મારી શાન્તિની સૂચનાનો (દરખાસ્તનો) અનાદર કર્યો ત્યારે મેં એકઠા મળેલા બધા રાજાઓને અદ્ભુત, ભયંકર, દારુણ અને અમાનુષી કર્મો દેખાડીને ભેદી નાખ્યા (ડરાવ્યા અને આપણો મુકાબલો કરી શકવાની કૌરવોની તાકાત વિશે અંદેશો ઊભો કર્યો). (દુરાચારીઓનો પક્ષ કરતા) રાજાઓનો તિરસ્કાર કર્યો અને દુર્યોધનને તણખલાની તોલે કરી નાખ્યો. રાધેય કર્ણ અને સૌબલ શકુનિને તો વારંવાર

---

૩૯ અર્થાત્ પૂર્ણિમાન્ત કારતક માસ (અમાવાસ્યાન્ત આસો માસ)ની વદ ૯ કે ૧૦ના દિવસે દુર્યોધનના લશ્કરે કૂચ કરી.

एवमुक्ते तु भीष्मेण द्रोणेन विदुरेण च ।
गान्धार्या धृतराष्ट्रेण न च मन्दोऽन्वबुध्यत ॥ ५-१४८-१.

अवधूयोत्थितः क्रुद्धो रोषात्संरक्तलोचनः ।
अन्वद्रवन्त तं पश्चाद्राजानस्त्यक्तजीविताः ॥ ५-१४८-२.

आज्ञापयच्च राज्ञस्तान्पार्थिवान्दुष्टचेतसः ।
प्रयाध्वं वै कुरुक्षेत्रं पुष्योऽद्येति पुनः पुनः ॥ ५-१४८-३.

૪૦ यदत्र युक्तं प्राप्तं च तद्विधत्स्व विशां पते ॥ ५-१४८-५ ઉત્ત.

उक्तं भीष्मेण यद्वाक्यं द्रोणेन विदुरेण च ।
गान्धार्या धृतराष्ट्रेण समक्षं मम भारत ।
एतत्ते कथितं राजन्यद्वृत्तं कुरुसंसदि ॥ ५-१४८-६.

ડરાવ્યા. ધાર્તરાષ્ટ્રોની ઊણપો દર્શાવીને તેમની ફરીફરીને નિન્દા કરી. આમ (દુર્યોધનપક્ષી) રાજાઓ ઉપર વાણી અને મન્ત્રણાથી પુનઃ પુનઃ ભેદપ્રયોગ કર્યો હતો (એમનામાં ફૂટ પાડી હતી).[૪૧] વળી કુરુવંશમાં ઐક્ય રહે અને આપણું કાર્ય (લડાઈ વિના સરે) તે માટે મેં ફરી સામની સાથે સંપ્રદાનની (રાજનીતિનો ત્રીજો ઉપાય 'દાન') દરખાસ્ત કરતાં કહ્યું હતું: 'તે બાળક પાંડવો માનમોભો મૂકીને (વડીલ) ધૃતરાષ્ટ્ર, ભીષ્મ અને વિદુરના હાથ નીચે રહેશે. તેઓ તને રાજ્ય સોંપીને (રાજ્ય ઉપર) અધિકાર રાખ્યા વિના રહેશે. માટે રાજા ધૃતરાષ્ટ્ર, ગાંગેય ભીષ્મ અને વિદુરે કહ્યા પ્રમાણે કર. આખું રાજ્ય તારું થશે (પણ માત્ર) પાંચ ગામ આપ. રાજસત્તમ! તારા પિતાએ પાંડવોનું ભરણપોષણ અવસ્ય કરવું જોઈએ.' આટલું (બધું) કહ્યું તો પણ દુષ્ટાત્મા દુર્યોધને દુષ્ટ ભાવ બદલ્યો નહિ અને (એના પક્ષના) રાજાઓ કુરુક્ષેત્ર તરફ કૂચ કરી ગયા છે. એટલે એ નાલાયકો માટે ચોથો 'દંડ'નો ઉપાય કર્યા વિના છૂટકો જ નથી. પાંડવ યુધિષ્ઠિર! વિનાશ ઇચ્છતા અને મૃત્યુને આરે પહોંચી ગયેલા એ લોકો તમને યુદ્ધ વિના રાજ્ય આપવાના નથી.'[૪૨] (૫-૧૪૮-૧ થી ૧૯)

* * *

---

૪૧ साम आदौ प्रयुक्तं मे राजन्सौभ्रात्रमिच्छता ।
अभेदात्कुरुवंशस्य प्रजानां च विवृद्धये ॥ ५-१४८-७.

पुनर्भेदश्च मे युक्तो यदा साम न गृह्यते ।
कर्मानुकीर्तनं चैव देवमानुषसंहितम् ॥ १-१४८-८.

यदा नाद्रियते वाक्यं साम पूर्वं सुयोधनः ।
तदा मया समानीय भेदिताः सर्वपार्थिवाः ॥ ५-१४८-९.

अद्‌भुतानि च घोराणि दारुणानि च भारत ।
अमानुषाणि कर्माणि दर्शितानि च मे विभो ॥ ५-१४८-१०.

भर्त्सयित्वा तु राज्ञस्तांस्तृणीकृत्य सुयोधनम् ।
राधेयं भीषयित्वा च सौबलं च पुनः पुनः ॥ ५-१४८-११.

न्यूनतां धार्तराष्ट्राणां निन्दां चैव पुनः पुनः ।
भेदयित्वा नृपान्सर्वान्वाग्भिर्मन्त्रेण चासकृत् ॥ ५-१४८-१२.

૪૨ पुनः सामाभिसंयुक्तं संप्रदानमथाब्रुवम् ।
अभेदात्कुरुवंशस्य कार्ययोगात्तथैव च ॥ ५-१४८-१३.

ते बाला धृतराष्ट्रस्य भीष्मस्य विदुरस्य च ।
तिष्ठेयुः पाण्डवाः सर्वे हित्वा मानमधश्चराः ॥ ५-१४८-१४.

प्रयच्छन्तु च ते राज्यमनीशास्ते भवन्तु च ।
यथाह राजा गाङ्गेयो विदुरश्च तथास्तु तत् ॥ ५-१४८-१५.

सर्वं भवतु ते राज्यं पञ्च ग्रामान्विसर्जय ।
अवश्यं भरणीया हि पितुस्ते राजसत्तम ॥ ५-१४८-१६.

કૌરવોની રાજસંસદમાં કરેલી મન્ત્રણાઓનો પાંડવોને વૃત્તાંત આપતા ભગવાન શ્રીકૃષ્ણનું નયવિધાનજ્ઞ (રાજનીતિનિષ્ણાત) રૂપ અહીં દેખાય છે. ભાઈઓમાં સરસ ભ્રાતૃભાવ (સૌભ્રાત્ર), કુટુંબીજનોમાં ઐક્ય અને મનુષ્યજાતિની અભિવૃદ્ધિની આકાંક્ષા રાખતા સર્વજનહિતકારી (ગાંધીજીની પરિભાષામાં સર્વોદયી) શ્રીકૃષ્ણે સમાધાનની ઝંખના સાથે વાટાઘાટ કરી. એ નિષ્ફળ જતાં એમણે દક્ષતાથી પોતાનું સામર્થ્યદર્શન કરાવ્યું. અને પૂરી તાકાત હતી, છતાં પણ (ભાવી પ્રજામાં ખોટો દાખલો ન બેસે તથા સર્વનું ભલું થાય તે હેતુથી)[૪૩] કોઈને કેદ ન કર્યા કે મારી નાખ્યા નહિ. પરંતુ શત્રુપક્ષમાં ભેદ પડાવ્યો અને છેવટે કોઈ રીતે મહાયુદ્ધ અટકતું હોય અને (ખરેખર) ઐક્ય સચવાતું હોય તો એમણે (કંઈક કમને) સંપ્રદાનનો પ્રયોગ કર્યો. પાંડવોને આખું કે અધું મહારાજ્ય નહિ, એક જનપદે નહિ, પરન્તુ પોતાની ક્ષાત્રવૃત્તિ અનુસાર સ્વમાન અને સ્વધર્મ સાચવીને જીવવા પૂરતાં કેવળ પાંચ ગામ દુર્યોધન છૂટાં કરે તો તેટલું સ્વીકારીનેય સુલેહ કરવાની યુધિષ્ઠિરની દરખાસ્ત પણ એમણે મૂકી જોઈ.[૪૪] એનોય અસ્વીકાર થયો.

---

एवमुक्तस्तु दुष्टात्मा नैवं भावं व्यमुञ्चत ।
दण्डं चतुर्थं पश्यामि तेषु पापेषु नान्यथा ॥ ५–१४८–१७.

निर्याताश्च विनाशाय कुरुक्षेत्रं नराधिपाः ।
एतत्ते कथितं सर्वं यद्वृत्तं कुरुसंसदि ॥ ५–१४८–१८.

न ते राज्यं प्रयच्छन्ति विना युद्धेन पाण्डव ।
विनाशहेतवः सर्वे प्रत्युपस्थितमृत्यवः ॥ ५–१४८–१९.

૪૩ સર૰ શ્રીમુખે બોલાયેલું વચન :

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ ६–२५–२१. (ગીતા ૩–૨૧)

'શ્રેષ્ઠ પુરુષો જેવું આચરણ કરે છે તે મુજબ બીજા મનુષ્યો આચરે છે, અને શ્રેષ્ઠ જેને પ્રમાણ માને છે તેને લોક અનુસરે છે.'

સામાન્ય માણસો સત્તાધારીઓને 'શ્રેષ્ઠ' માનતા હોય છે. પછી પોતાના વ્યવહારમાં એમની નકલ કરતા હોય છે, અને આધુનિક લોકશાહી શાસનોના યુગમાં તો 'શ્રેષ્ઠ' અથવા સાચી મહાન વ્યક્તિઓમાં અશ્રદ્ધા રાખીને સદાચરણના માનદંડનો ભારે મોટો ગોટાળો થયો છે. અને પ્રમાદ એ જ 'જાગૃતિ' હોય એવું સત્તાધારી 'શ્રેષ્ઠો'નું વર્તન રહ્યું છે.

પરન્તુ શ્રીકૃષ્ણ **શ્રેષ્ઠ જ છે.** ચાલુ સમાજ અને ધર્મવ્યવસ્થાથી ઘણા આગળ છે. સર્વનું મંગલ વાંછે છે. એટલે જે અપ્રમત્ત હોય જાગ્રત હોય અથવા રહેવા ઇચ્છતા હોય, તેમના દુર્ગમ સંસારપથને અજવાળવા માટે પોતાનું સૂર્યકલ્પ આચારતેજ પ્રમાણરૂપે મૂક્યું છે.

લોકશાહીઓ સમેત સર્વ શાસનો સદાચારના તેજવાળા અસલી શ્રેષ્ઠોને પ્રમાણરૂપ માનશે ત્યારે મનુષ્યજાતિનો 'સર્વહિતકારી' આદર્શ સિદ્ધ થશે.

૪૪ (૧) શ્રીકૃષ્ણના નિષ્ણાત નયવિધાનની અસર એ થઈ કે વિરુદ્ધ પક્ષનાં મુખ્ય માણસો ભીષ્મ, દ્રોણ, ગાન્ધારી, ધૃતરાષ્ટ્ર, સંજય અને કર્ણ સુદ્ધાં એમ કહેતાં થઈ ગયાં કે, 'કૃષ્ણાર્જુન અજિત છે.' અથવા 'જેના નેતા/મન્ત્રી/યન્તા હૃષીકેશ છે અને જેનો યોદ્ધો ધનંજય છે તેમનો જ વિજય થવાનો.' (ઉદાહરણ તરીકે જુઓ ૫–૧૪૧–૩૩; ૫–૧૪૬–૧૬; ૭–૧૦–૩૬ ઇ.) આમ શત્રુપક્ષ વિચારસરણી તથા હાર્દિક સહકારની દૃષ્ટિએ ઐક્ય ગુમાવી બેઠો.

ત્યારે એમણે કર્ણને પક્ષમાં લેવા પ્રયત્ન કર્યો, કર્ણે પક્ષ ન બદલ્યો પણ દુર્યોધનનો આ વિશ્વાસુ મિત્ર મનથી પાંડવોની જીત અને યુધિષ્ઠિરનું શાસન વાંછતો થઈ ગયો.

આમ યુદ્ધ ટાળવા માટેની રાજનીતિના ત્રણે ઉપાયો કારગત ન નીવડ્યા. યુદ્ધેપ્સુ કૌરવો કુરુક્ષેત્રના રણમેદાન તરફ કૂચ કરી ગયા. એટલે શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને 'દંડ'નો ઉપાય અર્થાત્ આવી પડેલા પડકારને ઝીલીને યુદ્ધ કરવાની સલાહ ન છૂટકે આપી.

કૌરવ-પાંડવ સૌના વડીલ પિતામહ ભીષ્મ પ્રાજ્ઞ અને સકળ ધર્મશાસ્ત્રનિષ્ણાત છે. અસિધારા પર ચાલવા જેવું કઠણ બ્રહ્મચર્યવ્રત પાળનારા ઊર્ધ્વરેતા છે. પણ એમની નિષ્ઠા

---

આ જ વાત આધ્યાત્મિક રીતે ગીતાને અન્તે સિદ્ધ કરી કે, 'જ્યાં યોગેશ્વર કૃષ્ણ (શુદ્ધ જ્ઞાન) અને ધનુર્ધારી અર્જુન (જ્ઞાનાનુસાર આચરણ કરતી સમર્થ ક્રિયા) છે, ત્યાં શ્રી (મંગલ ભાવી), વિજય, ઉન્નતિ અને નીતિ છે, એવો મારો (સંજયનો) અભિપ્રાય છે.' ૧૮-૭૮ (૬-૪૦-૭૮).

(૨) જુઓ 'પ્રિયકામ શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', ઑગષ્ટ ૧૯૬૮માં શ્રીકૃષ્ણનાં વચન, ૫-૭૧-૪, ૫ અને પૃ. ૪૪૩માં તે ઉપરની નોંધ ૩. શ્રીકૃષ્ણે આ દરખાસ્ત, એમના જેવા ઓજસ્વી પુરુષ જઈ શકે એટલી નીચી સપાટીએ પહોંચીને કરેલી છે. પણ કદાચ રજસ-તમસગ્રસ્તોનો એ સ્વભાવ જ હશે કે, શકય તેટલું નીચોવવું.

આ સંદર્ભમાં આધુનિક વિચારક બર્ટ્રાન્ડ રસેલનો અભિપ્રાય અહીં લક્ષમાં લેવા જેવો છે :

'૧૯૩૮માં પણ બર્ટ્રાન્ડ રસેલ વિશ્વશાન્તિ અને વિશ્વસરકારના પુરસ્કર્તા હતા તેની આ ગ્રંથ (અર્થાત્ Power) સાક્ષી પૂરે છે. કોઈ પણ ભોગે યુદ્ધ ટાળો—સ્વમાનના ભોગે, સ્વાતંત્ર્યના ભોગે અને સિદ્ધાંતના ભોગે પણ યુદ્ધ ટાળો—એમ આજે જે ખ્યાલથી તેઓ ઉપદેશે છે તે જ વિશ્વશાન્તિના, અથવા વધારે શાસ્ત્રશુદ્ધ રીતે કહીએ તો માનવજીવનના સાતત્યના ખ્યાલથી આજથી ત્રણ દાયકા પૂર્વે પણ શબ્દફેરે એ જ વાત એમણે કરી છે. તેઓ લખે છે :

"યુદ્ધ એ આપખુદીનું મુખ્ય પુરસ્કર્તા છે, અને બેજવાબદાર સત્તા જેમાં યથાશકય ટાળવામાં આવેલી હોય તેવી કોઈ પણ વ્યવસ્થા ઊભી કરવામાં તે વિઘ્નરૂપ છે. એટલે યુદ્ધ નિવારવું એ આપણા પ્રશ્નનો અગત્યનો અંશ છે — હું કહીશ કે સૌથી અગત્યનો અંશ છે. હું માનું છું કે એક વાર જગતને યુદ્ધના ભયમાંથી મુક્ત કરવામાં આવે, ભલે પછી શાસનનું સ્વરૂપ અને આર્થિક વ્યવસ્થા ગમે તે પ્રકારનાં હોય, તો પોતાના શાસકોની હિંસ્રવૃત્તિને દાબવાના ઉપાયો એને સમય આવ્યે જડી રહેશે. બીજી બાજુએ, યુદ્ધ માત્ર, પણ આધુનિક યુદ્ધ ખાસ કરીને, સરમુખત્યારશાહીને પ્રોત્સાહન આપે છે, જે બીકણ હોય તેને નેતાની ઓથ શોધતો કરીને, અને જે પ્રાણવાન હોય તેમનું સમાજરૂપ મટાડી તેમને ટોળામાં ફેરવી દઈને.

"યુદ્ધનું જોખમ અમુક પ્રકારનું સામૂહિક માનસ ખીલવે છે અને બદલામાં એ માનસ જ્યાં પ્રવર્તતું હોય ત્યાં યુદ્ધનું જોખમ વધે છે, તેમ જ આપખુદીની શકયતા પણ વધે છે. એટલે આપણે એવા પ્રકારના શિક્ષણનો વિચાર કરવાનો છે જે સમાજોને સામુદાયિક હિસ્ટીરીઆનો ભોગ બનવા ન દે અને લોકશાહીને સફળપણે વ્યવહારમાં ઉતારવાને શક્તિમાન બનાવે."

(બર્ટ્રાન્ડ રસેલ રચિત Powerના ગુજરાતી અનુવાદ 'સત્તા'ની શ્રી યશવન્ત શુકલ લિખિત પ્રસ્તાવનામાંથી. જુઓ 'સ્વાધ્યાય' સં. ૨૦૨૩ના વસંતપંચમી અંકમાં 'લોકશાસનનું નીતિવિધાન', પૃ. ૧૮૪.)

રાજ્યગાદી ઉપર છે. પરિણામે વિવેક કરવા છતાં ધર્મશાસ્ત્રજાળમાં ( કાયદાના શબ્દાર્થઘટનમાં ) ક્યાંક ગૂંચવાયા. અને આચાર્ય દ્રોણ! એ ય પ્રાજ્ઞ તથા વિદ્વાન છે. સાથે ભોળા છે. એમણે ભીષ્મના આચારની સાથે પોતાનો આચાર જોડ્યો. પરિણામે 'ધર્મ અને સત્યમાં દાશરથિ રામ કે ગયરાજાથી જરાય ઊતરતા નહિ ' ( જુઓ ૧-૧૯૭-૪ થી ૧૦ ) એવા આ બન્ને સજ્જનો અધર્મ-પક્ષને ઝાટકવા છતાં લડ્યા તો અધર્મીઓની તરફેણમાં જ !

આનાથી ઊલટું વિદુરનો મોભો અને જાતિ ઊતરતાં છે, પણ એ દીર્ઘદર્શી છે. એમની પ્રજ્ઞા ધર્મશાસ્ત્રજાળમાં ( કાયદામાં ) અટવાતી નથી. એ અક્ષર નહિ પણ ભાવ પકડે છે. એમની નિષ્ઠા રાજ્યગાદી ઉપર ન હોતાં સત્ય ઉપર છે. એ સત્યપ્રતિજ્ઞ છે, શીલવાન છે. શીલવાનના જ પક્ષમાં છે. અધર્મીઓના રાજ્યમાં, તેમનું જ વેતન લેવા છતાં એ દબાતા નથી. સૌને એ શ્રેયસ્કારી સલાહ આપે છે. પરન્તુ એ શ્રીકૃષ્ણ જેટલા સક્રિય નથી. જ્યારે મતિના સાક્ષાત્ અવતારરૂપ ગાન્ધારીની અડોલ ધર્મશીલતા ( ન્યાયબુદ્ધિ ) વિકટતમ પ્રસંગોએ પણ એકધારી ઝગી રહે છે. સ્ત્રીઓને જો એ સમાજમાં થોડીક વધુ સત્તા અને થોડોક વધુ મોભો હોત તો એ નિષ્કલંક નારી દુર્યોધનને બલાત્કારે કેદ કરીને પણ ઘોર અન્યાય અને સત્યાનાશી યુદ્ધ જરૂર અટકાવત.

પુરુષોત્તમ શ્રીકૃષ્ણે આવાં સજ્જનો, ધૃતરાષ્ટ્ર જેવા છળપ્રપંચી, દુર્યોધન-કર્ણ-દુઃશાસન--શકુનિ જેવા દુર્જનોની વચ્ચે એમનું મૈત્રીપૂર્ણ નિષ્ણાત દૂતકાર્ય કર્યું. દેખીતી રીતે એ દૂતકાર્ય જાણે કે નિષ્ફળ નીવડ્યું અને કૌરવપાંડવો તથા પ્રજાસમુદાય ઘોર પ્રાણાશના ઘાટે આવીને ઊભા રહ્યા.

એ દૂતકાર્ય ખરેખર નિષ્ફળ નીવડ્યું હતું ? કે પછી કર્મયોગી સ્થિતપ્રજ્ઞની કાર્યાન્વિત પ્રજ્ઞાનું જગતને ચિરકાળ માટે દર્શન કરાવવાની, ભગવદ્‌ગીતાનું દિવ્ય સંગીત સંભળાવવાની અન્તર્યામીની કરુણારૂપે હતું ?

* * *

अन्वजानात्ततो द्यूतं धृतराष्ट्रः सुतप्रियः ।
तच्छ्रुत्वा वासुदेवस्य कोपः समभवन्महान् ॥ १-१-९२.

नातिप्रीतमनाश्चासीद्विवादांश्चान्वमोदत ।
द्यूतादीननयान्घोरान्प्रवृद्धांश्चाप्युपैक्षत ॥ १-१-९३.

निरस्य विदुरं द्रोणं भीष्मं शारद्वतं कृपम् ।
विग्रहे तुमुले तस्मिन्नहन्क्षत्रं परस्परम् ॥ १-१-९४.

મહાભારત 'આદિપર્વ'ના પ્રથમાધ્યાય 'અનુક્રમણીપર્વ'માંના ઉપર્યુક્ત શ્લોકો યથાર્થ નહિ સમજવાના અને મહાભારતનો તલસ્પર્શી અભ્યાસ નહિ કરી શકવાના કારણે સામાન્યતઃ આનું અર્થઘટન થાય છે કે : 'શ્રીકૃષ્ણે કૌરવ-પાંડવ વિખવાદને સંમતિ આપી હતી, અને દ્યૂતથી માંડીને શરૂ થયેલી અનીતિઓની પરંપરાની ઉપેક્ષા કરી હતી. ઉપરોક્ત શ્લોકોનો સાચો અર્થ—ગ્રન્થમાં થયેલા નિરૂપણ મુજબનો—આ પ્રમાણે છે :

'......તેથી સુતપ્રિય (નીતિપ્રિય નહિ) ધૃતરાષ્ટ્રે દ્યૂત રમવાની સંમતિ આપી. એ સાંભળીને શ્રીકૃષ્ણને ભારે ગુસ્સો ચઢયો. (એમનું ચિત્ત કાયમ પ્રસન્ન રહેતું હતું પણ આ સાંભળીને) તેઓ ઉદાસ થઈ ગયા [ જુઓ 'સખા શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'શારદાપીઠ પ્રદીપ' ફેબ્રુઆરી ૧૯૬૭, પૃ. ૩૬ થી ]. (પરન્તુ રજસ્-તમસગ્રસ્ત મૂર્ખ ક્ષત્રિયોએ) વિખવાદને અનુમોદન આપ્યું. દ્યૂત વગેરે વધી પડેલી ઘોર અનીતિઓની ઉપેક્ષા કરી તથા વિદુર, દ્રોણ, ભીષ્મ અને શારદ્વત કૃપને અવગણીને તુમુલ વિગ્રહમાં એકબીજાને મારી નાખ્યા.'

# કવિની વિવેચના

સુસ્મિતા મ્હેડ

બેન જોન્સને કહ્યું છે કે "To judge of poetry is only the faculty of poets and not of all; but of the best." આ કથનને ચરિતાર્થ કરતી બળવંતરાય ઠાકોરની વિવેચન-પ્રવૃત્તિ છે. તેમની સર્જક પ્રતિભાનું નિયામક બળ છે સત્ય. સત્ય, સૌન્દર્ય અને ચારિત્રની એકતામાં શ્રદ્ધા હોવાથી તે કવિતા અને કલાનો ધર્મ દર્શાવતાં કહે છે કે "ચોતરફ ફેલાઈ રહેલી આકાશ, દરિયો, ગિરિ, નદી, વાડી, ઉપવન, જંગલ, પંખી, વાદળ, ઉષા, સંધ્યા, વર્ષા, વસન્ત, દિવસ, રાત, આદિ અનંતરૂપ, અનંતવેશ, અનંતોર્મિ કુદરત જે સદાનો સાથી છે, તેને પ્રિયમાં પ્રિય અને ગુરુઓનો પણ ગુરુ બનાવી લેવાની અદ્ભુત શક્તિ ખીલવીને, કવિતા અને કલા માનવીને તેના એકાકી જીવનમાં દૃષ્ટવ્યને પોતાની બહારથી પણ જોતો, શ્રોતવ્યને પોતાની બહારથી પણ સાંભળતો બનાવી શકે છે....સાહિત્ય અને કલાના પ્રદેશ વિનમ્ર નિખાલસતા, દૃઢ ચારિત્રના, સ્વતંત્ર અભ્યાસસંશોધન અને મનન વડે રચાતા અધિકારના ગુરુ-સત્ય-કલા એ ત્રિપુટીની ભક્તિના યદચ્છાએ વિહારિણી પ્રતિભાના પ્રદેશ છે."

કલા અને કવિતા વિશેના આવા દૃઢ ખ્યાલો મનમાં બાંધીને કવિ ઠાકોર પોતાની કવિતા-પ્રવૃત્તિની 'જિકર' સ્ફુટ કરવા માટે વિવેચનપ્રવૃતિમાં ઝંપલાવે છે. તેઓ માત્ર વ્યવસાયે જ નહીં, પ્રકૃતિએ પણ અધ્યાપક છે. તેમના જમાનામાં આપણી કવિતા ઓગણીસમી સદીની રોમૅન્ટિક અંગ્રેજી કવિતાથી પ્રભાવિત થયેલી હતી. તેનો એક અંશ ઊર્મિપ્રાધાન્ય તેણે રસપૂર્વક અપનાવ્યો હતો. નર્મદથી આરંભાયેલી અને નરસિંહરાવથી વેગ પામેલી આ કાવ્યપ્રવૃત્તિ ઊર્મિ-પ્રધાન હતી જ તેમાં એને મળે છે કલાપી અને ન્હાનાલાલ જેવા ઊર્મિલ કવિઓ. તે જમાનામાં આખો ઝોક જ આત્મલક્ષી ઊર્મિકવિતા તરફનો. રમણભાઈએ પોતાની કાવ્યવિભાવનામાં પણ આ પ્રકારને ઉચ્ચ સ્થાન આપ્યું છે. નર્મદને મન પણ 'જોસ્સો' જ કવિતાનું જીવિત હતું. કવિતાની આ એકાંગી વિભાવના અને ઉપાસના અનુર્મિલ પ્રકૃતિ અને બુદ્ધિપ્રધાન અજ્ઞેયવાદી ઠાકોરને ન રુચે તે સ્વાભાવિક છે. કાન્તની વસ્તુલક્ષી પ્રતિભાના એ પ્રશંસક, પરંતુ ધર્મમંથનમાં તેમની વિશિષ્ટ પ્રતિભા શીર્ણવિશીર્ણ થઈ ગઈ અને તેનો સંપ્રદાય ન ઊભો કરી શકી. (ખંડકાવ્યોનું અનુસરણ નોંધપાત્ર ખરું, પણ જમાનાના વલણને ન બદલી શક્યું.) આ ઘટના કાન્તની જ નહીં આપણા સાહિત્યની પણ કરુણતા છે.

આવી પરિસ્થિતિમાં "વિચારપ્રધાન કવિતા એ જ દ્વિજોત્તમ જાતિની" એવી માન્યતા ધરાવનાર ઠાકોર અકળાય એમાં નવાઈ નથી. પ્રયોગશીલ તેમ જ બંડખોર પ્રકૃતિ, કવિતા વિશેના પોતાના જમાના કરતાં જુદા વિચારો વગેરેથી પ્રેરાઈ ચીલાચાલુ કવિતા કરતાં ચાતરીને પોતાની કવિતાનું સર્જન કરી ભવભૂતિની પેઠે તેમણે પણ નિરવધિ કાલને વિપુલ પૃથ્વીમાં કોઈ 'સમાન-ધર્મા'ની અપેક્ષા રાખી છે. પોતાની પ્રકૃતિને જ પ્રતિકૂળ વાતાવરણને અનુલક્ષી 'પૂછું મને કટેવ' કહીને તેઓ પૂછે છે :

પુષ્કળ કવિતા માત્ર શ્રવણ રંજની: તે વિષે
પૂછું રસિક સુપાત્ર—કવિતા બસ વાદિત્ર કે?
તો કોનાં કર્તવ્ય નીરક્ષરવિવેકનાં?
ને કવિતાના હંસ નીરક્ષીર વિવેચકો,
તેને મામા કંસ ગણી: શું ગરદન મારવા?

આવી શ્રવણરંજની, જશજોડતી, ફૂલણફિસિયારી પ્રત્યેના અમર્ષથી પ્રેરાઈને તેઓ 'કવિતા-શિક્ષણ' આપવા બહાર પડે છે. 'મામા કંસ' ગણાય તેની પરવા નથી. નીરક્ષીરવિવેક કરવો એ કર્તવ્ય છે. પોતે સભાન તો છે જ કે કાવ્ય 'પદારથ' એમ કાંઈ શીખવ્યો શિખવાય એમ નથી. 'કવિ બનાવવાનું નથી, કાવ્યાચાર્યનિશાન, કવિતાશિક્ષણથી બનજો રસિક સુજાણ' એ આશયથી તેમની વિવેચનપ્રવૃત્તિ આરંભાય છે અને નીરક્ષર વિવેક સુપેરે કરી આપે છે.

તેમની આ પ્રવૃત્તિ વિશે વિચારતાં પહેલાં તેમની કાવ્યવિભાવના કેવી હતી તે સમજવું જરૂરી છે. ભરતમુનિથી માંડી જગન્નાથ પંડિત સુધીની ભારતીય તેમ જ પ્લેટોથી માંડી એબર-ક્રોમ્બી સુધીની પાશ્ચાત્ય કાવ્યમીમાંસાના પ્રદેશોમાં ફરી વળેલી તેમની વિદ્વદ્દૃષ્ટિને "જળહળ જ્યોત ઉદ્યોત રવિકોટમાં"...જેવી સ્થિર દ્યુતિકલાનાં દર્શન થાય છે અને તેની ઝાંખી કરાવવા તેઓ ઉત્સુક બને છે.

તેમની વિવેચનપ્રવૃત્તિ આમ નર્મદથી શરૂ થયેલી આપણી 'સુધારા'પ્રવૃત્તિને જ અનુસરે છે. આ બાબતમાં 'છે એથી પગથિયુંય ઊંચે ચ્હડાવવાના' સરસ્વતીચંદ્રકારના ઉદ્દેશથી તેઓ ઘણા દૂર નથી.

લિરિક, ઓડ, આઈડિલ, વગેરેની ચર્ચા કરતાં તેઓ જણાવે છે કે "કવિતા એટલે વિચારપ્રવાહ, કલ્પનાલીલા, ઊર્મિરસ, કાનમાં ટીપે ટીપે અમૃતસીંચતી મનભર સૌંદર્યધાર. તેનો પદ્યદેહ અંગ્રેજી કવિતામાં જેટલો કાવ્યત્વના આત્માને બંધબેસતો અને પારદર્શક છે તેટલો બીજી કોઈ ભાષામાં નથી." કાવ્યના પદ્યદેહ માટે તેમને કોઈ પ્રવાહી પદ્યરચના શોધવી છે અને અંગ્રેજીમાં આ અનુકૂળતા દેખાય છે તેથી અંગ્રેજી ભાષાની પદ્યરચના તરફનો તેમનો આ પક્ષપાત જણાય છે.

ઊર્મિપ્રધાન અને આત્મલક્ષી કવિતાની જે અત્યુત્સાહી વકીલાત રમણભાઈએ કરેલી તેમ જ સમકાલીન કવિતામાં એ તત્ત્વની અધિકતા દેખાતી હતી એને કારણે તેમણે વિચારપ્રધાન કવિતાને મહત્ત્વ આપેલું છે, પરંતુ એનો અર્થ એ નથી કે ઠાકોર કવિતાને બુદ્ધિજન્ય માને છે. તેઓ જણાવે છે કે "કવિતા માત્ર સુસ્પષ્ટ કલ્પનોત્થ, મધુર, સુષ્ઠુ તેજોમય વગેરેની સાથે સાથે ઊર્મિવત્ હોવી જોઈએ અને એમાંથી જે ઊર્મિપ્રધાન તે લિરિક." આમ કવિતામાં ઊર્મિતત્ત્વનો તો તેમણે સ્વીકાર કરેલો જ છે. એમની આ માન્યતા બાબત થયેલા આક્ષેપો કે ગેરસમજનો તેમણે ઉત્તર આપેલો છે. વિચારપ્રાધાન્યની માગણી, કલામયતા માટે આગ્રહ, સાધારણીકરણ, ઉચ્ચીકરણ, ઉદાત્તીકરણ, આદિ માટે જિકર, લાગણી કે ચિત્તંત્રના બીજા કોઈ અંશનો શ્રવણ-ગ્રાહ્ય માધુર્ય કે બીજા કોઈ ગુણનો અનાદર કરે છે, એ તો કેવળ ગેરસમજ ન હોય ત્યાં ચોકખું ખોટાનું છે."

વિચારપ્રધાન કવિતાની હિમાયત કરવા સાથે કવિતા અને સંગીત ભિન્ન છે એ વાત પણ તેમણે સ્પષ્ટ કરી છે. સંગીતકાવ્ય કે ઊર્મિગીતને બદલે તેમણે લિરિક માટે આ કારણે જ ઊર્મિકાવ્ય શબ્દ યોગ્ય ગણ્યો છે. એલેજી માટે કરુણપ્રશસ્તિ કરતાં વિરહકાવ્ય શબ્દ તેમણે ઉચિત ગણ્યો છે. આમ કરવામાં એપિટાફ (epitaph) અને એલેજી (elegy)ને જુદાં પાડવા તેઓ માગે છે. એપિટાફમાં પ્રશસ્તિ હોય છે, જ્યારે એલેજીમાં મૃત સ્વજનની પ્રશંસા ખરી, પણ એના કરતાં સર્જકની વિરહવ્યથા વધારે પ્રમાણમાં હોવાથી તેઓ કહે છે કે "લાંબી એલેજીને માટે ગુજરાતી કરુણપ્રશસ્તિ શબ્દ વાપરવામાં આવેલો છે, તે 'પ્રશસ્તિ' શબ્દ ઉપરનો દર્શાવેલો ઐતિહાસિક અર્થ સમ્ભારતાં અજુગતું લાગે છે....વિરહ,....વિલાપ કે વિરહોર્મિકાવ્ય કે કષ્ટકાવ્ય જેવું નામ એવા અસંગતિદોષથી તો મુક્ત છે."

'શાપસંભ્રમ'નો પ્રવેશક લખતાં તેમણે કૃતિની સુશ્લિષ્ટતાને મહત્ત્વ આપેલું છે. વસ્તુના ઘાટમાં જ આમ કોઈ ઠેકાણે અણઘડ અંશ રહી જતાં, આખી કૃતિનો પ્રસાદ કંઈક ખંડિત થાય છે. સર્જક કલ્પના, રસની ચ્હડ-ઉતર અને જમાવટ, છંદોમાધુર્ય, ભાષાશક્તિ સર્વે કરતાં સંકલનાનું મહત્ત્વ રહે એ સત્ય. આવો કોઈ સંકલનાદોષ રહી જતાં બીજા સર્વે ગુણ કંઈક ફીકા પડે છે તે આપણને પ્રત્યક્ષ થાય ત્યારે જ આપણે સમઝી શકિયે છિયે." વળી આ સૌષ્ઠવને તેઓ વિસ્તારપૂર્વક સમજાવે છે કે "અર્થદ્યોતક શબ્દ અને શબ્દલય, આત્માને છાજતી દેહ અને દેહની ગતિછટા, એનું નામ સૌષ્ઠવ." "અર્થ અને તેનો શબ્દદેહ અન્યોન્યાશ્રયી છે." કવિતામાં શબ્દ અને અર્થના મહત્ત્વ માટે તેઓ શબ્દ અને અર્થના અર્ધનારીશ્વર જેવા સાયુજ્યની આપણી પ્રાચીન માન્યતાનો સ્વીકાર કરે છે. આધુનિક ફ્રેન્ચ પ્રતીકવાદીઓ જેવો શુદ્ધકવિતાનો કે આપણે ત્યાં ચર્ચાસ્પદ બનેલા form અને contentનો ઠાકોર માટે કોઈ પ્રશ્ન જ નથી રહેતો.

આવી સુશ્લિષ્ટ, સૌષ્ઠવયુક્ત, બુદ્ધિ અને ઊર્મિ અને કલ્પનાના સુભગ સમન્વયથી સૌન્દર્યનું રસાયણ પામેલી કલાકૃતિ બધી વખતે આમભોગ્ય નથી બની શકતી. તેઓ સ્પષ્ટ કહે છે કે, 'કલાકૃતિના અણુઅણુમાં અનુસ્યૂત કલાનો આત્મા રસસંસ્કાર પામેલી બુદ્ધિ અને સૂક્ષ્મ સબળ બનેલી કલ્પનાને સંવેદ્ય છે, ન અન્યથા." કારણ કે "કલાસૌન્દર્ય બુદ્ધિ અને કલ્પનાના સૂક્ષ્મીકરણે જ ગ્રાહ્ય બને એવો વિષય છે."

તેમના મતે ઊંચી કવિતા તો ટકાઉ હોય ભાવઘનતાએ, સાધારણીકરણે (by generalisation), ઉચ્ચીકરણે (by sublimation) એમ કહી તેઓ Longinusના 'The sublime' તત્ત્વને અથવા "Nothing is poetry unless it transports" એ પાશ્ચાત્ય મતને અનુમોદન આપતા જણાય છે.

'નિશાનચૂક માફ થાય, ન કદીય નીચું નિશાન' એ ભાવનામાં શ્રદ્ધા ધરાવનાર ઠાકોરનો કવિતાનો આદર્શ છે આત્માની પ્રસાદીરૂપ કલાનો. આવી અમર કલા તે "કૃતિ રચતાં રચતાં કર્તાની તમામ શક્તિઓની એકતાનતાના આકર્ષણે પ્રતિભા કિંવા આત્માનાં કોઈ કિરણ અંશતઃ આ રચનાપ્રવૃત્તિમાં પ્રવેશી જાય, એ અતીન્દ્રિય દર્શન સ્થૂલ ઇન્દ્રિયગ્રામ લગી વ્યાપે અને એમ આંખ અદષ્ટપૂર્વ દેખે, કાન અનાહત સાંભળે, એ અછડતો આકાર જુએ, દેખાડે, એ દૂરદૂરના

ભણકાર કલાનિષ્ઠ કર્તા સાંભળે અને સંભળાવે, અને જે અનુપમ અભૂતપૂર્વ અમર કૃતિ બને તે આત્માની પ્રસાદી, તે જ, બીજી નહીં."

સત્ય, સૌન્દર્ય અને શિવને એકરૂપ ગણતાં ધર્મ અને ફિલસૂફી કરતાં કલાનો માર્ગ ક્યાં ફંટાય છે તે દર્શાવતાં તેમણે કહ્યું છે કે "કલાનો માર્ગ સિસૃક્ષા અને સૌંદર્યકલ્પનનો છે. રસસૌન્દર્ય અને કલ્પનાસૌન્દર્ય એ જ કવિતાનો મુખ્યાર્થ કે આત્મા છે."

તેમની કાવ્યવિભાવના સમકાલીનોમાં આનંદશંકરભાઈના મતને વધારે મળતી આવે છે. આપણે ત્યાં થયેલી કવિતાની તત્ત્વચર્ચામાં ઠાકોરે આવા આવા મહત્ત્વના મુદ્દા તારવી આપ્યા છે ખરા, પરંતુ આ ચર્ચા આનંદશંકર, રમણભાઈ કે નરસિંહરાવની પેઠે કાવ્યતત્ત્વમીમાંસાના રૂપે જ નથી થઈ. કોઈ કૃતિ, કોઈ પ્રસંગ કે અમુક પ્રશ્નનાં અવલોકન—છણાવટ કરતાં કરતાં પોતાના વિચારો તેમણે રજૂ કરેલા છે. આ દૃષ્ટિએ તેમની પ્રવૃત્તિ નવલરામની પદ્ધતિનું અનુસંધાન કરે છે—માત્ર અનુસંધાન જ. નિરૂપણરીતિમાં તો એક જ પદક્રમણમાં ઠાકોરે ઘણાં ઊંચાં શિખરો સર કર્યાં છે. જોકે નવલરામની દૃષ્ટિ સમક્ષ હતો માત્ર 'શાળાપત્ર'નો વાચકવર્ગ અને સમાલોચના કરવાની હતી આપણા શૈશવકાળના સાહિત્યની. ઠાકોરનો ફલક પૂર્વપશ્ચિમની ઉત્તમ કલાકૃતિ સુધી વિસ્તરેલો છે.

**कुसुममिव लोभनीयं यौवनमंगेषु संनद्ध** એવી **किमपि द्रव्यं** બને તેવી સુંદરતામૂર્તિઓના બીજા સાહિત્યમાંથી અનુવાદ અને અનુકૃતિ કરવાનો માર્ગ સાહિત્યને સમૃદ્ધ કરવામાં તેમને ઉત્તમ લાગ્યો છે; કારણ કે તેઓ માને છે કે સાહિત્યના વિકાસ અને ઇતિહાસની ચિત્રવિચિત્ર ભૂમિમાં પણ સ્વતંત્ર રચના અને અનુકરણ બંનેને પોતપોતાનાં સ્થાન છે. અલબત્ત "સાહિત્ય-ગિરિમાં શુદ્ધ સાહિત્ય શિખર માત્ર છે." પરંતુ ઉપ-સાહિત્ય પ્રજાની માનસિક શક્તિ કેળવવાની-સંસ્કારવાની સેવા બજાવે છે તેટલા પૂરતી તેની આવશ્યકતા. "સૌન્દર્યભાવનાને અપનાવીને ત્હમારા રુચિતંત્રનાં સંવેદનોમાં માર્ગદર્શક અને નિયામક બનાવી લેવી હોય તો કવિતા અને કલાના સારા નમૂનાઓનું સમભાવે પાન કર્યા કરવું એ રાજમાર્ગ છે." આવી તેમની શ્રદ્ધા.

કવિતા વિશેની આવી સ્પષ્ટ, વિશદ, અનેક મીમાંસકોની ચર્ચાના દોહનરૂપ વિભાવના આપવા ઉપરાંત તેમણે લિરિક કાવ્યપ્રકારની વિસ્તૃત છણાવટ કરેલી છે. કાવ્યતત્ત્વની ચર્ચા કરવા ઉપરાંત સ્વરૂપો, કર્તા અને કૃતિ વિશેના પણ વજનદાર અભિપ્રાયો તેમણે ઉચ્ચારેલા છે. ઉત્તમ કૃતિઓનાં અનુવાદ, સંપાદન વગેરેથી તેમણે આદરેલી સાહિત્યની સાધના વિપુલ છે.

ઉત્તમ સાહિત્યસેવક માટેની તેમણે જ આપેલી કસોટીને આધારે તેમની વિવેચન-પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરી શકાય તેમ છે. તેમણે કહ્યું છે કે "જે મગજ શાસ્ત્ર અને કલાની સીમાઓને કંઈક ઠેલી શાસ્ત્ર અને કલાનો પટ કંઈક વિસ્તારવાની સેવા બજાવી શકે તેને હું નમું." તેમની પોતાની પ્રવૃત્તિ પણ આવા 'નમન'ની અધિકારી બને છે; તેમણે આપણા સાહિત્યમાં વિચારપ્રધાન કવિતાની કરેલી હિમાયતથી, તેમ જ અગેય સળંગ પ્રવાહી પદ્યરચનાના તેમના પ્રયોગોથી ગુજરાતી કવિતાની સીમાઓને આ પ્રયોગો જરૂર 'ઠેલી' શક્યા છે અને તે ચલણી બન્યા છે ગાંધીયુગની કવિતામાં. આથી જ ઉમાશંકર જોશીએ કહ્યું છે કે "નવી

કવિતા કથયિતવ્ય પરત્વે ગાંધીજી અને આયોજન પરત્વે પ્રો. ઠાકોર એમ બે ભિન્ન ભિન્ન પ્રકારની વ્યક્તિઓના ખભા ઉપર ચડીને ચાલી રહી છે." એકાદ પેઢીની ય જે ટેકણલાકડી બની શકી છે તે પ્રવૃત્તિ માનાર્હ ન હોય તો બીજી કઈ હોઈ શકે ?

ઠાકોરની શ્રદ્ધા છે કે માણસ માણસ છે એના મસ્તક વડે. સર્જકતા છે બુદ્ધિશક્તિઓના આયોજનમાં. આથી તેમને મન કૃતિ કાં તો ઉત્તમ નથી, કાં તો વિચારપ્રધાન છે, કલાની સરજત છે; માત્ર શબ્દોની ખડખડભડભડ કે તાલ હીંચની રમત નથી. નર્મદની પેઠે તેમને પણ આત્મ-વિશ્વાસ હતો કે "ઇતિહાસદષ્ટિએ અદ્યતન કવિતાનાં નવાં વલણો ઘડનારામાંના એક લેખે મ્હને સ્વીકાર્યા વગર છૂટકો જ નથી."

આત્મલક્ષી અને વસ્તુલક્ષી કૃતિઓ પરત્વે તેમનું વલણ તેમના પુરોગામીઓ કરતાં જુદું અને વધારે સમતોલ છે. તેઓ કહે છે કે "કૃતિમાં ત્હમારા વ્યકિતત્વની છાયા જેમ ઓછી રહે તેમ ત્હમારી કલા વધારે વિજયી. ક્ષણિક પ્રસંગ ભલે આલેખો, તુચ્છ મનાતા વિષય ઉપર ભલે લખો. પરંતુ પેલું ખાબોચિયું ગગનનું પ્રતિબિંબ બની રહે છે. એ જ કલ્પનાકીમિયાનો ખરો આદર્શ છે."

સાહિત્યમાં વસ્તુલક્ષી, આત્મલક્ષી, નવાં પ્રતીકો, નવાં વહેણ, વાસ્તવિકતા અને ભાવના વગેરે ચર્ચાસ્પદ પ્રશ્નોની તેમણે કરેલી છણાવટ સમતોલ અને સન્માન્ય છે. "કલા અને કવિતામાં રૂઢ અને સાંકેતિક શિષ્ટસંમત અને સદ્યગ્રાહ્ય વધી પડે છે, વ્હેતાં પાણીમાં અત્યંત ફાલી જતા વેલાની જેમ તેને બંધિયાર બનાવી દે છે ત્યારે....કલાવિષય ઉપર બંડ ઊઠે છે." એમ કહી જમાને જમાને કેવા નવા પ્રયોગો થતા જાય છે તેનું નિદર્શન તેમણે કરેલું છે. "સૌન્દર્ય અને કલાનો નિયંમ સપ્રમાણતાનો છે, ભાવના અને દર્શનની સમતુલાનો છે, નવવિધાનની સ્થાપના એ જ કલાવિધાયકોનું કલાધ્યેય હોય" એ કવિ ન્હાનાલાલના વિચારને ઠાકોર પુરસ્કારે છે.

"Poetry and the language proper for it is an elaborate and painful toil" એ ડેન્ટીના અભિપ્રાયને તેઓ નીચેના કથનમાં અનુમોદન આપતા જણાય છે. "પ્રતિભા આલમનૂરનો કિરણ છે...પરંતુ કલા અને કલાના વાહન (અહીં–વાણી) ઉપર કાબૂ વગર કલાકૃતિ સંભવે નહીં. જીવન, વિચાર, અને સર્ગશક્તિના ત્રેવડા ઘર્ષણમિશ્રણ વિના ઊંચી કલાકૃતિ અસંભવિત છે. એકાદ અચ્છો ફટકો વાગી બી જાય, પણ તેથી તે રમનારો ખેલાડી ન ગણાય.......ઘૃષ્ટં ઘૃષ્ટં પુનરપિ પુનશ્ચંદનં ચારુગન્ધં—તેમ વિવેકબુદ્ધિ, રસેન્દ્રિયને કેળવો, બુદ્ધિઘર્ષણે ઘર્ષણે નવા બુટ્ટા, નવા ફુવારા, નવી જ્યોતિ, નવી છટા અનુભવાય તેને જ સારી કવિતા માનો."

સાહિત્યસર્જકના તેઓ ત્રણ વિભાગ પાડે છે: ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. પહેલા પ્રકારનો સર્જક સાક્ષર, ફિલસૂફી વગેરે અનેક શાસ્ત્રોનાં પરિશીલનમનનનાં નવાં પ્રેરણાબળથી વાઙ્મયને સર્જે છે. બીજો પ્રવર્તતા જ્ઞાનના વારસા પરથી ઊંડા અભ્યાસથી પરિપકવ થયા વિના સર્જન કરે છે. ત્રીજો વિદગ્ધ કે અર્ધદગ્ધે નથી, તે માત્ર લેખક જ છે. આવી જ રીતે કવિ-ઉપકવિના ભેદ પણ તેઓ પાડે છે. તેમના મતે "આખી માનવજાતિ જેનું કવિત્વ સ્વીકારી ભોગવી પ્રશંસી શકે

તે જ સાચો કવિ. બીજા સર્વે એક ખૂણાના, એક-બે દાયકા ઝમાનાના." તેમને અરમાન છે ગુજરાતી કવિતાના ધ્વજને સારી જહાંના કલામંદિરના મધ્યચોકમાં રોપવાના.

મહાસાહિત્ય, શિષ્ટસાહિત્ય, લોકસાહિત્ય એવું તેમ જ શુદ્ધસાહિત્ય અને ઉપસાહિત્ય એવું વર્ગીકરણ તેમણે કરેલું છે. પુસ્તકોની આલોચના કરતાં નાટક, નવલકથા, ટૂંકી વાર્તા આદિના તેમના ખ્યાલ સ્પષ્ટ કર્યા છે. શુદ્ધસાહિત્ય કવિપ્રતિભાનું ફળ છે. પ્રતિભાસંપન્ન કવિ મહાસાહિત્ય રચે, તે જનતામાં કાલક્રમે પચી જઈ તેમાંથી લોકસાહિત્ય ઊઠી આવે અને એ લોકસાહિત્યના સંસ્કારથી પોષાઈને વિદ્વાનો અને કવિઓ શિષ્ટસાહિત્ય જન્માવે એવા સર્જનચક્રની તેમણે ચર્ચા કરેલી છે. પ્રાસંગિક કૃતિની તેમણે કલાલેખે કિંમત આંકી નથી. આથી જ તેઓ જણાવે છે કે "તુરત ઉચ્ચારેલી પાદપૂર્તિ કે અન્યોક્તિ મુક્તક કાવ્ય તરીકે ભાષામાં કાયમનું સ્થાન મેળવે એવી તો અત્યંત વિરલ."

કૃતિમાં ભાવના ઔચિત્ય ઉપર તેમણે કે. હ. ધ્રુવના વિક્રમોર્વશીયના અનુવાદના એક પ્રસંગે ચર્ચા કરેલી છે. "પક્ષાપક્ષીથી અલગ બિનંગત, નહીં માત્ર યશોગાન કે નહીં વિપરીત... એવી શાસ્ત્રીય નિખાલસ સૌન્દર્યપ્રીત્યર્થ સેવાભાવી ટીકા અને તુલનાનું કવિતા અને સાહિત્ય-કલામાં" તેમણે વ્યાપક સ્થાન ગણ્યું છે. તેમણે પોતે આવા ઉચ્ચાશયથી જ કિશ્તી ઝૂકાવી છે. બીજનિપાતથી માંડીને ફ્લના પરિપાક પર્યન્ત અદોષ એક પણ સરજત હોતી નથી એટલે નિખાલસતા, સ્નેહબદ્ધ સેવાબુદ્ધિ અને અતૃષ્ણ તપોમયતાથી સમુત્ક્રાન્તિના ઇતિહાસમાં ફરતી જતી સુરુચિનો ખ્યાલ રાખી તુલના કરવાનો તેમણે જે અનુરોધ વિવેચકને કર્યો છે તે આજને તબક્કે ઘણો ઉપયોગી નીવડે તેમ છે.

પ્રસાયનની બાબતમાં પણ તેમનો સ્પષ્ટ અભિપ્રાય છે કે "સર્જનનું એક અર્ધાંગ ઉચ્ચારણ (એક્સપ્રેશન) છે તો બીજું અર્ધાંગ સહાનુભૂતિવાળી સહૃદય પ્રજાનું ગ્રહણ (રિસેપ્શન) છે,...પ્રતિભાશાળી સર્ગશક્તિ અત્યંત નાજુક છોડ છે અને સહાનુભૂતિના ક્યારામાં જ તેનો કુદરતી વિકાસ બની આવે છે."

જીવનચરિત્ર અને ઇતિહાસમાં તેઓ શાસ્ત્રીયતા, ચોક્કસાઈ અને સત્યનિષ્ઠાના પક્ષપાતી છે. જીવનચરિત્ર માટે તેઓ માને છે કે ચરિત્રનાયકના જન્મથી મૃત્યુ સુધીના પ્રસંગોની જરૂર નથી. ભારઝલ્લાં નાયક નાયિકા પરત્વે નાયકના ચારિત્રને, તેના વિચારો અને વલણોને, ધ્યેયો, આશાઓ, નિરાશાઓ આદિને દૃષ્ટિફલકના મધ્યમાં રાખીને તેના આખા જીવનનો અર્ક ગણાય તેનું ચિત્રણ આપતી પદ્ધતિ અપનાવવા જેવી છે.

તેમની વિવેચના સાહિત્યમાં શું હોવું જોઈએ એ ઉદ્દેશથી થઈ નથી, પરંતુ શું છે? શું નથી? કેમ નથી અને કઈ રીતે આવી શકે? એવા ઉદ્દેશથી થયેલી છે. સાહિત્યના સિદ્ધાંતો ઘડીને બેસી જવાને બદલે હાથવગા સાહિત્યને તપાસતાં તેઓ સિદ્ધાંતો તારવતા જાય છે. એ દૃષ્ટિએ તેમની રીતિ આગવી છે.

કૃતિ, સ્વરૂપ, સર્જક કે એકાદ જમાનાનું અવલોકન કરતાં ઇતિહાસના અભ્યાસી ઠાકોર સમગ્ર ઐતિહાસિક પર્યેષણા કરીને વિવેચનની માંડણી કરે છે. આમ કરતાં ક્યારેક પુનરાવર્તન

થાય તેની તેમને ચિંતા નથી. મિતાક્ષરતા હોવા છતાં પ્રસ્તાર તેમ જ પાદટીપ, વિવરણ, ટિપ્પણ, પરિશિષ્ટો વગેરેથી વક્તવ્યને સ્ફુટ અને ચોક્કસ કરવાની તેમની રીતિ તેઓ પંડિતયુગના સર્જક છે તેની પ્રતીતિ કરાવે છે. તેમની સમગ્ર પ્રવૃત્તિ વિલક્ષણ હોવા છતાં સાહિત્યકાર પોતાના જમાનાથી ઘણો દૂર નથી રહી શકતો એ ડ્રાયડનની માન્યતાને ચરિતાર્થ કરે છે.

જીવનમાં કલાપ્રવૃત્તિ સાધવા જીવનનું જ સમર્પણ કરવું પડે, અને હૃદય તેને સંવાદી બને તો જ કલાસંદેશ પણ ઝીલાય. સત્યં, શિવં, સુંદરમ્ એ ત્રિમૂર્તિનો એક જ આત્મા છે, એવી માન્યતા ધરાવનારા ઠાકોરની નજર સમક્ષ વાસ્તવવાદ કે અતિવાસ્તવવાદ (સર-રીઆલીઝમ)નો પ્રશ્ન જ ઊભો નથી થતો. છતાં કલાલાઘવ માટેનો આગ્રહ કે નરસિંહના અસ્તિત્વ વિષે કરેલી શંકા વગેરે તેમની વિશિષ્ટ લાક્ષણિકતા દર્શાવે છે.

તેમની ગદ્યશૈલી પણ અનન્ય અને વિલક્ષણ છે. ઊંડી વિદ્વત્તા, વિશાળ દૃષ્ટિ, ચોક્કસાઈ વગેરે પંડિતયુગનાં લક્ષણોની સાથે સમન્વય થયો છે તેમની પ્રયોગશીલતાનો. તેમનું વિશિષ્ટ વ્યક્તિત્વ એમાં પ્રતિબિંબિત થાય છે. ઘડીમાં જાણે નવીન કવિતાની વકીલાત કરતાં 'લઢકણી લેખણને વઢકણી વાણી 'થી સાક્ષરયુગની મુદ્રાથી અંકિત, ઘડીમાં વાતચીતની શૈલીથી નવોદિતનો ખભો થાબડતા, ઘડીક લાકડી ઠોકીને ફારસી શબ્દોના ઉપયોગથી વક્તવ્યને ઓજસ્વી બનાવતા, તો ઘડીક બંડખોરવૃત્તિ દર્શાવતા રીસાળ બાળક જેવા ઠાકોરનું ઠેરઠેર દર્શન થાય છે. તેઓ જાણે કહી રહ્યા છે કે "મારા તમામ વાણીવિહારો અને પ્રયોગોનું એકમાત્ર નિશાન ઘાટી, ટકાઉ વણાટ, શાસ્ત્રીયતા, વિશદતા, સાદાઈ અને મિતાક્ષરતા છે. આ....ટંકશાળ કેવળ ધાતુઘન અને નિર્ભેળ સિક્કાઓની છે.....મારા અંગત શોખ તો વિશાળ શાસ્ત્રીય અભ્યાસ, પર્યેષક સંશોધન, કલાની આયોજનામાં ઊંડા ઊતરીને સુંદર આકર્ષક વાણીઘાટો સર્જવા, એવા પ્રયોગો તો કર્યા જ કરવા એવા એવા હતા. મ્હારી કલમ કહ્યાગરી નથી, સ્વૈરવિહારિણી છે. ઇષ્ટ માર્ગે, ઇષ્ટ ચાલે, ઇષ્ટ વેગે એ તો વિહરે. જેવી એની મોજ." આવી મોજીલી અકહ્યાગરી કલમમાંથી જે વિવેચના ગુજરાતી સાહિત્યને સાંપડી છે તે વ્યુત્પન્ન પંડિતની શાસ્ત્રીય વિચારણાના પરિપાકરૂપે, અસ્તવ્યસ્તતામાંથી ચોક્કસાઈ લાવવા મથનાર નવી કાવ્યભાવનાના પ્રણેતાના આગ્રહરૂપે પ્રાપ્ત થઈ છે.

તેમની નિરૂપણરીતિમાં ઐતિહાસિક પર્યેષણા, વ્યવસ્થા અને ચોક્કસાઈના આવિષ્કાર રૂપે ક્યારેક પુનરાવર્તન નજરે ચઢે છે; તે પણ તીવ્ર પુણ્યપ્રકોપના સ્ફુલિંગની જ નિશાની છે. જીવનભર સૌંદર્યના ઉપાસક હોવા છતાં એમની વિવેચનશૈલી પ્રાસાદિક કે મધુર નથી બની શકી. અવિશદતા, ક્લિષ્ટતા અને મિતાક્ષરતાનો દાવો કરવા છતાં પ્રસ્તાર એ તેમની રીતિની આંખે ઊડીને વળગે તેવી લાક્ષણિકતા છે. અલબત્ત વક્તવ્ય પૂરું થાય ત્યાં એક અક્ષર પણ વધુ ન લખવા જેવી કલાલાઘવીનો ગુણ એમાં છે.

સળંગ પ્રવાહી પદ્યરચનાનો રાજમાર્ગ ખુલ્લો કરી, માત્ર ઊર્મિલતાને બદલે સમગ્ર ચેતનાના આવિષ્કારરૂપ નવી કાવ્યભાવનાનો પુરસ્કાર કરી આપણા કવિતાસાહિત્યની સમુત્ક્રાન્તિમાં એકાદ ડગલું આગેકૂચ એ ઠાકોરની વિવેચનપ્રવૃત્તિનું ઉત્તમ ફળ છે. કેટલીક કૃતિઓ અને સર્જકો

વિશેના સમતોલ, સત્યનિષ્ઠ અભિપ્રાયો અને તેમનાં સ્થાન નિશ્ચિત કરી આપવાનું કાર્ય તો અલબત્ત એના અનુષંગે થયેલું જ છે.

"સમંદરવટી નચિંત સરિ જે (મૂળમાં 'સરતી' પણ હવે જે સરી ગઈ છે તે) તરી બંદરે" એની નચિંતતાનું કારણ તો એ હતું કે જીવનભરની તેમની સાધના

બ્રહ્માર્પણં બ્રહ્મહવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતં ।
બ્રહ્મૈવ તેન ગંતવ્યં, બ્રહ્મકર્મસમાધિના ॥

રૂપ જ હતી. અને તેમણે જ કહ્યું છે તેમ,

"ઝંખી રહે છે નમ્ર જે સતસેવના
લાધે છ તેને એકબે તાજાં કુસુમ."

આવાં 'તાજાં કુસુમો'ની પ્રાપ્તિ થઈ છે એને કોણ નકારી શકશે? *

---

* પ્રો. બ. ક. ઠા.ની જન્મશતાબ્દી (તા. ૨૩-૧૦-૬૯) નિમિત્તે તૈયાર થયેલો લેખ.

# કચ્છી લોકસાહિત્યનું એક ઉજ્જવળ પાસું :
## પિરોલી : ઉખાણાં

**પ્રતાપરાય ગો. ત્રિવેદી**

લોકસાહિત્યને લોકવેદની ઉપમા અપાય છે. લોકસાહિત્યને તેનાં અનેક ઉજ્જવળ અંગ છે, જેમાંનું એક વ્યાપક અંગ છે—ઉખાણાં. જગતભરની તમામ ભાષા અને બોલીઓને આ અંગ ખૂબ જ સુપરિચિત છે.

અહીં આપણે કચ્છીભાષાના ઉખાણાનો પરિચય મેળવીશું. ઉખાણાને કચ્છીમાં 'પિરોલી' કહે છે, જેને હિંદીમાં पहेली અને સંસ્કૃતમાં प्रहेली કે प्रहेलिका કહે છે.

### 'પિરોલી'એ લોકશિક્ષણની સેવા બજાવી છે :

સમાજના તમામ વર્ગને શિક્ષણ આપવા માટે મધ્યયુગમાં જ્યારે વિશાળ પાયા પર કોઈ વ્યવસ્થિત પ્રબંધ નહોતો ત્યારે, પોતાની સંસ્કૃતિના જ્યોતિર્ધરોને પિછાણવા પુસ્તકોની સગવડ નહોતી ત્યારે, સ્વકીય પુરાણપરંપરાને કે ઇતિહાસના અમૂલ્ય વારસાને જાણવાનું કોઈ સુલભ સાધન નહોતું ત્યારે અનામી લોકકવિઓ ચારપાંચ પંક્તિઓમાં દેશના ભવ્ય વારસાને આલેખતા અને રાત્રિસમયે ગામને ચોરે એવાં ઊખાણાંને વહેવડાવતા.

આથી જ 'પિરોલી'એ ધ્યેય માટે ફના થનાર વીરોની વાર્તા ઘેર ઘેર પહોંચાડી છે, આશિકોનાં અરમાનને લોકહૃદયમાં સ્થાન અપાવ્યું છે, જીવસટોસટના ખેલ ખેલનાર સાહસિકોની 'કૌતુકવતી વાર્તાઓ'ને જનજીભે વહેતી કરી છે. યુવાનોને સાહસકર્મ કરવા પ્રેરણા આપી છે, હિંદુ સમાજને પાકકુરાનેશરીફની અમૂલ્ય વાતોથી વાકેફ કર્યા છે, મુસલમાન બંધુઓને રામાયણ–મહાભારતની સૌરભ લેતા કર્યા છે, વાળુ પછીના કુટુમ્બમિલનને બૌદ્ધિક કાર્ય બક્ષ્યું છે, વિકસતાં બાળકોને કલ્પનાની ફાળ ભરાવી છે અને વર્ષના આઠ માસ અનુદ્યોગી રહેતી આ પ્રદેશની પ્રજાને માનસિક ખોરાક પૂરો પાડી એમના માનસિક સ્વાસ્થ્યની સમતુલા જાળવવામાં મદદ કરી છે. માનસશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ ઉખાણાની આટલી સેવાની જરૂર નોંધ લે છે.

### 'પિરોલી'નો વિશાળ વ્યાપ અને સૂક્ષ્મ વર્ગીકરણ :

કચ્છી 'પિરોલી'નું આયોજન અને એનું બંધારણ હરકોઈને આનંદ સાથે આશ્ચર્યચકિત કરી મૂકે એવું છે. બ્રહ્માંડમાં બનતી કોઈ પણ ઘટના, બ્રહ્માંડમાંનો કોઈ પણ પદાર્થ 'પિરોલી'નું વસ્તુ બની શકે છે. 'પિરોલી' જાણે જગતના તમામ પદાર્થોને પોતાની બાથમાં લેતી ન હોય, એવું લાગે છે! આશ્ચર્યની વાત એ છે કે આવા અત્યંત વિશાળ વ્યાપનું વિભાજન અને વર્ગીકરણ એટલી સૂક્ષ્મતાપૂર્વક કરવામાં આવ્યું છે કે જે જોઈને તાજ્જુબ થઈ જવાય છે. કહેવાનું મન થાય છે કે, મહાભારતના દ્રષ્ટા વ્યાસ જેવા કેટલાય અનામી કચ્છી વ્યાસોના બૃહદ્-

પ્રયાસોથી જ આવી દઢબંધ વસ્તુનું નિર્માણ થયું હશે. નિરક્ષર પ્રદેશમાં વસતા કયા પુરુષાર્થીઓ આવો ભવ્ય વારસો આપી ગયા ? એ વારસાનું પ્રથમ વર્ગીકરણ લઈએ.

## 'પિરોલી'માં કથિતવસ્તુનું વર્ગીકરણ :

ભારતના પદાર્થવિજ્ઞાનીઓ પાંચ તત્ત્વોને બ્રહ્માંડવ્યાપી ગણે છે: ૧–પૃથ્વી, ૨–જળ, ૩–વાયુ, ૪–તેજ, અને ૫–આકાશ. આ પંચતત્ત્વોને નજર સમક્ષ રાખી 'પિરોલી'કથિત પદાર્થોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

## પદાર્થની દૃષ્ટિએ વર્ગીકરણ :

'વર્ગીકરણ' શબ્દને માટે 'પિરોલી'માં એક ખાસ સંજ્ઞા યોજવામાં આવી છે–'ખાણ', મતલબ કે વર્ગીકરણને 'ખાણ' કહેવામાં આવે છે.

(૧) તમામ ધાતુઓ, ધાતુજન્ય પદાર્થો, પથ્થર, આરસપહાણ વગેરેની ખાણ 'સીતોજ' કહેવાય છે.

માટી તથા માટીમાંથી બનતી વસ્તુઓની ખાણ 'મીનોજ' છે.

(૨) જળ, તથા જળતત્ત્વ જેમાં સ્પષ્ટ હોય તેવા પદાર્થો જેવા કે, વરાળ, ઝાકળ, ધુમ્મસ, ભેજ, હિમનાં ફોરાં વગેરેની ખાણ 'પંખ' તરીકે ઓળખાય છે.

(૩) વાયુ અને આકાશ મધ્યે બનતા બનાવો અને તેમની વચ્ચે રહેલાં ચંદ્ર, સંધ્યા, મેઘધનુષ્ય, નિહારિકા, નાનાંમોટાં નક્ષત્રો, તથા તોફાનની ખાણ 'અગોચર' કહેવાય છે.

(૪) સૂર્ય, તારા, અગ્નિ, તેજ, આગના ભડકા અને જ્વાળાની ખાણ 'અગોચર સીતોજ' કહેવાય છે.

આ થયું પ્રથમ અને મૂળભૂત પંચમહાભૂતનું વર્ગીકરણ. પરંતુ, ઉખાણાના ઉત્તર શોધનારને આ વર્ગીકરણની વિશાળતાને કારણે એથી કેવળ સુદીર્ઘ દિશાનું સૂચન જ મળે છે. આથી કચ્છી 'પિરોલી'માં બેએક બીજાં પણ વર્ગીકરણો યોજવામાં આવ્યાં છે.

## જીવશાસ્ત્રની દૃષ્ટિએ વર્ગીકરણ :

'ઇંડાં એટલાં મીંડાં, અને કાન એટલાં થાન' એ ગુજરાતી કહેવતની માફક આ વર્ગીકરણમાં પ્રાણીની જન્મની શરત પ્રમાણભૂત ગણાય છે. જેમ કે, ઈંડામાંથી જન્મતાં તમામ પ્રાણીની સંજ્ઞા 'ઈનોજ' (અંડજ) ખાણ ગણાય છે, જેવાં કે પક્ષી, સાપ, વગેરે.

આ સિવાયનાં, માનવસહિતનાં સર્વ પ્રાણીઓની સંજ્ઞા 'જરોજ' ખાણની છે.

## વનસ્પતિનું વર્ગીકરણ :

આ બધાં વર્ગીકરણ થયાં જડ અને ચેતનનાં, પણ, વનસ્પતિને શી સંજ્ઞા આપવી ? વનસ્પતિ તો જડ અને ચેતનનું સંકુલ મિશ્રણ છે ! એટલે 'પિરોલી'ના અનામી આયોજકોએ

ઇરાદાપૂર્વક એનો અલગ પ્રકાર તારવ્યો લાગે છે. વનસ્પતિ અને તજ્જન્ય સર્વ પદાર્થોને એમણે 'ઉદ્ભોજ' ખાણની (ઉદ્ભિજ્જ) સંજ્ઞા આપી છે. ઝાડ, પાન, ફળફૂલ, કપાસ, કપડાં, લાકડું વગેરેનો 'ઉદ્ભોજ ખાણ'માં સમાવેશ થાય છે.

બાહ્ય જગતને અનુલક્ષીને આ વર્ગીકરણો યોજાયાં છે, પણ વિશ્વનું કેન્દ્ર તો માનવ છે, માનવને પોતાનું અંતરજગત પણ જરૂર હોય છે. તો માનવ ભાવોને પિછાણવા માટે પણ કંઈક સંજ્ઞા જરૂર આપવી જોઈએ, હોવી જોઈએ. મૂર્છા, સ્મૃતિવિસ્મૃતિ, ગ્લાનિ, મતિવિભ્રમ વગેરે તમામ પ્રકારના માનસિક સંવેદનોની સંજ્ઞા છે "વાઇ" ખાણ.

આવી જ રીતે એકદમ સ્ફુરી આવતા—બહાર નીકળી પડતા ઉદ્ગાર અને હાસ્યની સંજ્ઞા છે 'મુખાછુટી વાઇ'. 'મુખાંછુટી વાઇ' એટલે મુખમાંથી સરી પડેલા શબ્દો કે (હાસ્યનો) અવાજ.

ઉખાણું રજૂ કરનાર, ઉખાણાની સાથે તેનું વર્ગીકરણ પણ રજૂ કરી દે છે જેથી ઉત્તર શોધનાર ચોક્કસ દિશામાં જ પ્રયાસ કરે; જેમ કે ઉખાણાનો ઉત્તર 'ભાલું' હોય તો રજૂ કરનાર કહેશે, "એની ખાણ સીતોજ છે". ભાલાનો ઉપયોગ કરનાર વીર પુરુષ પણ જો ઉત્તર સાથે સંકડાયેલો હોય તો રજૂ કરનારે એની 'ખાણ' પણ સાથોસાથ કહેવી જોઈશે. "જેમ કે એની ખાણ છે સીતોજ અને જરોજ". (લોખંડી ભાલું 'સીતોજ' અને માનવ પ્રાણી 'જરોજ')

ઉખાણું રજૂ કરનાર વ્યક્તિ ઊખાણાના ઉત્તરની 'ખાણ' પણ સાથોસાથ જણાવી દે એટલે ઉત્તર શોધનારનો અર્ધો પ્રશ્ન હલ થઈ જાય છે. છતાં શોધકને મુશ્કેલી તો રહે છે જ. એમાંની એક મુશ્કેલી છે સમયની. "ઉખાણામાં પૂછેલો પ્રશ્ન કે બનાવ કયે સમયે બન્યો, એની કોઈ સમયાવધિ ખરી? વળી, જો બનેલા બનાવની કશી સમયાવધિ હોય તોપણ ઉખાણામાં કથિત વસ્તુને સંબંધ શેની સાથે છે? ધર્મવાર્તા સાથે? ઐતિહાસિક ઘટના સાથે? કે કોઈ અન્ય પ્રકીર્ણ પ્રસંગ સાથે?" કેવળ 'ખાણ' કહી દેવાથી આ મુશ્કેલીઓ દૂર નથી થતી. આથી 'કચ્છીપિરોલી'માં તેનું વસ્તુ ક્યાંથી લેવામાં આવ્યું છે તે પણ રજૂ કરનારે તરત જ જણાવવાનું હોય છે. વસ્તુનિર્દેશ પરત્વે 'પિરોલી'નું વિભાજન આમ કરવામાં આવ્યું છે:

વેદ, રામાયણ, મહાભારત કે અઢાર પુરાણોમાંથી જો એનું વસ્તુ લેવામાં આવ્યું હોય તો તે "પિરોલી શાસ્ત્રી" ગણાય છે.

મધ્યયુગીન રાજાઓના જીવનમાંથી જો કથાપ્રસંગ લેવામાં આવ્યો હોય તો તે ઉખાણાને "પિરોલી રજવાડી"ના નામે ઓળખવામાં આવે છે.

આ બન્ને પ્રકારોમાં કાળવિભાજન પણ આપોઆપ સમાઈ જાય છે.

પાકકુરાનેશરીફમાંથી જો વસ્તુ લેવામાં હોય તો તે ઉખાણાને "પિરોલી મસાઈલ" કહેવામાં આવે છે.

પ્રેમ સાટે જાનફેસાનીની બાજી રમી જતા આશિકોનાં અરમાનને આલેખતી, શાહ

સોદાગરો અને શ્રીમંતોનાં દિલેર દાનને બિરદાવતી, જીવસટોસટનાં જોખમ ખેડી પોતાની પ્રતિજ્ઞાને પૂર્ણ કરતા સાહસિકોનાં પ્રરાક્રમોને શબ્દબદ્ધ કરતી પિરોલીને " પિરોલી સોદાગરી "ના નામે ઓળખવામાં આવે છે.

વર્તમાન સમયમાં રસ્તે ચાલતાં—નજરે પડતી કંઈ અવનવી ઘટનાને આલેખતી ' પિરોલી 'ને " પિરોલી ડીઠોડ઼ી " (સંસ્કૃત દૃશ્—જોવું પરથી—" મેં જોયેલી ઘટના ") કહેવામાં આવે છે.

એ ખૂબ સ્પષ્ટ બની જાય છે કે ઉખાણું રજૂ કરનાર તેની ' ખાણુ ' સાથે ' કાળ-વિભાજન ' કે વસ્તુસ્વીકાર પણ સાથોસાથ જ કહી દેશે. જેમ કે, ઉખાણુાનો જવાબ જો "ભીમસેનની ગદા " એવો હોય તો ઉખાણું રજૂ કરનાર—સમસ્યા રજૂ કરતાંની સાથે જ—કહેશે : ' ઉત્તરની ખાણુ જરોજ, સીતોજ અને પિરોલી શાસ્ત્રી. ( ભીમસેનની કથા મહાભારતમાં છે માટે " પિરોલી શાસ્ત્રી " ભીમસેન પોતે માનવ માટે એની ખાણુ ' જરોજ ' અને ગદા હોય લોખંડની, માટે સાથે જ બીજી ખાણુ સીતોજ ! )

આમ, વર્ગીકરણુ–' ખાણુ ' કચ્છી પિરોલીના બાહ્યવ્યાપનો નિર્દેશ કરે છે તો કાળ-વિભાજન કે સમયાવધિ એના વસ્તુના અંતરદેહનાં દર્શન કરાવે છે. આ બંનેની જેમ, એનું બંધારણુ ' પિરોલી 'ના અક્ષરદેહની સુડોળમૂર્તિ પ્રત્યક્ષ કરી આપે છે, અને એ ત્રણેનો સંગમ ઉખાણુાના ઉત્તરસ્વરૂપ તત્ત્વને જિજ્ઞાસુના ચિત્તમાં સાકાર કરે છે.

વર્ગીકરણુ અને વિભાજન ઉપરાંત એક અન્ય સંજ્ઞા—શબ્દપ્રતીકનો પ્રયોગ પણુ પિરોલી'માં પ્રયોજાય છે. જે મર્દોની કારકિર્દી લોકસમુદાયમાં સુપ્રસિદ્ધ હોય, જે વીરોએ જનતાના હૃદયસિંહાસન પર સ્થાન જમાવ્યું હોય એવા ચતુઃવીરોનાં નામોને પ્રતીક તરીકે ' પિરોલી 'માં મૂકવામાં આવતાં હોય છે. એ ચતુઃવીરો છે ધર્મવીર, કર્મવીર, દાનવીર અને પ્રેમવીર.

સિંહને સાંગના એક જ ઝાટકે સંહારનાર અને સ્વબાહુબળે કચ્છ પર પોતાનું પ્રભુત્વ સ્થાપનાર મહારાવ શ્રી ખેંગારજીનું ટૂંકું નામ ' ખેંગાર ' એવા જ કોઈ પરાક્રમવીરને વર્ણવતી ' પિરોલી 'માં પ્રતીક તરીકે મુકાય છે.

આવાં કેટલાંક અન્ય શબ્દોપ્રતીકો પણુ તે તે વ્યક્તિનાં કાર્ય અને સ્થિતિ પરથી નિશ્ચિત કરી દેવામાં આવ્યાં છે. જેમકે પ્રેયસી પાછળ ફના થનારને ' મજનુ ' અથવા ' મેંધરો 'નું શબ્દપ્રતીક અપાય છે. પ્રભાવી પુરુષને માટે ' હાકમ ', ઉમંગભેર કાર્ય કરવા આગળ વધતા અને ઉત્સાહથી થનગનતા યુવાનને ' ગોટિયો ' ( ગોટ=વરરાજા ), એકના એક લાડકડા પુત્રને ' લાલ ', અને વિરહમાં દિવસો વીતાવતી પ્રેયસીને ' મારઈ ' વગેરે જેવાં શબ્દપ્રતીકો અપાય છે.

રળિયામણુા પ્રદેશ માટે ' મલીર ' અને વેરાનભૂમિ માટે ' થર 'નું પ્રતીક નિશ્ચિત છે.

આ યોજનાથી ઉત્તરનું ગોપન પણુ થાય છે, અને સાથોસાથ ઉત્તર શોધનાર પ્રતીકને પકડી આગળ વધે છે. અને સ્વસ્મૃતિમાંથી પ્રતીકને મળતાં આવતાં ચિત્રો માનસપટ પર ખડાં કરી દે છે.

ઉપર મુજબનાં ‘ પિરોલી ’નાં ત્રણ પાસાં અહીં સુધી આપણે જોયાં. હવે ‘ પિરોલી ’ના અક્ષરદેહનું—બંધારણનું–વિહંગાવલોકન કરીશું.

## પિરોલીમાં યોજાતું પદ્ય :

પિરોલીના અક્ષરદેહને સુનિશ્ચિત બંધારણમાં મૂર્ત કરવામાં આવે છે. પ્રલંબ ઊર્મિની અભિવ્યક્તિ અર્થે સ્રગ્ધરાનો પ્રયોગ જેમ શિષ્ટ ભાષાકાવ્યને જાણીતો છે તેમ, ‘ પિરોલી ’માં પણ અભિવ્યક્તિના આવર્તન અર્થે ‘ કચ્છી સંગર ’ (સંગર = સાંકળ) નામે માત્રામેળનો પ્રયોગ કરવામાં આવે છે. ‘ કચ્છી સંગર ’ એટલે દોહરાનું લંબાવેલું સ્વરૂપ. દોહરાની માફક ‘ સંગર ’નાં એકી ચરણો ૧૩ માત્રાવાળાં અને બેકી ચરણો ૧૧ માત્રાવાળાં હોય છે. ‘ સંગર ’ની વિશિષ્ટતા એ કે એનાં છેલ્લાં બે ચરણો સોરઠાનાં હોય છે.

સંગરમાં આવાં ચરણોની અવધિ ૬ થી માંડીને ૧૨ સુધીની હોય છે.

ક્વચિત્ આમાં કવિજનસાધ્ય છૂટછાટ પણ લેવાય છે.

અર્વાચીન ગુજરાતી કાવ્યમાં જેમ મિશ્રછંદો પ્રયોજાય છે, (મિશ્રોપજાતિ, ખંડ-શિખરિણી વગેરે) તેમ ‘ પિરોલી ’માં પણ ક્વચિત્ મિશ્રરચના નજરે પડે છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે કચ્છી પિરોલીના રચયિતાઓ સામાન્ય (બહુધા નિરક્ષર) લોકસમુદાયમાંથી આવેલા હોય છે. પિરોલીમાં કરવામાં આવતો છંદઃપ્રયોગ એમણે પરંપરામાંથી અપનાવેલો હોય છે. પિંગળ કે છંદઃશાસ્ત્રનો વ્યવસ્થિત અભ્યાસ કરવાની તક એમનામાંથી કદાચ વિરલે જ કોઈને મળી હશે.

‘ સંગર ’ ઉપરાંત દોહરા અને સોરઠાને મળતા ‘ બ્હેત ’નો ઉપયોગ પણ થાય છે. આ ત્રણે છંદો પ્રૌઢજનભોગ્ય પિરોલીમાં પ્રયોજાય છે; જ્યારે ‘ બાલભોગ્ય પિરોલીઓ ’માં ચોપાયા કે જોડકણાં ગોઠવવામાં આવે છે, જે ગુજરાતી ઉખાણાના બંધારણને મળતાં આવે છે.

ઉપર જણાવ્યા મુજબના સમગ્ર આયોજનને સમજવા હવે ‘ પિરોલી ’નાં કેટલાંક દૃષ્ટાંતો જોઈશું :

પાકકુરાનેશરીફમાંથી વસ્તુ લઈ એક અલૌકિક પદાર્થનું ‘ પિરોલી ’માં કેટલું આલંકારિક રીતે વર્ણન કરવામાં આવે છે. તેનું સૌ પ્રથમ એક દૃષ્ટાંત લઈએ :

૧. દોસ્ત આયા દુનિયાં તેં, રાજ કરેલા રાણું,<br>
૨. મૌલા ડિનું મુસ્તફા કે મોતી જો દાણું,<br>
૩. નંગ જડચો હો નામી, ઝેવર ઝરપાણું,<br>
૪. રૂપ રંગ ને રોશની, સાવ ન તે સમાણું,<br>
૫. સિજ્જ અને ચંધર વટા, જોત ન તે જલાણું;<br>
૬. હેડો ગીત ગાવાણું,<br>
કુરો હો ? કુંભાર ચેં…

ખાણુ : ૧. અગોચર, ૨. જરોજ. પિરોલી–મસાઈલ, મતલબ કે—

૧. દુનિયાનાં હૃદય પર શાસન કરવા જાણે કે હૃદયસમ્રાટ આવ્યા.

૨. એ પાવનપુરુષને ઈશ્વરે જાણે કે અણુમોલ ઝગઝગતું 'મોતી' આપ્યું.

૩. અન્યને અપ્રાપ્ય એવું 'ઝવાહિર' જાણે કે ઝગમગતું હતું.

૪. જેનાં સ્વરૂપ, રંગ અને પ્રકાશને કોઈ સીમા નહોતી.

૫. સૂર્ય અને ચંદ્ર કરતાં એનું તેજ અનોખું હતું.

૬. 'જે વસ્તુની આટલી પ્રશંસા થઈ તે વસ્તુ શું હતી' એમ રચયિતા 'કુંભાર' પૂછે છે?

(ઉત્તર : હઝરત મહમદ પયગમ્બર સાહેબની મુબારક પીઠ પર ઈશ્વરદત્ત તેજોમય દિવ્ય-ચક્રનું નિશાન હતું. એ ચક્રને 'મહોર–ઈ–નબૂઅત'ના નામે ઓળખવામાં આવે છે.)

અહીં, ચક્ર એ ઈશ્વરદત્ત વસ્તુ છે, માટે એક ખાણુ 'અગોચર,' માનવદેહ પર એનું સ્થાન છે, માટે બીજી ખાણુ જરોજ, અને 'પિરોલી'નું વસ્તુ મુસ્લિમ ધર્મશાસ્ત્રમાંથી લેવામાં આવ્યું છે. માટે પિરોલીનો પ્રકાર છે 'મસાઈલ'.

આવી જ રીતે હિંદુ પુરાણમાંથી જેનું વસ્તુ લેવામાં આવ્યું છે એવી એક 'પિરોલી'નું દૃષ્ટાંત જોઈએ :

વૃત્રાસુરથી ત્રાસી ગયેલા દેવતાઓ વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ સલાહ આપી: દધીચિ મુનિનાં હાડમાંથી વજ્ર બનાવો તો તેથી વૃત્ર મરે. દેવતાઓએ તેમ કર્યું અને એ હાડપિંજર વજ્રના નામે વિશ્વવિખ્યાત નામે અમોઘ હથિયાર તરીકે થયું. એ પ્રસંગ આમ રજૂ થાય છે :

૧. સાર્મીડે઼ જે સંઘ કે, કામલ કલ્લ વતાય,
૨. સોંઢી સંચર્‌યા જિતે, પુરખ્ નાથ પરચાય;
૩. ડીંધલ સે ગિનઁધલ ભની, ઘટજી ગુજી ગુરાય,
૪. દાની દુનિયાલા કરે, સાસો ડિને સુકાય;
૫. પિઞરો કયો પંકાય,
છુએ નકાં નત છેલ કો ?

ભાવાર્થ એ જ કે,

૧. 'સમર્થ જન'ના સંઘને 'પરમ સમર્થે' રાહ બતાવ્યો.

૨. પ્રભુને રીઝવવા જ્યાં 'એ' બેઠો હતો ત્યાં 'સમર્થસંઘ' ગયો.

૩. દુનિયાને આપનાર ત્યાં લેનાર બની ગયા અને શરીરમાં રહેલી ગુપ્ત 'વસ્તુ' માગી. (વરદાન આપનારા દેવતાઓ ત્યાં વરદાન લેનારા થયા !)

૪. વિશ્વશાંતિ માટે 'એ દાનેશ્વરીએ' પોતાના પ્રાણ સંકોરી છોડી મૂકચા.

૫. અનામી રચયિતા પૂછે છે કે, “સામાન્ય સંજોગોમાં શુદ્ધ માણુસ હાડકાંને સ્પર્શે પણ નહિ, તો ‘એ પિંજર–પાંજરું કેમ પંકાયું ? એ પિંજર કોનું ?”

ખાણુ : ૧–જરોજ, ૨–અગોચર. પિરોલી–‘શાસ્ત્રી’. [ દધીચિ માનવ હતા, માટે એક ખાણુ ‘જરોજ’, દેવતાઓ, નારાયણુ અને પ્રાણુ અદૃષ્ટ છે માટે બીજી ખાણુ ‘અગોચર’ અને પુરાણુમાંથી વસ્તુ લેવામાં આવ્યું માટે એ ‘શાસ્ત્રી’ પિરોલી છે ! ]

‘પિરોલી’ ‘મસાઈલિ’ અને ‘પિરોલી શાસ્ત્રી’નાં કાળક્રમે પ્રથમ આવતાં બે ઉદાહરણો જોયાં બાદ, મધ્યકાલીન યુગની એક ‘રજવાડી પિરોલી’ જોઈશું.

કચ્છના ઇતિહાસના એક કટોકટીભર્યા કાળમાંથી એનું વસ્તુ લેવામાં આવ્યું છે. કચ્છના રાજવંશનું નિકંદન કાઢવા માટે ‘જામરાવળ’ કચ્છના નાસ્તાફરતા બે રાજકુમારોને સંહારવા પગેરું લેતો ભીંયાકકલ નામના વફાદાર સેવકની ઝૂંપડીએ આવી પહોંચે છે. ભીંયાના છ પુત્રોને રાવળે ત્યાંને ત્યાં મારી નાખ્યા, જ્યારે સાતમા પુત્રને રાવળ મારવા જાય છે ત્યારે ભીંયો કંઈક પીગળી જાય છે અને પોતાની સ્ત્રી મલ્લણુી સામે જુએ છે. મલ્લણુી આંખથી ઇશારત કરે છે અને નમતું ન જોખવા પતિને સમજાવે છે. આ વસ્તુને લઈ ‘પિરોલી’માં પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે “આવું ભવ્ય બલિદાન આપનાર એ સિંહણુ સમાન શૂર સ્ત્રી કોણુ હતી ?”

પિરોલી આમ છે :

૧. રુલંધો આયો રણુમિંજા, આયો કંસ અવતાર,
૨. તેગ બધીને તરોરંધો, સાવજ કેણુ સિકાર;
૩. કટક ત્રુટો કીડ઼ી મથે, વિકરમ કેં વિકરાર,
૪. નર હેમથ હારે તડેં, નમી નતી ડે નાર,
કેર સિંહણુ આચાર,
અય્ નારી ઇતિહાસમેં ?

ખાણુ : ૧. જરોજ, ૨. સીતોજ. પિરોલી ‘રજવાડ઼ી.’

ઉપરના કચ્છી પદ્યનો ગુજરાતી ગદ્યમાં ભાવાર્થ આ પ્રમાણે છે :

૧. રણુમાર્ગે રખડતો રખડતો હવે કંસનો અન્ય અવતાર જાણે કે આવી પહોંચ્યો.
૨. ‘સિંહનો શિકાર કરવા’ એ થનગને છે અને તલવારને બળે નાચે છે.
૩. કીડી ઉપર જાણે કે કટક ત્રૂટયું ! એ કટકે ભયંકર કૃત્ય અરેરાટી છૂટે તેવું કાર્ય કર્યું.
૪. ત્યાં પુરુષ જ્યારે હિંમત હારી જાય છે ત્યારે સ્ત્રી પોતાની હિંમત ટકાવી રાખે છે અને નમતું નથી જોખતી.
૫. ઇતિહાસપ્રસિદ્ધ એ વીરાંગના કોણુ ?

મારનાર અને મરણુ પામનાર—બધાંય માનવ દેહધારી છે, માટે એક ખાણુ ‘જરોજ,’ તથા જામરાવળ તલવારથી બાળકોની કતલ કરે છે એટલે બીજી ખાણુ ‘સીતોજ’ કહેવી પડશે.

[તલવાર લોઢાની, અને લોહજન્ય તમામ વસ્તુઓ 'સીતોજ' ગણાય છે].

ઇતિહાસમાંથી વસ્તુ ઉપાડવામાં આવ્યું છે માટે 'પિરોલી રજવાડી.'

ઉપરની પિરોલીમાં 'જામરાવળ'ને કંસનું રૂપક આપી અનામી રચયિતાએ ખરેખર શિખર સર કર્યું છે.

અહીં સુધી જોયેલી ત્રણે 'પિરોલીઓ'નું બંધારણ,—છંદની દૃષ્ટિએ – 'કચ્છી સંગર' સ્વરૂપનું હતું. નીચેની 'સોદાગરી' પિરોલીમાં 'કચ્છી સંગર' લઘુસ્વરૂપ જોવા મળશે.

"મહિવાલ સોહિની પર મુગ્ધ હતો, પરસ્પર પ્રેમ અતૂટ હતો. મીઠા મહેરામણ (મહેરામણ = સમુદ્ર)માં—સિંધુનદીમાં અંતે બંનેએ જળસમાધિ લીધી હતી." આ પ્રસંગને રજૂ કરતી પિરોલી ખાણ સ્વયમ્ જણાવી દે છે! જેમ કે,

૧. 'મીનોજ' વ્યો મટી, 'પંખ' માજો પેટ,
૨. તુંહિતું તવારેંધે, હરધમ વ્યા હેટ,
૩. નાલો રૂયો નેટ, 'ચકવે' સાં ચિત્ત કચા?

એટલે,

૧ માટીમાંથી બનેલી વસ્તુ ગળતી જ ગઈ; અને 'પાણી વર્ગ'માંનું પેટ સાબિત થાય છે.

૨ 'તું તું'ના પોકાર કરતાં એ નીચે (જળમાં) ઊતરતાં જતાં હતાં.

૩ જેમનું નામ કાયમ રહી ગયું, એવાં ચક્રવાકયુગલ સમાન કોનાં ચિત્ત હતાં?—એ કોણ હતાં?

અહીં, ખાણ: ૧ મીનોજ, ૨. પંખ અને 'ચક્રવાક સમાન કોઈનાં ચિત્ત' કહેવાથી 'જરોજ' ખાણ આપોઆપ પંક્તિઓમાંથી જ પ્રગટ થાય છે.

કાચા ઘડાને લઈ સિંધુમાં સોહિની પડેલી માટે, માટીની ખાણ 'મીનોજ' અને પાણીની ખાણ 'પંખ', આશિકોનાં અરમાનને વાચા અપાઈ છે એટલે વિભાજનની દૃષ્ટિએ એ 'સોદાગરી' પિરોલી છે, જેમાં જીવન સાટે જીવનના ખેલ ખેલાયા છે.

પિરોલી મસાઈલ, શાસ્ત્રી, રજવાડી અને સોદાગરી, એ તમામ ભૂતકાળમાં બની ગયેલી, દૂર સુદૂરની ઘટનાઓને આલેખે છે; પરંતુ જીવન તો એકધારું વહ્યે જ જાય છે; જેથી વર્તમાનમાં પણ ઘટનાઓ તો બનતી જ રહે છે. વર્તમાનને આલેખતી ઘટનાઓને 'ડીઠોડો'—(જોયેલી) પિરોલી કહેવાય છે. 'ધૂમકેતુ'ને આલેખતી એ પિરોલી આમ વહે છે:

૧ ઉપનું બાલ અગોચરા, માપે ન ખયાં મૂર,
૨ જુગજુગ જાગ્યો ભટકંધો, કુછણ ન કચાં કૂર;
૩ માની મોં મોડે છડે, ઊંધો હલ્યો અસૂર,

૪ ઘટ પિંઢજો ગારે વિધેં, સેંય્ સફરજા સૂર,
૫ ન્યાર્યો અખિયેં નૂર,
પૂરભ પચ્છમ પારમેં...

ખાણુ : અગોચર. સીતોજ. પિરોલી 'ડીઠોડ઼ી'.

એટલે,

૧ અગોચરમાં બાળકનો જન્મ થયો, પણ માબાપમાંથી કોઈએ એને તેડ્યો નહિ ! (ગ્રહાણુઓ અને નાના અસંખ્ય ધૂમકેતુઓ સૂર્ય જેવા મોટા 'તારા'ઓમાંથી ઉત્પન્ન થયા છે).

૨ અનેક યુગ સુધી જાગતો–ઝબકતો રહ્યો, તોય કોઈએ એને પોતાની પાસે બોલાવ્યો નહિ !

૩ સ્વમાની બાળકે આથો પોતાનું મોઢું ફેરવી લીધું અને 'અસૂરવેળાએ' સાંધ્યસમયે અવળો જવા લાગ્યો. (ધૂમકેતૂ હંમેશાં સૂર્યની વિરુદ્ધની દિશામાં જ જાય છે !)

૪ એણે પોતાનું શરીર ગાળી નાખ્યું વિલીન કરી નાખ્યું અને પ્રવાસનાં અનેક સંકટો સહન કર્યાં.

૫ કહેવામાં આવે છે કે, પૂર્વપશ્ચિમની આરપાર, મારી સગી આંખે મેં એ પ્રકાશ જોયેલો !

અવકાશી વસ્તુ છે માટે ખાણુ 'અગોચર સીતોજ' અને નજરે જોયેલી, વર્તમાન ઘટના એટલે પ્રકાર થશે 'ડીઠોડ઼ી'નો ! ગ્રહાણુ જેવી નિર્જીવ વસ્તુમાં ધબકતા હૈયાની લાગણીઓ ખરેખર આનંદ સાથે આશ્ચર્ય જન્માવે છે.

અહીં સુધી જોયેલી 'પિરોલી'ઓ પ્રૌઢજન ભોગ્ય છે, તમામ ભાષાઓને જાણીતાં બાળ-ઉખાણાં–બાલપિરોલીઓ કચ્છીમાં પણ પ્રચલિત છે. બાલપિરોલીઓનું બંધારણ પ્રવાહી છે, કયારેક એ દોહરામાં સમાઈ જાય છે, કયારેક ચોપાયાની આકૃતિ ધારણ કરે છે, અને કયારેક તદ્દન જોડકણું બની રહે છે.

હવે કેટલીક 'બાલપિરોલી'ઓ અત્રે જોઈશું :

૧. અટ્ઠકાઠ, નોંઈ જારી, તેં તેં વિઠા કનધારી.

૨. અચો, વ્યો, ચબ્યો પન, બ જેણેંજા બાઈ કન !

એટલે કે,

૧. આઠ લાકડાં (ખાટલાના ચાર પાયા, અને ચાર આડાં લાકડાં) નવમી જાળી (ખાટલાની સીંદરી), તે પર 'કાનધારી' બેઠાં છે.

૨. "આવો, બેસો, ચાવો પાન, બે જણનાં બાવીસ કાન" !

ઉત્તર : રાવણમંદોદરી ખાટલા પર બેઠાં છે! રાવણના કાન વીસ અને મંદોરીના બે. બધા મળી બાવીસ કાન!

બાળકોને રાવણનો પરિચય જ 'વિચિત્ર વસ્તુ' તરીકે થાય છે! બીજું દૃષ્ટાંત જાતિ-સ્વભાવ આલેખે છે :

૧. ચતુર ને ચોરાંડિયો, પાછો થ્યો પુરખ,

૨. બારણુ વારો નાઅ કો, રૂઅણુ વારા લખ.

૧. "ચતુર અને ચોરટો પુરુષ (!) મરી ગયો. ૨. એને બાળવા જનાર કોઈ નથી, પણ રડવા આવેલા લાખો છે!

કાગડો મરે ત્યારે કેવી શોકસભા ભરાતી હોય છે! પણ વિલાપ કરી સૌ છૂટા પડે છે, અગ્નિસંસ્કાર કોણ કરે ?

બાળાક્ષરી શીખતા, કે પા પા પગલી ભરતાં શીખી ગયેલા બાળકને વર્ણ્યવા ઉચ્ચાર-વૈશિષ્ટ્યથી વાકેફ કરતી 'પિરોલી' લઈએ :

૧. લગ લગ ચો, ત ન લગે, મ લગ મ લગ ચો, ત લગે.

૧. લાગજે, લાગજે, એમ કહીએ તો ન લાગે, પણ 'મ' (નહિ) લાગજે એમ કહીએ તો લાગે! (કચ્છીમાં 'મ' = નહિ, અને 'લગ' = લાગવું અથવા સ્પર્શ કરવો). ઓષ્ઠ્ય ઉચ્ચારની વિશિષ્ઠતાથી બાળક આથી વાકેફ થાય છે. આ તો માત્ર જૂજ દૃષ્ટાંતો જ છે. બાકી, 'બાલપિરોલી' એ તો સ્વતંત્ર નિબંધ માગી લે એવો સુદીર્ઘ વિષય છે.

# સોમનાથનું મંદિર સૌ પ્રથમ ક્યારે બંધાયું ?

રસેશ જમીનદાર

ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલું અને અરબી સમુદ્ર જેના પગ પખાળે છે તે સોમનાથનું અતિ પ્રસિદ્ધ મંદિર અનેક વખત નાશ પામ્યું અને એનો એટલી જ વાર પુનરુદ્ધાર પણ થયો. ભારતનાં શૈવ તીર્થોમાં અગ્રણી સોમનાથનું આ મંદિર સૌ પ્રથમ ક્યારે બંધાયું તે પ્રશ્ન ચર્ચાની એરણ પર મુકાયો હોવાનું જાણમાં નથી. આ પ્રશ્ન વિશે વિદ્વાનોમાં કોઈ ખાસ મતભેદ હોય એમ પણ જણાયું નથી. આ લેખમાં આ પ્રશ્ન ઉપર થોડો પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભારતના પશ્ચિમી સમુદ્રના કિનારા ઉપર સ્થિત પૂર્વાભિમુખ આ દેવાલય આપણું એક પ્રભાવશાળી તીર્થધામ ગણાતું હતું. સોમનાથ પાટણનો પ્રભાસ તીર્થ તરીકેનો ઉલ્લેખ મહાભારત અને પુરાણોમાં છે.[૧] પુરાણોમાં આપેલી કથા મુજબ શિવે પોતે પ્રભાસમાં સોમશર્મા રૂપે આવી મંદિર બંધાવ્યું.[૨] જ્યારે પ્રભાસપત્તનના એક લેખમાં[૩] (જે ઈ. સ. ૧૧૬૯નો છે) નોંધ્યું છે કે સોમે પ્રભાસમાં સોમનાથનું સોનાનું મંદિર બંધાવ્યું અને શિવની આજ્ઞાથી ત્યાં પોતાની પદ્ધતિ (school) સ્થાપી અને તે સ્થાન પાશુપતોને અર્પણ કર્યું.

અભિલેખમાં આપેલી સોમની અને પુરાણોમાં આપેલી સોમશર્માની કથા એક જ અનુશ્રુતિનાં બે સ્વરૂપો છે એમ ગણાવી શકાય. તો ઉભયની માહિતીને સંકલિત કરતાં એવું સૂચિત થઈ શકે, સોમ અથવા સોમશર્મા નામની કોઈ ઐતિહાસિક વ્યક્તિ ખસૂસ થઈ હોય, જેમણે પ્રભાસમાં શૈવ સંપ્રદાય સ્થાપ્યો અને 'સોમસિદ્ધાન્ત'નો મત પણ પ્રવર્તાવ્યો. આથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં શૈવ સંપ્રદાયના સૌ પ્રથમ મુખ્ય આચાર્ય સોમશર્મા હોય.

સોમશર્માનો સમય નિશ્ચિત કરવો અહીં આવશ્યક છે. આ માટે કોઈ આભિલેખિક પુરાવો મળતો નથી; પરન્તુ પુરાણો તેમને રુદ્ર-શિવના સત્તાવીસમા અવતાર તરીકે[૪] અને અઠ્ઠાવીસમા અવતાર તરીકે લકુલીશને ઓળખાવે છે.[૫] આથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં પાશુપત મતના સંસ્થાપક લકુલીશના તેઓ પુરોગામી છે જ.

---

૧ જોશી, ઉમાશંકર, પુરાણોમાં ગુજરાત, પૃ. ૨૧૦ અને શાસ્ત્રી, હ. ગં., ઐતિહાસિક સંશોધન, પૃ. ૫૭૩–૮૭.

૨ વાયવીય સંહિતા, અધ્યાય ૫.

૩ આચાર્ય, ગિ. વ., ગુજરાતના ઐતિહાસિક લેખો, પુ. ૨, પૃ. ૬૧, નં. ૧૫૫, શ્લોક ૧૫.

૪ सप्तविंशे यदा व्यासो जातकर्ण्यो भविष्यति ॥
प्रभासतीर्थमाश्रित्य सोमशर्मा तदाप्यहम् ॥
(શિવપુરાણ, રુદ્રસંહિતા, સર્ગ ૩, અધ્યાય ૫, શ્લોક ૪૧).

૫ એજન, શ્લોક ૪૩ થી ૪૯.

આ સોમશર્માને ચાર શિષ્યો હતા એમ પુરાણો નોંધે છે: (૧) અક્ષપાદ, (૨) કણાદ, (૩) ઉલૂક અને (૪) વત્સ.[૬]

ન્યાયસૂત્રોના રચયિતા અક્ષપાદ ઈ. સ. ૧૫૦ના અરસામાં થયા હોવાનો મત વધુ સ્વીકાર્ય ગણાય છે.[૭] તો એમના ગુરુ સોમશર્માનો ઉત્તરકાળ પણ આ જ અરસામાં મૂકી શકાય. પરન્તુ કણાદે રચેલાં વૈશેષિકસૂત્રો ન્યાયસૂત્રો અને ચરકસંહિતા પૂર્વે રચાયાં હોવાનો સ્પષ્ટ મત શ્રી સુરેન્દ્રનાથ દાસગુપ્તાનો છે.[૮] ચરકનો સમય ઈ. સ. ૮૦ની આસપાસ તેઓ મૂકે છે. આથી સ્પષ્ટ થાય છે કે ચરક અક્ષપાદ પૂર્વે અને કણાદ ચરક પૂર્વે થયા હોય. તો પછી કણાદનો સમય સંભવત: ઈસુની પહેલી સદીના ચોથા ચરણ પૂર્વે અર્થાત્ બીજા-ત્રીજા ચરણમાં મૂકી શકાય.

આ ગણતરીને ધ્યાનમાં લેતાં કણાદના ગુરુ સોમશર્માના જીવનકાળને પહેલી સદીના પહેલા-બીજા ચરણમાં મૂકી શકાય. લકુલીશના જીવનકાળ સાથે પણ આ સમય વધારે સારી રીતે ગોઠવાય છે; કેમ કે લકુલીશનો સમય ઈસુની બીજી સદીના પહેલા ચરણમાં હોવાનો મત સર્વમાન્ય છે.[૯] કારવણ માહાત્મ્યમાં લકુલીશના પિતામહ તરીકે સોમશર્મા નામની વ્યક્તિનો ઉલ્લેખ છે.[૧૦] કણાદ વગેરેનો ગુરુ સોમશર્મા અને લકુલીશના પિતામહ સોમશર્મા બંને એક જ હોય તો પછી ઈસુની પહેલી સદીના પૂર્વાર્ધમાં સોમશર્મા થયા હોવાનો અગાઉ નિર્દિષ્ટ મત વધારે સંભવિત છે.

આ ઉપરથી એવું સૂચિત થાય છે કે નજીકના પ્રાક્-ક્ષત્રપ કાલ દરમિયાન પ્રભાસપાટણમાં સોમશર્માએ પ્રવર્તાવેલો 'સોમસિદ્ધાન્ત' ક્ષત્રપકાલ દરમ્યાન વધારે પ્રચારમાં આવ્યો હોવા સંભવે અને તો આમ પ્રબળ રીતે પ્રચારમાં આવેલા સિદ્ધાન્તના અનુયાયી–ભક્તોએ અહીં મંદિર બંધાવ્યું હોવાનો સંભવ વ્યક્ત કરી શકાય.[૧૧]

આ સંભવના સમર્થનમાં કેટલીક હકીકતો તપાસીએ,

પાશુપત મતના પ્રવર્તક નકુલીશ–લકુલીશ મહેશ્વરનો અવતાર ગણાય છે. આ અવતાર દક્ષિણ ગુજરાતમાં આવેલા કાયાવરોહણ(હાલનું કારવણ)માં થયો હતો. નકુલીશ–લકુલીશ ઈસુની બીજી સદીના પહેલા ચરણમાં થયા હોવાનો સર્વસામાન્ય મત ધ્યાનમાં લેતાં પાશુપત સંપ્રદાય ક્ષત્રપકાલ દરમ્યાન ગુજરાતમાં પ્રચલિત હતો અને તેથી આ સમય દરમિયાન અહીં

---

૬ तत्रापि मम ते शिष्याः भविष्यन्ति तपस्विनः ॥
अक्षपादः कणादस्योलूको वत्सस्तथैव च ॥
(એજન, શ્લોક ૪૨).

૭ વિદ્યાભૂષણ, સતીશચંદ્ર, હિસ્ટરી ઑફ ઇન્ડિયન લૉજિક, ૧૯૨૧, પૃ. ૫૦.

૮ હિસ્ટરી ઑફ ઇન્ડિયન ફિલોસોફી, પુ. ૧, ૧૯૨૨, પૃ. ૨૭૯–૨૮૦.

૯ ભાંડારકર, દે. રા., એપિગ્રાફિકા ઇન્ડિકા, પુ. ૨૧, પૃ. ૭.

૧૦ અમીન, જી. મા., ગુજરાતના મુખ્ય શૈવ આચાર્યો, સ્વાધ્યાય, પુ. ૫, અંક ૩, પૃ. ૩૨૪–૩૨૫.

૧૧ મુનશી, ક. મા. પણ આવું સૂચવે છે (જુઓ, સોમનાથ ધી શ્રાઈન ઈટરનલ, પૃ. ૧૨ અને ૬૬.)

શૈવ સંપ્રદાયની પ્રબળ અસર હોવાનું ખસૂસ કહી શકાય. આથી પ્રભાસમાં અને ગુજરાતમાં અન્યત્ર પણ શૈવ મંદિર બંધાયાં હોવાના મતને સમર્થન મળે છે.

મહમૂદના સમયમાં (એટલે કે ઈ. સ. ૧૦૨૬માં) સોમનાથનું મંદિર ભારતનાં અન્ય શૈવ તીર્થોમાં આગળ પડતું સ્થાન ધરાવતું હતું, અને તેથી તેની ભવ્ય સમૃદ્ધિથી આકર્ષાઈને મહમૂદ સોમનાથને લૂંટવા અને તોડી પાડવા આવ્યો હતો. સોમનાથની આ ભવ્યતા અને સમૃદ્ધિ કંઈ થોડાં જ વર્ષોમાં થઈ હોય એ શક્ય નથી. વળી મૂળરાજે (ઈ. સ. ૯૪૨–૯૯૭) એ સમયે ગુજરાતમાં અન્ય સ્થળોએ (પ્રભાસપાટણ સિવાય) સોમનાથ ભગવાનનાં મંદિરો બંધાવ્યાં હતાં એમ કઝેન્સ નોંધે છે. આ ઉપરથી શ્રી રત્નમણિરાવ એવું અનુમાન કરે છે કે બીજે સ્થળે સોમનાથનાં મંદિરો બંધાવવા ભક્તો પ્રેરાય એવી મોટી ખ્યાતિ મૂળ મહામંદિરની હોય એ સ્વાભાવિક છે.[૧૩] ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી નોંધે છે કે સુપ્રસિદ્ધ સોમનાથનું મંદિર માહેશ્વર મૈત્રકોના સમયમાં બંધાયું જણાય છે.[૧૪] પરન્તુ કઝેન્સ લખે છે કે સોમનાથનું મંદિર વલભીના મૈત્રકોની પહેલાંના સમયમાં બંધાયું હશે અને એ મૈત્રકોના લાંબા રાજકાળમાં દેશભરમાં એની ખ્યાતિ ફેલાઈ હશે. આ આધારે શ્રી. રત્નમણિરાવ નોંધે છે કે ક્ષત્રપોના સમયમાં ભૈરવ કે એવા કોઈ નામે આ મંદિર બંધાયું હશે અને એનું સોમનાથ નામ તે સમયે કે મૈત્રકોના સમયમાં પ્રસિદ્ધ થયું હશે.[૧૬]

નહપાનના સમયના નાસિક ગુફાના એક લેખમાં પ્રભાસના પુણ્યતીર્થમાં પોતાના પૈસે બ્રાહ્મણોને આઠ કન્યાઓનું દાન આપ્યાનો ઉલ્લેખ છે.[૧૭] આથી આ સમયે પ્રભાસ તીર્થધામ હોવાનો મત ચોક્કસ બને છે, અને તો પછી તીર્થધામ મંદિરવિહોણું તો કેવી રીતે હોઈ શકે? એટલે નહપાનના લેખને આધારે ચોક્કસ એવું અનુમાન તારવી શકાય કે ક્ષત્રપકાલ દરમ્યાન ખાસ કરીને ક્ષત્રપોના શાસનના આરંભકાલમાં પ્રભાસમાં સોમનાથનું મંદિર બંધાયું હોવું જોઈએ. પરન્તુ આ સમયે આ મંદિર લાકડાનું હોય તો આજે મોજુદ રહ્યું નથી એમ કહી શકાય.

ઈ. સ. ૧૯૫૦ના સપ્ટેમ્બર–ઑક્ટોબરમાં સોમનાથના મંદિરનું ઉત્ખનન શ્રી બી. કે થાપરે કરેલું અને એમના અહેવાલની નોંધ શ્રી ક. મા. મુનશીના 'સોમનાથ ધી સ્રાઈન ઈટરનલ'માં આપેલી છે.[૧૮] આ ખોદકામમાંથી એક Bottle-necked sprinkler મળી

---

૧૨ સોમનાથ ઍન્ડ અધર મિડિયેવલ ટેમ્પલ્સ ઇન કાઠિયાવાડ, પૃ. ૧૮.

૧૩ સોમનાથ, પૃ. ૭૮.

૧૪ મૈત્રકકાલીન ગુજરાત, પુ. ૨, પૃ. ૩૬૯–૩૭૦ અને ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, ૧૯૬૪, પૃ. ૧૦૯.

૧૫ પાદટીપ ૧૨ મુજબ.

૧૬ સોમનાથ, પૃ. ૭૯. પણ આ માટે એમણે કોઈ નક્કર પુરાવા આપ્યા નથી એથી એમની દલીલ નબળી પડે છે.

૧૭ એપિગ્રાફિકા ઇન્ડિકા, પુ. ૮, પૃ. ૫૨ થી.

૧૮ સોમનાથ ધી સ્રાઈન ઈટરનલ, પૃ. ૭૧–૯૦.

આવ્યું છે. આ વાસણનો આકાર હસ્તિનાપુરના ખોદકામમાં( ૧૯૫૧ )થી મળી આવેલાં વાસણો સાથે સામ્ય ધરાવે છે.[૧૯] હસ્તિનાપુરનાં આ વાસણો આશરે ઈસુની પહેલી-બીજી સદીનાં હોવાનો મત છે. તો સોમનાથના ખોદકામમાંથી મળેલ Bottle-necked sprinkler પણ આ સમયનું હોવાનું અનુમાન થઈ શકે. આ હકીકતને ધ્યાનમાં લેતાં એટલું સ્પષ્ટ થઈ શકે કે સોમનાથનું મંદિર પહેલવહેલું ક્ષત્રપકાળમાં બંધાયું હોવું જોઈએ.[૨૦]

---

૧૯ એજન, પૃ. ૯૦, પાદનોંધ ૧.

૨૦ ક્ષત્રપકાલ દરમ્યાન ગુજરાતમાં શૈવધર્મનો પ્રચાર હોવાના કેટલાક પુરાવશેષીય પુરાવા પણ પ્રાપ્ત થયા છે. કારવણમાંથી મળેલી લકુલીશની પ્રતિમા આનો મહત્ત્વનો પુરાવો તો છે જ. આ ઉપરાંત પણ શામળાજીમાંથી ક્ષત્રપકાલીન કેટલાંક શૈવ શિલ્પો પ્રાપ્ત થયાં છે; જેમાં ભીલડીના વેશમાં મળતી પાર્વતી, માહેશ્વરી માતૃકા, ચામુંડા માતૃકા, ધડ અને પગવાળું શિલ્પ ( સંભવતઃ શિવનું ) વગેરેનો સમાવેશ થાય છે ( જુઓ ડૉ. ઉમાકાન્ત શાહ, સ્કલ્પચર્સ ફ્રોમ શામલાજી ઍન્ડ રોડા, પૃ. ૪૩ થી અને પૃ. ૧૨૧ થી ). વિશેષમાં શામળાજી પાસે આવેલા દેવની મોરી ગામમાંથી તાજેતરના ખોદકામ દરમિયાન મૂળ અવસ્થામાં રહેલું શિવલિંગ સાથેનું ક્ષત્રપકાલીન ઈંટોનું એક પ્લૅટફૉર્મ મળી આવ્યું છે. ( એજન, પૃ. ૧૩૬ ). દેવની મોરીના વિસ્તારમાંથી આવું બીજું પણ એક પ્લૅટફૉર્મ મળ્યું છે જેને ડૉ. ઉમાકાન્ત શાહ ક્ષત્રપકાલીન હોવાનું કહે છે ( એજન ). આમ આ પુરાવાઓ પરથી પણ ક્ષત્રપકાલીન ગુજરાતમાં સોમનાથનું મંદિર બંધાયું હોવાના મંતવ્યને સમર્થન મળે છે.

# સુદર્શન તળાવ

કેશવરામ કા. શાસ્ત્રી

ઊર્જયત્ ( આજના ગિરનાર ) પર્વતની પશ્ચિમ દિશાએ એમાંથી નીકળતી સુવર્ણસિક્તા અને પલાશિની વગેરે નદીઓના સંયુક્ત પ્રવાહને બંધથી આંતરી લઈ ચંદ્રગુપ્ત મૌર્યના રાષ્ટ્રિય ( સૂબા ) પુષ્પગુપ્ત વૈશ્યે તળાવ બંધાવ્યું હતું અને સમ્રાટ અશોકના રાષ્ટ્રિય ( સૂબા ) યવનરાજ ( ગ્રીક ) તુષાસ્ફેએ તળાવમાંથી નહેરો બંધાવી હતી એનો ઉલ્લેખ અશોક-ક્ષત્રપ રુદ્રદામા-સમ્રાટ સ્કંદગુપ્તના અભિલેખોવાળા ખડક ઉપર પશ્ચિમની ઢોળાવ લેતી સપાટી ઉપર ઉત્કીર્ણ થયેલા કાર્દમક મહાક્ષત્રપ રુદ્રદામાના શક સં. ૭૨( ઈ. સ. ૧૫૦ )ના અભિલેખમાં થયેલો મળે છે:

रुद्रदाम्नो **वर्षे द्विसप्ततिमे**

અને मौर्यस्य राज्ञः चंद्रगुप्तस्य राष्ट्रियेण वैश्येन **पुष्यगुप्तेन** कारितं, अशोकस्य मौर्यस्य [क्र]ते यवनराजेन **तुषास्फेना**-धिष्ठाय प्रनाळीभिरलंकृतम् । વગેરે

[ સિલેક્ટ ઇન્સ્ક્રિપ્શન્શ, ગ્રં. ૧–શ્રી. દિનેશચંદ્ર સરકાર, પૃ. ૧૭૦–૭૧ ]

આ શક સં. ૭૮ ( ઈ. સ. ૧૫૦ ) માગશર વદિ એકમને દિવસે થયેલા ભયાનક માવઠાને લીધે ગિરિ ઊર્જયત્માંથી સુવર્ણસિક્તા પલાશિની વગેરે નદીઓનું ભયાનક પૂર આવ્યું તેનાથી સુદર્શન તળાવનો બંધ તૂટી ગયો—૪૨૦ હાથ પહોળું, ૪૨૦ હાથ લાંબું અને ૭૫ હાથ ઊંચાઈનું ગાબડું પડયું અને તળાવમાં પાણીનું ટીપું પણ ન રહ્યું : તળાવ દુર્દર્શન થઈ ગયું. આવું બનતાં થોડા જ સમયમાં કરવેરા નાખ્યા સિવાય જ, રુદ્રદામાએ પોતાના ખજાનામાંથી સમગ્ર ખર્ચ આપ્યો અને આનર્ત સુરાષ્ટ્રના રક્ષણના કાર્ય ઉપર નિમાયેલા કુલૈપ-પુત્ર પહ્લવ સુવિશાખે ત્રણગણી દઢતર લંબાઈ–પહોળાઈવાળો બંધ બંધાવ્યો, જેને લઈ એ તળાવ ફરી સુદર્શન બન્યું :

**चत्वारि हस्तशतानि वीशदुत्तराण्यायतेन एतावंत्येव विस्तीर्णेन पंचसप्ततिहस्तानव—गाढेन भेदेन**

અને अनतिमहता च कालेन **त्रिगुणदृढतर-विस्तारायामं सेतुं** विधाय सर्व्वतटे...सुदर्शनतरं कारितमिति વગેરે [ એજન, પૃ. ૧૭૧–૭૪ ]

આ જ તળાવ ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના સમયમાં ગુ. સં. ૧૩૬( ઈ. સ. ૪૫૫ )ના પ્રૌષ્ઠ પદ માસ( ભાદ્રપદ—ઑગસ્ટ-સપ્ટેમ્બર )ના છઠ્ઠા દિવસે રાતે અતિવૃષ્ટિને લઈ તૂટી ગયું અને લાંબા સમયથી બંધાઈ રહેલી રૈવતકમાંથી નીકળેલી આ પલાશિની, સિકતા અને વિલાસિની એવી સમુદ્રપત્નીઓ ( નદીઓ ) શાસ્ત્રોક્ત રીતે પતિ સમુદ્રને જઈ મળી : ક્ષણમાત્રમાં સુદર્શન

'દુર્દર્શન' બની ગયું, અને ગુ. સં. ૧૩૭(ઈ. સ. ૪૫૬)ના ગ્રૈષ્મમાસ(જયેષ્ઠ માસ)ના પહેલા પક્ષની એકમને દિવસે, બે મહિનાને અંતે, અપાર ધનનો ખર્ચ કરી, પહોળાઈમાં સો હાથ, લંબાઈમાં ૬૮ હાથ, અને ઊંચાઈમાં સાત પુરુષ (૭ × ૫ = ૩૫ હાથ) તેમ જ બસ્સેં હાથ (?)[1] ...બ્રાહ્મણોનું પૂજન કરી મોટા પ્રયત્ને, સારી રીતે ઘડેલા[2] પથ્થરોથી (બંધ) બાંધ્યો :

**संवत्सराणामधिके** शते तु **त्रिंशद्भिरन्यैरपि षड्भिरेव ।**
रात्रौ दिने प्रौष्ठपदस्य षष्ठे गुप्तप्रकाले गणनां विधाय ।
इमाश्च या रैवतकाद् विनिर्गताः **पलशिनीयं सिक्ता विलासिनी ।**
समुद्रकान्ताः चिरबन्धनोषिताः पुनः पतिं शास्त्रयथोचितं ययुः ।...
अपीह लोके सकले सुदर्शनं पुमां (? पुनर्)हि दुर्दशनतां गतं क्षणात् ॥ અને
**संवत्सराणामधिके शते तु त्रिंशद्भिरन्यैरेपि सप्तभिश्च ।...**
**ग्रैष्मस्य मासस्य तु पूर्वपक्षे......प्रथमेह्नि सम्यक् ।**
मासद्वयेनादरवान्स भूत्वा धनस्य कृत्वा व्ययमप्रमेयम् ।
**आयामतो हस्तशतं** समग्रं **विस्तारतः षष्टिरथापि चाष्टौ ।**
**उत्सेधतोन्यत् पुरुषाणि सप्त......**हस्तशतद्वयस्य ।
बबन्ध यत्नान्महता नृदेवानभ्यर्च्य **सम्यग्घटितोपलेन ।** [એજન, પૃ. ૩૦૫-૬]

ઉપરના અભિલેખોની હકીકતથી ત્રણ વાત ઊડીને આંખે વળગે છે :

(૧) ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં બંધાયેલા તળાવના બંધમાં ઈ. સ. ૧૫૦માં માગસરના માવઠાના ભારે વરસાદને લઈ ૪૨૦ હાથ પહોળું, ૪૨૦ હાથ લાંબું અને ૭૫ હાથ ઊંચાઈનું ગાબડું પડયું.

(૨) રુદ્રદામાના સૌરાષ્ટ્રના પ્રતિનિધિ સુવિશાખે ત્રણગણી દઢતર લંબાઈ-પહોળાઈ-વાળો બંધ તૈયાર કરાવ્યો.

(૩) ઈ. સ. ૪૫૫માં ચોમાસામાં બંધ ઈ. સ. ૪૫૬માં બે મહિનાના ગાળામાં જ સો હાથની પહોળાઈ, ૬૮ હાથની લંબાઈ અને ૩૫ હાથની ઊંચાઈનો સારી રીતે ઘડેલા મોટા પથ્થરોનો બંધ સ્કંદગુપ્તના સૌરાષ્ટ્રના પ્રતિનિધિ પર્ણદત્તના, ગિરિનગરના શાસક, પુત્ર ચંદ્રપાલિતે બંધાવ્યો.

જૂનાગઢના દીવાન અરદેશરે[3] સુદર્શન તળાવના સ્વરૂપ વિશે કરેલી ચર્ચામાં જણાવ્યા પ્રમાણે "ચંદ્રગુપ્ત મૌર્યના સમયનું તળાવ સુવર્ણરેખાનાં ત્રિલેખશિલા પાસેથી જુદાં પડતાં બે

---

૧ અભિલેખમાં અહીં શ્લોકચરણના ચાર અક્ષરો તૂટે છે તેથી हस्तशतद्वयस्यनो સંબંધ અસ્પષ્ટ છે. પૂર્વમાંથી આવતી સુવર્ણરેખા ઉત્તર બાજુ વળાંક લે છે તે બિંદુથી ૩૦૦ ફૂટને અંતરે બંધ હશે.

૨ सम्यग्घटितोपलेन અને એ પણ महता—મોટા સારી રીતે ઘડેલા પથ્થરોથી, આ તરફ હજી સુધી કોઈ વિદ્વાનનું સૂચક રીતે ધ્યાન ગયાનું જાણ્યું નથી.

૩ જૂનાગઢના નવાબના આશ્રયે દીવાન અરદેશરે ખૂબ જ શ્રમ લઈ રેખાંકનો સાથે અહેવાલ પ્રસિદ્ધ કરેલો. આનો નકશો ત્રિલેખશિલાગૃહમાં સામે જ દીવાલ ઉપર લટકે છે.

પાંખિયાંને જ આવરી લેતી ઉત્તર બાજુના કાંઠાની, આજના ધારાગઢ દરવાજાને સ્પર્શ કરતી લાગતી પાળ અને ત્રિલેખશિલાથી ગિરનાર દરવાજા સુધીની આજની પાકી સડકના સ્થાન ઉપરની પાળ વચ્ચે હતું અને રુદ્રદામાના સમયમાં એ ઉપરકોટની પૂર્વ દીવાલને દક્ષિણ છેડેથી શરૂ થઈ, એ દીવાલને સમાંતર આવી, ધારાગઢ દરવાજાથી નષ્ટ થયેલા દિલ્હી દરવાજા સુધી જઈ જમણી બાજુ વળાંક લઈ, હજામના ચોરા નામક ડુંગરાની ઉત્તરની તળેટીના થોડા ભાગને તળાવમાં સમાવી લેતી પાળના રૂપમાં વધારવામાં આવ્યું હતું "[૪] જે સ્વરૂપ આજે પણ ચકોર આંખને, ઉપરકોટને ઈશાન ખૂણે મથાળે ઊભા રહેતાં, ઊડીને આંખે વળગે છે. આનો અર્થ એ થાય છે કે "અસલ તળાવના ક્ષેત્રફળ કરતાં રુદ્રદામાના સમયમાં ક્ષેત્રફળ અઢીથી ત્રણગણું વધી ગયું હતું. સ્કંદગુપ્તના સમયમાં તો પછી પડેલું નાનું ગાબડું જ પૂરવામાં આવ્યું હતું." (દીવાન અરદેશરને મતે ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં સુદર્શનનું ક્ષેત્રફળ ૧૪૯ એકર અને રુદ્રદામાના સમયમાં ૨૭૮ એકરના વિસ્તારમાં હતું, જે ત્રણગણું નથી.)

સુદર્શન તળાવ આ જ હતું એમ સ્વ. ડૉ. પં. ભગવાનલાલ ઇંદ્રજી નહોતા માનતા;[૫] એમના મતે તો દામોદર કુંડથી લઈ પૂર્વમાં ભવનાથ મહાદેવના મંદિરને સમાવી લેતો છેક પહાડ ચડવાનાં પગથિયાં સુધીનો જે લગભગ સપાટ કહી શકાય તેવો ભાગ છે તે હતો. પશ્ચિમ બાજુના ઘાટમાં આડી દીવાલ બાંધવામાં આવે તો આ ખીણનો ભાગ (જેમાં સુવર્ણરેખા ઈશાન બાજુથી વહેતી આવી દામોદર કુંડના માર્ગે આગળ વધે છે) એક સુંદર તળાવ કે સરોવરના સ્વરૂપમાં શોભી ઊઠે એવો છે; પરંતુ બારીકીથી કરવામાં આવેલી સ્થળતપાસ તો ત્રિલેખશિલાથી દક્ષિણ બાજુ વાઘેશ્વરીના દેવાલયવાળો ભેંસલો ડુંગર અને ગિરનાર દરવાજા સુધી, ઉત્તર બાજુના દક્ષિણોત્તર સ્વરૂપના જોગણિયા ડુંગરને ઉત્તર છેડેથી પૂર્વ-પશ્ચિમ સ્વરૂપનો હજામનો ચોરો નામ ધરાવતો ડુંગર અને ઉપરકોટના અગ્નિખૂણા નજીકથી પૂર્વ દીવાલને સમાંતર ચાલી, ઈશાન ખૂણેથી ધનુષાકારે હજામનો ચોરો નામ ધરાવતા એ ડુંગરના પશ્ચિમ છેડાની ઉત્તરની તળેટીના ભાગને આવરી લેતી પાળ વચ્ચેનો વિશાળ પટ તે સુદર્શન તળાવનું પાત્ર હોવા વિશે જરા પણ શંકા ઉપજાવતો નથી. આમાં સુવર્ણરેખાના બે ફાંટા, અને હજામનો ચોરો નામ ધરાવતા ડુંગરની દક્ષિણ બાજુનો સમાંતર પૂર્વમાંથી આવતો વહેલો, આમ ત્રણે વહેલા સરળતાથી પકડી શકાય છે. આને ધારાગઢ દરવાજાની પૂર્વ–સામે 'ત્રિવેણી' કહેવાય છે. ત્યાંથી અંદાજે ચારસો-પાંચસો ફૂટ ઉત્તરે ઉપરનો ત્રીજો વહેલો સુવર્ણરેખાને મળે જ છે. આમ એટલો ભાગ 'ત્રિવેણી' કહેવાવાને પાત્ર બને; જે પછી લગભગ એટલા જ ફૂટે ઉત્તરે પેલી ધનુષાકારે આવતી પાળ નદીના બેઉ કાંઠાની વચ્ચે કપાયેલી હાલતમાં, નદીના પટમાં ચૂનો અને નાના પથ્થરોના મજબૂત કોંક્રીટથી બનાવેલી એ પાળના થોડા પણ અવશેષને હજી પણ સાચવી રાખતી હોય એવી પરિસ્થિતિનો સહજ રીતે અનુભવ થાય છે.

ત્રિલેખશિલા પાસેના અર્વાચીન પુલ નીચેથી વહી આવતી–જરા આગળ ચાલી બે પાંખમાં

---

૪ ડૉ. રમણલાલ ના. મહેતાએ આ સ્થળે વધારાનું પાણી જવા દેવાનું સ્થાન બતાવ્યું છે. ('જર્નલ ઑફ ધ ઓરિયન્ટલ ઇન્સ્ટિટ્યૂટ' ગ્રં. ૧૮. અંક ૧–૨, પૃ. ૨૪–એની સામેનું ચિત્ર પણ.

૫ 'ઇન્ડિયન એન્ટિકવરી', ગ્રં. ૭, પૃ. ૨૫૭માં છપાયેલો એમનો લેખ.

ફંટાતી અને ધારાગઢ દરવાજાની પૂર્વે થોડા અંતરે જ એ ભેળી થતી બે પાંખમાંની ઉત્તર બાજુની તે સુવર્ણસિકત = સુવર્ણરેખા, એના વિષયમાં બે મત નથી. સ્કંદગુપ્તના સમયના લેખમાં इमाश्च नद्यः એમ બહુવચન કહી ' રૈવતકમાંથી નીકળેલી ' ત્યાં पलाशिनी, सिकता, અને માનવા કારણ બહુવચનથી સ્પષ્ટ છે કે, ત્રીજી विलासिनी છે, જે સુવર્ણરેખાના દક્ષિણ બાજુના ફાંટાની સંજ્ઞા હોવાની શકયતા છે. બંધ તૂટતાં એ નદીઓ સમુદ્ર સુધી વહી ગયાનો ત્યાં સ્પષ્ટ નિર્દેશ છે. આમાં પલાશિનીનું સ્થાન કયાં છે ? સકર બાગ નજીકના વોકળાને ' પલાશિની ' કહેવા જતાં એ બંધથી ઘણે અંતરે છે, જ્યારે બંધના અંદરના ભાગમાં તો હજામનો ચોરો નામ ધરાવતા ડુંગરની દક્ષિણ તળેટીમાં પૂર્વ-પશ્ચિમ વહેતો વહેળો છે, જેનો દક્ષિણ ફાંટો શિકારી મંચથી પશ્ચિમ બાજુ ચાલતાં પથ્થરોથી બાંધેલો જોવા મળે છે. આના કાંઠાઓમાં આજે પણ સંખ્યાબંધ પલાશ = ખાખરા ઊભા છે.) આજે ત્રિલેખશિલાની સામે સુવર્ણરેખા જોગણિયા ડુંગરના દક્ષિણ છેડેથી આગળ વધે છે. ત્યાંથી નાની પાળ જોગણિયાની તળેટીમાંથી ઉત્તર બાજુ આગળ વધી, શિકારીમંચ પાસેથી વળાંક લઈ હજામનો ચોરો નામ ધરાવતા ડુંગરની તળેટીમાં પૂર્વ-પશ્ચિમ થોડે સુધી જાય છે. આ પાળનો પૂર્વ અને ઉત્તર ભાગ ત્રિકોણાકારે જંગલના રૂપમાં છે, જેમાં પાળની નજીક ઉત્તરે બે સુંદર વાવો પથ્થરમાંથી ખોદેલી જોવા મળે છે, જ્યારે નાની પાળનો મોટા વિસ્તારમાં પથરાયેલો પશ્ચિમ-દક્ષિણ ભાગ કાંપ વગેરેથી સારી રીતે દબાયેલો—દર્શનમાત્રે તળાવના પાત્રનો ખ્યાલ આપે જ છે. આ પાત્રના સુવર્ણરેખાના ઉત્તર કાંઠાના નજીકની એક નવી લાગતી વાવ છેક પાણી પાસેથી જ પથ્થરોથી ચણેલી હોઈ ત્યાં પચાસ ફૂટથી પણ વધુ ભાગ કાંપથી જ પુરાયેલો સહજ રીતે સમજી શકાય છે. દીવાન અરદેશરને આ પ્રકારના પુરાણવાળી લાગતી પાળ પશ્ચિમમાં લંબાઈ ધારાગઢ દરવાજા સામે મહાદેવના મંદિરની ઉત્તરે ધોબીઘાટના ભાગમાં નદીએ કાપી નાખી હોય તેવા સ્વરૂપમાં જોવા મળેલી જ અને અત્યારે પણ એ સ્પષ્ટ દેખાય છે; એને જ દીવાન અરદેશરે ચંદ્રગુપ્તમૌર્યના સમયની માની લઈ રુદ્રદામાના સમયમાં ત્રણગણું પાત્ર કરી લઈ મોટો વિસ્તાર એમાં સમાવી લેવામાં આવ્યાનો અને પેલી ધનુષાકાર નવી પાળ બનાવવામાં આવ્યાનો અભિપ્રાય આપ્યો છે. હકીકતે અભિલેખોના શબ્દો આવી કોઈ વાતનો ઈશારો સુદ્ધાં કરતા નથી, બલ્કે અસલ પાળને જ ત્રિગુણ દઢતર—વિસ્તાર—આયામવાળી બનાવ્યાનું કહે છે.

દીવાન અરદેશરના સમયમાં જે ધનુષાકાર પાળ બનાવવામાં આવી છે તે જ વધુ સ્પષ્ટ ખુલાસા સાથે ડૉ. રમણલાલના મહેતાએ બતાવી છે.[૬] આમાંનું સમગ્ર પાત્ર ઉત્તરનો ' પલાશિની ' વહેળો, સુવર્ણરેખાનો મુખ્ય વહેળો, અને સુવર્ણરેખાનો દક્ષિણ બાજુનો વહેળો—જે ' વિલાસિની 'થી નિર્દિષ્ટ હોવાનું મને લાગ્યું છે તે—એ ત્રણેને પોતામાં સમાવી લે છે.

ડૉ. રમણલાલ મહેતા[૭] સ્કંદગુપ્તના સમયનાં ' હસ્ત ' માપ અને રુદ્રદામાના સમયનાં ' હસ્ત 'માપ એકસરખાં ન હોવાનું કહે છે એ મને તો યોગ્ય લાગતું નથી. ' અપરાજિત-પૃચ્છા 'નું પ્રમાણ એટલા જૂના સમયને માટે એકના વિષયમાં સાચું અને બીજાના વિષયમાં


---

૬ એમનો પાદટીપ ૪થીમાંનો અંગ્રેજી લેખ તેમ જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ' વાક્ ' સામયિક-માંનો લેખ

૭ એમના અંગ્રેજી લેખનું પૃ. ૨૫




ચિત્ર નં. ૧




ચિત્ર નં. ૨

(સમજૂતી માટે જુઓ આ અંક પૃષ્ઠાંક ૫૧-૫૨)




ચિત્ર નં. ૩




ચિત્ર નં. ૪

( સમજૂતી માટે આ અંકમાં જુઓ પૃષ્ઠાંક ૫૨ )




ચિત્ર નં. ૫




ચિત્ર નં. ૬

(સમજૂતી માટે જુઓ આ અંકમાં પૃષ્ઠાંક ૫૨-૫૩)



ચિત્ર નં. ૭



ચિત્ર નં. ૮

( સમજૂતી માટે જુઓ આ અંકમાં પૃષ્ઠાંક ૫૧-૫૨ )

ખોટું માનવું, એવો અભિપ્રાય આપવાનું મને સયુક્તિક નથી લાગતું. અભિલેખ જ સ્પષ્ટ કહે છે કે સ્કંદગુપ્તના સમયમાં ૧૦૦ × ૬૮ × ૩૫ હાથનું જ ચક્રપાલિતે નાનું બાંધકામ **સારી રીતે ઘડેલા પથ્થરોથી** કર્યું હતું; અને એનો ઉદ્દેશ પણ તળાવનું જે કાંઈ સ્વરૂપ બચ્યું હતું તેમાંનું પાણી સચવાઈ રહે એટલો જ.

અને હકીકતે સુદર્શનના ઉત્તર બાજુના વિશાળ પાત્રમાં કાંપ અને રેતી વગેરે ઉત્તરોત્તર ભરાતાં જવાનું કારણ પણ રુદ્રદામાના સમયની ત્રિગુણ-દઢતર પાળ જ હતી. વર્ષોવર્ષ આ પ્રમાણે રેતી-કાંકરી નાના કાંકરાના પુરાણને લઈ સપાટી ઊંચી આવતાં સ્કંદગુપ્તના સમયમાં પાળમાં ભાંગતૂટ થઈ, ત્યારે નદીના પાત્રમાં અમુક સ્થળે ઘડેલા પથ્થરોથી મરામત કરવામાં આવી.

સ્કંદગુપ્તના સમય પછી તળાવ તૂટ્યાની કે એવા ફરી તૂટેલા તળાવની પાળો સમરાવ્યાની હકીકત આપતું કોઈ સાધન સુલભ નથી. ગિરિનગરમાં રહેવું આ તળાવને કારણે જ કદાચ સલામત લાગ્યું નહિ હોય તેથી સેનાપતિ ભટાર્કે ગિરિનગર છોડી ખંભાતના અખાતમાં આવેલા એ સમયના ધીકતા બંદરી નગર 'વલભીપુર'ને રાજધાની કરવાનું યોગ્ય માન્યું હોય.

પરિશિષ્ટમાં એ સૂચવવું ઠીક થઈ પડશે કે શ્રી. છોટુભાઈ અત્રિએ[૮] બતાવ્યું છે તે પ્રમાણે ગિરિનગરનો સારો એવો વિસ્તાર ધારાગઢ દરવાજાથી લઈ નષ્ટ થયેલા દિલ્હી દરવાજાથી આગળ વધતાં સુવર્ણરેખા વળાંક લઈ પશ્ચિમવાહિની બને છે ત્યાં બેઉ કાંઠે અથવા દક્ષિણ કાંઠે પથરાયેલો હોય. નદીના દક્ષિણ કાંઠાના વિસ્તારમાંથી ક્ષત્રપકાલીન અવશેષો મળ્યા હોવાનું[૯] શ્રી. અત્રિએ કહ્યું છે. એ ભાગના પ્રત્યક્ષ દર્શનથી પણ એ વસાહતી ભાગ હોવાના વિષયમાં નકાર કહી શકાય એમ નથી. ઉપરકોટનો કિલ્લો 'ગિરિદુર્ગ' હોઈ શકે, પરંતુ 'ગિરિનગર' તો નહિ.[૧૦] સુવર્ણરેખાનાં તોફાનોને કારણે બંધ નકામો થઈ જતાં વસાહત ખસી અને આજના જૂનાગઢને સ્થળે દક્ષિણમાં પથરાઈ—'મુસ્તફાબાદ'ની દીવાલમાં આબાદી થઈ, જેમાંનો ઉત્તર ભાગ અસલના ગિરિનગરના દક્ષિણ ભાગનો હોઈ શકે એમ છે.[૧૧]

ગુ. સં. ૧૩૮ (ઈ. સ. ૪૫૭)માં ચક્રપાલિતે ચક્રભૃત્ વિષ્ણુનું ગૃહ(દેવાલય) બનાવડાવ્યુ તે જાણે કે ઊર્જયત્ પર્વતમાંથી ખડું થયું હોય તેમ પુર('ગિરિનગર')ની ઉપર પ્રભુત્વ કરતું ન હોય તેવું લાગે છે એમ એના અભિલેખમાં કહેવામાં આવ્યું છે :

> कारितमवक्रमतिना चक्रभृतः चक्रपालितेन गृहं ।
> वर्षशतेष्टात्रिंशे गुप्तानां काल............ ।
> ...............सार्थमुत्थितमिवोर्जयतोचलस्य
> कुर्वत्प्रभुत्वमिव भाति पुरस्य मूर्ध्नि ॥ [ એજન. પૃ. ૩૦૮ ]

---

૮ 'વિદ્યાપીઠ'–સામયિક, વર્ષ ૫, અંક ૨, પૃ. ૯૫–૬

૯ એ જ, પૃ. ૯૭

૧૦ ડૉ. ર. ન. મહેમાનો પાદટીપ ૪થીમાંનો લેખ, પૃ. ૨૧–૩૨ વગેરેના નકશા પણ

૧૧ શ્રી છોટુભાઈ અત્રિનો પાદટીપ ૮મીમાંનો લેખ, પૃ. ૯૭

આ ચક્રભૃત્ વિષ્ણુનું મંદિર તે દામોદર કુંડ ઉપર આવેલું શ્રી. દામોદરજી( હકીકતે જે પ્રાચીનતમ મૂર્તિ–ગુપ્તકાલની કહી શકાય તેવી એ મંદિરમાં અત્યાર સુધી સચવાઈ રહી છે તે 'ત્રિવિક્રમ'ની છે એ )નું છે તે જ છે કે અન્ય કોઈ સ્થળનું ?[૧૨] અત્યારના સ્થાન ઉપર છે એના કરતાં પણ શિખર વધુ ઊંચું હોય તો ત્યાંથી અર્ધોક માઈલ દૂર વાયવ્ય ખૂણે સુર્વણરેખાના કાંઠે વિસ્તારેલા 'ગિરિનગર' ઉપર એના દર્શનથી પ્રભુત્વ દર્શાવતું હોય તો કવિપ્રતિભાને એ જરાય અસંગત નથી.

પ્રણાલીઓ–નહેર કે મહેરો કયાં હતી ? અશોકના પ્રતિનિધિ યવનરાજ તુષાસ્ફે બંધાવેલી પ્રણાલીઓનો આજે કોઈ પત્તો નથી. જોગણિયા ડુંગરની દક્ષિણ ધારે જે બાંધેલી પરનાળ છે તે જૂની લાગતી નથી, અને એ પાળ તો ઊંચાણ ઉપર છે તેથી તેમ જ એ બાજુ ખેતરો નહિ, પણ તળાવનું પાત્ર હોવાને કારણે એનો ઉપયોગ નથી. શકયતા ત્રિલેખશિલાથી ગિરનાર દરવાજાના માર્ગે પશ્ચિમ બાજુ વધતાં જરા નીચાણવાળો ભાગ આવે છે ત્યાંથી હોય, જેનો કોઈ અવશેષ આજે દેખાતો નથી. બાકી તો નષ્ટ થયેલા દિલ્હી દરવાજાથી વધુ આગળ નીચાણના ભાગમાં સુર્વણરેખાના બેઉ કાંઠાઓ ઉપર હોવાની શકયતા છે. ખાસ કરીને ડૉ. રમણલાલ મહેતાએ મીઢવિધાનનું સ્થાન બતાવ્યું છે[૧૩] તે બાજુ ખેતરો આગળ અને આગળ પથરાય છે એટલે ત્યાં શકયતા વધુ છે.

**નોંધ: (૧)** આ લેખમાં માપ 'હસ્ત' અને 'ફૂટ'માં મેં બતાવ્યાં છે. 'હસ્ત' એ દોઢ ફૂટનું અંદાજી માપ છે. એટલે ૪૨૦ હાથ તે ૬૩૦ ફૂટ છે. આમ પહેલું ગાબડું ૬૩૦ × ૬૩૦ × ૧૧૨$\frac{૧}{૨}$ ફૂટનું અને સ્કંદગુપ્તના સમયમાં કોઈ પણ એક સ્થળે સમારકામ સારી રીતે ઘડેલા પથ્થરથી થયું તે ૧૫૦ × ૧૦૨ × ૫૨$\frac{૧}{૨}$ ફૂટનું. રુદ્રદામાના સમયમાં ત્રિગુણ દઢતર—વિસ્તારાયામનો અર્થ; ૧૮૯૦ × ૧૮૯૦ × ૩૩૭$\frac{૧}{૨}$ ફૂટ ગણવાની જરૂર, સ્થાનનું અવલોકન કરતાં, જણાતી નથી; અભિલેખમાં કયાંય એવું નથી કે અસલ બંધનું સ્થાન બદલ્યું છે. લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ ત્રણેને ત્રણ ગણાં કરવા જતાં ત્રણ ગણી ઊંચાઈની જરા જેટલી પણ શકયતા નથી, તો પાળની પહોળાઈ પણ ૧૮૯૦ ફૂટની સર્વથા અસંભવિત છે. લંબાઈ ઉપરકોટના ટેકરાના પૂર્વ ઢાળને ઈશાન ખૂણેથી લઈ ઉત્તરમાં ધારાગઢ દરવાજાના ભાગને અંદર સમાવી, લુપ્ત થયેલા દિલ્હી દરવાજાના સ્થળેથી જમણી બાજુ વળાંક લઈ, સુવર્ણરેખાને આંતરીને, પૂર્વ કાંઠે દેખાતી પાળ હજામના ચોરાથી જાણીતા ડુંગરાની ઉત્તર ખીણમાં આવે છે; આ લંબાઈ ૧૮૯૦ થવા જાય ખરી. હકીકતે પાળ જે કાંઈ હતી તે ખૂબ જ મજબૂત કરી લેવામાં આવી. અસલની પાળની પહોળાઈ જે કાંઈ હતી તે ત્રણગણી કરી લેવામાં આવી, એમ કહી શકાય; આને લઈ એની ઊંચાઈ પણ જે કાંઈ હતી તેનાથી ત્રણ ગણી કરી લેવાઈ હોય, પરંતુ ૩૩૭$\frac{૧}{૨}$ ફૂટની ઊંચાઈ સર્વથા નહિ.

નષ્ટ થયેલા દિલ્હી દરવાજા સામે પાળના ભાગમાં નદીના તળમાં પથ્થર અને ચૂનાનું કડક

૧૨ ઉપરના લેખમાં શ્રી અત્રિ આ મંદિરને ઉપરકોટ ઉપર દેખાતી મહમૂદ બેગડાના સમયની મસીદને સ્થાને માનતા હોય એમ લાગે છે; પૃ. ૯૭

૧૩. ડૉ. મહેતાનો ઉપરનો અંગ્રેજી લેખ, પૃ. ૨૬

કોંક્રીટ અદ્યાપિ જળવાઈ રહ્યું છે. આ કોંક્રીટ પાળની મજબૂતી કરતી વેલા રુદ્રદામાના સમયમાં જ કરી લેવામાં આવ્યું સંભવે છે. એની નજીક નદીના પાત્રમાં ઈંટો પણ દબાયેલી જોઈ શકાય છે.

(૨) સ્કંદગુપ્તના સમયમાં નાનું ગાબડું પૂરી લેવામાં આવ્યું, પણ એનું સ્થાન, એ સારી રીતે ઘડેલા પથ્થરોથી કરેલું હોઈ, ઉપરના કોંક્રીટવાળા સ્થળે સંભવિત નથી; ત્યાં જ કરવામાં આવેલ હોય તો આજે સોગંદ ખાવા એક પણ ઘડેલો પથ્થર નથી. ઘડેલા પથ્થરોનું બાંધકામ તો ધારાગઢ દરવાજા સામે આવેલા નવા પુલની ઉત્તરે થોડી ઊંચાઈનું સચવાઈ રહેલું છે. ફૂટના માપમાં એ દીવાલ ૧૫૦×૧૦૨×૫૨$\frac{1}{2}$ ફૂટની હોય તો એ બરાબર આ સ્થળે હોઈ શકે. એ સ્થળે તૂટભાંગ જરૂર થઈ છે, અને પાછળથી મરામત પણ થઈ અનુભવાય છે. આ સ્થળે આવી પાળ કરી લેવાનો આશય રુદ્રદામાના વિશાળ તળાવના ભાગમાંથી સુવર્ણરેખા-વિલાસિનીના ભાગને માત્ર આંતરી લેવાનો હોય, અને તો ધારાગઢ દરવાજા સામે મહાદેવના મંદિરના ભાગને આંતરી ધોબીઘાટ ઉપર થઈ સામેનો કૃત્રિમ ઊંચાણવાળો ભાગ નદીના કાંપથી બંધાઈ ગયેલો હોય તેને પણ પાળના રૂપમાં વ્યવસ્થિત કરી સ્કંદગુપ્તના સમયમાં એટલો જ તળાવનો ભાગ સાચવી લેવામાં આવ્યો હોય. સ્કંદગુપ્તના સમય સુધીમાં ઉત્તર બાજુના વિશાળ પટમાં કાંપ સારી રીતે ચડી ગયો હોય એ સ્થળ-ચોકસાઈ કરવાથી માલૂમ પડી જ આવે છે.

(૩) 'રૈવતક' નામ સ્કંદગુપ્તના સમયથી 'ગિરનાર' માટે 'ઊર્જયત્' સાથોસાથ મળે છે, એ પૂર્વે નહિ જ. તેથી જ કહી શકાય એમ છે કે સમુદ્રે ડુબાડેલી દ્વારકા પાસેના ક્રીડા-શૈલ "રૈવતક"ની સ્મૃતિ લુપ્ત થયા પછી, નેમિનાથજીનાં "રૈવતક"માં લીધેલા વૈરાગ્ય અને છેલ્લે "ઊર્જયત્"માંના કેવલિત્વને કારણે પાછળથી બેઉ શબ્દો એક જ પર્વતના વાચક સ્વીકારાયા. છેવટ "ગિરિનગર"ના નાશ પછી થોડા સમયમાં "ઊર્જયત્"ની સંજ્ઞા જ "ગિરનાર" થઈ પડી. આમ પહાડનું જ નામ 'ગિરનાર' પડી જવાથી માનવા દિલ લલચાય એમ છે કે ભવનાથની સપાટ લાગતી તળભૂમિમાં પણ કોઈ કાળે નગરના મહત્ત્વના ભાગની વસાહત તો નહિ. હોયને! ઈ. સ. ૧૨૩૨ આસપાસ અમાત્ય વસ્તુપાલના ભાઈ તેજપાલે 'રેવંતગિરિરાસુ'(૧–૯)માં તેજલપુર 'ગિરિનાર તલે' વસાવેલું તેનું સ્થાન આ 'કુમર સરોવરું' તો અદ્યાપિ સંભવે જ છે. ત્યાં એણે 'આસારાય વિહારુ' બનાવડાવેલો તે આજે નથી, પણ બંધાવેલું મોજૂદ છે (૧–૧૦). ત્યાં નગરની પૂર્વ બાજુ 'ઉગ્ર સેણગઢ-દુગ્ગુ'(દુર્ગ) બનાવડાવ્યો અને 'આદિજિણેસરપમુહ જિણમંદિર' ભર્યાં, એ ભાગ ગિરનાર ઉપરનાં દુર્ગવાળાં જિણમંદિરોનો લાગે છે. જૂનાગઢનો ઉપરકોટ નહિ. ચક્રપાલિતે બનાવડાવેલું 'ઊર્જયત્' પર્વતમાંથી ઊભું થયેલું ચક્રભૃત્ વિષ્ણુનું મંદિર પુરના મસ્તકે પ્રભુત્વ ધરાવતું ઊભું હતું—તે પુરની કેટલીક વસાહત ભવનાથની તળેટીમાં પણ હોય તો સરળતાથી સમજાય એમ છે. આ માટે એ ભાગમાં ઉત્ખનન કરવું જોઈએ.

લોકો 'ગિરિનગર' જતા હતા તેનો મહત્ત્વનો ભાગ ભવનાથની તળેટીમાં હોય તો નગરનો વિનાશ થયો, પણ સ્થાન તો એ જ રહ્યું, તેથી નગરને બદલે એ જ સ્થાનમાંથી જેના ઉપર ચડવામાં આવે છે તે પહાડને જ '**गिरिनगर** > **प्रा. गिरिनअर** > ગિરિનાર > ગિરનાર' સંજ્ઞા મળી. અમારા ગિરનારા બ્રાહ્મણોએ માનેલી '**गिरिनारायण**' શબ્દ ઉપરથી સાધેલી વ્યુત્પત્તિને વ્યુત્પત્તિશાસ્ત્રની દૃષ્ટિએ જરા પણ સ્થાન નથી.

## ચિત્રસૂચિ

૧ ઉપરકોટના ઈશાન ખૂણાની ઉત્તર-દક્ષિણ દીવાલના ઢોળાવનું તળ; સામે દૂર સુવર્ણ-રેખાનું વનરાજિમાં ઢંકાયેલું પાત્ર અને એના પશ્ચિમ ભાગનો રાજમાર્ગ.

૨ ઉપરકોટના ઈશાન ખૂણાના બૂરજથી ઉત્તરનો ઉપર લંબાયેલો માર્ગ અને છાપરું ધારાગઢ દરવાજો પોતામાં સમાવતી—વચ્ચે વચ્ચે તૂટતી લંબાયેલી પાળ દૂર ઉત્તરે જમણી બાજુ વળાંક લેતી નષ્ટ થયેલા દિલ્હી દરવાજા સુધી.

૩ પાળના એ વળાંકના છેડાનો દિલ્હી દરવાજાનો ખડકવાળો ભાગ—પ્રો. ડોલરરાય રં. માંકડ, પ્રો. રસિકલાલ છો પરીખ, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, કે. કા. શાસ્ત્રી અને શ્રી. છોટુભાઈ અત્રિ સુદર્શન તળાવના નકશાનું નિરીક્ષણ કરતા.

૪ લંબાયેલી પાળ પશ્ચિમથી પૂર્વ બાજુ નદી ઉપરથી પસાર થતી હતી. તેનો નદીમાંનો તળ-ભાગ—પથ્થર અને ચૂનાના કડક ક્રોંક્રીટનો બચ્ચો સચ્ચો ભાગ.

૫ નં. ૩વાળા ફોટાના નષ્ટ દિલ્હી દરવાજા ઉપરના વળાંક ઉપરથી નદીને પૂર્વ કાંઠે સફેદ ઢોળાવ મનુષ્યાકૃતિ સાંચવતો—ઉપરના કોંક્રીટથી પૂર્વ બાજુના કાંઠા ઉપરની પાળ બતાવતો —આમાં ડાબે હાથે તળમાં કોંક્રીટનું ભાઠું દેખાય છે.

૬ ત્યાંથી અગ્નિ ખૂણે નદીના પૂર્વ કાંઠેથી લંબાતી હજામનો ચોરો નામ ધરાવતી પર્વતીય ધારા અને પૂર્વ બાજુના જોગણિયા ડુંગરની ધારાના સંધિ પ્રદેશના ઢોળાવમાંનું 'પલાશિની' નાળાના દક્ષિણ ભાગે 'સુદર્શન તળાવ'નું ઉત્તર બાજુનું વિશાળ પાત્ર.

૭ સુદર્શન તળાવનું દક્ષિણ બાજુનું સુવર્ણસિકતા = સુર્વણરેખા અને વિહારિણી એવા બે નદી-ફાંટાઓને સમાવતું વનસ્પતિથી સમૃદ્ધ પાત્ર—પૂર્વમાં જોગણિયા અને ભેંસલા ડુંગરોની સંધિ બતાવતું (જ્યાં અત્યારે સુવર્ણરેખા ઓળંગવાનો પુલ છે.)

આના અનુસંધાન માટે જુઓ ઉપરનો નં. ૧નો ફોટો. નીચે સડક છે.

૮ ધારાગઢ દરવાજાની પૂર્વે સામે 'ત્રિવેણી'ના પુલની ઉત્તર બાજુનું, સંભવતઃ સ્કંદગુપ્તના સમયનું નદીના પાત્રમાં સારી રીતે ઘડેલા પથ્થરોનું—પાછળની મરામત સાથેનું બાંધકામ.

# સોળમા સૈકાની ગુજરાતી ચિત્ર-શૈલી

**ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ**

મધ્યકાલીન પશ્ચિમ હિંદની ચિત્રકલા, જે મુખ્યત્વે આપણને ગ્રન્થસ્થ લઘુ–ચિત્રો રૂપે મળે છે તે, પશ્ચિમ ભારતીય ચિત્રકલા, અપભ્રંશ શૈલી, ગુજરાતી શૈલી ઇત્યાદિ નામોથી ઓળખાવવામાં આવી છે. મોટે ભાગે એને માટે પશ્ચિમ ભારતીય ચિત્રકલા એ નામ પ્રચલિત થયું છે. આ કલાના નમૂનાઓ મોટે ભાગે ગુજરાત અને રાજસ્થાનના જૈન ભંડારોમાંથી અને ખાસ કરીને જૈન કે જૈનાશ્રિત લખાયેલા ગ્રન્થોના લઘુચિત્રો( Miniatures )રૂપે મળેલા હોવાથી આ શૈલીને હું મારુ-ગુર્જર ચિત્રકલા નામ આપવું પસંદ કરું છું.

આ કલાના નમૂના ઈ. સ. ૧૧૦૦ આસપાસથી શરૂ કરી ઈ. સ.ના સત્તરમા–અઢારમા સૈકાઓ સુધી મળે છે. કેટલીક કાષ્ટપટ્ટિકાઓ દશમા સૈકાની ગણાય એવી પણ મળી છે. પણ જે ગ્રન્થને અંતે લેખન સંવત આપ્યો હોય એવા ગ્રન્થોમાં જૂનામાં જૂનો સચિત્ર ગ્રન્થ સંવત ૧૧૫૭નો મળેલ હોવાથી ઉપર મુજબનો સમય આ કલા માટે મનાય છે. તાજેતરમાં જ સં. ૧૧૨૦ એટલે ઈ. સ. ૧૦૬૩માં પાટણમાં લખેલા જ્ઞાતા-સૂત્રનું છેલ્લું પાનું જોવા મળ્યું છે તેમાં યક્ષી અંબિકાનું ચિત્ર હોવાથી હવે આ શૈલીને આશરે ઈ. સ. ૧૦૫૦ થી શરૂ થતી તો માનવી જ પડશે.

આ કલાની વિશિષ્ટતાઓમાં ખાસ કરીને વ્યક્તિનું લાંબું અણિયાળું નાક, કંઈક અણિયાળી કે મોટી દાઢીનો ભાગ, પહોળું જડબું અને સંપૂર્ણ પાર્શ્વદર્શનવાળું નહિ પણ બાજુ તરફ ફેરવેલાં મુખ જેમાં એક બાજુ પૂર્ણ દેખાય અને મુખની બીજી બાજુ અડધી દેખાય એવા મુખ એ ગણાવી શકાય. આમાં પણ શરૂઆતના જૂજ નમૂના બાદ કરતાં બાકીના લગભગ તમામ લઘુચિત્રોમાં (ક્યાં તો તીર્થંકરની આકૃતિ જેવામાં સંપૂર્ણ મુખદર્શન બાદ કરીએ તો) બીજી બાજુના ગાલ અને આંખની રજૂઆત વિશિષ્ટ રીતે થયેલી હોય છે, ખાસ કરીને બીજી બાજુની આંખ થોડીક જ બતાવવાને બદલે પૂરી બતાવવાનો જ પ્રયાસ થયો છે જેને પરિણામે એ આંખનો ડોળો મુખરેખાની બહાર અદ્ધર અડધો લટકતો હોય એવો દેખાય છે, જેને અંગ્રેજી લખાણોમાં Farther eye extended in space અથવા projecting farther eye એ રીતે વર્ણવવામાં આવે છે. આને ગુજરાતી લેખકો "દોઢ આંખ"વાળાં ચિત્રો તરીકે વર્ણવે છે.

આ ચિત્રશૈલી વિષે ડૉ. કુમારસ્વામી, પ્રો. બ્રાઉન, શ્રી. નાનાલાલ ચમનલાલ મહેતા, ડૉ. મોતીચંદ્ર, ડૉ. ઓ. સી. ગાંગુલી, શ્રી. અજિત ઘોષ, ડૉ. મંજુલાલ મજમુંદાર, શ્રી. રાયકૃષ્ણદાસજી, શ્રી. કાર્લ ખંડાલાવાલા, ડૉ. ગોએત્સ, મુનિશ્રી પુણ્યવિજયજી, શ્રી. સારાભાઇ નવાબ, ઉમાકાન્ત શાહ, ડૉ. પ્રમોદચંદ્ર, ડૉ. ગ્રે, ડૉ. બૅરેટ, વગેરેએ ઘણું લખી ઘણા નમૂનાઓ પ્રકાશિત કર્યા છે.

સમ્રાટ અકબરના પ્રોત્સાહન નીચે દિલ્હીના દરબારમાં ભારતીય ચિતારાઓ અને પર્શિયન ચિત્રકારોનો જે સુમેળ, સમન્વય સધાયો તે પછી ભારતીય ચિત્રકલામાં નવો યુગ શરૂ થયો અને " રાજપૂત ચિત્રકલા "ના સામાન્ય નામ નીચે ઓળખાતી ભિન્ન ભિન્ન પ્રાદેશિક શૈલીઓ ધીરે ધીરે અસ્તિત્વમાં આવી એમ શ્રી. કાર્લ ખંડાલાવાળા વગેરે વિદ્વાનો માને છે.[૧] આ રીતે પછી હિમાલયના પહાડી પ્રદેશોમાંની પહાડી ચિત્રકલા નામે ઓળખાતી કલા જુદી જુદી પ્રાદેશિક વિશિષ્ટતાઓ અને નામો સાથે ઉદ્ભવી.

પણ ઈ. સ.ના સોળમાથી અઢારમા સૈકા સુધીમાં ગુજરાતે કોઈ વિશિષ્ટ શૈલી આપી ? આ પ્રશ્નનું નિરાકરણ શોધવું રહ્યું. જૂની શૈલી ઘણા જૈન ગ્રન્થોમાં ચાલુ રહી હતી એ તો નિર્વિવાદ છે. પણ, બુન્દી, કિશનગઢ, કોટા વગેરે શૈલીઓ માફક કે મેવાડી ચિત્રકલા, માલવાની ચિત્રકલા વગેરે માફક ગુજરાતી ચિત્રકલા તરીકે ઓળખાવી શકાય એવી વિશિષ્ટતાવાળી શૈલી સોળમા, સત્તરમા અને અઢારમા સૈકામાં હતી ?

મધ્યકાલીન મારુ–ગુર્જર શૈલીનો ઉત્કૃષ્ટતમ અને પ્રચુર ફાલ તો આપણને પંદરમા સૈકાનાં ચિત્રોમાં મળે છે. એમ કહી શકાય કે પંદરમાં સૈકામાં આ કલા વિકાસની ટોચે પહોંચી. સંવત ૧૫૦૮ = ઈ. સ. ૧૪૫૨માં ચિતરાયેલું વસંતવિલાસ નામક કાવ્યનું ચિત્રપ્રચુર ઓળિયું એનો પ્રખ્યાત નમૂનો છે. આ ઓળિયું અમદાવાદમાં ચિતરેલું લખેલું છે.[૨] આ ઓળિયાના ચિત્રો ધાર્મિક કે સાંપ્રદાયિક નહીં પણ ઐહિક ( secular ) વસ્તુ રજૂ કરે છે.

આ જ શૈલીનાં, અને ઐહિક કથાનાં ચિત્રોવાળી **માધવનલ કામકંદલા કથા** સં. ૧૫૫૦-માં એટલે કે ઈ. સ. ૧૪૯૪માં પાટણમાં લખાયેલી તે મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીના સંગ્રહમાં છે. અત્યંત ધનિક નહીં પણ મધ્યમ વર્ગના માની શકાય એવાના અંગત ઉપયોગ માટે લખાયેલી આ પ્રતિમાં સોનાનો બિલકુલ ઉપયોગ નથી. પણ આ કલા તો અમદાવાદ, પાટણ વગેરે ગુજરાતના કેન્દ્રોની ખાસ પ્રચલિત કલા છે જેના ઘણા જૈન નમૂના કલ્પસૂત્ર વગેરે ગ્રન્થોમાં મળ્યા છે. માધવાનલ કામકન્દલાની આ પ્રતિનું એક ચિત્ર આ સાથે રજૂ કર્યું છે ( **ચિત્ર ૧** ). આમાં મુખનું ત્રણચતુર્થાંશ આલેખન, લાંબુ અણીયાળુ નાક, રેખાંકન પરનો વિશિષ્ટ કાબુ, મુખરેખાથી બહાર પડતી બીજી આંખ ( દોઢ આંખ ) વગેરે ઉપરાંત, સાડી અથવા ચણિયાના નીચેના ભાગનો વિશિષ્ટ અને અણિયાળા છેડાવાળો આકાર, માથે ઓઢેલી ઓઢણીનો મસ્તક પાછળનો ભાગ હવાથી ફુલેલો, આંખોના છેડાથી કાન સુધી જતી સીધી કાજળરેખા વગેરે લક્ષણો ધ્યાન ખેંચે છે.

લગભગ આ જ સમયમાં સંવત ૧૫૫૫માં–ઈ. સ. ૧૪૯૮–૯૯માં સોજીત્રાના દિગમ્બર ભટ્ટારક માટે ચિતરાયેલી અને હાલ કરમસદના એક દિગમ્બર જૈન મંદિરની માલિકીની એક સુંદર પ્રતિ મળી છે જે **યશોધરચરિત્ર** નામક કથાગ્રન્થની હોઈ તેનું વસ્તુ ચિત્રકારને વૈવિધ્યનો અવકાશ આપે છે. ગુજરાતની પંદરમા સૈકાની ચિત્રકલાનો આ એક ઉત્કૃષ્ટ નમૂનો છે.

---

૧ કાર્લ ખંડાલાવાલા, ધ ઓરિજિન ઍન્ડ ડેવેલપમેન્ટ ઑફ રાજસ્થાની પેઈન્ટીંગ, **માર્ગ**, વૉ. ૧૧, અંક ૨ ( ૧૯૫૮ ), પૃ. ૪–૧૭.

૨ ડબલ્યુ નૉર્મન બ્રાઉન, ધ વસન્તવિલાસ, અમેરિકન ઓરિએન્ટલ સિરિઝ વૉ–૪૬, ન્યુ હેવન ( ૧૯૬૨ )

ઈ. સ. ૧૫૦૦ આસપાસ આ ચિત્રકલામાં ક્રાન્તિ શરૂ થયેલી વરતાય છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે આ જે ક્રાન્તિના પરિણામે રાજપૂત અથવા રાજસ્થાની ચિત્રકલા જન્મી તેનાં મૂળ મોગલ અસરમાં છે. એટલું યાદ રાખવું જોઇએ કે અકબરના સમય પહેલાં સીધી ઈરાની અસરો પશ્ચિમ ભારતીય ચિત્રકલામાં દેખા દે છે જ એનો પ્રખ્યાત દાખલો છે આશરે ઈ. સ. ૧૪૭૫ આસપાસ ચિતરાયેલું **દેવશાના પાડાનું કલ્પસૂત્ર.** આ કલ્પસૂત્રનું છેલ્લું પાનું હવે ઉપલબ્ધ ન હોવાથી એની લખ્યા મિતિ મળતી નથી. પણ એ કલ્પસૂત્રનો સમય ૧૪૭૫ પછી અને ઈ. સ. ૧૫૦૦ની નજીકનો હોય એમ સંભવ છે, કેમ કે એની સાથે જ બરોબર એ જ શૈલીમાં ચિતરાયેલી કાલકકથામાં જે શાહી રાજા અને શાહી સૈનિકો વગેરે ચિતર્યાં છે તેને મળતા આવતા પહેરવેશ વગેરે સાથેની તેવી આકૃતિઓ ઈ. સ. ૧૫૦૧માં પાટણમાં ચિતરાયેલી અને હાલ જામનગરમાં સચવાયેલી કલ્પસૂત્ર-કાલકકથાની પોથીનાં ચિત્રોમાં છે.[3] ઈ. સ. ૧૫૧૦ આસપાસ ચિતરાયેલી **નિમત-નામા**ની પોથીના ચિત્રોમાં દોઢ આંખને બદલે એક આંખ, અર્ધ-મુખદર્શન ( profile) વગેરે વાળાં ચિત્રો મળે છે. જૂની શૈલીનાં ઘણાં લક્ષણો અને વસ્તુવાળી ઈ. સ. ૧૫૩૯-૪૦માં દિલ્હીમાં ચિતરાયેલી દિગમ્બર જૈન **મહાપુરાણ**ની પોથીમાં આ એક આંખ, અર્ધ મુખદર્શન અને વિશિષ્ટ ઘાટની પહોળી મોટી આંખ નજરે પડે છે. અવધી ભાષાના **લૌર-ચંદા**[4] અને **મૃગાવતી**[5] નામક ગ્રન્થોમાં, પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમના **ગીતગોવિંદ**માં[6] તેમ જ શ્રી. નાનાલાલ ચીમનલાલ મહેતાના સંગ્રહના **ગીતગોવિંદ**માં[7] પણ આ શૈલી પડે છે. આ ગ્રન્થોની પ્રતિઓના ચિત્રોને ખાસ કરીને લૌર-ચંદા, મૃગાવતી અને નાનાલાલ મહેતાના ગીતગોવિંદને ઈ. સ. ૧૫૫૦ આસપાસના સમયના ગણવામાં આવે છે. પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમના ગીતગોવિંદનાં ચિત્રોને શ્રી. ખંડાલાવાળા ઈ. સ. ૧૬૧૦ આસપાસના ગણે છે. ચાવંદ( મેવાડ )ની ઈ. સ. ૧૬૦૫ની રાગમાળા વગેરેમાં પણ આવી આંખ અને આવી શૈલી મળે છે.[8]

ગુજરાતમાં આ સમય અરસામાં આ જાતની પણ કંઈક નાની આંખ અને અર્ધમુખદર્શન વાળી, પણ જૂની કેટલીક લાક્ષણિકતાઓ જાળવી રાખતી છતાં પુષ્પછોડ ઇત્યાદિમાં પરદેશી અસર દેખાડતા ચિત્રોવાળી ઈ. સ. ૧૫૮૩માં ખેડા જિલ્લાના માતર ગ્રામે ચિતરાયેલી **સંગ્રહણી**-

---

૩ મોતીચંદ્ર અને ઉમાકાન્ત શાહ, ન્યુ ડૉક્યુમેન્ટસ ઑફ જૈન પેઈન્ટીંગ, ધી મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણમહોત્સવ ગ્રન્થ, પૃ. ૩૬૪–૬૫, ૩૮૭–૮૯.

૪ રાયકૃષ્ણદાસ, એન ઈલસ્ટ્રેટેડ મૅન્યુસ્ક્રીપ્ટ ઑફ લૌરચંદા, લલિતકલા, અંક–૧–૨.

૫ આનન્દ કૃષ્ણ, સમ પ્રી–અકબરી એક્ઝામ્પલ્સ ઑફ રાજસ્થાની ઈલસ્ટ્રેશન્સ, માર્ગ ૧૧, અંક ૨, પૃ. ૧૯–૨૧.

૬ કાર્લ ખંડાલાવાલા, એ ગીતગોવિંદ સિરીઝ ઈન ધ પ્રીન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમ, બુલેટીન ઑફ ધ પ્રીન્સ ઑફ વેલ્સ મ્યુઝિઅમ, અંક ૪, પૃ. ૧–૧૮.

૭ ના. ચ. મહેતા, એ ન્યુ ડૉક્યુમેન્ટ ઑફ ગુજરાતી પેઈન્ટીંગ, જર્નલ ઑફ ઈન્ડિઅન સોસાયટી ઑફ ઓરિયેન્ટલ આર્ટ, વૉ. ૧૩, પૃ. ૩૬–૪૮

૮ ગોપાલકૃષ્ણ કાનોરિયા, એન અર્લી ડેટેડ રાજસ્થાની રાગમાલા, જર્નલ ઑફ ધ ઈન્ડીઅન સોસાયટી ઑફ ઓરિયેન્ટલ આર્ટ, વૉ. ૧૯, પૃ. ૧–૬.

**સૂત્ર**ની પ્રતિમાં[૯] આ નવી લાક્ષણિકતા હોવા છતાં એ પ્રતિની શૈલી મૃગાવતી, લૌર-ચંદા, નિમત–નામા આદિનાં ચિત્રોથી જુદી ભાત પાડે છે. સંગ્રહણીસૂત્રના એક આખા પાનાનું ચિત્ર આ સાથે રજૂ કર્યું છે **(ચિત્ર ૨)**. આ પોથીમાં એક પાના પર "ચિતારા ગોવિંદ" એવું લખેલું હોવાથી આ સુંદર પોથીના ચિત્રકાર ગોવિંદ છે એ તો સ્પષ્ટ છે.

ડૉ. મંજુલાલ મજમુંદારે **ભાગવત દશમ–સ્કંધ**ની ઈ. સ. ૧૬૧૦-૧૧માં ચિતરાયેલી પોથીનું છેલ્લું પાનું તેમ જ ત્રણ ચિત્રો છાપ્યાં છે. સંસ્કૃત ટીકા અને ચિત્રો પર ગુજરાતી નોંધોવાળી અને ચિત્રકાર તરીકે નારદના પુત્ર ગોવિંદનું નામ છેલ્લા પાનમાં આપતી આ પોથી અગત્યની છે.[૧૦] એ શૈલીના ચિત્રનું એક પાનું પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરાના સંગ્રહમાં છે જે ઈ. સ. ૧૬૧૦માં ચિતરાયેલી પ્રતિના પાના તરીકે આ સંસ્થાને વેચવામાં આવ્યું છે. આ પાનાનું લખાણ સાથેનું ચિત્ર અહીં રજૂ કર્યું છે **(ચિત્ર ૩)**. શરીરના ઘાટ વગેરેમાં આ ચિત્ર લલિતકલામાં પ્રસિદ્ધ થયેલા ઈ. સ. ૧૬૧૦-૧૧નાં ભાગવતનાં ચિત્રો સાથે ખૂબ સામ્ય ધરાવે છે જ્યારે બીજી બાજુ લૌર-ચંદા તથા મૃગાવતીનાં ચિત્રોથી ભાગવતનાં આ બધાં જ ચિત્રો જુદાં પડે છે. સંભવે છે કે માતરમાં ઈ. સ. ૧૫૮૩માં સંગ્રહણીસૂત્ર ચિતરનાર અને ઈ. સ. ૧૬૧૦-૧૧માં ભાગવત ચિતરનાર ગોવિંદ એક જ વ્યક્તિ હોય. માતરની પોથીનાં ચિત્રો કરતાં ભાગવતની પોથીનાં ચિત્રોની સંખ્યા ઘણી વધુ હશે અને માતરની પોથીનાં પ્રમાણમાં આ ચિત્રો સસ્તા દરે કરવાં પડ્યાં હશે. ભાગવતની પોથી માતરની પોથી પછી ૨૭ વર્ષે ચિતરાયેલી હોવાથી બેઉના ચિત્રકાર એક હોઈ શકે.

માતરની પોથીનાં ચિત્રોની ઢબ, વસ્તુની રજૂઆત વગેરે એટલાં પ્રખ્યાત થયાં લાગે છે કે તે પછીના સમયમાં સત્તરમા સૈકામાં ચિતરાયેલી ઘણી સંગ્રહણી સૂત્રની પોથીઓમાં વસ્તુની રજૂઆતમાં તેમ જ અન્ય રીતે માતરની પોથીનું અનુકરણ જોવા મળ્યું છે.

માતરની સંગ્રહણી અને ઈ. સ. ૧૬૧૦-૧૧ના અમદાવાદમાં લખાયેલા ભાગવતના દશમ-સ્કંધનાં ચિત્રોને મળતી શૈલીમાં પણ ઈ. સ. ૧૫૯૮માં અમદાવાદમાં ચિતરાયેલા ભાગવતનું બીજું એક પાનું પણ વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરના સંગ્રહમાં છે તે અહીં **ચિત્ર ૪** તરીકે રજૂ કર્યું છે. શૈલીની દૃષ્ટિએ વિચારીએ તો આ પોથી પણ એ જ શૈલીનાં ચિત્રો રજૂ કરે છે.

લાલપૃષ્ઠભૂમિ પર ચિતરાયેલાં સો ઉપરાંત ચિત્રોવાળી એક **બાલગોપાલ સ્તુતિ** જે હજુ અપ્રસિદ્ધ છે અને જેમાંનું એક ચિત્ર સ્વાધ્યાય, પુસ્તક ૬, અંક ૪ જન્માષ્ટમી અંકના પૂઠા પરના ચિત્ર તરીકે મેં રજૂ કર્યું છે. તેમાંનાં બે ચિત્રો આ સાથે **ચિત્ર ૫** અને **ચિત્ર ૬** તરીકે રજૂ કરું છું. ચિત્ર ૫માં સ્ત્રીઓનો પહેરવેશ મારુ–ગુર્જર ચિત્રશૈલીમાં મળતા અણિયાળા છેડાવાળા વસ્ત્રોની યાદ આપે છે જ્યારે આંખો અને મુખરચના ઉપર જણાવેલા સંગ્રહણીસૂત્ર,

---

૯ મોતીચંદ્ર અને ઉમાકાન્ત શાહ, ન્યુ ડૉક્યુમેન્ટસ ઑફ જૈન પેઈન્ટીંગ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય સુવર્ણ મહોત્સવ ગ્રન્થ, પૃ. ૩૪૮–૪૨૦, રંગીન પ્લેટ ૫ તથા ૬ અને સાદાં ચિત્રો નં. ૧૬, ૧૭, ૧૮, ૧૯.

૧૦ ડૉ. એમ. આર. મજમુંદાર, ટુ ઈલસ્ટ્રેટેડ મેન્યુસ્ક્રીપ્ટસ ઑફ ભાગવત દશમસ્કન્ધ, લલિતકલા, અંક ૮, પૃ. ૪૭-૫૪, ચિત્ર ૫૦ અને પ્લેટ ૧૯, ૨૦ પરનાં ચિત્રો.



चित्र १

પાટણમાં ચિતરાયેલી 'માધવાનલ–કામકંદલા કથા'નું એક પાનું

(ફોટો: ઉમાકાન્ત શાહ)



ચિત્ર ૨

માતરમાં ચિતારા ગોવિંદે ચીતરેલા 'સંગ્રહણી સૂત્ર'નું પત્ર ૭ બ



ચિત્ર ૩

ઈ. સ. ૧૬૧૦માં ચિતરાયેલા 'ભાગવત'નું પત્ર

(ફોટો : ઉમાકાન્ત શાહ)



ચિત્ર ૪

ઈ. સ. ૧૫૯૮માં અમદાવાદમાં ચિતરાયેલા 'ભાગવત'નું પત્ર


(ફોટો: ઉમાકાન્ત શાહ)



ચિત્ર ૫

'બાલગોપાલ સ્તુતિ'—આશરે ઈ. સ. ૧૫૪૦

(ફોટો: ઉમાકાન્ત શાહ)



ચિત્ર ૬

આશરે ઈ. સ. સોળમા સૈકાના મધ્યમાં ચિતરાયેલ 'બાલગોપાલ સ્તુતિ'નું એક પાનું

(ફોટો : ઉમાકાન્ત શાહ)



ચિત્ર ૭

પંડિત અને વર્ધમાન વાણિયો

'પંચાખ્યાન બાલાવબોધ,' ભાગ ૧, પૃ. ૪-૫




ચિત્ર ૯

ભીમકૃત 'હરિલીલા ષોડશકલા'નું એક પાનું

(ફોટો: ઉમાકાન્ત શાહ)




ચિત્ર ૧૦

ભીમકૃત 'હરિલીલા ષોડશકલા'નું એક પાનું

(ફોટો: ઉમાકાન્ત શાહ)

અને ભાગવતનાં ચિત્રોની યાદ આપે છે. ચિત્ર ૬માંના ગણપતિ, **પંચાખ્યાન**ની વડોદરાની સચિત્ર **પ્ર**તિમાંના ગણપતિની યાદ આપે છે. આ જ ઢબની એક નાની ગણપતિ જેવી આકૃતિ સંવત ૧૪૯૦માં ચાંપાનેરમાં ચિતરાયેલા **પંચતીર્થીપટ**માં છે. બાલગોપાલ સ્તુતિની આ પ્રતિનાં ચિત્રો કલાની દૃષ્ટિએ ઊંચી કક્ષાનાં છે. અને એમનો સમય ઈ. સ. ૧૫૪૦ આસપાસ મૂકી શકાય. વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના સંગ્રહની પંચાખ્યાનની **પ્ર**તિનો સમય જે મેં અગાઉ ઈ. સ. ૧૬૦૦ આસપાસ જણાવ્યો હતો તે હવે મને લાગે છે કે એથી પૂર્વેનો–ઈ. સ. ૧૫૫૦ થી ૧૬૦૦ વચ્ચેનો ગણવો જોઈએ. એ પ્રતિના પૃ. ૩અ પરનાં અને પૃ. ૩બ પરનાં બે ચિત્રો મૂળ રંગમાં **પ્રા**ચીન ગુર્જર ગ્રન્થમાલા નં. ૯ તરીકે છપાયેલા પંચાખ્યાનમાં રજૂ કર્યાં છે. **૧બ** પરના ચિત્રની રંગીન પ્લેટમાં ગણપતિનું ચિત્ર છે તે સાથેનું સરસ્વતીનું ચિત્ર આંખ અને અર્ધમુખદર્શનવાળા ભેદ બાદ કરીએ તો ઘણી રીતે મારુ-ગુર્જર શૈલીનાં જૈન સરસ્વતીનાં ચિત્રો સાથે સામ્ય ધરાવે છે. આ પોથી સ્પષ્ટ રીતે ગુજરાતમાં લખાયેલી ચિતરાયેલી છે. પૃ. ૧૦અમાંનું વર્ધમાન વાણિયાનું ચિત્ર પણ શૈલીની વિશિષ્ટતા માટે નોંધપાત્ર છે. **( ચિત્ર ૭ )**

એક આંખ વગેરેની રચનામાં ચૌરપંચાશિકાની યાદ આપતું પણ છતાં પ્રાચીન મારુ–ગુર્જર ( ગુજરાતી ) શૈલીની અલંકારોની ભાતોને સાચવી રાખતું પંચાખ્યાનના પૃ. ૩નું ચિત્ર અહીં **ચિત્ર ૮** તરીકે (જુઓ, આ અંકના પૂઠા ઉપરનું રંગીન ચિત્ર) રજૂ કરું છું.

મુદ્રિત પંચાખ્યાનના પૃ. ૧૬૩ સામે રજૂ કરેલું, હસ્ત**પ્ર**તના પૃ. ૧૦૧ પરનું હાથી અને વૃક્ષનું ચિત્ર જોતાં જણાશે કે રાજપૂત કલાના ચિત્રોમાં મળતી વૃક્ષોની વિશિષ્ટતાઓ પંચાખ્યાનની પોથીના સમયમાં શરૂ થઈ ગઈ હતી. આ પોથીના ચિત્રોમાંની પુરુષ આકૃતિઓ અને તેમના મુખની રજૂઆતને અને ડૉ. મંજુલાલે અગાઉ પ્રસિદ્ધ કરેલા કાંકરોલીમાં વૈષ્ણવ મહારાજશ્રીના સંગ્રહમાંના ભાગવતના એક પાનાના ચિત્રને સામ્ય છે. * એ પાનું ઈ. સ. ૧૫૫૦ અને ઈ. સ. ૧૬૦૦ વચ્ચે ( અથવા ડૉ. મંજુલાલ માને છે તેમ ઈ. સ. ૧૫૫૦ આસપાસ ) ચિતરાયેલું લાગે છે.

ઉપરના દાખલાઓ પરથી સ્પષ્ટ થશે કે અહીં રજૂ કરેલાં ચિત્રોવાળી બાલગોપાલ સ્તુતિની હસ્ત**પ્ર**ત પણ ગુજરાતની સોળમા સૈકાની નવી શૈલીની છે. આમ ઈ. સ.ના સોળમા સૈકાની ગુજરાતની વિશિષ્ટ નવી શૈલીનાં આપણને હવે જૈન તેમ જ અજૈન ચિત્રો મળ્યા હોવાથી સોળમા સૈકાની ગુજરાતની નવી શૈલીનું આપણને દર્શન થાય છે.

આ સાથે જૂની શૈલી પણ **પ્ર**ચારમાં હતી જ. ઈ. સ. ૧૪૯૩ ( સં. ૧૫૫૦ )માં પાટણમાં ચિતરાયેલી માધવાનલ કામકંદલાની પ્રતિ કે ઈ. સ. ૧૫૦૧( સં. ૧૫૫૮ )માં પાટણમાં ચિતરાયેલી હાલ જામનગરમાંની ( [redacted] ) **કલ્પસૂત્ર**ની અતિ સુંદર અને સુવર્ણાક્ષરી પ્રતિ તેમ જ વસંતવિલાસનું ઈ. સ. ૧૫૦૮માં ચિતરાયેલું ઓળિયું એ વાતની સાક્ષી પૂરે છે.

---

* આ ચિત્ર માટે જુઓ, દિવ્યબંસરીગાયક ( કાંકરોલી, ૧૯૬૨ )નું પૂઠું અથવા ડૉ. મંજુલાલ મજમુંદાર કૃત, ગુજરાતઃ ઈટ્સ આર્ટ હેરિટેજ, પ્લેટ ૯

મૂળ સંસ્કૃતમાં રચાયેલા હરિલીલા ષોડશકલા અને પ્રબોધ ચંદ્રોદય નાટક( રૂપક )નું ગુજરાતીમાં રૂપાન્તર કરનાર કવિ ભીમનો સમય સંવત ૧૫૪૦ આસપાસનો છે. ભીમે **પ્રબોધ-પ્રકાશ** સં. ૧૫૪૬માં રચ્યો છે. હરિલીલાષોડશકલાનો રચના સમય સં. ૧૫૪૧ છે. આ બેઉ ગ્રન્થોની નકલવાળા ગુટકાનાં કેટલાંક પાનાં વેપારી પાસે જોવા મળેલાં તેમાંથી કેટલાંક સચિત્ર પાનાં પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરાએ ખરીદ્યાં છે. આ ગુટકાનું લખાણ ભીમનું લગભગ સમકાલીન અથવા ગ્રન્થ રચના પછી વીસ પચીસ વર્ષમાં લખાયેલું છે. આ પ્રતિનું છેલ્લું પાનું જોવા મળ્યું નથી. પણ અનુમાને આ પ્રતિ ઈ. સ. ૧૫૨૦ ( સંવત ૧૫૭૭ ) આસપાસની કે તે પહેલાંની ઈ. સ. ૧૫૦૦ આસપાસની લાગે છે. અહીં રજૂ કરેલ **ચિત્ર ૯-૧૦** હરિલીલાષોડશ કલામાંથી છે. ચિત્ર ૯માં ગોવર્ધનધરણનો પ્રસંગ છે. ચિત્ર ૧૦માં પાર્વતી અને દક્ષ પ્રજાપતિનો પ્રસંગ છે. **ચિત્ર ૧૧** ( જુઓ આ અંકના પાછલા પૂઠા ઉપરનું ચિત્ર ) તરીકે રજૂ કરેલું પાનું પ્રબોધ પ્રકાશમાંનું છે. દોઢ આંખવાળાં આ ચિત્રો જૂની પરિપાટી સાચવે છે.


પણ સોળમા સૈકાની માતરની સંગ્રહણી ( ઈ. સ. ૧૫૮૩ ) અને ઉત્તરાધ્યયનસૂત્ર ( ઈ. સ. ૧૫૯૧ )નું સામ્ય સ્પષ્ટ છે. એ બેઉ પ્રતો સાથે અહીં રજૂ કરેલાં બાલગોપાલસ્તુતિ ( હજુ અપ્રસિદ્ધ )નાં ચિત્રો ( જુઓ **ચિત્ર ૫ અને ૬** ) સામ્ય ધરાવે છે. ખાસ કરીને સ્ત્રીપાત્રોના ચિત્રણ અને વેશભૂષામાં ઘણું સામ્ય છે. ઉત્તરાધ્યયનસૂત્રમાંથી એક ચિત્ર અહીં રજૂ કરું છું **( ચિત્ર ૧૨ ).**

આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાં ઘણાં વર્ષ પૂર્વે મેળવેલું કામશાસ્ત્રના **રતિરહસ્ય** ગ્રન્થનું એક પાનું છે ( ફક્ત એક જ પત્ર મળેલું છે). તેમાંથી એક ચિત્ર અહીં **ચિત્ર ૧૩** તરીકે રજૂ કરું છું. આ પાનામાં બેઉ બાજુએ ચિત્રો છે. આ ચિત્રો અહીં રજૂ કરેલી બાલગોપાલ સ્તુતિના સમયનાં લાગે છે. પુરુષાકૃતિના માથા પરની પાઘડીઓ ગુજરાતનાં આ શૈલીનાં અન્ય ચિત્રોમાં પણ જોવા મળે છે.

સોળમા સૈકાની આ વિશિષ્ટ ગુજરાતી શૈલીનાં ચિત્રોવાળી, જૈન **રાજપ્રશ્નીયસૂત્રની** એક પ્રતિ આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાં છે. આ પ્રતિને અંતે લખ્યાસંવત કે કોઈ પ્રશસ્તિ નથી પણ લખાણની ઢબ વગેરે જોતાં એ પ્રતિનો સમય ઈ. સ. ૧૬૦૦ કે તેથી કંઈક પહેલાં મૂકી શકાય. આ પ્રતિનું એક પાનું અહીં **ચિત્ર ૧૪** તરીકે રજૂ કર્યું છે. આ પ્રતિમાંની સાધુની આકૃતિઓ માતર સંગ્રહણી અને ઉત્તરાધ્યયન સૂત્ર ( ઈ. સ. ૧૫૯૧નું-હાલ વડોદરા મ્યુઝિઅમમાં )નાં ચિત્રોને ખૂબ જ મળતી છે.

અહીં રજૂ કરેલી સામગ્રીમાં એક ખાસ નોંધપાત્ર વાત એ છે કે આજ સુધી ગુજરાતમાં મળેલા અજૈન સચિત્ર ગ્રન્થોની યાદીમાં હવે ભીમના **પ્રબોધપ્રકાશ** અને **હરિલીલા-ષોડશકલા**નો ઉમેરો થાય છે, એટલું જ નહિ પણ સોળમા સૈકાની ગુજરાતની નવી ચિત્રશૈલીનો ખ્યાલ પણ હવે સ્પષ્ટ રીતે આવે છે.


આ જાતની આંખવાળા ચિત્રોની પરિપાટી માલવા અને મેવાડમાં પણ હતી એ ઈ. સ. ૧૬૦૫માં ચાવંડમાં ચિતરાયેલી રાગમાલાનાં ચિત્રો તેમજ પ્રીન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમના સંગ્રહમાંના ગીતગોવિંદનાં ચિત્રો પરથી જાણવા મળે છે. આ ચિત્રો અને ગુજરાતનાં ચિત્રો



ચિત્ર ૧૨

'ઉત્તરાધ્યયન સૂત્ર'—ઈ. સ. ૧૫૯૧

( બ્લૉક: વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી )



ચિત્ર ૧૩

સચિત્ર 'રાજપ્રશ્નીય સૂત્ર'નું એક પાનું

(ફોટો : ઉમાકાન્ત શાહ)



ચિત્ર ૧૪

'રતિરહસ્ય'ની સચિત્ર પ્રતિનું પાનું

(ફોટો : ઉમાકાન્ત શાહ)

હવે જુદાં તારવી શકાય તેમ છે. ઉપર જણાવેલાં માલવા મેવાડનાં ચિત્રો તેમના રંગોની પસંદગીમાં તેમ જ વધુ મોટી અને માછલી ઘાટની આંખો વગેરેમાં વિશિષ્ટતાઓ ધરાવે છે, જ્યારે રાજપ્રશ્નીય, ભાગવત દશમસ્કંધ, માતરની સંગ્રહણી વગેરેનાં ચિત્રોની ઢબ જુદી પડે છે. શ્રી. નાનાલાલ ચમનલાલ મહેતાના સંગ્રહના ગીતગોવિંદનાં ચિત્રો જે હાલ અમદાવાદમાં જાહેરમાં પ્રદર્શનમાં મૂકાયેલાં છે તે ચિત્રો ગુજરાતની સોળમા સૈકાની આ ચિત્રકલા સાથે વધુ સામ્ય ધરાવે છે. શ્રી. ડૉ. મંજુલાલ મજમુંદારે મને જણાવ્યું છે કે આ ચિત્રો શ્રી. એન. સી. મહેતાએ રાજકોટવાળા શ્રી. જટાશંકર શાસ્ત્રી પાસેથી ખરીદેલાં એવી ખબર તેમને (શ્રી. મંજુલાલ મજમુંદારને) વિશ્વાસપાત્ર રીતે મળી હતી. અહીં રજૂ કરેલી બાલગોપાલ સ્તુતિ અને આ ગીતગોવિંદનાં ચિત્રોને ગુજરાતની સોળમા સૈકાના ઉત્તરાર્ધની શૈલીનાં ચિત્રો તરીકે ગણી શકાય. શ્રી. નાનાલાલ ચમનલાલ મહેતાએ પણ ગીતગોવિંદનાં એ ચિત્રોને ગુજરાતી ચિત્રકલાના નમૂના તરીકે રજૂ કર્યા છે.

# મારુ-ગુર્જર વાસ્તુશાસ્ત્રમાં મસ્જિદનિર્માણ વિધિ

**મધુસૂદન ઢાંકી**

મેદપાટસ્વામી ગુહિલો, શાકમ્ભરીપતિ ચાહમાનો, અર્બુદપતિ પરમારો અને વિશેષે તો ગુર્જરેશ્વર સોલંકીઓના શાસન સમયમાં રાજસ્થાન અને ગુજરાતનાં સંસ્કારતત્ત્વોના મિલનથી જન્મી, આકારબદ્ધ બનેલી મારુગુર્જર સંસ્કૃતિના બે મૂલગત સંસ્કારો એનાં આખરી સ્વરૂપ-ઘડતર, પ્રતિભા–વિકાસ અને ચિરાયુતાનાં નિર્ણાયક–વિધાયક બનેલાં; એ હતાં, ગુર્જરીવાણી અને વર્તનમાં વ્યક્ત થતાં સુભદ્રત્વ અને એનું ક્વચિત્ જ ડગેલું સર્વધર્મસમદર્શિત્વ. મારુગુર્જર પરમ્પરાનાં આ આગવાં લક્ષણોની હસ્તીની ગવાહી દેનાર પ્રમાણો—પુરાતત્ત્વીય, ઐતિહાસિક અને સાહિત્ય–વિષયક—ની પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધિ હોઈ, તેમ જ રાજસ્થાન અને ગુજરાતના સામ્પ્રત લોકજીવનમાં વ્યાપક દૃષ્ટિએ જોતાં, મધ્યયુગમાં સિંચાયેલ એ સુસંસ્કારના રંગ હજી ઊડી ગયા ન હોઈ ઉપલી વાતના તથ્ય વિષે શંકાને ભાગ્યે જ સ્થાન હોઈ શકે. આ મારુગુર્જર ખાસિયતોનું પ્રામાણિક પ્રતિબિમ્બ તો વાસ્તુશાસ્ત્રો અન્તર્ગત જોવા મળતી સામગ્રીમાં પણ એટલું જ સુરેખ ઊઠે છે. દેવમંદિરો સરખી મહત્ત્વપૂર્ણ ઈમારતોની નિર્માણક્રિયાને સ્ફુટ કરનાર, વાસ્તુની આ પ્રમાણભૂત ગ્રન્થકૃતિઓમાં એ જ સંસ્કારતત્ત્વોના નિર્દેશો જો મળી આવે તો એ ઘણા જ તથ્યપૂર્ણ, શ્રદ્ધેય, અને આગળ કહી તે વાતને આખરી મહોર મારનારા માનવા ઘટે.

મારુગુર્જર વાસ્તુશાસ્ત્રોના રચયિતા શિલ્પી-સ્થપતિઓ તો અનુમાનતયા બ્રાહ્મણધર્મી જ હશે એવી છાપ એ ગ્રન્થોના અવલોકનથી જરૂર ઊઠે છે; છતાં જૈનલક્ષી સ્થાપત્યને પણ એ રચનાઓમાં સમુચિત સ્થાન અપાયું છે. મારુગુર્જર સભ્યતાનાં મંડાણ અને મહોદયમાં ઉદાર તેમ જ આગવો ફાળો આપનાર, અને એની વાસ્તુપરમ્પરાને મોકળે મને પ્રશ્રય અને પોષણ આપનાર જૈનધર્મ પ્રતિનાં આદર અને મમતાનાં દર્શન આ ગ્રન્થોમાં થાય, જિનાલયો તેમ જ જૈનપ્રતિમા લક્ષણના અધ્યાયોનો પણ સમાવેશ કરાય, એ વાત પશ્ચિમ ભારતના સાંસ્કૃતિક પરિસર અને પ્રકૃતિને લક્ષમાં લેતાં તદ્દન સ્વાભાવિક અને સુસંગત લાગે; પણ મહમૂદ ગઝનવીથી લઈ સુલ્તાન મોઝ્ઝુદ્દીન, કુતુબુદ્દીન ઐબક, અલાઉદ્દીન ખિલજી અને મહમૂદ બિધરા સુધીના મુસ્લિમ આક્રમકો--શાસકોએ પશ્ચિમ ભારતના બ્રાહ્મણીય અને જૈન મન્દિરોના કરેલા અકેકારભર્યા વિનાશ, માનવસંહાર, અને ધર્માન્તરાર્થે કરેલા ભિષણ પીડનના કારમા આઘાતો ભૂલી જઈ ઇસ્લામ ધર્મનાં અગ્રિમ પ્રતીક, એનાં ધર્મસ્થાન મસ્જિદો પણ ઈશ્વરની આરાધના અર્થે રચાયેલી પાક ઈમારત માની, એની નિર્માણવિધિને પણ વાસ્તુગ્રન્થમાં સ્થાન આપનાર મારુગુર્જર સભ્યતાના ઔદાર્ય અને સહિષ્ણુતાનો જોટો જડવો મુશ્કેલ છે.

મારુગુર્જર સ્થાપત્યના મુદ્રિત—પ્રકાશિત ગ્રન્થો—"અપરાજિતપૃચ્છા" (૧૨મા શતકનું ત્રીજુ ચરણ), "ક્ષીરાર્ણવ" (૧૫મી સદીનો પૂર્વાર્ધ), "દીપાર્ણવ" (૧૫મી સદી), "વાસ્તુરાજવલ્લભ મણ્ડન" અને "પ્રાસાદમણ્ડન" (૧૫મા શતકનું ત્રીજું ચરણ) તેમ જ

"પ્રાસાદમંજરી" (૧૫મા શતકનું છેલ્લું ચરણ)—માં તો મસ્જિદનિર્માણનો કે મસ્જિદને લગતો કોઈ ઉલ્લેખ મળી આવતો નથી;[૧] પણ અદ્યાવધિ અપ્રકાશિત વાસ્તુશાસ્ત્ર "વૃક્ષાર્ણવ"માં એને લગતો એક ટૂંકો ઉલ્લેખ જોવા મળ્યો છે.[૨] એ ગ્રન્થના 'આયતત્વ'ના અધ્યાયમાં 'આય' દેવાના સ્થાનોની સૂચિમાં કરવામાં આવેલા **રહમાણપ્રાસાદ**નો સૂચક ઉલ્લેખ નિઃશંક મસ્જિદને જ અનુલક્ષે છે.[૩] "વૃક્ષાર્ણવ"ના પ્રાપ્ત અધ્યાયોમાં મસ્જિદનિર્માણ વિધિને લગતી અલબત કોઈ વિગત જોવા મળતી નથી: સમ્ભવ છે કે એના લુપ્તપ્રાય અધ્યાયોમાંના એકાદમાં મસ્જિદ વિધિ વિવરણ હોય. "વૃક્ષાર્ણવ"નો રચનાકાળ ૧૫મી શતાબ્દીના મધ્યભાગે મૂકી શકાય તેવાં કેટલાંક આન્તરિક પ્રમાણો એ ગ્રન્થમાં મળે છે;[૪] અને એ અરસામાં જ ગુજરાતમાં અહમદશાહી સુલ્તાનોના શાસનકાળમાં મસ્જિદો બાંધવાની પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલી રહી હતી. પણ "વૃક્ષાર્ણવ"વાળી વાતની વિશેષ ઉપયુક્તતા તો ભવિષ્યમાં થનારી એના વિનષ્ટ ભાગની લબ્ધિની સંભાવના પર અવલમ્બિત હોઈ એ આ પળે ચર્ચાનો વિષય બની શકે તેમ નથી.

સદ્‌ભાગ્યે **રહમાણપ્રાસાદ**ના "વૃક્ષાર્ણવ"માં મળતા ઉલ્લેખ કરતાંયે સમ્ભાવ્ય વધારે પુરાણો અને એ શબ્દથી મસ્જિદ અભિપ્રેત હોવાનું અસંદિગ્ધ રીતે સૂચવતો ઉલ્લેખ, ઉલ્લેખ જ નહીં પણ એની નિર્માણવિધિને લગતું એક સ્વતન્ત્ર પ્રકરણ અદ્યાવધિ અપ્રકાશિત વાસ્તુગ્રન્થ 'જયપૃચ્છા'ની ઉપલબ્ધ એક માત્ર મોટી હસ્તપ્રતને અન્તે અપૂર્ણ રૂપમાં લેખકના

---

૧ માલવી ગ્રન્થ રચનાઓ "સમરાઙ્ગણ સૂત્રધાર" (ઈ.સ. ૧૦૩૫–૧૦૫૫) અને "પ્રમાણ-મઞ્જરી" (૧૧મી શતાબ્દીનો અન્ત ભાગ કે ૧૨મી શતાબ્દીનો પ્રારમ્ભ)માં પણ મસ્જિદવિધિનો ઉલ્લેખ નથી. સમરાઙ્ગણ સૂત્રધારકારનું વલણ મુસ્લિમો પ્રતિ ખાસ સહાનુભૂતિભર્યું હોય તેમ જણાતું નથી; પણ "પ્રમાણમઞ્જરી"માં તટસ્થ વલણ વરતાય છે. જુઓ DHAKY, M.A., "Problems on pramāṇmañjarī, Bhārtīyavidyā, Vol. XIX, Nos 1–4.

૨ આ ગ્રન્થનું શ્રી પ્રભાશંકર ઓ. સોમપુરા તથા સામ્પ્રત લેખક સમ્પાદન કરી રહ્યા છે અને નજદીકના ભવિષ્યમાં તે તૈયાર થઈ જતાં G. O. S.માં તેનું પ્રકાશન અપેક્ષિત છે.

३ सन्यासीमठकर्मेषु अनास्तिक कुटिरके ।
बौद्धार्रहन्तकेश्चैव ध्वांक्षश्च (सपुत्रके?) ॥ ३५ ॥
रहमाणप्रासादेषु संन्यासी सर्वदर्शने ।
सिद्धायतनतीर्थेषु ध्वांक्षं च तत्र निश्चलम् ॥ ३६ ॥

"સંન્યાસીઓના મઠના નિર્માણ સમયે, આસ્તિકમતવાદીઓની કુટિયામાં બૌદ્ધ અને જૈન (વિહાર અને વસતિઓમાં) 'ધ્વાંક્ષ આય' દેવો; (તેમ જ) **રહમાણ પ્રાસાદ**(મસ્જિદ)માં, જુદા જુદા બધા જ દર્શનોના સાધુઓ(ના નિવાસસ્થાને), અને સિદ્ધોના નિવાસવાળાં તીર્થોમાં પણ અચૂક 'ધ્વાંક્ષ આય' દેવો."

૪ આ મુદ્દા પરની ટૂંકી ચર્ચા સામ્પ્રત લેખકના "Introduction to Prāsādmañjarī" ના "Vāstuśāstras of Western India" વિભાગમાં કરવામાં આવી છે. શ્રી પ્રભાશંકર ઓ. સોમપુરા દ્વારા સમ્પાદિત "પ્રાસાદમઞ્જરી"ની અંગ્રેજી આવૃત્તિમાં એ ભાગ આવનાર છે; જ્યારે એ વિષય પરની વિસ્તારપૂર્વક ચર્ચા "વૃક્ષાર્ણવ"ની પ્રસ્તાવનામાં જોવા મળશે.

જોવામાં આવ્યું છે.[૫] એના અહીં રજૂ કરેલ પ્રાપ્ત પાઠના થોડાક શબ્દો દુર્વાચ્ય યા સંદિગ્ધ છે; (૬,' ૧૩" અને ૧૯'); એકાદ સ્થળે ટૂંકું સ્ખલન પણ છે; (૧૦"); પણ સૌથી મોટી વિપત્તિ તો વીસમા શ્લોકના ઉત્તર ચરણના અર્ધપદ પછી થયેલી પાઠલુપ્તિની છે. આ ત્રુટીઓ હોવા છતાં જે કંઈ બચ્યું છે તે અત્યંત મહત્ત્વનું હોઈ, પશ્ચિમ ભારતના સ્થાપત્યના ઇતિહાસના એક અજ્ઞાત પાસા પર નવું જ અજવાળું પાથરતું હોઈ આ વિરલ અધ્યાય અહીં મળ્યો છે તે રૂપમાં રજૂ કરી તેની સામગ્રીનું પ્રાપ્ત સંજોગોમાં થઈ શકે તેટલું પરીક્ષણ—વિશ્લેષણ કરી ચર્ચા કરીએ તો એ કોઈક ને કોઈક રીતે મધ્યકાલીન ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના અધ્યયનને ઉપકારક થશે તેમ માનવામાં હરકત જેવું નથી.[૬]

લેખને અન્તે અપાયેલ મૂળ સંસ્કૃત પાઠનો ભાવાનુવાદ અહીં પહેલાં આપવાથી તેની સામગ્રી પર વિચારણા કરવામાં સરળતા રહેશે. "જયપૃચ્છા"ના અન્ય અધ્યાયોમાં જોવા મળે છે તેમ આ અધ્યાય પણ વિશ્વકર્માના પ્રથમ માનસપુત્ર 'જય' અને 'વિશ્વકર્મા' વચ્ચે સંવાદરૂપે ગ્રન્થકર્તાએ પ્રયોજ્યો છે. અનુષ્ટુભમાં રચાયેલ આ પદ્યખણ્ડના પાઠની ભાષા સરળ છે અને કથન એકંદરે સ્પષ્ટ છે.

## [ શ્રી રહમાણ પ્રાસાદ લક્ષણ ]

**જય કહે છે:**

"તાત! વાસ્તુશાસ્ત્ર વિશારદ! મને પ્રાસાદો અને તેમાંયે વૈરાજ્યકુલોત્પન્ન પ્રાસાદો, રાજમહાલયો, ગૃહાવાસો, વાપી–કૂપ–તટાકાદિ વિવિધ જલમય રચનાઓ, (ગણ ઇત્યાદિના ?) તેમ જ બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને સૂર્યનાં દેવાલયો, શિલા (પથ્થરની જાતો) તેમ જ અનેક પ્રકારની પ્રતિમાઓ, અને જલાશય (ની નિર્માણ ક્રિયા)ના હે કરુણાસિન્ધો! (તમે) ભેદ બતાવ્યા છે. (તદુપરાંત) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રાદિ ચાર પ્રકૃતિઓ અને સાત્ત્વિક ભાવયુક્ત દેવાલયો (કેમ કરવાં તેનાં રહસ્યોનો ઉપદેશ પણ કર્યો છે). (તો હવે) જે **મ્લેચ્છ-રૂપી લોકો** છે તેમનું **સાત્ત્વિકભાવ**વાળું દેવળ કેમ બનાવાય ને તેના છન્દ-આકાર, મણ્ડપ-દ્વારનાં પ્રમાણ વગેરે (કેવા પ્રકારનાં હોય તે) હે જગત્પ્રભુ, મને કહો."

**વિશ્વકર્મા કહે છે:**

"હે પુત્ર! સર્વશાસ્ત્ર વિશારદ! ધ્યાન દઈને સાંભળ. હે સાધુ, તું જે વિષે પૂછે છે તે (ધર્મસ્થાન) **રહમાણ સુરાલય** કહેવાય છે. ત્યાં **યવન** લોકો **ધ્યાન** ધરે છે. (તે સ્થાનમાં) દેવપ્રતિમા વિવર્જિત (હોય છે). માયાવરણ રહિત, ત્રિગુણાતિત, કેવળ એકમય અદ્ભુત [તત્ત્વ] પુત્ર [કે] જેનું [ત્યાં] ધ્યાન ધરવામાં આવે છે એ (તત્ત્વ)ને બુદ્ધિમાન પુરુષો **રહમાણ** કહે છે.

---

૫ પ્રાચ્ય વિદ્યા મન્દિર, વડોદરાના વાસ્તુ અને શિલ્પને લગતા હસ્તપ્રતસંગ્રહમાં આ અતિ ખણ્ડિત પણ મૂલ્યવાન ગ્રન્થની પ્રત પણ છે: (6857)

૬ એની નકલ The American Academy of Benaresના પુસ્તકાલય માટે મેળવવામાં આવેલ છે. લેખક અહીં રજૂ કરેલા મૂળ પાઠ માટે બન્ને સંસ્થાઓનો સાનંદ ઋણ સ્વીકાર કરે છે.

(રહમાણ પ્રાસાદની રચના કરવા માટે) **આય** અને **વ્યય** શોધ્યા બાદ (જ્યાં આ પ્રાસાદ બનાવવો છે તે ભૂમિમાં) ચોરસ(ક્ષેત્ર)ના આઠ અથવા તો દશ ભાગ કરવા......સૂત્ર પ્રમાણે...(આ) **એકાંગ** પ્રાસાદની બે ભુજાઓ (પાંખો) કાઢવી, અને એને કોણભઙ્ગયુક્ત (ખૂણાવાળો) કરવો ભીંતની બહાર (મોવાડમાં) સુંદર મિહિરાવ (મહેરાબ) કરવી. (પ્રાસાદને હંમેશાં) પૂર્વાભિમુખ જ કરવો; (બાકીની) **ત્રણે દિશાઓ (પ્રાસાદ દિગ્મુખ સ્થાન માટે) અપ્રશસ્ય** (જાણવી).

(પ્રારમ્ભે) સુતરડું તાણીને ભીંત સ્થાપવી અને ઉત્તર-દક્ષિણે પણ (માપીને ખેંચવી ?) શંકુ દ્વારા ધ્રુવ તેમ જ પૂર્વ દિશાને મેળવવાં; દિશામૂઢ ન કરવું (મુખસૂત્ર મેળવણીમાં દિશાચૂક ન થઈ જાય તે જોવું); અને પ્રયત્નથી **પ્રાચી** સાધવી (પૂર્વ દિશાનો નિર્ણય કરવો).

(પ્રાસાદના ઉદયની રચનામાં) **ભિટ્ટ, ઉપભિટ્ટ, પીઠ** વગેરે સર્વે (એકબીજા ઉપર) ચડાવવાં. **પુષ્પકની** રચના ફૂલ સાથે કરવી ને ઉપર (મણ્ડોવર ?) કરવો. **પ્રાસાદ એકાંગ છન્દનો** કરવો અને બહારના **ખૂણા** અલંકૃત કરવા. ઉપર (ફાંસા જ્ઞાતિનું ?) ફાંસના જાતિનું (છાપરું) કરવું. (આ પ્રકારની ધર્મસ્થાન રચનાને) **રહિમાન (પ્રાસાદ)** કહેવાય છે. દિશાઓમાં રહેલી **વીથિકા**ઓ પર સૂત્ર બરાબર **કપિશીર્ષ** (કાંગરા) કાઢવા. બે, ત્રણ, કે પાંચ સ્તમ્ભના **ક્ષણ** (ચોકીપદ)વાળી (આ વીથિકાઓ પર વચ્ચે) **માલિકા** કરવી (માડ મજલો કરવો). (માલિકા) નીચે (મધ્યભીંતે) **મિહિરાબ(ની કમાન)** વાળવી. તેની સામે થાંભલીઓ કરવી. તેમાં (મહેરાબમાં) પુષ્પ કોતરવું. મિહિરાબ બે ભાગની (જાણવી).....(તેની) આજુબાજુ સ્તમ્ભિકા (થાંભલી) કરવી. **પ્રવેશે** (અંદરને ગાળે) ત્રણ ભાગની કરવી; ભીંતના પછવાડાના ભાગમાં એને (મેળવી દેવી ?) **પુષ્પવિભુષિત** સાત ભાગના **સ્તમ્ભ** (થાંભલા) કરવા; તેના પ્રમાણે લાંબી..."

મસ્જિદ–કલ્પન પાછળ રહેલા ઈસ્લામના મૂલગત સિદ્ધાન્તો આ સંસ્કૃત પાઠમાં પૂર્ણતયા ખ્યાલમાં રખાયા છે. જેનું યવનો (મુસ્લિમો) ધ્યાન ધરે છે (બંદગી કરે છે) તે નિરઞ્જન, નિરાકાર, નિર્ગુણ અલ્લાહના માયારહિત, ઇસ્લામમાન્ય 'તાનૈકમયમદ્દ્ભુતમ્' એટલે કે એકેશ્વર અવ્યક્તરૂપ રહેમાનનો નિર્દેશ કરી આવા સ્થાનને **રહમાન સુરાલય** (રહેમાનનું દેવળ = મસ્જિદ) કહી તે પછી તેની રચનાવિધિ ઉપદેશી છે. આ પ્રાસાદને ઘણી સૂચક રીતે 'એકાંગ' કહ્યો છે કેમ કે તલ આયોજનમાં કોણ (ખૂણા) સિવાયનાં વિશેષાંગો—જેવાં કે ભદ્ર (ભદર), પ્રતિરથ (પઢરો) વગેરે—મસ્જિદમાં હોતાં નથી; તેમાં મુખ્યત્વે સીધે સીધી ભીંતો કાઢવામાં આવે છે. 'રહમાન' જેવા અરબી લફ્ઝનું જરા શું સંસ્કૃતીકરણ (રહમાણ, રહિમાન) કરવા ઉપરાંત મસ્જિદની રચનાના એક અત્યંત મહત્ત્વના—ઇસ્લામના ખાસ પ્રતીક શા એક ઘાટ—માટેના અરબી શબ્દ 'મહરાબ' (ગુ. મહેરાબ)ને 'મિહિરાવ' રૂપમાં રજૂ કર્યો છે. વચ્ચેટ મહેરાબની સામે ગુજરાતની પુરાણી મસ્જિદોમાં ઘણી વાર જોવામાં આવતા માડનું 'માલિકા' શબ્દથી સૂચન કરી દીધું છે. ગુજરાતની તમામ મસ્જિદો, અને ભારતની ઈસ્લામી સ્થાપત્યની ઘણીખરી પ્રણાલિઓમાં મસ્જિદોમાં મહેરાબમાં (તેમ જ તેના સ્કન્ધની ઉપર બન્ને બાજુ) જોવા મળતા 'ફૂલ'નો ઉલ્લેખ પણ 'પુષ્પક' શબ્દથી કર્યો છે.[૭] નમાજ સ્થાનમાં જોવા મળતી

---

૭ આ લક્ષણ મધ્યપૂર્વની મસ્જિદોનું નહીં પણ ભારતીય મસ્જિદોનું હોય તેમ લાગે છે.

સ્તમ્ભોની પદાવલિઓયુકત 'વીથિકા'ઓ પણ ઉલ્લેખાઈ છે. સ્તમ્ભો પર (રૂપકર્મને બદલે) પુષ્પનું સુશોભન કરવાનો સૂચક આદેશ આપેલો છે.[૮] 'વૈણવ્ય' શબ્દથી મહેરાબને વેણુની (વાંસડાની) જેમ વાળવી એટલે કે એના 'કમાન સ્વરૂપ'નો સંકેત કરી દીધો છે. વીથિકાઓ ઉપર કપિશીર્ષ એટલે કે કાંગરા કરવાનું કહ્યું છે. આ અધ્યાયના ઉપલબ્ધ ભાગમાં મસ્જિદનાં અંગલક્ષણોની આટલી તો હકીકત મળે છે. આગળ આવનાર (નષ્ટ થયેલા) ભાગમાં 'જય'ના પ્રશ્નોમાં આવતા મસ્જિદના (મોઢા આગળના પ્રવેશ) મણ્ડપ અને દ્વારાની વિધિ ફરમાવી હશે.

"જયપૃચ્છા"ના આ પાઠ વિષે બે સમસ્યાઓ ઉપસ્થિત થાય છે: (૧) આ પાઠ મૂળ ગ્રન્થનો અસલી ભાગ છે, કે પાછળથી ઘુસાડી દેવામાં આવ્યો છે. (૨) એનો રચનાકાળ કેટલો પુરાણો માનવો.

પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપતાં પહેલાં "જયપૃચ્છા"ના કથનવસ્તુ અને એના સમ્ભાવ્ય કાળ વિષે જોવું જરૂરી છે. "જયપૃચ્છાધિકાર" નામાભિધાન ધરાવતી બે ભિન્ન રચનાઓ સામ્પ્રત લેખકના જોવામાં આવી છે. એ પૈકીની એક--વધારે પુરાણી--તો છે માલવી પરમ્પરાની, જેનો બહુ જ થોડો હિસ્સો હાથ લાગ્યો છે,[૯] જ્યારે બીજી મારુગુર્જર પરિપાટીમાં રચાયેલી વાસ્તુ-ગ્રન્થરચના કાં તો ગુજરાત, કાં તો રાજસ્થાનમાં રચાઈ હોય તેમ લાગે છે. આ ગ્રન્થના કેટલાક હિસ્સા પ્રાપ્ત થયા છે; ઘણી ખણ્ડિત, ત્રુટિત દશામાં. "અપરાજિતપૃચ્છા"માં "જયપૃચ્છાગમ"નો ઉલ્લેખ કરેલો હોઈ એને કુમારપાળના સમય પહેલાંની કૃતિ માનવી ઘટે. "જયપૃચ્છા"ની કયી રચના "અપરાજિતપૃચ્છા'ને અભિપ્રેત છે તે તદ્દન નિશ્ચયપૂર્વક તો કહી શકાય નહીં. અપરાજિતપૃચ્છાકાર અવન્તિના એક અન્ય વાસ્તુગ્રન્થ—"સમરાઙ્ગણસૂત્રધાર"—થી સારી રીતે પરિચિત હતા; એટલે જે "જયપૃચ્છાગમ"ની વાત તેમાં આવે છે તે માલવી ગ્રન્થને અનુલક્ષતી હોવાનો પણ સમ્ભવ છે; પણ "અપરાજિતપૃચ્છા"માં પ્રારમ્ભે આપેલ નાગરિક વાસ્તુવિધિના પ્રકરણો પર જે "જયપૃચ્છા"નો આછો પ્રભાવ વરતાય છે તે તો મારુગુર્જર "જયપૃચ્છા" હોય તેમ લાગે છે. "અપરાજિતપૃચ્છા"માં એની આન્તરિક સામગ્રીનું ટૂંકું અવલોકન કરેલું છે; તે જોતાં તેમાં કેવળ નાગરિક વાસ્તુ--લક્ષિત નિરૂપણ હતું તેમ લાગે છે.[૧૦] 'વિશ્વકર્મા' અને એમના પહેલા માનસપુત્ર 'જય'ના સંવાદરૂપે રચાયેલ એ ૨૪૦૦૦ ગ્રન્થ પ્રમાણરચના

---

૮ ગુજરાતની જૂનામાં જૂની ખંભાત અને ધોળકાની મસ્જિદમાં કીર્તિમુખને સ્થાને 'મંગલ-ઘટ' કોરેલો જોવાય છે. એ જ પ્રમાણે પ્રવેશમણ્ડપના દ્વારમાં લલાટબિમ્બને સ્થાને પણ પૂર્ણકુમ્ભ કંડારેલો નજરે પડે છે. સલ્તનતકાળની મસ્જિદોમાં સ્તમ્ભની ઉપલી પટ્ટિકા પર મણિ–રત્ન કાઢેલાં હોય છે: સ્તમ્ભમાં પુષ્પ કોતરવાનો રિવાજ કદાચ વધારે પુરાણી મસ્જિદોમાં પળાતો હશે.

૯ "The textual sources of Pramāṇamanjarī" નામક લેખમાં લેખક એનો ઉપલબ્ધ મૂળપાઠ આપી ચર્ચા કરનાર છે. પ્રમાણમઞ્જરીકાર સૂત્રધાર મલ્લે એનો ઉપયોગ કર્યો છે.

૧૦ શરૂઆતમાં 'અપરાજિત' પૂછે છે કે "जयपृच्छागमश्चैव कस्मिन् स्थाने जगत्पते" ઇત્યાદિ: જયશાસ્ત્રોત્પત્તિનું સ્થાન હિમવત પર્વત જણાવી વિશ્વકર્મા નીચે મુજબ ઉત્તર આપે છે:

जयः पृच्छति तत्रेहं वास्तुविद्योद्भवं सदा ।
तदिदं कथनीयं च श्रुणु संवादमुत्तमम् ॥ ५ ॥

चतुर्विंशतिसाहस्रसङ्ख्यग्रन्थस्तदाकृतः ।
लिङ्गपीठार्यां निलयवेश्मराजवेश्मादिकम् ॥ ६ ॥

હતી. એવું સૂચન પણ તેમાં મળે છે.[૧૧] "જયપૃચ્છાધિકાર"ના પ્રાપ્ત છૂટા છૂટા અંશોના કંઈ નહી તોયે ૧૫૦૦ જેટલા શ્લોકો શ્રી. પ્રભાશંકર સોમપુરા તેમ જ સામ્પ્રત લેખકને હાથ લાગેલા છે. એ શ્લોકો નાગરિક વાસ્તુવિષયને જ સ્પર્શતા હોઈ અપરાજિતપૃચ્છાકારે નોંધેલી હકીકતને સમર્થન સાંપડી રહે છે, તેમ જ અપરાજિતપૃચ્છાકારની દષ્ટિ સમક્ષ આ મારુગુર્જર 'જયપૃચ્છાધિકાર' ગ્રન્થ હતો તેવું તદ્દન નકારી ન શકાય તેવું પ્રમાણ પણ પરોક્ષ રીતે મળી રહે છે.

આ મારુગુર્જર "જયપૃચ્છાધિકાર"ના અજ્ઞાત રચયિતાની વિશૃંખલ બનેલી અને તાજેતરમાં ઓળખાયેલી એક અન્ય કૃતિ—"વાસ્તુવિદ્યા"—માં પ્રધાનતયા દેવપ્રાસાદ અને પ્રતિમાકરણવિધિના જ વિષયો જોવા મળ્યા છે. કથનવસ્તુનું નોખાપણું હોવા છતાં કાવ્યશૈલી, ભાષા અને રીતિ, તેમ જ એ બન્ને વચ્ચે દેખાતું આશ્ચર્યકારક ધ્વનિસામ્ય જોતાં એ કૃતિઓનું કર્તૃત્વ એક જ વ્યકિતનું હોવાનું સામ્પ્રત લેખકે માન્યું છે. એ ગ્રન્થનું પણ 'જય' અને 'વિશ્વકર્મા'નાં સંવાદરૂપે આયોજન થયું છે. અપરાજિતપૃચ્છાકાર આ "વસ્તુવિદ્યા"થી પરિચિત હતા તે તો તેમણે આ ગ્રન્થમાંથી ઉદ્ધૃત કરેલા કેટલાક શ્લોકો પરથી જણાય છે.[૧૨] "વાસ્તુવિદ્યા" આ પ્રમાણથી નિશ્ચિત થતી ઉત્તરસીમા ઉપરાંત એનાં પોતાનાં આન્તરિક પ્રમાણોના આધારે એનો રચનાકાળ ૧૧મી શતાબ્દીના અન્તભાગનો કે ૧૨મી શતાબ્દીના પ્રારમ્ભનો આંકી શકાય તેમ છે.[૧૩] પહેલાં "વાસ્તુવિદ્યા"ની રચના કરી પછી કદાચ એની પૂર્તિરૂપે અને માલવી ગ્રન્થની સ્પર્ધારૂપે "જયપૃચ્છાધિકાર"ની રચના કરી હોય એવો આછો આભાસ એ ત્રણેની તુલના પરથી ઊઠે છે. એ હકીકતને લક્ષમાં લઈએ તો મારુ-ગુર્જર "જયપૃચ્છાધિકાર"ની રચના ૧૨મા શતકના પહેલા ચરણમાં મહારાજ જયસિંહદેવ સિદ્ધરાજના સમયમાં થઈ હોવી ઘટે. આથી અહીં ચર્ચેલ રહમાણપ્રાસાદનો અધ્યાય જો "જયપૃચ્છાધિકાર"નો જ મૂલભૂત-અંગભૂત હિસ્સો હોય તો એને પણ ૧૨મા શતકના પ્રથમ ચરણ જેટલો જ પ્રાચીન માનવો પડે. આ વાતને અનુમોદન આપતું કે એનો પ્રતિરોધ કરતું કોઈ અવાન્તર પ્રમાણ મોજૂદ ન હોઈ ઉપલબ્ધ પાઠના સૂક્ષ્મતર પરીક્ષણ દ્વારા કોઈ નિર્ણય પર આવી શકાય તેમ છે કે કેમ તે હવે જોઈએ.

(૧) રહમાણ પ્રાસાદનો આ અધૂરો મળેલો અધ્યાય "જયપૃચ્છા"ની વડોદરા પ્રાચ્ય મંદિરની, મોટે ભાગે તો ૧૭મી સદીમાં લખાયેલી હસ્તપ્રતમાં ગવાક્ષલક્ષણાધ્યાયનાં છેલ્લાં ગુમ થયેલાં પાના પછીના ઉપલબ્ધ પાના પર લખાયેલો છે. સદરહુ પ્રતમાં એ પાનાના અન્ત સાથે

---

पुरप्राकारपरिखाप्रतोलीमार्गगोपुरम् ।
अन्योपस्करजातानि वास्तुवेदोद्भवानि च ॥ ७ ॥
जयपृच्छादिशास्त्रं च विश्वकर्मप्रभाषितम् ।
जयस्यकथितं चैतद् भक्ति वात्सल्यतः पुरा ॥ ८ ॥

अपराजितपृच्छा, અ. ૩૪.
(G. O. S. No. CXV Baroda 1950.)

૧૧ એજન શ્લોક ૯'.

૧૨ આ વિષય પરની સવિસ્તર ચર્ચા "વાસ્તુવિદ્યા"ની પ્રસ્તાવનામાં આવનાર છે.

૧૩ એજન.

તૂટતા પાઠ પછી આગળ બીજાં કોઈ જ પાનાં નથી; ને આગળ અન્ય કોઈ વિષય ચર્ચતાં પત્રો હશે કે કેમ તે કહી શકાય તેમ નથી. આ રહમાણપ્રાસાદની સાથે જ જો "જયપૃચ્છાધિકાર"ની સમાપ્તિ થતી હોય તો (જે વાત 'જયે' પૂછેલા પ્રશ્નો નજરમાં રાખીએ તો અસંભવિત જણાતી નથી) આ 'આખરી અધ્યાય' કાં તો પાછળથી કોઈક કાળે કોઈ અન્ય કર્તાએ બનાવી જોડી દીધો હોય, યા તો મૂળ લેખકે પાછળથી સૂઝેલા વિચારને કારણે રચી ઉમેરેલો હોય. મસ્જિદવિધિને લગતું આ પ્રકરણ બ્રાહ્મણીય અને જૈન દેવાલય--દેવપ્રતિમા ચર્ચતા ગ્રન્થ "વાસ્તુવિદ્યા"માં નહીં પણ નાગરિક વાસ્તુવિધિનિરૂપણના ગ્રન્થમાં, મોટે ભાગે તો એના અન્ત ભાગે અપાયું છે એ ઘટના સૂચક છે. જો આ પ્રકરણ પણ સ્વોપજ્ઞ હોય તો એની રચના કરવાનો વિચાર જયપૃચ્છાકારને પાછળથી આવ્યો હોય તેવું આડકતરું સમર્થન મળવા ઉપરાન્ત આર્યધર્મી દેવસ્થાનોથી મસ્જિદને નોખી તારવવાનો ગ્રન્થરચયિતાનો અસંપ્રજ્ઞાત પ્રયાસ હોય તેમ માનવાને કંઈક કારણ રહે.

(૨) 'જય'ના પ્રશ્નોની વિગત તપાસી જોઈએ તો તેમાં વિશ્વકર્માએ રહમાણપ્રાસાદની આ પાઠ-રચના પ્રગટ કરી તેના પૂર્વે ઉપદેશાઈ ગયેલા વૈરાજ્યાદિપ્રાસાદો, બ્રહ્માદિ દેવોના પ્રાસાદો, રાજમહાલયો, ગૃહાવાસો, વાપી—કૂપતટાક ઇત્યાદિનો ઉલ્લેખ છે. એ વર્તુળમાં વિશ્વકર્માના મુખે કહેવડાવાયેલી એ જ વિષયો પરની પૂર્વાચાર્યોની "વાસ્તુશાસ્ત્ર" સરખી કૃતિઓ નિર્દિષ્ટ હોવા ઉપરાંત "વાસ્તુવિદ્યા" તેમ જ "જયપૃચ્છાધિકાર"નો પણ સ્હેજે સમાવેશ થઈ જાય છે; અને અહીં 'જય'ના પ્રશ્નોમાં નિર્દિષ્ટ વિષયો આ છેલ્લા બે ગ્રન્થોને ધ્યાનમાં રાખીને ઉચ્ચારાયા હોય તેવી તારવણી પણ નીકળી શકે તેમ છે. જો એમ જ હોય તો બધું લખાઈ ગયા પછી છેલ્લે મસ્જિદનિર્માણ વિધિ વિષે લખવાનો વિચાર કરી એને 'વાસ્તુવિદ્યાકાર--જયપૃચ્છાકાર' હવે અમલમાં મૂકતા હોય તેવો ભાસ થાય છે.

(૩) પણ ઉપર કરેલ દલીલોથી રહમાણપ્રાસાદવાળો ભાગ પ્રક્ષેપસૂત્ર નથી જ તેવું અસંદિગ્ધપણે સાબિત નથી થતું. સલ્તનત સમયમાં ગુજરાતમાં મોટી સંખ્યામાં બંધાયેલી રાજ્ય-પ્રેરિત મસ્જિદોના ઉપલક્ષમાં એના નિર્માણરહસ્યોને આવરી લેતું શાસ્ત્ર રચવાની આવશ્યકતા ઊભી થઈ હોય અને એ યુગના પ્રભાવાધીન, ઐતિહાસિક પ્રક્રિયાના ઉત્તરરૂપે, સમયાનુકૂળ થવાની વૃત્તિરૂપે આ અધ્યાય રચી તેને છેલ્લે ઘુસાડી દેવામાં આવ્યો હોય તેમ કેમ ન બને ?

(૪) ઉપલા વાદની ઉપેક્ષા કરી શકાય તેમ નથી અને આ પાઠના પરીક્ષણમાંથી પલ્લાને આ બાજુ કે તે બાજુ નમાવનાર પ્રમાણો મળી આવે તો તે તપાસી જોવાં જરૂરી બની રહે છે.

પહેલાં વાત તો એ છે કે આ અધ્યાયમાં રજૂઆતનો તખ્તો તો "વાસ્તુવિદ્યા"માં તેમ જ "જયપૃચ્છા"માં કેટલાક અધ્યાયોના પ્રારમ્ભે જે જોવા મળે છે તેને મળતો જ છે. પણ પ્રશ્નોત્તરીના પોતાના તાણાવાણામાં સ્હેજ ફર્ક પડી જાય છે. સામાન્ય રીતે 'જય' એના પ્રશ્નો "કિં," "કસ્મિન્" લગાવતાં લગાવતાં પૂછયે જાય છે, જ્યારે અહીં પ્રશ્નની એ રીત છોડી દીધી છે. ઉત્તર દેતી વખતે પણ વિશ્વકર્મા સામાન્ય રીતે "સાધુ સાધુ વત્સ" અને "યન્મયા-પરિપૃચ્છતિ," "વાસ્તુપ્રજ્ઞવિશારદ," ઇત્યાદિ સંબોધનોથી સંભાષણ શરૂ કરે છે, જ્યારે અહીં "શ્રૃણુપુત્ર પ્રયત્નેન સર્વશાસ્ત્ર વિશારદ" એવી પદરચના જોવા મળે છે. આ એક તફાવતને બહુ

મહત્ત્વ ન આપીએ તો વિશ્વકર્માના ઉત્તરરૂપે રચાયેલાં પદો અને "વાસ્તુવિદ્યા" તેમ જ "જયપૃચ્છાધિકાર"નાં અન્ય પદો વચ્ચે સંપૂર્ણ ધ્વનિસામંજસ્ય અને વર્તનાસામ્ય છે. બીજી બાજુ ૧૫મા શતકમાં થયેલી અન્ય વાસ્તુરચનાઓ સાથે તુલના કરતાં એ પાઠની ભાષા સ્પષ્ટ-પણે જુદી પડી જાય છે, પુરાણી ભાસે છે. રાજસ્થાન–ગુજરાતના વર્તમાન સ્થપતિઓના વ્હાલસોયા, પરમાદરણીય, ચરટક્રિયાચતુરમલ્લ સૂત્રધાર મણ્ડન કે એના લઘુ બન્ધુ અમૌલિક નાથુના ગ્રન્થોની કે એ યુગના "ક્ષીરાર્ણવ–વૃક્ષાર્ણવ" જેવા ગ્રન્થોની રચનાશૈલી, શબ્દાયોજન, લય અને ધ્વનિ અલગ પ્રકારનાં, ઘણી જ સામાન્ય કોટિનાં છે. જોકે જયપૃચ્છાકારની ભાષા "સમરાઙ્ગણસૂત્રધાર" કે "રેખાર્ણવ" જેવી ઉચ્ચ, શબ્દવૈમલ્યયુક્ત નથી; છે તો તદ્દન સાદી અને સરળ; પણ અનુષ્ટુભ છન્દને બાંધતી વખતે તેમાં પદાન્તે વરતાતો અનુનાસિક ધ્વનિ તેમ જ પ્રાસાનુપ્રાસ એની ખાસ વિશિષ્ઠતા છે. પદ્યનો મુસદ્દો પણ એની અનોખી રીતે ઘડાયેલો જોવા મળે છે અને સો ગ્રન્થો વચ્ચે પણ એને ઓળખી શકાય છે. એટલે જો આ અધ્યાય પાછળથી દાખલ કરવામાં આવ્યો હોય તો તેમ કરનારે 'વાસ્તુવિદ્યાકાર–જયપૃચ્છાકાર'ની ભાષાની સાવધાનીપૂર્વક, અસાધારણ કૌશલપૂર્વક નકલ કરી છે તેમ કહેવું જોઈએ. હકીકતમાં સારાયે પાઠમાં ક્યાંયે કૃત્રિમતા દેખાતી નથી.

(૫) પણ આ પાઠ પાછળથી ઉમેરાયો હોય તેવી શંકા 'રહમાણપ્રાસાદ' શબ્દને કારણે ઊભી થઈ શકે. સોલંકીયુગમાં મસ્જિદને રહમાણપ્રાસાદ કહેતા કે કેમ તેનું કોઈ પ્રમાણ નથી. ૧૫મી શતાબ્દીના મધ્યભાગે રચાયેલા "વૃક્ષાર્ણવ"માં એ શબ્દ મળે છે તે વિષે અગાઉ કહેવાઈ ગયું છે. સર્વાનન્દસૂરિ–વિરચિત "જગડુચરિત"(તેરમા શતકનું ત્રીજું ચરણ)માં જગડુશાહે બંધાવેલ મસ્જિદને **મસિતિ** કહી છે. પ્રભાસપાટણની વિ. સં. ૧૩૨૦ (ઈ. સ. ૧૨૬૪)માં નુરુદ્દીન પિરોજે બંધાવેલ મસ્જિદના સંસ્કૃત શિલાલેખમાં તો મસ્જિદનો **મિજિગિતિ ધર્મ્મસ્થાન** તરીકે ઉલ્લેખ થયો છે, **રહમાણપ્રાસાદ તરીકે નહીં.**[૧૪] પણ આ વાંધાનો ખુલાસો બીજી રીતે થઈ શકે તેમ છે. વાસ્તુશાસ્ત્રોમાં દેવમન્દિરને 'પ્રાસાદ' તરીકે સંબોધવામાં આવે છે. સૂર્યના મન્દિરને 'સૂર્યપ્રાસાદ', શિવાલયને કેટલીક વાર 'શિવપ્રાસાદ' અને જિનાલયને 'જિનપ્રાસાદ' પણ કહેવામાં આવે છે. આ પ્રણાલિકા અનુસાર ઇસ્લામીઓના આરાધ્યદેવ—રહમાન—ના નામ પરથી મસ્જિદને 'રહમાણપ્રાસાદ' કહે તો એ વાસ્તુશાસ્ત્રકારોની સંબોધન-રીતિ સાથે પૂર્ણ રીતે સુસંગત છે, અને એ રીતિ ૧૫મા શતકથી કંઈ સદીઓ જેટલી પુરાણી છે. મસ્જિદોમાં એ યુગમાં પણ આજની જેમ મુલ્લાંઓ 'રહમાન'ને સંબોધી બાંગ પુકારતા હશે. એ રહેમાન શબ્દ પકડી લઈ, મુસ્લિમોના અમૂર્તદેવનું એ નામ હશે એવી કલ્પના કરી મસ્જિદને રહમાણપ્રાસાદ નામ આપી દીધું હોવાની અટકળ કરી શકાય.

(૬) આ પાઠમાં આવતું વર્ણન કયા કાળની મસ્જિદને લાગુ પડી શકે તેમ છે તે જોઈએ. આ પાઠ અધૂરો છે તે વાત સ્મરણમાં રાખી એની મર્યાદામાં રહી આ સમસ્યાના ઉકેલમાં સહાયરૂપ કડીઓ મેળવવા પ્રયાસ કરીએ. એકાંગી તળરચના, પૂર્વાભિમુખત્વ, અને મહેરાબની

---

૧૪ આચાર્ય, ગિરજાશંકર વલ્લભજી, **ગુજરાતના ઐતિહાસિક લેખો,** ભાગ ૩, મુંબઈ, ૧૯૪૨, પૃ. ૬૦–૬૧. મૂળ શિલાલેખને શ્રી હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રીએ સારી રીતે તપાસેલો હોઈ એમની નોંધનો પણ લેખકે અહીં સાભાર ઉપયોગ કર્યો છે.

હાજરી એ તો સંસારની સૌ મસ્જિદોનું, અને ભિટ્ટ, મંડોરો અને મથાળે કાંગરા હોવાં એ તો બધા જ કાળની ભારતીય મસ્જિદોનું એક સામાન્ય લક્ષણ હોઈ એના આધારે કંઈ સમયાંકન ન થઈ શકે. મિહરાબ અને પુષ્પકનો સંબંધ પણ ભારતની સૌ પ્રાચીન–અર્વાચીન મસ્જિદોમાં જોવા મળે છે.

(૭) પણ બીજી બાજુ વીથિકાઓના ચોકીપદની જે સંખ્યા બતાવી છે તે કાળ-નિર્ણયમાં થોડીક સહાયભૂત બની શકે તેમ છે. જોકે પાઠમાં ચોકીપદ અને મસ્જિદના માનનો સંબંધ બતાવ્યો નથી તોપણુ વાસ્તુના અભ્યાસીઓ સમજી શકે તેવી વાત છે કે મસ્જિદ કનિષ્ઠ-માનની હોય તો તે માટે બે, મધ્યમાનની હોય તો ત્રણ અને ઉત્તમમાનની હોય તો પાંચ ચોકીપદ કરવાં જોઈએ, એવી શાસ્ત્રાજ્ઞા ત્યાં અપેક્ષિત અને અધ્યહાર છે. કંઈ નહીં તો યે શાસ્ત્રકાર પાંચથી વધુ ચોકીપદનું બંદગીઘર બનાવવાનો ઉપદેશ કરતા નથી અને એમના કાળમાં પાંચથી વધારે ક્ષણુપદોની મસ્જિદ બનતી હોત તો " सप्तं च नन्दं च वापि कुर्यात्तु रुद्र पर्यन्तम् " જેવો પરાકાષ્ટા-દર્શક જોગવાઈવાળો વિશેષ નિયમ એમણે જરૂર બતાવ્યો હોત. ગુજરાતની વિદ્યમાન મોટી મસ્જિદોમાંનાં પ્રાચીનતમ ઉદાહરણો શાસ્ત્રકારે બતાવેલ નિયમથી ( માનને મુકાબલે ) વધારે ક્ષણુપદો બતાવે છે. જેમ કે ઈ. સ. ૧૩૨૫માં બંધાયેલી ખંભાતની ઉત્તમમાનની આલિશાં જુમા મસ્જિદમાં પાંચ નહીં પણ સાત ચોકીપદ અને એ પછી થોડાં જ વર્ષોમાં—ઈ. સ. ૧૩૩૩માં— બંધાયેલી ધોળકાની હિલાલખાન કાજીની મધ્યમમાનની મસ્જિદમાં ત્રણને બદલે પાંચ ચોકીપદ જોવા મળે છે. એ પછી સલ્તનત સમયમાં જોઈએ તો અમદાવાદની સૌથી મોટી અને પુરાણી મસ્જિદો માંહેની એક—જુમા મસ્જિદ ( ઈ. સ. ૧૪૨૨ )—અને ચાંપાનેરની ઠીક ઠીક પ્રમાણુમાં મોટી પણ મધ્યમ માનમાં ગણી શકાય તેવી જુમા મસ્જિદ ( ઈ. સ. ૧૪૮૫ )—માં તો અનુક્રમે નવ અને અગ્યાર જેટલાં ચોકીપદો જોવા મળે છે. ચાંપાનેરની મસ્જિદ ધોળકાની મસ્જિદથી થોડી મોટી ખરી પણ ખંભાતની મસ્જિદથી જરા નાની છે, તેમ છતાં તેમાં અગ્યાર જેટલાં— ઘણી મોટી સંખ્યામાં—ક્ષણુપદ કરવામાં આવ્યા છે. આ અતિક્રાન્તતાને લક્ષમાં લઈએ તો ‘ જયપૃચ્છા ’નો પાઠ સલ્તનત સમયથી પુરાણો માનવા માટે પૂરતું કારણુ મળી રહે છે; એટલું નહીં, સાત ક્ષણુપદોની વાત પણ શાસ્ત્રકારે કરી ન હોઈ ખંભાતની મસ્જિદ( ૧૩૨૫ )થી પણ આ પાઠ જૂનો માનવો જોઈએ.

( ૮ ) બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે આ પાઠમાં મિનારનો કયાંયે ઉલ્લેખ થયો નથી. અહીં એમ કહી શકાય કે લુપ્ત થયેલા ભાગમાં કદાચ તેની વાત આવતી હશે. પણ ‘ જય ’ પોતાના પ્રશ્નમાં મિનાર વિષે સંપૂર્ણ મૌન સેવે એ ઘટના સૂચક ગણવી જોઈએ; " कथं विधि मिनारस्य " એવી પૃચ્છા ‘ જય ’ દ્વારા થયેલી નથી એ વાત જોતાં નષ્ટ થયેલા પાઠ ભાગમાં મિનારની રચનાનાં પદો આવતા હોવાનો સંભવ ઘણો જ ઓછો છે. આ મુદ્દાનું પણ સમયાંકનમાં મૂલ્ય છે. એ સમજવા માટે મિનારના ઇતિહાસમાં થોડું ઊંડા ઉતરવું આવશ્યક બની રહે છે.

મિનારનું પ્રભવસ્થાન મધ્યપૂર્વમાં સિરીયા અને મિસરમાં હતું અને ત્યાં આઠમા શતકમાં તેનો પ્રારમ્ભ થઈ ચૂકયાનાં પ્રત્યક્ષ પ્રમાણો છે; પણ એનાં વિકાસક્રમ અને પ્રસારની વિગતોમાં ન ઊતરતાં પુરાણી ભારતીય મસ્જિદોના અનુલક્ષમાં જરૂરી હોય તેટલું જોઈ જવું એ અહીં કરવા ધારેલી ચર્ચાને ઉપકારક છે.

એ અંગે વિચારીએ તો ભારતમાં સૌથી પુરાણો મિનાર તો દિલ્હીમાં ગુલામવંશી કુતબુદ્દીન ઐબકે બારમા શતકના અન્ત ભાગે ‘ કૌવતે ઇસ્લામ ’ મસ્જિદના ઉપલક્ષમાં બંધાવેલ વિશ્વવિખ્યાત ‘ કુતબમિનાર ’ જ હોય તેવો સર્વસંમત અભિપ્રાય છે. ગ્હઝનામાં બારમા શતકના પૂર્વાર્ધમાં સુલ્તાન મસૂદ અને શાહ બહેરામે બંધાવેલ મિનારાઓની રચનાનો વારસો કુતબને મળ્યો છે. કુતબ પાછળ ગ્હઝનીની પ્રેરણા દેખાઈ આવે છે. તે પછી તુરત જ અજમેરની ‘અઢાઈ દિનકા ઝોંપરા ’ના નામથી ઓળખાતી કુતબુદ્દીન ઐબકે જ ઈ. સ. ૧૨૦૫ આસપાસ બંધાવેલી મસ્જિદના પૂર્વના મોવાડના ખૂણે દિવાલ ઉપર બેસાડેલ મિનારાઓ આવે છે. ત્યાર બાદ થોડા વર્ષે અલ્તમશે તે જ મસ્જિદમાં પ્રવેશ માર્ગે ઉમેરેલા મક્સુરાની વચલી કમાનના કાંગરા પાછળ ખડા કરેલ મિનારા જોડીના અવશિષ્ટ રહેલા ભાગને મૂકી શકાય.

ગુજરાતમાં તો વાઘેલા યુગનાં અન્તિમ વર્ષોમાં બંધાયેલ જૂનાગઢની માઈ ગઢેચીની મસ્જિદ જેવો એકાદ નાનો સૂનો અપવાદ બાદ કરીએ તો ઈ. સ. ૧૩૨૫ પહેલાંના કાળે બંધાયેલી તમામ મસ્જિદો નષ્ટ થઈ ચૂકી છે. ગુજરાતની મસ્જિદોમાં મક્સુરાને દિલ્હી–અજમેરના જૂના નમૂનાઓમાં જોવા મળે છે તે પ્રમાણે છૂટો ન રાખતાં વીથિકાઓની આડચ રૂપ અને ઈબાદતખાનાનાં—બંદગીઘર—ના અંગરૂપે, એના સંઘટ્ટન સાથે એકરસ બનેલ ભાગરૂપે રજૂ કરવામાં આવે છે.[૧૫] ખંભાત અને ધોળકાનાં આગળ ઉલ્લિખિત દષ્ટાન્તોમાં તેમ કરેલું દેખાય છે. હવે આ બન્ને પુરાણી મસ્જિદોમાં મકફસુરાની વચલી મોટી મહેરાબની બરોબર ઉપર, કાંગરા પાછળ અગાસીમાં મિનારની પ્રતીકરૂપ જોડી ઊભી કરેલી છે. ખંભાતના એ નાનકડા, વળીદાર, શંકુ ઘાટના મિનારાઓ કુતબ્‌મિનારની બૃહદ્‌ આકૃતિનું ઝાંખું ઝાંખું સ્મરણ કરાવે છે, જ્યારે ધોળકાના વળીદાર મિનારાઓ ઊભડક છે અને કંઈક અંશે અજમેરના મિનારાને મળતા આવે છે. મિનારાનું કોઈ વિશેષ મહત્ત્વ આ બન્ને જાજરમાન, અત્યંત મહત્ત્વની પુરાણી મસ્જિદોમાં દેખાતું નથી એટલું જ નહીં, માંગરોળની ઈ. સ. ૧૩૬૪માં બંધાયેલી જબરજસ્ત જુમા મસ્જિદના મક્સુરાની મોટી મહેરાબ પર મિનારાનો સંકેત કરતી થાંભલીઓ એ કાળે પણ મિનારાના કોઈ સવિશેષ મહત્ત્વનું સૂચન કરતી નથી.[૧૬] એનો અર્થ એ થયો કે ચૌદમા શતક સુધી તો મિનારને ગુજરાતમાં મસ્જિદરચનામાં લાંબું વજન મળ્યું નથી અને સંભવ તો એવો

---

૧૫ જોકે મક્સુરા વગરની પણ ઘણી મસ્જિદો ગુજરાતમાં બનતી રહેલી છે. જૂનાગઢની માઈ ગઢેચીની મસ્જિદ (તેરમા શતકનો અન્ત ભાગ), ધોળકાની ટાંકા મસ્જિદ (ચૌદમા શતકનો પૂર્વાર્ધ,), ભરૂચની જુમા મસ્જિદ (ઈ.સ ૧૩૭૫), માંગરોળની રાવળી મસ્જિદ (ઈ.સ. ૧૪૦૧), અમદાવાદની રાણી સીપ્રીની મસ્જિદ (૧૫મા શતકનું અન્તિમ ચરણ) ઇત્યાદિ. સામાન્ય રીતે મધ્યમ કક્ષાની અને નાની મસ્જિદો મક્સુરા વિનાની બનાવતા હોય તેમ લાગે છે. અને એમાં વધારે પુરાણી, ગુજરાતની આદિમ મુસ્લિમ પ્રણાલિની છાયા જળવાઈ રહી છે.

૧૬ અમદાવાદની અહમદશાહના સમયમાં ઈ. સ. ૧૪૨૨ આસપાસ બંધાયેલી હૈબતખાનની મસ્જિદમાં એ પુરાણી પ્રથાના અન્તિમ દૃષ્ટાંત જેવાં બે ચિમનીઘાટના વળી વગરના પણ ચુડીવાળા મિનારાની જોડી વચલી મહેરાબને મથાળે ગોઠવેલી છે, જ્યારે મિનારસ્થાને માંગરોળના દૃષ્ટાન્ત જેવી થાંભલીઓ ધરાવતી પણ મથાળે ઝીણી કાંગરી અને ઘણ્ટા ધરાવતી માંડલ ગામની સલ્તનત યુગના આરંભ સમયની સૈય્યદી મસ્જિદ અને તૂટેલ મથાળાવાળા ગોળ થાંભલી જેવા ત્યાંની જુમા મસ્જિદના મિનારાઓ પણ આ જ વાતનું સમર્થન કરે છે.

છે કે તે પહેલાંની ગુજરાતની મસ્જિદોમાં મિનારાઓને કદાચ સ્થાન ન પણ હોય.[17] એક વાત ચોક્કસ છે કે મિનારાઓને વ્યક્તિત્વ અને ભવનભૂમા તો સલ્તનત કાળમાં જ પ્રાપ્ત થયેલાં. અમદાવાદની અહમદશાહની મસ્જિદ( ઈ. સ. ૧૪૧૨ )માં મિનારવિકાસનાં પગરણ શરૂ થયેલાં વરતાય છે. ત્યાં, ગુજરાતમાં સલ્તનતકાળની મસ્જિદોમાં જોવા મળે છે તેમ મક્કૂસુરાની મોટી મહેરાબની બન્ને બાજુ નીચે, છેક ફરશબંધીથી જ ચણતર શરૂ થઈ મિનારાઓ મહેરાબને વટાવી આકાશ તરફ ગતિ કરે છે.[18] તે પછી ત્યાંની જુમા મસ્જિદમાં એનો થોડો વિશેષ વિકાસ દેખાય છે.[19] જે મહત્ત્વ બ્રાહ્મણીય અને જૈન મન્દિરોમાં શિખરને હોય, ગિરજાઘરોમાં 'સ્પાયર' અને 'સ્ટીપલ'નું હોય તે જ મહત્ત્વ મસ્જિદોમાં મિનારનું હોય છે, એ તો સુવિદિત છે. અને એમાંયે ગુજરાતની સલ્તનતકાળની મસ્જિદોમાં તો મારુ–ગુર્જર દેવાલય સ્થાપત્ય પરમ્પરામાંથી તત્ત્વો ગ્રહી સંસારભરમાં બેનમૂન, સુષમા અને શોભનસંકુલ મિનારાઓની રચના થયેલી છે એ વાત પર ભાર દેવાની ભાગ્યે જ આવશ્યકતા હોય. જો આ પાઠ સલ્તનત યુગમાં રચાયો હોત તો શાસ્ત્રકારને મિનારવિધિનું વિગતે વિવરણ કર્યા વિના છૂટકો જ ન થાત. આ મુદ્દો લક્ષમાં લઈએ તો આ પાઠ મિનારને ગુજરાતમાં પ્રાપ્ત થયેલ મહત્ત્વ પહેલાં રચાઈ ચૂક્યો હોવાની ઘેરી આશંકા ઉત્પન્ન કરે છે.[20]

---

૧૭ કુતબમિનાર એ ભારતનો સૌથી પુરાણો મિનાર હોય તો ગુજરાતમાં દેખીતી રીતે જ 'જયપૃચ્છા'ની રચનાકાળે મિનારની કલ્પના ન પણ થઈ હોય. પણ ગુજરાતનો મધ્યપૂર્વ સાથે બંદરો દ્વારા સીધો સંપર્ક હતો અને ત્યાંથી મુસ્લિમો આવજા કરતા હતા એ વાતના પ્રકાશમાં આ બાબત પર બહુ જોર દેવાથી ફાયદો નથી.

૧૮ દુર્ભાગ્યે આ મસ્જિદના મિનારાઓનો ઉપલો ભાગ નષ્ટ થયો છે. એનો નીચેનો ભાગ બ્રાહ્મણીય મન્દિરના રંગમણ્ડપનાં ઘટકતત્ત્વોથી બનાવ્યો છે. પછી ઉપર જ્યાં મણ્ડપનું છાપરું શરૂ થાય ત્યાંથી ઈસ્લામી વાસ્તુઘાટ–વળીદાર જંઘા–કરી છે.

૧૯ આ જુમા મસ્જિદના મિનારાઓનો ઉપલો ભાગ ધરતીકમ્પમાં નષ્ટ થયો છે. પણ એના જૂના ચિત્રાલેખન પરથી જણાય છે કે ઉપલો ભાગ વળીદાર જંઘાઓને વચ્ચે વચ્ચે બન્ધરૂપ નાની ગોળ ગેલેરીઓથી બનેલો હતો, જ્યારે નીચલા ભાગમાં મન્દિરના મંડોરાના છાદ્ય સુધીનાં અંગો કરેલાં છે. પીઠના ઘાટોમાં અને જંઘામાં રૂપકર્મને તેમ જ ભદ્ર દેવતાને સ્થાને કલ્પવલ્લી કરેલી છે.

૨૦ उर्ध्वे फांसा (ज्ञाति ?) यस्ये रहिमान स उच्यते ॥ १६ ॥ વાળું પદ જરા વિચારણા માગી લે છે. "ઉપરના ફાંસના જાતિનું કરવું; તેને રહિમાન કહેવામાં આવે છે" આ વિધાન સંદિગ્ધ છે. ઉપર ફાંસા જાતિનું છપ્પર કયાં કરવું ? અને એને વળી રહિમાન કઈ રીતે કહી શકાય ? આ છાપરું ઈબાદતખાનાની વચલી અટ્ટાંશ ઉપર કરવાની વાત હશે ? પણ ગુજરાતની અસ્તિત્વમાં રહેલી તમામ પુરાણી મસ્જિદોમાં કયાંયે એ સ્થાને ફાંસના કરેલી દેખાતી નથી; ત્યાં તો ફાંસના સંવરણાના આચ્છાદન વગરની, કરોટક( કલાડિયા )ની નગ્ન કાચલી જ જોવા મળે છે. પણ પ્રશ્ન એ ઊભો થાય છે કે એને રહિમાન કેવી રીતે કહેવાય ? એક શકયતા એવી છે કે એ પાઠમાં 'રહિમાન' શબ્દને સ્થાને 'તત્મિનાર' જેવો શબ્દ હશે ? ગુજરાતી મિનારાઓમાં મથાળે ટોચ ભાગે ફાંસના કરવામાં આવે છે. પાઠના પ્રારમ્ભનો 'ઊર્ધ્વે' શબ્દ સ્થાનસૂચક હોઈ મિનારાને લાગુ પડી શકે. આમાં માત્ર ફાંસનાકૃતિની જ વાત છે. સુપરિચિત એવી મિનારની સમગ્ર દેહાકૃતિનો નિર્દેશ નથી; આથી મિનારનું આવું સ્વરૂપ ચોક્કસ ધોળકાના નમૂનાઓ કરતાં પુરાણું માનવું જોઈએ. એનો અર્થ એટલો જ થાય કે ગુજરાતમાં મિનારનો ખ્યાલ તો પ્રવેશી ગયેલો હશે પણ સ્વરૂપની ખિલાવટ બિલકુલ નહોતી થઈ. ઉપર સૂચવ્યા મુજબના સુધારા પ્રમાણે મૂળપાઠમાં મિનારનો ઉલ્લેખ હોય તોપણ એની અસર આ પાઠના સમયાંકન પર ખાસ થઈ શકતી નથી.

(૯) હવે છેલ્લી વાત એ છે કે આ પાઠને 'જયપૃચ્છા'નો અસલી ભાગ માની એને બારમા શતકના પ્રારમ્ભે મૂકવાના પ્રયાસને ઐતિહાસિક અને સાંસ્કૃતિક પ્રમાણોનો ટેકો છે ખરો? ઈ. સ. ૧૨૯૮-૧૩૦૦માં થયેલા અલફખાનના આક્રમણ, બ્રાહ્મધર્મી વાઘેલા વંશના શાસનનો અન્ત અને મુસ્લિમ શાસનના પ્રારમ્ભ પહેલાં ગુજરાતમાં બહુ મોટી નહીં તોયે ગણનાપાત્ર સંખ્યામાં મુસ્લિમો વસતા હતા ખરા? અને સાથે સાથે મસ્જિદો પણ ઠીક સંખ્યામાં બંધાઈ હતી ખરી? હિન્દુ શિલ્પીઓને જો મસ્જિદ બાંધવા માટે મુસ્લિમો તરફથી સોલંકીયુગમાં પ્રશ્રય મળેલો હોય તો જતે દહાડે તેઓ વાસ્તુશાસ્ત્રમાં મસ્જિદોને સ્થાન આપવાનું વિચારી શકયા હોય એવી શકયતા પશ્ચિમ ભારતના સહિષ્ણુ વાતાવરણમાં જરૂર રહેલી છે: આવાં કોઈ પ્રમાણો ઉપલબ્ધ છે ખરાં?

પ્રભાસની નુરૂદ્દીન પિરોજની મસ્જિદ કે જૂનાગઢની માઈ ગઢેચીની મસ્જિદ ઈ. સ. ૧૨૯૮ના મુસ્લિમ આક્રમણ પહેલાંનાં ઉદાહરણો હોવા છતાં એ બન્ને 'જયપૃચ્છા'ના સૂચિત કાળ કરતાં લગભગ દોઢસોએક વર્ષ બાદ અસ્તિત્વમાં આવેલાં હોઈ, પ્રમાણ તરીકે એ બન્નેને આગળ ધરી શકાય નહીં; પણ તાજેતરમાં થયેલાં સંશોધનોએ બતાવ્યું છે કે મુસ્લિમો તો ગુજરાતમાં મહમૂદ ગઝનવીના આક્રમણ પહેલાં પણ વસતા હતા. ખંભાતની 'સદરે અવ્વલ' મસ્જિદ અગ્યારમા શતક પહેલાં બંધાઈ ચૂકેલી. એના સિદ્ધરાજ જયસિંહના સમયમાં થયેલા નાશ અને સિદ્ધરાજે મુસ્લિમોને આપેલી સહાયની વાત 'અવ્ફી'ની કેફીયત "જમિ–ઉલ–હિકાયત" દ્વારા સુવિદિત છે. એ સિવાય આશાપલ્લિ (અમદાવાદ)માં ઈ. સ. ૧૦૫૩ (હિ. સ. ૪૪૫)માં મસ્જિદ બંધાયાનું પ્રમાણ છે.[૨૧] ભરૂચમાં પણ એક મસ્જિદ ઈ. સ. ૧૦૬૬-૬૭માં બંધાઈ હોવાની શકયતા છે.[૨૨] મુસ્લિમ પ્રવાસીઓ અને ધર્મપ્રચારકો ગુજરાતના કાંઠાના ભાગોમાં એ જમાનામાં આવ-જા કરતા એવી નોંધો મળે છે.[૨૩] આ વાત લક્ષમાં લઈએ તો "જયપૃચ્છા"નો મસ્જિદવિધિનો પાઠ કોઈ સાંસ્કૃતિક શૂન્યાવકાશમાં નહીં પણ આજે આપણે કલ્પી શકીએ તેનાથીયે વિશેષ, ગુજરાતના એ કાળના પરિસરમાં રહેલા જીવન્ત, અસરકારક ઈસ્લામી તત્ત્વની એક ઘટક તરીકેની ઉપસ્થિતિમાંથી ઉદ્ભવ્યો છે.

(૧૦) 'રહમાણ'નો ઉલ્લેખ "જયપૃચ્છા"નાં ઉપલબ્ધ પ્રકરણોમાં અન્ય ત્રણેક છૂટા છૂટા સ્થાને થયેલો છે એ વાતને ઉપલી તમામ દલીલોના અન્તિમ સમર્થનમાં સબળ પ્રમાણ તરીકે

---

૨૧ જુઓ CHAGTAI, M.A., "The Earliest Muslim Inscription in India from Ahmedabad," **Proceedings of the Indian History Congress**, Vol. III, 1939, p. 647. આ શિલાલેખ અમદાવાદની જમાલપુરાની કાચની મસ્જિદમાં મળી આવ્યો છે.

૨૨ જુઓ દરગાહવાલા, ઇમામુદ્દીન, "ગુજરાતમાં આવેલા આરંભિક મુસ્લિમ પ્રચારકો", **'વલ્લભવિદ્યાનગર સંશોધનપત્રિકા'**, પુસ્તક ૧, અંક ૨, પૃ. ૬૨.

૨૩ દરગાહવાલા નોંધે છે: "સૈયદવલી મુહમ્મદના કથન મુજબ હિ. સ. ૪૬૫ (ઈ. સ. ૧૦૭૨)માં ગુજરાતમાં દઅવત(પ્રચાર)નો આરંભ થયો હતો. સૈયદી ખોજ બીન મલકના બ્યાન અનુસાર હિ. સ. ૪૬૭ (ઈ. સ. ૧૦૭૪)માં બિલ્હામુલ્લાહ (બિઈલ્હામુલ્લાહ?) નામના એક ઉપદેશક પણ ગુજરાતમાં આવ્યા હતા અને લાંબો વખત સુધી રહ્યા હતા; પણ તેમને તેમના પ્રચારકાર્યમાં ભાષાકીય મુશ્કેલીઓ નડયાના કારણે સફળતા મળી શકી ન હતી." (એજન પૃ. ૬૪).

આગળ કરી શકાય તેમ છે. બે જગ્યાએ દીપસ્થાનના ઉપલક્ષમાં તેનો ઉલ્લેખ થયેલો છે;[૨૪] અને તે પછી પ્રનાલવિધિના અધ્યાયમાં પણ થયો છે.[૨૫] આ શ્લોકો તેનાં સન્દર્ભ તેમ જ ભાષા તપાસી જોતાં બનાવટી હોય તેવો જરાયે ભાસ થતો નથી.

એટલે જો આ મસ્જિદવિધિના પાઠને સલ્તનત સમયનો ગણાવવાનો પ્રયાસ થાય તો એને જ નહીં, સમગ્ર "જયપૃચ્છા" ગ્રન્થને પણ ૧૫મી સદીનો ગણવો પડે; જેમ કરતાં આપણને અલબત "અપરાજિતપૃચ્છા" રોકે છે. આગળ ચર્ચી ગયા તે ભાષા અને શૈલીના મુદ્દા, તેને ટેકો

---

૨૪ जयोवाच ।

दीपवेश्मं कथं देव कस्मिन् स्थाने निवेशनम् ।
ततो परिकृतार्थाय रूपलक्षणं (वच ?) प्रभो ॥ १ ॥

श्री विश्वकर्मोवाच ।

गजशालाश्वशालायां नृपवेश्मगृहेऽपि वा ।
सभामण्डपनृत्याये प्रतोल्या विविधैः मतो ॥ २ ॥

दानशालां जैनशालां वापी कुपेषु वारुणे ।
विद्यामण्डप सुरसद्मे रहमाणे तथा विधि ॥ ३ ॥

छन्दै प्रकुर्वीतं + + तत्तु कुर्यात् दीपासनम् ।

જય કહે છે:

દીવો મૂકવાનો ગોખલો કયાં મૂકવો તે કહો (અને) તેનાં રૂપ લક્ષણ વિષે પ્રભો, કહો.

વિશ્વકર્મા કહે છે:

હાથીખાનું, ઘોડાર, રાજમહાલય, (સામાનિકોના) ઘર વિષે તથા સભામણ્ડપ, નૃત્યમણ્ડપ; વિવિધ પ્રકારની પોળો, તેમ જ દાનશાળા, જૈનશાળા, વાવ, કૂવા, તળાવને વિષે, નિશાળ, દેવાલય, અને **રહમાણ**(મસ્જિદ)માં વિધિ છન્દ અનુસાર......દીવાનો ગોખલો કરવો.

दीपस्थानं विधियुक्तौ तथा देवालये श्रृणु ।
दानशाला जैनशाला वापी कूपेषु वारुणे ॥
विद्यामण्डप सुरगृहे **रहमाणे** गवाश्रमे ।
भित्तियुक्तौ प्रकर्तव्यं आलये शुभलक्षणम् ॥

"(અને હવે) જુદા જુદા પ્રકારના દીવો મૂકવાના ગોખલાઓ દેવસ્થાનોમાં (કરવાની) વિધિ સાંભળ. દાનશાળા, જૈનશાળા, વાવ, કૂવા, તળાવ, નિશાળ, તથા દેવાલયે (અને) મસ્જિદ તેમ જ ગૌશાળામાં ભીંતમાં સારા લક્ષણવાળો દીવાનો ગોખલો કરવો."

આગળના પ્રકરણવાળા દાનશાલાથી શરૂ થતા શ્લોકનું સ્હેજ ફર્ક સાથે અહીં પુનરાવર્તન થયું છે. આ અધ્યાયમાં પ્રારમ્ભના શ્લોકો ઊડી ગયા હોવાથી શ્લોકોનો ક્રમ આપી શકાય તેમ નથી.

૨૫ चतुश्रयं च विप्राणां अष्टाश्रं वै च क्षत्रिये ॥ ६ ॥

षडाश्रं च वैश्यलोके वृत्तं च शुद्रजातयोः ।
अष्टांशं षोऽशं वृत्तं राज्ञां सुरसद्मयोः ॥ ७ ॥

આપતાં મસ્જિદની અંગરચનાનાં દાર્શનિક પ્રમાણો, અને ઐતિહાસિક—સાંસ્કૃતિક પાશ્ચાદભૂનાં અપ્રતિકૂળ પ્રમાણોનો આધાર અને છેવટે "જયપૃચ્છા"ના અન્તરંગમાં અન્યત્ર ઓછામાં ઓછું ત્રણ સ્થાને મળતા ઉલ્લેખ પરથી ચર્ચા હેઠળના પાઠને 'જયપૃચ્છા'નો જ અસલી ભાગ માની એની રચના બારમા શતકના આરમ્ભના ચરણમાં મૂકવામાં આવે તો તેની સામે વિરોધ કરી શકાય તેવું હાલની પળે તો જણાતું નથી.

ભારતના કોઈ વાસ્તુગ્રન્થમાં મસ્જિદવિધિનો પાઠ હોવાનું જાણ્યું નથીઃ અને મસ્જિદ-નિર્માણને લગતું કોઈ શાસ્ત્ર ફારસી-અરબીમાં મધ્યયુગમાં કે તે પછીથી રચાયું હોય તેવી માહિતી પણ અદ્યાવધિ મળી નથી.[૨૬] એ વાત પર ભાર મૂકીએ તો રહમાણપ્રાસાદ-નિર્માણના સંસ્કૃત પાઠની થયેલી લબ્ધિમાં ગુજરાત અને ભારતના વિદ્વાનોને રસ પડવા ઉપરાન્ત ઈસ્લામી સ્થાપત્યના વિશ્વસમસ્તના અભ્યાસીઓની દૃષ્ટિએ એ વસ્તુ મહત્ત્વપૂર્ણ મનાય એવી શકયતા છે.

## સન્દર્ભસૂચિ


1 **COUSENS, H.,** Somnāth and other Mediaeval Temples in Kāthiawād, **ASI ( IS ), XLV, 1931.**

2 **BURGESS, JAMES,** Muhammadan Architecture of Gujarāt, **ASWI, VI, ASI ( NIS ), XXIII, 1896.**

3–4 **BURGESS, JAMES,** Muhammadan Architecture of Ahmedabad, **ASWI, VII, ( NIS ), XXIV, 1900 and Part II, XXXIII, 1905.**

5 **BROWN, PERCY,** Indian Architecture ( Islamic Period ), Fourth Ed,. Bombay 1964.


**નોંધ :** ગુજરાતની જે મસ્જિદોનો આ લેખમાં ઉલ્લેખ થયો છે તેની સમય–વિષયક હકીકતો તેમ જ તળદર્શન અને તસ્વીરો ઉપલા સૌ ગ્રન્થોમાં પ્રકાશિત થયેલાં છે. પાદટીપોમાં તે તમામનો વિગતે સન્દર્ભ આપવો જરૂરી માન્યો નથી. આ તમામ મસ્જિદોની લેખકે એક વાર નિરીક્ષા કરેલી છે અને તે સમયે મન પર પડેલી છાપનો પણ અહીં આધાર લીધેલો છે.

---

महाप्रतोल्यापरे च समस्ते च ( वर्णा ? )गृहे ।
चतुरश्रं च आरामे ( कदालेश्च ? ) विशेषतः ॥ ८ ॥
**रहमाणेषु प्रासादे** अष्टाश्रवृत्तमेव च ।
विपर्यासो न कर्तव्यं कृतेत्दोषः महाभयम् ॥ ९ ॥

"બ્રાહ્મણના (ઘરમાં) ચોરસ, રજપૂતના ઘરમાં આઠ હાંસવાળી, વાણિયાના ઘરમાં છ ખૂણી, અને હલકા વરણના ઘરમાં ગોળ પરનાળ કરવી. રાજમહાલયમાં તેમ જ દેવમન્દિરમાં આઠ હાંસવાળી અને સોળ હાંસવાળી ( પરનાળ ) કરવી (જ્યારે) મોટી પોળના મથાળે અને બધા ( વરણનાં લોક ? )નાં ઘર ઉપર ચોરસ પરનાળ કરવી, જ્યારે મસ્જિદમાં આઠ હાંસવાળી કે ગોળ કરવી. આથી વિપરીત કરવામાં આવે તો મોટો ભયકારક દોષ ઊભો થાય."

૨૬ આ લેખ લખાયો તે પહેલાં, પાંચેક વર્ષ અગાઉ, લેખકને આ વિષય પર સુપ્રસિદ્ધ મુસ્લિમ અભિલેખશાસ્ત્રી ડૉ. ઝીયાઉદ્દીન દેસાઈ સાથે ચર્ચા થયેલ; તેમની જાણમાં આવું કોઈ શાસ્ત્ર તેમના જોવામાં આવ્યું નથી, એમ તેમણે જણાવેલું.

# [ श्री रहमाणप्रासादलक्षणम् ]

**जयोवाच ।**

प्रासादानाम् च हे तात ! वास्तुशास्त्रविशारदः ।
श्रुता मया तु प्रासादा वैराज्यकुलसम्भवाः ॥ १ ॥

राजवेश्मगृहादि च त्वया प्रोक्तं सुविस्तरम् ।
बापीकूपतडागाद्यं वारुणं विविधं पुनः ॥ २ ॥

प्रासादोऽपि ते सर्वे गणादिनां यथाक्रमम् ।
ब्रह्मविष्णुशिवार्काणां कथिता विविधालयाः ॥ ३ ॥

शल्यादिनां च सर्वेषां तेषामर्चाऽनेकशः ।
कथिताः करुणासिन्धो ! श्रुताऽपि मया पुनः ॥ ४ ॥

ब्रह्मक्षत्रियविट्शूद्राश्चत्वारप्रकृत्योत्तमाः ।
सात्त्विकं भावमापन्ना कारयंति सुरालयात् ॥ ५ ॥

म्लेच्छरूपेण (श्रुत्वा ?) ये लोका म्लेच्छारूपिणः ।
तेषां सात्त्विकभावंश्चेत्कथंकुर्यात्सुरालयम् ॥ ६ ॥

तस्य छन्दस्तदाकारं मण्डपं द्वारसंस्थितम् ।
प्रमाणाद्यं समस्तं मे कथयस्व जगत्प्रभो ! ॥ ७ ॥

**श्री विश्वकर्मा उवाच ।**

श्रृणु पुत्र प्रयत्नेन सर्वशास्त्रविशारद ।
साधु पृच्छन्तु तन्नाम **रहमाण सुरालयम्** ॥ ८ ॥

**तत्र ध्यायंति यवनाः देवरूप–विवर्जितम् ।**
**मायासंसर्गरहितं** गुणत्रयविवर्जितम् ॥ ९ ॥

**निरञ्जनं निराकारं तानैकमयमदभुतम् ।**
**तद्ध्यानकं × × पुत्र ! रहमाणं** विदु बुधः ॥ १० ॥

**चतुरश्रं समं** कुर्यादायव्ययविशोधितम् ।
भाज्येऽष्टभिर्भागैर्दशभिर्वापिसूत्रतः ॥ ११ ॥

भुजद्वयप्रकर्तव्यमेकाङ्गं कोणभङ्गयुक् ।
भित्तिबाह्ये प्रकर्तव्यं **मिहिरावं** मनोहरम् ॥ १२ ॥

**पूर्वामुखं प्रकर्तव्यं अप्रशस्तं च दिक्त्रये ।**
**सूत्रेण** साधयेद्भित्तिं ( मीयतां ? ) दक्षिणोत्तरे ॥ १३ ॥

ध्रुवेन शङ्कुना चापि **प्राची** यत्नेन **साधयेत्** ।
दिग्मूढं नैव कर्तव्यं कर्तव्यं पूर्वं सन्मुखम् ॥ १४ ॥

भिट्टोपभिट्ट पीठं च सर्वेतामुपरि न्यसेत् ।
पुष्पकं पुष्पसंयुक्तं ऊर्ध्वे (मण्डोवर ? )वरम् ॥ १५ ॥

**प्रासाद छन्द एकाङ्गो** बहिः कोणायलंकृतः ।
**ऊर्ध्वे फांसा** ( ज्ञाति ? )र्यस्य **रहिमानः** स जच्यते ॥ १६ ॥

**वीथिकायां** ततो दिक्षु ससूत्रं **कपिशीर्षकम्** ।
**द्वित्रिपञ्चक्षणोपेतं** तदूर्ध्वे **मालिका** न्यसेत् ॥ १७ ॥

अधःस्थाने **वैण्णव्यं महिरावं** मनोहरम् ।
स्तम्भिके सन्मुखे तत्र तन्मध्ये **पुष्पकं** वरम् ॥ १८ ॥

**महिरावं** द्विभागो ( त्वं ? ) स्तम्भिकोभयपार्श्वयोः ।
त्रिभागं तु प्रवेशेन पृष्ठदेशे समाशकम् ॥ १९ ॥

सप्तभागा स्थिता **स्तम्भा पुष्पकैश्च विभूषिता** ।
तद्वदे लम्बि + + + + + + + + ॥ २० ॥

# મહિસાના નંદીના લેખ પર એક દૃષ્ટિપાત

**હરિપ્રસાદ શાસ્ત્રી**

"મહિસાનો નન્દી અને બ્રાહ્મ પ્રતિમાઓ" નામક આ અગાઉ **સ્વાધ્યાય**માં પ્રકાશિત થયેલા લેખમાં આવતા નંદીના ઉત્કીર્ણ લેખથી ઉપસ્થિત થતા મહિસાની સ્થળ-પિછાન અને તત્કાલીન શાસનકર્તાની ઓળખ વિષે અહીં એક ટૂંકી નોંધ રજૂ કરીશ.[1]

મહિસાના સં. ૧૩૨૫ના **પ્રસ્તુત** લેખમાં એક સ્થળે "ઉત્તરનાથ" અને બીજે સ્થળે "ઉત્તરેશ્વર" એવો ઉલ્લેખ આવે છે,[2] તે ઉલ્લેખ પરથી મને વીસલદેવના સમયના સં. ૧૩૦૮ના સ્તંભલેખમાં આવેલો મહિસકના ઉત્તરેશ્વરદેવના મંદિરનો ઉલ્લેખ યાદ આવે છે.[3] એ સ્તંભ હાલ અમદાવાદમાં ભદ્રમાં અહમદશાહની મસ્જિદમાં આવેલો છે.[4] એ લેખમાં "રાણકશ્રી વર્દ્ધમ'નો ઉલ્લેખ આવે છે તે આ લેખમાં જણાવેલ સોલંકી 'રાણક-પુંગવ' હોઈ શકે. પેલા લેખમાં કોઈ પેથડે સં. ૧૩૦૮માં ઉત્તરેશ્વરદેવના મંડપમાં જાળી કરાવી હોવાનું જણાવ્યું છે ને આ લેખમાં શ્રેષ્ઠી ભીમે સં. ૧૩૨૫માં ઉત્તરેશ્વરના મંડપનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોવાનું કહ્યું છે. આ પરથી આ કાળ દરમિયાન—સત્તર વર્ષના ગાળા બાદ—એ મંડપનો જીર્ણોદ્ધાર કરવાની જરૂર પડી જણાય છે.

સં. ૧૩૦૮માં ગુજરાતમાં "મહારાજાધિરાજ-વીસલદેવ"નું શાસન હતું: ને સં. ૧૩૨૫-માં "ચૌલુક્ય ચક્રવર્તી મહારાજાધિરાજ અર્જુનદેવ"નું શાસન હતું. પરંતુ સં. ૧૩૦૦માં અણહીલવાડનું રાજ્ય મળ્યા પછી વાઘેલા રાજાઓ "રાણક" નહીં પણ "મહારાજાધિરાજ" કહેવાતા અને સં. ૧૩૦૮ના પ્રસ્તુત લેખમાં મહારાજાધિરાજ વીસલદેવે નીમેલા મહાપ્રધાન રાણકશ્રી વર્દ્ધમ તથા મૂલરાજનો ઉલ્લેખ છે, તેથી આ લેખમાં 'રાણક-પુંગવ' તરીકેનો ઉલ્લેખ માહિસક પ્રદેશના મહાપ્રધાન માટેનો હોવો જોઈએ.[5]

---

૧ પ્રસ્તુત લેખ **સ્વાધ્યાય** પુ. ૬, અંક ૩માં છપાયો છે: લેખકો છે હરિલાલ ગૌદાની, મધુસૂદન ઢાંકી (અને) હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી.

૨ એજન પૃ. ૩૭૦.

૩ જુઓ **ABBOTT, REV J. E.**, "Ahmedabad Inscription of Visaladeva," *Epigraphia Indica*, Vol., V. pp. 102–3.

૪ આ લેખવાળા સ્તંભના રેખાંકન માટે જુઓ **BURGESS, JAMES**, *The Muhammadan Architecture of Gujarat, ASWI (NIS)*, London 1900, plate XV.

૫ લેખકોએ "એ જ સમયે ત્યાં સોલંકી કુલ મૌલિશેખર રાણક પુંગવનું રાજ્ય લાગે છે......" એમ કહ્યું છે: (પૃ. ૩૬૯); અને "લેખમાં શાસનકર્તા રાજાનું નામ નથી આપ્યું પણ 'ગોપતિ સોલંકી કુલ મૌલિશેખર' અને: 'રાણક' શબ્દથી કદાચ વાઘેલા રાણા અર્જુનદેવનું સૂચન હોય કે પછી કોઈ એના સામન્તનું." (એજન)

સં. ૧૩૦૮ વાળા લેખના સંપાદકે તેમાં જણાવેલ માહિસક માટે માણસા, મહેસાણા અને મહિસા એ ત્રણ સ્થળોનો વિચાર કરી એમાંનું એકેય સંભવિત ન હોવાનું ધારેલું: પરંતુ આ લેખ પરથી એ માહિસક તે હાલનું મહિસા—નંદીવાળા લેખનું મહિસાપુર—હોવાનું સ્પષ્ટ થાય છે. વળી મહિસામાં ઉત્તરેશ્વરનું મંદિર હાલ નષ્ટ હોવાનું તે લેખના સંપાદકોએ એમના લેખમાં ધાર્યું છે,[૬] તે સંબંધી સં. ૧૩૦૮ના લેખવાળા સ્તંભના વર્તમાન સ્થાન જોતાં તે મંદિરની સામગ્રીનો અહમદશાહે ઈ. સ. ૧૪૧૪માં અમદાવાદમાં બંધાવેલી મસ્જિદમાં ઉપયોગ થયો હોવાનું પણ જાણવા મળે છે.

---

૬ જુઓ પ્રસ્તુત લેખ, પૃ. ૩૬૯.

# શતપુષ્પા અને મિસિ

**બાપાલાલ ગ. વૈદ્ય**

શતપુષ્પાને ઉત્તર ભારતમાં વરિયાળી (સૌંફ હિંદી) અને મિસિને સુવા માનવામાં આવે છે. * कैयदेव निघण्टुના સંપાદક શ્રી સુરેન્દ્ર મોહને આવા જ અર્થો કરેલા છે. (જુઓ એમણે સંપાદિત કરેલ "કૈયદેવ નિઘણ્ટુ," પૃ. ૩૭૮-૩૭૯). शतपुष्पा માટે Fennel seeds અને मिसि માટે Dill seeds એવા અંગ્રેજી પર્યાયો પણ એ આપે છે. એ વિદ્વાન સંપાદકે પણ પોતાની ટિપ્પણીમાં કહ્યું છે: "બંગાલમાં તેમજ અન્યત્ર કેટલાક વૈદ્યો મિશ્રેયાને વરિયાળી અને શતપુષ્પાને સુવા માને છે." * તો હવે આપણે આના અર્થઘટન માટે થોડુંક મંથન કરીશું.

**चरके**, सूत्र—३ સિદ્ધતમ પ્રદેહોમાં ૩-૪ પ્રદેહોમાં शताह्वा અને 'उभे शताह्वे' શબ્દપ્રયોગ કર્યો છે. ટીકાકાર ચક્રપાણિદત્ત ત્યાં શાન્ત છે. અહીં બે શતાહ્વાથી શું સમજવું? અમો તો સુવા અને વરિયાળી એ જ અર્થના પક્ષમાં છીએ કે સુવા ને જંગલી સુવા એવો અર્થ કરવો? કારણ 'વનસુવા' પણ આગળ આવે છે.

अ. हृदयमां **વાગ્ભટ** સૂત્ર. ૧૫-૩માં નિરૂહગણમાં મિસિ છે. અરુણદત્ત અને હેમાદ્રિ બન્નેએ ત્યાં मिशिः शतपुष्पा અર્થો કર્યા છે. चि. स्था. अ—२२ वातस्कमાં એક પ્રદેહમાં शताह्वा છે અને ત્યાં અ. દ. શતાહ્વાનો અર્થ शतपुष्पा કરે છે. શતાહ્વાને મિસિ એ પર્યાયો જ ઠેરવ્યા છે.

ચક્રદત્તમાં शताह्वा शुल्लुप्पा (સોયા) इति ख्याता। शुल्पा इति ख्याता। પૃ. ૨૬૫. આમ સ્પષ્ટ સુવા અર્થ આપેલો છે. આજે પણ બંગાળીમાં સુવાને 'સુલ્ફા' કહે છે. અન્યત્ર (પૃ. ૫૧૨) જ્યાં मिषि શબ્દ વાપરવામાં આવ્યો છે ત્યાં ટીકાકાર शतपुष्पा (મિષિનો અર્થ) અર્થ કરે છે અને સ્પષ્ટતા કરે છે 'न तु मधुरिका, वृद्धव्यवहारात्।' અર્થાત્ મિષિનો અર્થ તો થાય છે મધુરિકા પરંતુ અહીં એનો અર્થ શતપુષ્પા કરવા કોડ કર્યો છે.

આ જ વાત वृन्द माधवमાં પણ કરી છે. ત્યાં मिशिः मधुरिका (અ. ૬૬-૯) અર્થ જ આપ્યો છે અને અન્યત્ર (અ. ૫૧-૯૯) मिसिः शतपुष्पा तु मधुरिका संप्रदायात्' એવી સ્પષ્ટતા કરી છે. ટૂંકમાં બંગાળી કવિરાજો મિસિનો અર્થ વરિયાળી કરે છે અને શતપુષ્પાનો અર્થ સુવા કરે છે.

**शार्ङ्गधर**—मिसि शतपुष्पा। ઉ. ૨-૨૫

शतपुष्पा मिसि। મ. ૯-૧૨૬

---

* ચૌખંબા સંસ્કૃત સિરિઝ તરફથી પ્રસિદ્ધ થયેલ ચરકસંહિતા વિદ્યોતિની હિન્દી વ્યાખ્યામાં પણ આ જ અર્થો આપેલા છે.

એમ બન્નેને સમાન જ ગણે છે.

सिद्धमन्त्रमાં मिश्रेया  १ शतपुष्पा भेदः ।

२ मधुरिका ।

शतपुष्पा —मिसि.

આવા અર્થો આપે છે.

મહારાષ્ટ્ર ગુજરાતમાં मधुरिका-मिसि—વરિયાળી માટે અને શતપુષ્પા સુવા માટે જ પ્રચલિત છે. ડૉ. વામન દેસાઈના નિઘણ્ટુમાં बडिशेप Foeniculum Vulgareae मधुरिका. शेपु Peucedanam Graveolens સોયા માટે છે. "બાળંતપણાત શેપુ દેતાત" સુવાવડમાં સુવા અપાય છે.

ગુજરાતીમાં પ્રસવકાલને માટે શબ્દ છે '**સુવાવડ**' જેમાં વડ જેટલા સુવા ખાવાના હોય છે અને આજે પણ સુવાવડમાં સુવા ખાવાનો ગુજરાતમાં ચાલ છે જ.

शिवदत्त નિઘણ્ટુમાં શતપુષ્પાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે. વનસ્પતિ પરિચય માટે આ નિઘણ્ટુનો ફાળો સૌથી સારો છે.

"शतपुष्पा सूक्ष्मपत्रा पीतपुष्पाऽतिच्छत्रका ।
प्रसिद्धा क्षेत्रविख्याता दीपनोक्ता महर्षिभिः ॥"

સુવાનાં ફૂલ પીળાં થાય છે. સુવા દીપન સારા છે.

**गदनिग्रहः** "शतपुष्पा कटुस्तिक्ता क्षणोष्णा दीपनो लघुः ॥

पिप्तला कफवातघ्नी विशेषात् योनिशूलनुत् ॥" આવા ગુણો આપેલા છે. ગ. નિ.ના કર્તા શોઢલ ગુજરાતના રાયકવાળ બ્રાહ્મણ હતા એટલે તે સુવાના જ ગુણો બરાબર આપે એ સ્વાભાવિક છે. ચરકના અગુર્વાદિ તેલમાં શતપુષ્પા છે. આગણમાં પ્રત્યેક દ્રવ્ય ગરમ છે. **મિસિ** એમાં નથી. ગુજરાતમાં सौंफ—વરિયાળી દવામાં ભાગ્યે જ વાપરે છે.

યુનાનીઓ સાથે सौंफનો ઉપયોગ વધ્યો એમ મને લાગે છે.

**राजनिघंटु**—मूलकादिः सप्तमो वर्गः—માં शतपुष्पा दलम्ना ગુણો અર્થાત્ સુવાની ભાજીના ગુણ આપ્યા છે.

હમણાં જ કેન્દ્ર સરકારે પ્રસિદ્ધ કરેલા **आयुर्वेदीय औषधि** निघण्टु[1]માં शतपुष्पा (મલયાલમ शतकुप्प)ને Dill જ કહેલી છે. (પૃ. ૩૫૯ गुणदीपिका વિભાગમાં) આ જ ગ્રંથમાં ઔષધ નામોની યાદીમાં मिसिना ગ્રાહ્યાંશોમાં બીજ અને મૂલ—છે જ્યારે शतपुष्पामां બીજ અને પત્ર છે. સુવાનાં પાનની ભાજી સ્વાદિષ્ટ બને છે, નહિ કે વલિયાળીની. मिषिनां ભાષા નામ शतकुप्प, काट्टु-शताकुप्प, माश्चि આવાં આપેલાં છે. જ્યારે शतपुष्पानुं 'शतकुप्प' આપેલું છે.

---

૧ કુમારન્ કૃષ્ણન (૧૮૫૭-૧૯૧૮) નામના વિદ્વાન દ્વારા સંપાદિત મલયાલમ્ ડીક્ષનેરીનું આ સંસ્કૃતીકરણ છે. ૧૨૫૪ મોટાં પૃષ્ઠોવાળો આ દળદાર ગ્રન્થ સેંટ્રલ કાઉન્સિલ ઓફ આયુર્વેદિક રીસર્ચ તરફથી ૧૯૬૬માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

'**अष्टाङ्गहृदयकोष**' (૧૯૩૬)માં शतपुष्पाને સુવા (Dill) માનેલા છે જ્યારે મિશિનો અર્થ પણ शतपुष्पा જ આપેલો છે!

સ્વ. જાદવજી ત્રિ. આચાર્ય જેવા વિદ્વાને પણ 'औषध विज्ञानीयो नाम द्वितीयः खण्डः' નામના પોતાના ગ્રંથમાં शतपुष्पाને **સુવા** જ માનેલા છે જ્યારે મિશ્રેયાને 'વરિયાળી' જ માનેલી છે. બંગાલી 'मौरी' હિંદી 'સૌંફ' નામો પણ આપેલાં છે. આ વિદ્વાનને ઉત્તર દક્ષિણ બન્ને ભારતના વૈદ્યોનો સારો પરિચય હતો અને એ કોઈ પણ વસ્તુનો નિર્ણય એકદમ કરતા ન હતા. ગુજરાતીમાં કહેવત છે તે મુજબ સો ગળણે ગાળીને તે પાણી પીતા હતા.

મિશ્રેયાના એક પર્યાય તરીકે એમણે शालेय આપેલું છે. शालेत्र हरित વર્ગમાં છે 'शिग्रु-शालेयमुष्टकम्' (સૂ. ૨૭-૧૭૦) ચક્રપાણિદત્તે અહીં ટીકામાં "शालेयः चाणक्यमूलं मरौ प्रसिद्धम् किंवा शालेयमिति मिस्तेयं पाटकप्रसिद्धं, वचनं * हि 'चाणक्यमूल मिस्तेये शालेयाभिख्याया जगुः ।' इति ॥" અર્થાત્ 'શાલેય'નો અર્થ 'મિસ્તેય'ની જગોએ 'મિશ્રેયા' અહીં કર્યો છે જે વિવાદાસ્પદ છે. * 'શિગ્રુ', 'શાલેય', 'મૃષ્ટકમ્'—આ ત્રણેને "कृद्य, आस्वादनीय અને पित्तमुत्क्लेशयन्ति च ।" ગણ્યાં છે. 'शिग्रु'—સરગવો, **मृष्टकम्**—રાઈ અને આ બેની વચમાં આવેલ शालेय અમારા મતે અહીં સુવા જ નિર્દિષ્ટ છે. વરિયાળી શીત છે. પિત્તહર છે ન કે પિત્તનો ઉત્કલેશ કરનાર, ચરકસંહિતા (शा. ८-४१)માં 'પ્રજાતા'ને 'शताव्हाकुष्ठमदनहिंसिद्धस्य चैनां तैलस्य पिचुं ग्राहयेत् ।' એમ સુવાના પિચુંનો ઉલ્લેખ છે. ટીકાકાર ત્યાં શાન્ત જ રહ્યાં છે કારણ 'શતાહ્વા' **પ્ર**સિદ્ધ દ્રવ્ય છે.

હવે આપણે **अमरकोष** જોઈએ.

शतपुष्पा सिच्छतत्राऽतिच्छत्रा मधुरा मिसिग अवाक्पुष्पी कारवी च ।

(वनौषधिवर्गे)

ટીકાકાર ભાનુજી દીક્ષિત सप्त मधुरायाः '**सौंफ**' इति ख्यातायाः । अन्त्यद्वयम् '**अंधावली**' इति ख्यातायाः । કહીને સ્પષ્ટીકરણ કરે છે :—

પોતાની ટીકામાં મેદિનીનું નીચેનું વાક્ય ટાંકે છે :—

'मिसिः स्त्री मधुरामास्योः शतपुष्पाजमोदयोः ।'

અર્થાત્ 'શતપુષ્પા' અને 'મિસિ'ને પર્યાયો ગણવાની **પ્ર**થા લાંબા વખતથી વ્યવહારમાં ચાલી આવે છે!

'धन्वन्तरि निघण्टु' કારે આ જ ખીચડો કાયમ રાખ્યો છે.

शतपुष्पा मिशिर्घोषा पोतिका माधवी शिफा ।
अतिच्छात्रा त्ववाक्पुष्पी शताह्वा कारवी स्मृता ॥

---

* અમરકોષમાં शालेय, મધુરિકા અને મિસિના પર્યાયોમાં આપવામાં આવેલો છે. ભા. દી. એ અહીં 'षट् मधुरिकायाः' '**वनसौंफ**' इति ख्यातायाः । એવો પરિચય આપેલો છે. 'આ વનસૌંફ' ને લઈને જ નિઘંટુ રત્નાકરે વનશોપાના ગુણો આપ્યા છે? અને મદનપાલ નિઘંટુએ शतपुष्पा द्वयः—ના ગુણો લખ્યા છે. 'सेनिका तद्गुणा प्रोक्ता विशेषात योनिशूलकृत ।' (म. नि.) અહીં सेनिका શબ્દ યોજ્યો છે.

ભાનુજી દીક્ષિતે તો अवाक्पुष्पीને शताह्वामांथी જુદી કાઢી પણ ધ.નિ.કારને તેમ કરવાનું ન જ સૂઝ્યું. આંખો મીંચીને જે હાથમાં આવ્યું તે ઘસડી કાઢવાનો જ ધંધો કર્યો લાગે છે.

रभसના ઉતારો પણ मिसि આપવામાં આવેલ છે स्यान्मांस्यां शतपुष्पायां मधुरायां मिसिः स्त्रियां ' જરામાંસી, શતપુષ્પા, મધુરા, મિસિ—આ ચાર પર્યાયો છે! અમરકોષમાં शतपुष्पा અને मिश्रेयांને જુદાં બતાવ્યાં છે એ ઠીક કર્યું છે. ભલેને નામોનો ખીચડો કર્યો છે?

' काश्यपसंहिता 'નો ' शतपुष्पा शतावरी कल्पाध्याय '। ખાસ ધ્યાન ખેંચે છે. પરંતુ આ કલ્પમાં પણ ' શતપુષ્પા ' શી ચીજ છે તે કહ્યું નથી કે સમજી શકાતું નથી.

હેમચંદ્રચાર્યે એમના ' निघण्टुशेष 'માં ' શતપુષ્પા 'ને શાકવર્ગમાં રાખ્યો છે. રાજનિઘંટુકારે शतपुष्पादलના ગુણો આપેલા છે તે આપણે આગળ જોઈ ગયા છીએ.

' निघंटु संग्रह ' નામના એમના ઉત્તમ નિઘંટમાં (૧૯. ૩. ૧૮૯૩) કતોભટ્ટે (રુગનાથજી ઈંદ્રજી) शतपुष्पा અને मिश्रेयाને જુદાં જુદાં ગણાવ્યાં છે અને બન્નેનાં નામો નિશ્ચિત કરી દીધાં છે:

| शतपुष्पा | मिसि |
|---|---|
| शतपुष्पा | मधुरामिसि |
| अतिच्छत्रा | तालपर्णी |
| अवाक्छत्रा | शाल्या |
| सोधका | सूक्ष्मपत्रिका |
| मिशिः | |

આપણે પણ આ પ્રમાણે નામો રાખી, બન્નેને બરાબર સમજી લઈએ. मिशि शतपुष्पाના પર્યાય તરીકે છે તે કાઢી નાખવું એવી અમારી સૂચના છે. तालपर्णी મૂસલીનો પર્યાય છે એટલે એને પણ કાઢી નાખવું.

मिसि—વરિયાળી માટે
शतपुष्पा—સુવા માટે
} નિશ્ચિત કરવાં જોઈએ.

શતપુષ્પા—ગરમ છે, મિસિ—ઠંડી છે.

शतपुष्पायां तु घोषाशताह्वा माधवी मिसिः ।
अतिच्छत्रा छत्रपुष्प्य वाक्पुष्पा कारवी सहा ॥
(निघण्टुशेष)

શાક સુવાનું જ થાય છે, વરિયાળીનું નહી: યોનિશૂલહર તરીક સુવા સારા છે.

વાતહર પ્રદેશોમાં शताह्वा યોજાયલા છે. ત્યાં સુવા જ વાપરવા જોઈએ. વરિયાળીનો આવો બાહ્ય પ્રયોગ અમારા જોવામાં નથી આવ્યો. સુવા ઉષ્ણ છે. વરિયાળી ઉષ્ણ નથી. બન્ને યોનિશૂલહર, ગર્ભપ્રદ છે. બન્નેના ગુણ લગભગ મળતા છે. એટલે शतपुष्पाનો અર્થ સુવા સાચો અને મિસિનો અર્થ વરિયાળી ખોટો એમ એકદમ કહી શકાય એમ નથી જ. નામોનો ગોટાળો નિઘંટુ-

ઓનો જેવો તેવો નથી. ધુડસાં અને અનાજને છુદાં કરવાની જરૂર છે અને એટલે જ આ મહેનત કરી છે. બહુવાર વલોવ્યા પછી પણ માખણ આવતું નથી !

ઉત્તર ભારતને પંજાબ બે પ્રાંતો शतपुष्पाને सौंफ જ્યારે मिसिને સોયા માને છે. બાકીનું ભારત શતપુષ્પાનો અર્થ સુવા, મિસિનો અર્થ વરિયાળી કરે છે. આમ ખંડ જેવો આ મહાન દેશમાં અમુક અર્થ કરવાની અને અમુક દ્રવ્ય વાપરવાની રૂઢિ થઈ ગઈ છે તેનું જ આ પરિણામ છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય જેવા પણ આ ખીચડામાંથી છૂટી શકતા નથી. એ જાણી ચિત્ત ખેદ પામે છે. શતપુષ્પામાં 'घोषा, माधवी, अवाक्, पुष्पी, कारवी, सहा' આ નામોનો સમાવેશ છે. કયાં આ બધાં નામો ને કયાં શતપુષ્પા ?

ખુદ બ્રહ્મા નીચે આવે તોય આ ગોટાળો કોઈ દૂર કરી શકે એમ નથી. હેમચંદ્રાચાર્યના ટીકાકાર 'एतस्या लोके 'सोआ' इति प्रसिद्धः।' એવી સમજૂતી આપે છે અને તે બરાબર છે. ગુજરાતમાં શતપુષ્પાનો અર્થ સુવા જ કરવામાં આવે છે. અમારો અંતિમ નિર્ણયતો शतपुष्पा સુવા (ગુ), સોઆ (હિં) Dill seeds છે અને मिसि વરિયાળી. સૌંફ (હિં) Fennel Seeds પરંતુ અમારે જાણવું છે કે વરિયાળીનું શાક ખવાય છે ખરું ? સુવાની ભાજી તો ઘણી સારી થાય છે અને અમોએ તે ખાધી છે. વરિયાળી બાહ્ય ઉપયોગમાં કોઈ વાપરે છે ખરું ? સુવાનો લેપ તો થાય છે જ.

# શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવેને અંજલિ

**ભોગીલાલ જ. સાંડેસરા**

ગુજરાતના અગ્રગણ્ય ઇતિહાસસંશોધક અને પુરાતત્ત્વવિદ શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવેના, તા. ૧૫મી જુલાઈ '૬૯ની વહેલી સવારે હૃદયરોગના હુમલાથી ૬૨ વર્ષની વયે પાટણ મુકામે થયેલા સ્વર્ગવાસની નોંધ લેતાં ઘણો ખેદ થાય છે. શ્રી. કનૈયાલાલભાઈની જન્મભૂમિ અને કર્મભૂમિ પાટણ હતું. તેઓ મારા નિકટના મિત્ર અને અનેક સાહિત્યિક કાર્યોમાં સહકારી હતા. એમનું ઓચિંતું અવસાન મારે માટે તો એક અંગત ખોટરૂપ છે. પણ ઈશ્વરેચ્છા આગળ આપણે સૌ નિરુપાય છીએ.



શ્રી. કનૈયાલાલભાઈ સાથેની મારી મૈત્રી આશરે ચાર દસકા જેટલી જૂની છે. સને ૧૯૩૦ના અરસામાં અમે પરસ્પરના પરિચયમાં આવ્યા હોઈશું. સંનિષ્ઠ શિક્ષક અને લોકસેવક સ્વ. નટુભાઈ રાવળના સંપાદકત્વ નીચે પ્રગટ થતા, પાટણ વિદ્યાર્થી મંડળના દ્વૈમાસિક મુખપત્ર 'અભ્યાસગૃહ પત્રિકા'માં 'કલાના પ્રદેશમાં' એ શીર્ષક નીચેની લેખમાળા વડે એમણે પોતાના લેખન અને સંશોધનનો આરંભ કર્યો હતો. પાટણ અને આસપાસના પ્રદેશની પ્રાચીન શિલ્પાકૃતિઓ વિષેની મુગ્ધ ચિત્તે લખાયેલી એ રસિક લેખમાળા હતી. ગુજરાતનાં પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત સામયિકોમાં એમના લેખો છપાવા માંડ્યા ત્યાર પછી પણ કનૈયાલાલભાઈની કલમપ્રસાદી એ નાનકડી પત્રિકાને મળ્યાં કરતી હતી.

ઔપચારિક અભ્યાસ તો તેમણે માત્ર અંગ્રેજી ૭ ધોરણ સુધીનો કર્યો હતો. પણ તેમની જિજ્ઞાસા અને સંશોધનવૃત્તિ તીવ્ર હતાં. સંસ્કૃત સાહિત્યની વિવિધ શાખાઓનું તેમને સારું જ્ઞાન હતું, સંશોધનાત્મક અંગ્રેજી પુસ્તકોનો પર્યાપ્ત ઉપયોગ તેઓ કરતા હતા, પર્યટનો અને પ્રવાસ દ્વારા નવી નવી માહિતી એકત્ર કરતા હતા અને કર્મકાંડના પોતાનાં વ્યવસાયમાંથી અધ્યયન, પર્યેષણ અને લેખન માટે નિયમિત રીતે સમય કાઢતા હતા.

'સિદ્ધસર સહસ્રલિંગનો ઇતિહાસ' એ નામથી તેમણે સહસ્રલિંગનો પ્રમાણોપેત ઇતિહાસ લખ્યો છે, જે મુંબઈના ગુજરાતી પ્રેસ તરફથી 'મહારાજાધિરાજ' નવલકથાના પરિશિષ્ટરૂપે (૧૯૩૫) તેમ જ જુદી પુસ્તિકારૂપે પ્રગટ થયો છે. સરસ્વતીના તીરપ્રદેશનાં તીર્થોનું વર્ણન કરતા સંસ્કૃત 'સરસ્વતીપુરાણ'નું સંપાદન (૧૯૪૦) ગુજરાતી અનુવાદ સાથે તેમણે કર્યું હતું અને એ ગ્રન્થ મુંબઈની શ્રી. ફાર્બસ ગુજરાતી સભાએ છપાવ્યો છે. સારસ્વતમંડલની

ઐતિહાસિક ભૂગોળ અને ભૌગોલિક ઇતિહાસ સમજવા માટે એ ગ્રન્થ બહુ મહત્ત્વનો છે. ભૂતપૂર્વ વડોદરા રાજ્યના પુરાતત્ત્વ ખાતા તરફથી સહસ્રલિંગનું ખોદકામ શરૂ થયું ત્યાર પહેલાં—સને ૧૯૩૬માં—મુખ્યત્વે આ ગ્રન્થને આધારે એ સરોવરનો નકશો મારા ઈજનેર મિત્ર શ્રી. મણિલાલ મૂળચંદ મિસ્ત્રી પાસે સ્વ. રામલાલ મોદીએ તૈયાર કરાવ્યો હતો, અને પછીથી પ્રત્યક્ષ ઉત્ખનન દ્વારા એને એકંદરે સમર્થન સાંપડ્યું હતું.

સ્થળવર્ણન ઉપરાંત આધારભૂત ઐતિહાસિક માહિતી રજૂ કરતાં શ્રી. કનૈયાલાલભાઈનાં બે પુસ્તકો ‘ વડનગર ’ ( ૧૯૩૭ ) તથા ‘ અંબાજી, કોટેશ્વર અને કુંભારિયા ’ ( ૧૯૬૩ ) વડોદરા પ્રાચ્ય વિદ્યામન્દિરે પ્રગટ કરેલાં છે. ગુજરાત સ્થળનામ સંસદના કાર્યમાં તેઓ ઊલટથી રસ લેતા હતા; આ સંસ્થાના ઉપક્રમે પ્રાચ્ય વિદ્યામન્દિરમાં તેમણે બે અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં હતાં– ‘ પાટણનાં સ્થળનામો ’ અને ‘ વડનગરનાં સ્થળનામો. ’ પહેલું વ્યાખ્યાન ‘ ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ’ ભાગ ૧માં છપાયું છે, જ્યારે બીજું વ્યાખ્યાન ‘ સ્વાધ્યાય ’ ( પુ. ૫, અંક ૩ )માં પ્રસિદ્ધ થયું છે.

પ્રાચીન મૂર્તિવિધાનના શ્રી. કનૈયાલાલભાઈ એક નિષ્ણાત અભ્યાસી હતા. ‘ ગુજરાતનું મૂર્તિવિધાન ’ ( ૧૯૬૩ ) એ તેમનો સચિત્ર ગ્રન્થ ગુજરાત વિદ્યાસભાએ પ્રગટ કર્યો છે અને ઉત્તમ પુસ્તક લેખે એને ગુજરાત સરકાર તરફથી છસો રૂપિયાનો પુરસ્કાર પ્રાપ્ત થયેલો છે. થોડાક સમય પહેલાં પાટણ સુધરાઈની સૂચનાથી પાટણનો પરિચય આપતું પુસ્તક તેમણે તૈયાર કર્યું હતું. ઐતિહાસિક પાટણ પ્રત્યેના એક કર્તવ્યરૂપે તથા બહારથી આવતા અનેક પ્રવાસીઓની અનુકૂળતા ખાતર સુધરાઈ એ પુસ્તકનું વહેલી તકે પ્રકાશન કરે એમ આપણે ઇચ્છીએ. ‘ રુદ્રમહાલય ’ વિષેનું અધ્યયનાત્મક પુસ્તક અવસાનના થોડા સમય પહેલાં જ તેમણે પૂરું કર્યું હતું; એના પ્રકાશનની આયોજના પ્રાચ્ય વિદ્યામન્દિર તરફથી થઈ રહી છે.

શ્રી. કનૈયાલાલભાઈ એક વિશિષ્ટ સંશોધક માત્ર નહોતા; તેઓ એક વ્યુત્પન્ન શ્રોત્રિય અને કર્મકાંડી પણ હતા અને એ ક્ષેત્રમાં એમની ખ્યાતિ ગુજરાતભરમાં હતી. પ્રાચીન ગુજરાતના વિદ્વાન અને સંપન્ન શ્રોત્રિયોનો વારસો તેમણે સરસ રીતે સાચવ્યો હતો એમ લેશમાત્ર અત્યુક્તિ વિના કહી શકાય.

શ્રી. કનૈયાલાલભાઈના અવસાનથી ઇતિહાસ અને સંસ્કૃતિના સંશોધનક્ષેત્રે ગુજરાતને એક ઉત્તમ અભ્યાસીની ખોટ પડી છે. એમનું કાર્ય અનેક નવા અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓને પ્રેરણારૂપ હો એ પ્રાર્થના !

# ગ્રન્થાવલોકન

**અભીપ્સા :** ડૉ. રમણુલાલ જોશી; પ્ર. કમલેશ પુસ્તક ભંડાર, રાયખડ રોડ, અમદાવાદ. પૃ. ૨૨૨, મૂલ્ય ૬ = ૦૦.

**પરિમાણ :** ડૉ. રમણલાલ જોશી; પ્ર. ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, મહાત્મા ગાંધી માર્ગ, અમદાવાદ–૧. પૃ. ૩૨૦, મૂલ્ય ૬ = ૨૫.

ગુજરાતનાં પ્રતિષ્ઠિત સામયિકોમાં ડૉ. રમણલાલ જોશીના પ્રસિદ્ધ થયેલા લેખો, આકાશવાણી પર પ્રસારિત થયેલા વાર્તાલાપો, કેટલાંક પરિસંવાદ-પ્રવચનો અને ગ્રન્થાવલોકનો 'અભીપ્સા' અને 'પરિમાણ'માં સંગૃહીત થયાં છે.

'**અભીપ્સા**'માં ધાર્મિક અને આધ્યાત્મિક વિષયો તથા વિભૂતિઓ વિષેના માહિતીપૂર્ણ લેખો ઉપરાંત થોડાંક (ભક્તિ અને તત્ત્વજ્ઞાનનું જ પાસું ચર્ચતાં) પુસ્તકો વિષેનાં સંક્ષિપ્ત પરિચયાત્મક લખાણો પણ છે. મોટે ભાગે આપણે ત્યાં સંસ્કૃતમાં અને તેના સારગ્રાહી અનુવાદોરૂપે ગુજરાતી-હિન્દીમાં જે વિપુલ સામગ્રી ઉપલબ્ધ છે તેના સંક્ષિપ્ત સારાંશ સિવાય સવિશેષ સવિગત વિવેચન, નવીન દૃષ્ટિકોણ કે નિરૂપણનાવીન્ય 'અભીપ્સા'ના લેખોમાં જોવા મળતાં નથી. સાધનચતુષ્ટય, ષડ્દર્શન, નવધા ભક્તિ જેવા વિષયોનું સરળ પણ હૃદયંગમ શૈલીમાં નિરૂપણ થયું હોવા છતાં લેખકના વ્યક્તિત્વની આગવી મુદ્રા ઊઠતી નહીં હોવાના કારણે તે 'સર્જક નિબંધો'ની કોટીમાં મૂકી શકાય તેમ નથી.

૧૮ પુરાણોની અપ્રસ્તુત યાદી સાથે નારાયણ કવચ, દેવી કવચ અને શિવ કવચ વિષે કથાસાર આપતા 'આપણું કવચ સાહિત્ય' નામના લેખમાં પણ લેખકનું ચિંતન કે શોધન ઝળકી ઊઠતું નથી. "પુરાણ પુરુષમાં આ ત્રણે (સર્જક, પોષક, સંહારક) સ્વરૂપો જાણે કવચમાં અનુક્રમે મૂર્ત થયાં છે જે માનવચેતનાના ક્રમિક વિકાસ (evolution)ની રીતે પણ મહત્ત્વનાં છે." (પૃ. ૫૩) આ પ્રકારનાં અનેક વિધાનો લેખક કરે છે પરંતુ તેના સમર્થનમાં જરૂરી ચર્ચા કરતા નથી. આથી તેમાં લેખકનું શ્રદ્ધાન્વિત દૃષ્ટિબિન્દુ રજૂ થતું હોય એવું જણાય છે.

ચરિત્રવિષયક લેખોમાં પુનરુક્તિ થતી હોવા છતાં અરવિંદ, ટાગોર અને રાજચન્દ્ર જેવી વિભૂતિઓના દીપ્તિમંત વ્યક્તિત્વની સુંદર સુરેખ છવિઓ ઉપસાવી શકવામાં લેખકનો એ મહાનુભાવો પ્રત્યેનો સાદર અહોભાવ અને આલેખનની વિશદતા કારણરૂપ બન્યાં છે. 'મનની કેળવણી,' 'શ્રી અરવિંદનો દેહત્યાગ,' 'ગોવર્ધનરામનાં કેટલાંક આચારસૂત્રો'માં પ્રેરક સંદેશાઓ અને બોધક સૂત્રો-સૂચનોની ધાર્મિક સુસંકલિત છણાવટ જીવનવ્યવહારને ઉપયોગી પાથેય પૂરું પાડે તેમ છે.

'વસુધાનાં ભક્તિકાવ્યો,' 'નંદનિકા,' 'સંસાર અને ધર્મ,' 'હિમાલયની પદયાત્રા'માં શ્રી. જોશીની વિષયનું સમજપૂર્વક રસગ્રાહી મૂલ્યાંકન કરવાની સાહિત્યિક સૂઝની ઝાંખી થાય છે.

પરંતુ તેમની આ પ્રકારની ભાવચિત્ર પ્રતિભાનો સવિશેષ પરિમલ તો '**પરિમાણ**'નાં પાનાંઓમાં માણવા મળે છે. 'પરિમાણ'માં તો બીજી સેળભેળ વિના કેવળ સાહિત્યના જ સ્રોત વહે છે. તેના કુલ ૩૮ લેખોમાં વસ્તુવૈવિધ્ય છે. સાહિત્યમીમાંસાના તાત્ત્વિક પ્રશ્નોની ચર્ચા ઉપરાંત સાહિત્યનાં વિવિધ સ્વરૂપો વિષે લેખકે છૂટાછવાયા વિચારો રજૂ કર્યા છે. સાહિત્ય અને જીવન, કવિતા, વિવેચનની ઉપયોગિતા—લેખકને, સાહિત્યવિવેચન અને જીવનમૂલ્યોનો સંબંધ, સાહિત્યમાં પરંપરા અને પ્રયોગો—આ લેખપંચકમાં, તથા સુવર્ણમેઘ, પુરોવચન અને વિવેચન, અભિવ્યક્તિ, અન્વય અને કાવ્યમાં શબ્દ—એ પાંચ વિવેચનસંગ્રહોના અવલોકનલેખોમાં શ્રી. જોષીની અભ્યાસનિષ્ઠા અને પાંખો ફૂટવા માંડતાં ઉડ્ડયન કરવા તલપાપડ થઈ રહેલા પંખીની જેમ પાંગરવા મથી રહેલી વિવેચનશક્તિનો સારો પરિચય થાય છે. સર્જાતા સાહિત્ય પર પ્રતિભાશાળી પ્રાધ્યાપકો લખતા રહે એ પ્રવૃત્તિ ઇષ્ટ છે, પરંતુ એ જો ગ્રન્થાવલોકનથી કે પ્રસ્તાવનાલેખનથી વિશેષ આગળ—અભ્યાસપુષ્ટ પરિશીલન પર્યંત—ન જાય તો તેથી કાંઈ લાભ થનાર નથી, એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે.

શ્રી. જોષીનો સ્વાધ્યાય પ્રત્યેનો સમાદર પ્રશંસનીય છે. પરંતુ તેમની આલેખનપદ્ધતિ જરા જુદી તરી આવે છે. તેઓ મોટે ભાગે હાથ પર લીધેલા પ્રશ્નોની પોતાની આગવી વિચારણા-ચર્ચામાં ઊતરવાનું જોખમ ખેડતા હોતા નથી. પરંતુ અન્ય વિદ્વાનો અને વિવેચકોનાં વિધાનો કે અભિપ્રાયો-આધારોમાંથી કથયિતવ્યનું સમર્થન મેળવી લેતા હોય છે. તેમાં તેમની મધુકરવૃત્તિ દેખાઈ આવે છે, પણ આ વૃત્તિનો કદી કદી થતો અતિરેક તેમની સર્જકતાને અતરાયરૂપ બની રહેતો હોય છે. પ્લેટો અને એરિસ્ટોટલથી માંડી સેઈન્ટ બવ, ક્રોચે, ક્રોમ્બી, કેન્ટ, કોલિંગવૂડ, કાર્લ શેપિરો, જે. એમ. કોહેન, આઈ. એ. રીચર્ડ્ઝ, ટી. એસ. એલિયટ, એબર એલિઝાબેથ બોવન, ઑડેન, એડગર એલન પો, એઝરા પાઉન્ડ, ગેરડ, હેગલ, મોલ્ટન, પોલ વાલેરી, જ્હોન લેહમન, લુઈ, મેકનીસ, સેઈન્ટ બવના મેથ્યુ આર્નોલ્ડ....વગેરે કેટકેટલા પ્રાશ્ચાત્ય વિદ્વાનોના સંદર્ભો-ઉલ્લેખોનો સહારો લેખકના વ્યક્તિત્વને જાણે છાઈ છે! ૮-૧૦ પાનના નાના (પ્રથમ) લેખમાં જ આવા ડઝનેક સહાયકો મળી રહે છે! હમણાં હમણાંથી ફેશન જેમ પ્રવર્તતા આ વલણના અતિરેક સામે લાલ બત્તી ધરવાનો સમય હવે આવી ચૂકયો છે. લેખકની આ પ્રકારની મધુકર વૃત્તિને લીધે કયાંક કયાંક વિરોધી વિચારોનો પણ મેળો (મેળ—સુમેળ નહીં) જામી જતો જણાય છે, ત્યારે વદતોવ્યાઘાત જેવું થાય છે. દા. ત. 'સાહિત્ય અને જીવન' વિષેના લેખમાં સ્ટીફન સ્પેન્ડરને ટાંકીને 'કલાકારોના અંગત જીવનને કાર્યકારણભાવથી જોડવું ન જોઈએ' એમ જણાવ્યા પછી, ગોવર્ધનરામે ટાંકેલું અંગ્રેજી અવતરણ ઉતારીને પરિચ્છેદના અંતમાં લેખક આ પ્રમાણે લખે છે: "સાહિત્યનો સર્જક અંગત જીવનમાં કદાચને શિથિલ હોય પણ હંમેશાં એ સ્થિતિમાં રહેવા સર્જાયો નથી. કાળે કરીને એની ચેતના પર પડેલા મલિન આંકા ઘસાય જ છે." (પૃ. ૬) આ વિધાનમાં 'મલિન આંકા ઘસાય જ છે' દ્વારા લેખક સાહિત્ય અને જીવનના પારસ્પરિક સંબંધ-પ્રભાવ વિષે તથા જીવનમાલિન્યની સાપેક્ષતા વિષે શું સૂચવે છે?

એમનાં લખાણોમાં વિચારોનો સળંગ સુશ્લિષ્ટ પ્રવાહ વહેતો હોવાનું જણાતું નથી. દા. ત. પહેલા લેખમાં જ લેખક, પૂર્વાપર વિચારસંકલના વિના સાહિત્યના પ્રભાવ પરથી પ્રયોજન પર અને પછી એકદમ જીવનસાહિત્યના પારસ્પરિક સંબંધને સ્પર્શી સભ્યતા અને કળા પર, નિઃસત્ત્વ કૃતિઓ પર, લાગણીઓ પર...અને છેવટે કાર્લ શેપિરોની દંતકથા પર...અલગ અલગ વિચારો અને વિદેશી વિદ્વાનોનાં વિધાનો વડે જાણે લેખનું માળખું ઊભું કરી દે છે. અનુસંધાનની કચાશ છતાં સુગમ મનોહર શૈલીને લીધે લેખો જો કે આસ્વાદ્ય બની રહે છે.

આઈ. એ. રિચર્ડ્ઝ વિવેચકને મૂલ્યોનું તોલન કરનારો કહે છે. તેના અભિપ્રાય મુજબ સારા વિવેચકમાં, વિવેચ્ય કલાકૃતિ સાથે પ્રસ્તુત એવી મનઃસ્થિતિનો અનુભવ કરવાની કુશળતા તથા અનુભવોનાં ઉપરચોટિયાં લક્ષણોને પૃથક્ પૃથક્ તારવવાની શક્તિ, ઉપરાંત મૂલ્યોનું નક્કર મૂલ્યાંકન કરવાની શક્તિ હોવી અનિવાર્ય છે. આની સાથે આધુનિક પરિસ્થિતિમાં "પોતાના વિશિષ્ટ અનુભવોને કલાભિવ્યક્તિ આપનાર સર્જકોના સાહિત્યનું મૂલ્યાંકન કરવામાં વિવેચક કાંઈક ઊણો ઊતરવાનો" એવો લેખકે દર્શાવેલો સંદેહ વજૂદ વિનાનો લાગે છે. એક જ લેખમાં બે પ્રકારના મતો મૂકવાથી લેખકનું દૃષ્ટિબિન્દુ સ્પષ્ટ થતું નથી.

'પરિમાણ'માં ત્રણ લેખો ધ્યાનપાત્ર છે: (૧) કાકાસાહેબનું સાહિત્યવિવેચન, (૨) બળવંતરાય: વાર્તાકાર, અને (૩) કાન્તનાં નાટકો. કાકાસાહેબ પ્રત્યેનો આદરભાવ અને તેમની લાક્ષણિક શૈલી પ્રત્યેના મુગ્ધભાવને લીધે અત્યાર સુધી ટીકાપાત્ર નહીં બનેલું માત્ર મર્યાદિત માહિતી આપતું, આનંદના અહેવાલ જેવું, પુનરાવર્તનોથી છલકાતું કાકાસાહેબનું સાહિત્યવિવેચન કેવું સામાન્ય કોટીનું છે, તેની ડૉ. જોષીએ સોદાહરણ નિર્ભીક ચર્ચા કરી છે તે આવકાર્ય છે. તે જ પ્રમાણે કવિતા–વિવેચનના ક્ષેત્રમાં અસાધારણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર પ્રો. ઠાકોરના વાર્તાક્ષેત્રમાં કરેલા પ્રયોગને મૂલવવાનું તેમણે સાહસ કર્યું છે. તેમણે ઈ. સ. ૧૯૨૪ની આસપાસમાં થયેલા વાર્તા-ખેડાણના સંદર્ભમાં 'દર્શનિયું'ના પ્રદાનની ચર્ચા કરતાં યોગ્ય કહ્યું છે કે "બળવંતરાયને વાર્તાની સૂઝ છે તેટલું કૌશલ નથી. પરિણામે આખો સંગ્રહ એક આશાની લાગણી જન્માવે છે, સંતૃપ્તિની નહિ". (પૃ. ૧૭૯). રોમન સ્વરાજ્ય, ગુરુ ગોવિંદસિંહ, દુઃખી સંસારમાંથી ઉદાહરણો આપી લેખકે કાન્તની નાટકકાર તરીકેની શક્તિ અને મર્યાદાઓને તપાસવાનો મૌલિક પ્રયત્ન કર્યો છે. તેમની દૃષ્ટિએ 'રોમન સ્વરાજ્ય, કરતાં 'ગુરુ ગોવિંદસિંહ,' ચડિયાતી નાટ્યકૃતિ છે.

'વિશ્વજિત,' 'વિવર્ત,' 'ઈશિતા,' 'અશ્રુઘર,' 'સ્વપ્નનો ભંગાર,' 'હવા! તુમ ધીરે બહો!' 'આકસ્મિક સ્પર્શ' વગેરે અદ્યતન નવલકથાઓ અને વાર્તાસંગ્રહોનાં સંક્ષિપ્ત અવલોકનોમાં વેરાયેલાં બન્ને સાહિત્યસ્વરૂપો વિષેનાં લેખકનાં મંતવ્યો પરથી નવલ-નવલિકાનાં સ્વરૂપલક્ષણો વિષે સ્વતંત્ર સુસંકલિત લેખ ઉપસાવી શકાય તેમ છે.

યુદ્ધની દાનવલીલા નજરે નિહાળનાર માનવતાવાદી સંવેદનશીલ અમેરિકન નાટકકાર રૉબર્ટ શરવૂડે, હાસ્યનર્મમર્મના પ્રવાહીમાં જનતાને શાંતિસંદેશની ગોળી પાવાનું તથા અમેરિકન રંગભૂમિના વિકાસમાં મૂલ્યવાન ફાળો આપવાનું જે ઉમદા કાર્ય કર્યું તેનો ડૉ. જોષીએ વિગતે બોધક પરિચય આપ્યો છે.

ઑક્સફર્ડમાં કાવ્યગુરુ તરીકે અંગ્રેજ કવિ ડબલ્યુ. એચ. ઑડેને ઈ. સ. ૧૯૫૬માં Making, Knowing and guiding એ વિષય પર મનનીય મંગલ પ્રવચન આપેલું તેનો ડૉ. જોષીએ પરિશિષ્ટમાં 'કવિતાનું સર્જન, આકલન અને વિવેચન' એ શીર્ષક હેઠળ આપેલો લગભગ ૪૫ પાનાંનો અનુવાદ સુપાઠ્ય અને આસ્વાદ્ય બની રહે છે. એમાં તેમની અંગ્રેજી-ગુજરાતી ભાષાઓ પરના પ્રશસ્ય પ્રભુત્વ ઉપરાંત સારા સફળ અનુવાદક તરીકેની શક્તિની પ્રતીતિ થાય છે.

અંતમાં નીચેનાં નમ્ર સૂચનો સહ ડૉ. જોષીને હું અભિનંદન આપું છું. તેઓ :

( ૧ ) વધારે પ્રમાણમાં પાશ્ચાત્ય મતો ટાંકવાને બદલે સ્વતંત્રપણે પોતાના કથયિતવ્યનું દલીલો–દાખલા દ્વારા સમર્થન કરવાનું વલણ અપનાવે,

( ૨ ) ચર્ચાયોગ્ય મુદ્દો હોય ત્યાં માત્ર વિધાનથી કે લાઘવથી ચલાવી ન લેતાં તેઓ પૂરતી ચર્ચા કરે, અને

( ૩ ) સમગ્ર લખાણમાં તાર્કિક ઉપરાંત આલેખનની દૃષ્ટિએ પણ સુશ્લિષ્ટ અખંડિતતા જાળવવાનો પ્રયાસ કરે.

તો વિશાળ વાચન, કુશળ કથનરીતિ, કાવ્યમયતાના સંસ્પર્શવાળી પ્રવાહી શૈલી, ચિત્રાંકન કરવાની ફાવટ, સમાલોચકમાં અપેક્ષિતની સ્વસ્થતા અને સમતુલા, અને મોટે ભાગે સમન્વયાત્મક સર્વગ્રાહી દૃષ્ટિથી સમજવા—નિરૂપવાનો અભિગમ...વગેરે અધ્યાપકના ગૌરવને ઓપ આપે એ પ્રકારની સાહિત્યિક સજ્જતા ધરાવતા ડૉ. રમણલાલ જોષી નવીન સર્જક-વિવેચકોની તૈયાર થઈ રહેલી હરોળમાં પોતાનું સ્થાન અચૂક મેળવી શકશે, એ નિર્વિવાદ છે.

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )**

* * *

**કાવ્યમાં શબ્દ :** ડૉ. હરિવલ્લભ ભાયાણી; પ્ર. આર. આર. શેઠની કંપની, મુંબઈ–૨, અમદાવાદ–૧. પૃ. ૨૬૫. મૂલ્ય ૬–૫૦. પ્રથમ આવૃત્તિ, સપ્ટેમ્બર, ૧૯૬૮.

મુખ્યત્વે, પુસ્તકમાં બે પ્રકારના શબ્દની વાત છે : કાવ્યને ઉદ્‌બુદ્ધ કરનારા કાવ્ય–પ્રયુક્ત શબ્દની, અને એ શબ્દને ઓળખાવનારા સંજ્ઞારૂપ પારિભાષિક શબ્દની. આ વાત, ઊંડી સરળ છતાં શિસ્તબદ્ધ અને શાસ્ત્રપૂત મીમાંસા છે. પોતાની વ્યક્તિતાને રૂપાળી છતાં ભ્રામક ભાષામાં આગળ કરનારા દેશી પોકળ પાંડિત્યમાં લેખકને રસ નથી તેવી જ રીતે પાશ્ચમનું વાંચ્યું છે એમ બતાવવામાં પણ તેઓને રસ નથી. બધા જ સંજોગોમાં તેઓ, માત્ર વસ્તુલક્ષી છે અને વસ્તુલક્ષી રહેવામાં પોતાનું કોઈ પણ રૂપ પ્રગટાવતાં તેઓ ખચકાયા નથી. આ પ્રકારનું પુસ્તક ગુજરાતી વિવેચનામાં પહેલું છે— એ વિધાનને 'કદાચ'થી મર્યાદિત કરવાની આવશ્યકતા નથી. આપણા વર્તમાન સર્જન-સંક્ષોભ વચ્ચે દિઙ્મૂઢ એવા વિવેચનને વિશદ થવાની આ પુસ્તકથી અમોલી તક સાંપડી છે. પ્રસ્તાવનામાં લેખકે જણાવ્યું છે તેમ પાશ્ચાત્ય વલણ આજે કૃતિને અને તેના સાહિત્યિક વિશ્લેષણને પ્રાધાન્ય આપે છે. આપણે બધા પણ કદાચ એ જ પરિસ્થિતિમાં છીએ.

અદ્યતન ગુજરાતી સર્જન-વિવેચનને પણ, કદાચ, આનંદવિભોર ભાવક (rapt soul)ની નહીં, પરંતુ ગુપ્તલિપિના સ્ફોટકર્તા (crypt analyst)ની વધારે આવશ્યકતા છે. કેટલેક અંશે ડૉ. ભાયાણી અહીં એવા સ્ફોટકર્તાને રૂપે પ્રગટતા હોય, તો ગુજરાતી વિવેચનામાં એ એક મોટી સાહિત્યિક ઘટના લેખાવી જોઈએ.

૧. સૂત્રબદ્ધ શૈલીમાં, 'શબ્દ'માં થયેલી ચર્ચા અતિશય મૌલિક અભિગમથી શબ્દ-સ્વરૂપ અને શબ્દકાર્યની વિવિધ શ્રેણીઓ આદિ સમજાવે છે—પરંતુ એની સાથેનાં ત્રણ પરિશિષ્ટ નોંધપાત્ર છે. શબ્દ અને અર્થ, કાવ્યગત શબ્દ, સંદર્ભગત શબ્દ વગેરે ચર્ચા ભાષાશાસ્ત્રની નક્કર ભૂમિકા પર ઊભેલી છે. કાવ્યશાસ્ત્રને આવી જ ભૂમિકાની ડૉ. ભાયાણી પાસે અપેક્ષા હોય એ સમજાય તેવું છે. બે કે તેથી વધારે શબ્દ વચ્ચેના Interplays આ વિષયમાં અસાધારણ મહત્ત્વની બાબત છે; અને લેખકે તેનો વીગતે પરિચય કરાવ્યો છે. પરંતુ પોતાના લખાણની સીમા બહાર જવાનું ન ઇચ્છતાં તેઓ, (૧) શબ્દના અને સંદર્ભના અર્થ ઉપર તેમના વર્ણબંધ અને લયબંધનો શો પ્રભાવ હોય છે તેને, (૨) અવચેતનની, સ્વપ્નની, તરંગલીલાની, અગમવાદની અનુભૂતિઓને પ્રગટ કરતી પ્રતીક યોજના વગેરેમાં અર્થસંબંધો કે શબ્દશક્તિઓ કયે રૂપે પ્રતીત થાય છે તેને, (૩) કૃતિવિશેષમાં વર્ણ અને લયથી સમવેત બનેલ અર્થમાં તેના કાર્યને અનુલક્ષીને જે રમણીયતા પ્રતીત થાય છે તેને, અને (૪) તે તે ભાષાની પ્રકૃતિ અનુસાર તેની આગવી સૌંદર્યપરક શક્યતાઓ અને કવિની સર્જકતા વચ્ચેના આઘાતપ્રત્યાઘાતને—આ સૌને—સ્વતંત્ર તપાસના વિષયો તરીકે ઓળખાવે છે. વર્ણ્ય વિષય અંગેની આ સ્પષ્ટતાથી વિચારો ભેળવાઈ જતા નથી—બલકે વાચક, પરિશિષ્ટોને સહારે વિષયની અદ્યતનતા લગી ખેંચાઈ સ્વતંત્રપણે વિચારતો થાય છે. જેમ કે કાસિરેર પ્રતીક દ્વારા વ્યક્તરૂપતા સાધવાના આવેગના ભિન્ન પરિણામો રૂપે ભાષા અને Mythને એક જ થડમાંથી ફૂટેલી બે શાખાઓ તરીકે ઓળખાવે છે. ભાષાને Mythમાંથી નિષ્પન્ન કરવાનો તો તે વિરોધી છે જ પરંતુ પ્રતીકમાં પ્રમાતા અને પ્રમેયના સંપૂર્ણ એકીકરણને સમજાવે છે. આપણા સમયના આધુનિક કલાસર્જનના વિષયમાં આ વિચાર ઘણો સુસંગત નીવડે એમ છે; કેમકે કવિના જગતમાંયે ભાષા અને વાસ્તવ લગભગ સમરૂપ જ છે. આજે તે નવેસરથી ભાષા તરફ ઝૂકયો છે કેમકે 'તર્કશક્તિ અને વિવિક્તિ વિચાર શક્તિના વિકાસ સાથે ભાષાની ભાવમયતા' લુપ્ત થઈ છે, મૂર્તતા ક્ષીણ થઈ છે અને 'ભાષાનું માત્ર નગ્ન ખોખું કે માળખું' જ બચ્યું છે. વિજ્ઞાનની અવસ્થાએ પહોંચેલી આ ભાષાના 'મૂળ સ્વત્વને, એની 'મૂળગત' 'સર્જનાત્મક' સમર્થતાને કવિ ફરીથી સિદ્ધ કરવા માગે છે; પ્રમાતા પ્રમેયના વિવેકની અભિજ્ઞતાને ભૂંસી નાખવા ચાહે છે. આ સંદર્ભમાં નવા કવિની પ્રતીક રચના વિવેચન માગે છે. ભાષાવિજ્ઞાની સેપિર જ્યારે, વૈજ્ઞાનિક સત્યના ચિંતગ્રહણને જ 'એક ભાષા-વ્યાપાર' કહે છે—એટલે કે વૈજ્ઞાનિક અભિવ્યક્તિના યોગ્ય માધ્યમ લેખે એક 'સાધારણીકૃત,' 'પ્રતીકાત્મક બીજગણિતરૂપ' ભાષાને સૂચવે છે ત્યારે કાવ્યસૃષ્ટિની કાસિરેરસૂચિત જુદાઈ—માયિકતા—અર્થપૂર્ણ રીતે પ્રતીત થાય છે. કલાકૃતિનો 'અર્થ' કરવા-લેવાનું પણ અહીં જ મહત્ત્વ પામે છે. અર્થને રમણીય તત્ત્વ—Aesthetic—રૂપે જોનારાઓ સામે એક 'અપરિહાર્ય દ્વિધા' લુસિઅસ ગાર્વિને વર્ણવી છે. કલાકૃતિને સ્વયંપર્યાપ્ત ગણીએ એટલે કે નિર્દેશ્ય-નિર્દેશના સૈદ્ધાંતિક દ્વૈતનો અસ્વીકાર કરીએ—અર્થ રમણીય હોય તો કલાકૃતિમાં અંતર્ગત, કલાકૃતિથી

અભિન્ન હોય એમ જ માનીએ—તો ‘ વિરોધી એ ઉપસ્થિત થાય છે કે પછી તે અર્થ જ રહેતો નથી—કાંઈ નહીં તો કૃતિથી અભિહિત હોય તેવો અર્થ તો રહેતો જ નથી.... ’ આના ઉકેલમાં ગાર્વિન રમણીયતત્ત્વ-ભાવનના સમગ્ર ક્ષેત્રવિસ્તારના અંગભૂત એવા કાવ્યગત અર્થોને જ ( અને એટલા જ કારણે ) રમણીય અર્થો ગણે છે. કૃતિના ‘ આસ્વાદ ’થી શું, કેટલું, અને કેવી રીતે પામી શકાય તેના સંદર્ભમાં આ ખુલાસો ઉપયોગી થઈ પડે એવો છે. ‘ સ્ટાયૂલિસ્ટિક્સ ’ જેવું નવ્ય વિજ્ઞાન પણ અહીં પ્રેરક બનવા સંભવ છે.

‘ શૈલીગત શબ્દ ’ એ વ્યાખ્યાનમાં ડૉ. ભાયાણીએ શૈલીવિજ્ઞાનમાં ભાષાવિજ્ઞાન કઈ રીતે મદદગાર થઈ શકે તે બતાવ્યું છે. કાવ્યને કાવ્ય બનાવનારા શબ્દની શોધ એ જ આખરે તો વિવેચનની શોધ છે. સામાન્ય ભાષાથી કૃતિની ભાષા કઈ બાબતોમાં જુદી છે તે જ મુખ્ય તપાસ છે. પણ પ્રશ્ન એ છે કે, Deviation અંગેનું આવું ‘ સૂક્ષ્મ અને વ્યવસ્થિત વિશ્લેષણ ’—કૃતિ સમજવામાં, કલાત્મક હેતુઓ સમજાવવામાં હજાર દરજ્જે મૂલ્યવાન હોય તોપણ—શું આપણને કાવ્ય આત્મસાત્ કરાવી શકશે ખરું ? લેખક પોતે જ કહે છે : ‘ કાવ્ય એ ઘણો સંકુલ અને સૂક્ષ્મ પદાર્થ છે. તેના સેંકડો, અને સેંકડો રીતે ગૂંથાયેલા, સ્થૂળસૂક્ષ્મ તાણાવાણાને ઉકેલવાનું કાર્ય ઘણું વિકટ છે, ’* આધુનિક શૈલીવિજ્ઞાન પ્રાચીનોની જેમ માત્ર કૈશિકી પૃથક્કરણોમાં પર્યવસાન પામતું નથી. ‘ આધુનિક વલણની વિશિષ્ટતા એ છે કે પહેલાં જ્યાં કૃતિમાં અમુક ભાષાપ્રયોગ ચમત્કૃતિસાધક છે એમ માત્ર ચીંધીને જ સંતોષ માનવામાં આવતો, ત્યાં હવે સૂક્ષ્મ અને સર્વાંગીણ વિશ્લેષણથી આપણા ચિત્ત પર પડેલી છાપના મૂળમાં જવાનો પ્રયત્ન થાય છે, અને તેમાં કશી વ્યવસ્થા કે વ્યાપક વલણ પ્રચ્છન્ન રહ્યું હોય તો તે પ્રગટ કરાય છે. ’ છંદવિષયે ભાષાકીય વિશ્લેષણની મહત્તા લેખકે છણાવટપૂર્વક રજૂ કરી છે છતાં મૂળ શૈલીવિજ્ઞાનના કોઈ વિદેશી નમૂનાની લેખને અંતે સખ્ત આવશ્યકતા વરતાય છે. કૃતિ વિશે કેટલે અંશે વસ્તુલક્ષી ( Objective ) થઈ શકાય તે વિવેચનનો કૂટ પ્રશ્ન છે, અને એમાં આખરે તો વિવેક જ નિર્ણાયક બનશે; છતાં, ક્ષુદ્ર અહમહમિકામાં અને મિત્રવાદ કે જૂથવાદમાં રાચતા ગુજરાતી વિવેચનને આ દિશામાં કટિબદ્ધ થવાનું આજે સો ટકા અનિવાર્ય બન્યું છે.

છંદોવિષયક વિચારણા પુસ્તકનો સારો એવો ભાગ રોકે છે. ‘ છંદોમુક્તિનાં ઇંગિત ’માં ગુજરાતી કવિતા છંદથી મુક્ત થવા અગર તો છંદમાં મુક્તિ પામવા કેવી તો વિકાસશીલ રહી છે તેની વિશદ છણાવટ છે. સંસ્કૃત જેવી રૂપરચનાપ્રધાન ભાષાને અક્ષરમેળના દૃઢ નિયંત્રણો સામાન્ય રીતે અનુકૂળ હતાં છતાંયે એ દૃઢતાને અમરકોશાદિ પર્યાયકોશોથી નિવારવાની બળવાન કોશિશો થઈ હતી; પરંતુ આ ઉપચારની એને કિંમત પણ ચૂકવવી પડી છે; કવિતાની શબ્દાવલિ અતિશય રૂઢ બની ગઈ અને પરિણામે ‘ કાવ્ય, સર્જનને બદલે ક્રમે ક્રમે કસબ કે કરામત બની બેઠું ’. અને આવા સાહિત્યના સંપર્કમાં આવેલી ગુજરાતી કાવ્યભાષા પણ કૃત્રિમ બની ગઈ : ‘ સંસ્કૃત વૃત્તોના દૃઢબંધે ગુજરાતી કાવ્યભાષાને વ્યવહારભાષાની તુલનાએ ઉચ્ચારણ, શબ્દભંડોળ અને શબ્દવિન્યાસની બાબતમાં વધુ પડતી ‘ કૃત્રિમ ’ બનાવી, અભિવ્યક્તિની કેટલીક ગૂંગળામણ સરજી અને કાવ્યને વિશાળ વર્ગથી દૂર રાખવામાં ફાળો આપ્યો ’. આ ‘ કૃત્રિમતા ’ ફગાવી દેવાની

* વિશેષ માટે જુઓ ‘પ્રાસ્તાવિક’ : પૃ. ૭–૮, જેમાં બે પ્રકારનાં વિશ્લેષણનો ઉલ્લેખ છે.

દિશામાં જ અપદ્યાગદ્ય, પ્રવાહી અગેય પદ્ય, પરંપરિત અને છેલ્લે અછાંદસ જેવાં વલણો આકારિત થયાં છે. લેખકને આ સૌના સંદર્ભમાં વિશેષભાવે કશુંક કહેવાનું છે અને તે તે વિષયની પ્રવર્તમાન ગેરસમજો સમજાવવાની છે. 'લય'માં 'લય' શબ્દને આપણું વિવેચન કેવી અને કેટલી ગેરસમજથી વાપરે છે તે બતાવીને તેમણે 'લય'પ્રયોગ કેટલી સમજપૂર્વક થવો જોઈએ તે કહ્યું છે. 'પરંપરિત' અંગે પણ એક છંદવિશારદને શોભે તે રીતે તેમણે કેટલીક મૂલ્યવાન ચર્ચા કરી છે.

છંદ કાવ્યનો એક મહત્ત્વનો—ઘણી વાર તો તેના જન્મ સાથે કે પહેલાં જન્મેલો—ઘટક અંશ છે; છતાં તે એવો ઘટક અંશ નથી જેનો બીજા ઘટક અંશો સાથે સરવાળો કરી દેવાથી કાવ્યનો જન્મ થાય, કેમકે કાવ્ય અંતે તો એક 'Multidimensional Simultaneity' છે, અને તેથી છંદ માત્ર 'યાંત્રિક' નહિ પણ 'જીવંત અંગ' છે. લેખકે છંદના આ વાસ્તવિક મહત્ત્વને ધ્યાનમાં લઈ એની સમર્પકતાનાં કાલિદાસ કાન્તમાંથી અનેક સમર્થનો આપ્યાં છે. આના અનુસંધાનમાં જ છંદને સદૈવ બાહ્ય કે સ્થૂળ ગણી શકાય નહીં; કોઈ પણ ઘટક પરત્વે, કોઈ પણ દૃષ્ટિ કે હેતુની એકાંગિતા વિવેચનમાં ખતરનાક છે કેમકે '...કાવ્યનાં બધાં ઘટકો એક organic structureનાં ઘટકો છે, અને તેમનું મૂલ્ય તે તે કૃતિ કે structureમાં તેમનું જે function હોય તેને આધારે જ નક્કી કરવાનું છે.' આમ છંદ 'ઉપરછલ્લું આવરણ' નથી; તો અછાંદસ અને ગદ્ય વચ્ચે પણ ફરક છે. અછાંદસવાણીની ભિન્ન ભિન્ન કોટિઓની વાત કરીને લેખકે તેનો ભેદક તત્ત્વ તરીકે 'લય'ની સ્થાપના કરી છે. 'અમુક એકમોની આનુપૂર્વીનાં બનેલાં ઘટકોનું ક્રમબદ્ધ આવર્તન તે લય'. છાંદસની જેમ અછાંદસમાં વર્ણગત લય નિયમિત હોતો નથી ને 'તેમાંથી સાકાંક્ષ આવર્તનની કશી સુરેખ ભાત નથી ઊપસતી.' મહત્ત્વની વસ્તુ નિરૂપતાં લેખક જણાવે છે કે વર્ણગત જેવા મુખ્ય અને સમર્થ પ્રકાર સિવાયનાયે લયપ્રકારો છે, અને મૂલ્યવાન છે—જુઓ પાન એંશી. આજની મૂલ્યનાશની વ્યાપક ભૂમિકાને ડૉ. ભાયાણીએ યથાર્થ રીતે જ અછાંદસ કવિતાના ઉદ્‌ગમની ભૂમિકા તરીકે ઓળખાવી છે.

કથાસાહિત્યવિષયક લેખોમાં 'કથાના પ્રકાર' અને 'નવલકથાની પ્રકૃતિ' ધ્યાનયોગ્ય છે. ઘટના અને પાત્રને યોગ્ય રીતે જ, કથાવાર્તામાં મૂળભૂત ઘટકો તરીકે ઓળખાવીને લેખકે 'ટૂંકી વાર્તા'માં કશું વિશિષ્ટ કહેવાને બદલે ઘટનાપ્રધાન આખા સાહિત્યની વાત કરી છે, પણ સાથેનું રોબ ગ્રિયેમાંથી રચેલું કાલગ્રસ્ત ખ્યાલ–પાત્ર–વિશેનું પરિશિષ્ટ કથાવાર્તાના એ બીજા મૂળભૂત ઘટક તત્ત્વ વિશે ઘણું બધું કહી દે છે. નવલકથાવિષયે પ્રવર્તતા જીવનવાદ અને પ્રતીકવાદ વચ્ચેના વિવાદનું એક સુંદર દૃષ્ટાન્ત તે ડેવિડ મેડનના વિચારો છે. લેખકે સ્પષ્ટપણે બતાવ્યું છે તેમ, દેખીતી રીતે જ, નવલકથાનો મેડનકથિત 'જીવન'ઝોક દૂષિત છે. આવા વિવાદાસ્પદ કે રોબ ગ્રિયેના જેવા અત્યાધુનિક, ને ઘણી વાર તો આઘાતક—નવ્ય વિચારોના સંઘર્ષમાંથી વૈજ્ઞાનિક પદ્ધતિનો કશોક વ્યવસ્થા-વિચાર જ આપણને ઉતારી શકે. લેખકે 'કથાના પ્રકાર'માં શોલ્સ અને કેલોગે પ્રસ્તુત કરેલા વર્ગીકરણ—માળખાને આધારે કથાના પ્રકારો અને પેટાપ્રકારોની મૂલ્યવાન વ્યવસ્થા રજૂ કરી છે. આને કેન્દ્રમાં રાખી 'વિવિધ કથા-જાતિઓના વસ્તુલક્ષી, ઐતિહાસિક કે તુલનાત્મક મૂલ્યાંકનનો માર્ગ પામી શકાય. આ વર્ગીકરણ પાછળનું દૃષ્ટિબિંદુ નવલકથાના મૂલ્યાંકનના સંદર્ભમાં તો ખરું જ પરંતુ તેની પ્રકૃતિના વિષયમાં પણ અનેક રીતે કારગત નીવડે તેવું છે...પ્રકૃતિએ અને સ્વરૂપે, સાધનલેખે કાવ્યતત્ત્વો

અને નાટ્યતત્ત્વો પરસ્પરવિરોધી છે અને તેથી જ, પદ્ય નાટકની પાયાની સમસ્યા, લેખકે જણાવ્યું છે તેમ, 'કાવ્યતત્ત્વો નાટ્યતત્ત્વોનાં સંહારક બનવાને બદલે સંવર્ધક કઈ રીતે બને' તે છે; અને આના કેન્દ્રમાં થયેલી 'વસ્તુલક્ષી તપાસ અને વિચારણા સાહિત્યતત્ત્વની સમજ માટે વધુ ઉપકારક' ગણાય.

કાવ્યસર્જનપ્રક્રિયાને લગતી આધુનિક વિચારણાનું 'ટૂંકું તારણ' (મુખ્યત્વે બિઅર્ડ્ઝલી અને ક્રીગરને આધારે) પુસ્તકનો અતિશય નોંધપાત્ર લેખ છે. સર્જનવ્યાપાર અંગે આપણે કેટલાક વહેમો અને ભ્રમોમાં છીએ તેનો ખ્યાલ કરાવીને લેખકે આપણને કેટલુંક નવેસર વિચારવા પ્રેર્યા છે. 'સર્જનનાં પ્રયોજનો' માં પણ જિજીવિષાવાદ અને સૌંદર્યતૃષ્ણાવાદ જેવાં આધુનિક વલણોથી લેખકે આપણને સુમાહિતગાર કર્યા છે.

૨. આપણા સાહિત્યવિવેચનમાં એવા કેટલાયે ટુકડા મળી આવે જેનું એમાં રહેલી પરિભાષાવિષયક ધૂંધળાશને લીધે, વર્ષો લગી, Communication થયું જ નથી. અચરજ થાય તેવી વાત છે પણ વિવેચનનો ઈતિહાસ તપાસનાર જે અનેકાનેક નિરાશાઓ મળે છે તેમાંની એકદમ વજનદાર તે સંજ્ઞાવિષયે પ્રવર્તતી ભારે અરાજકતા, અસ્પષ્ટતા અને સંદિગ્ધતા છે. અર્વાચીન વિવેચન પણ આ વારસો સંવર્ધે છે. સંજ્ઞાઓના વિષયમાં સ્પષ્ટતા પૂરી પાડવાનો, આ પુસ્તકનો ગૌણ છતાં મુખ્ય હેતુ છે. ડૉ. ભાયાણી જણાવે છે કે "પારિભાષિક સંજ્ઞાઓનું પ્રયોજન ચોક્કસ, સૂક્ષ્મ અને ઇતરવ્યાવર્તક અર્થ અવગત કરાવવાનું હોય છે. અર્થની શિથિલતા, ધૂંધળાપણું, તરલતા તેમને માટે ઘાતક નીવડે. સ્પષ્ટ અને સૂક્ષ્મ વિચારણા સંજ્ઞાઓના વિશદરેખ અને ઊમિંશબલતાથી મુક્ત એવા અર્થને ટેકે જ આગળ વધી શકે." ફૉર્મ, ઇમેયૂજ, લય, ઔચિત્ય, સર્જકતા, નિર્મિતિ, શુદ્ધ કવિતા વગેરે વિશે અહીં જે કંઈ કહેવાયું છે તે સાહિત્યના કોઈપણ ગુજરાતી અભ્યાસીને પૂરું માર્ગદર્શક નીવડે એમ છે.

લેખકની ભાષાવિજ્ઞાની તરીકેની પ્રતિભાનો આ કાવ્યમીમાંસાને પૂરો લાભ મળ્યો છે. આધુનિક ભાષાવિજ્ઞાનની કાવ્યવિચારકને અને કાવ્યવિચારની ભાષાવિજ્ઞાનીને કેટલી ગરજ છે તે તો લેખકે પ્રસ્તાવનામાં જ જણાવી દીધું છે; '...યાકોબ્સન જેવા પ્રથમ કોટિના ભાષાવિજ્ઞાની કાવ્યમીમાંસાનો ભાષાવિજ્ઞાનમાં જ, તેની એક શાખા તરીકે, સમાવેશ કરવાના મતના છે. તેમના કહેવા પ્રમાણે આધુનિક સમયમાં જે ભાષાવિજ્ઞાની કાવ્યભાષા માટે જાગૃત કર્ણેંદ્રિય ધરાવતો ન હોય, અને જે સાહિત્યવિવેચક ભાષાના પ્રશ્નો તથા અભ્યાસપદ્ધતિઓથી વિમુખ હોય તે બંનેને કાળગ્રસ્ત ઘટના જેવા સમજવા.' વિચારનાં મૂળશોધન અને પરિપોષણ બેય હેતુને અર્થે પ્રકરણવાર અપાયેલાં પરિશિષ્ટની પદ્ધતિએ વિદ્વદ્લક્ષણ—ચર્ચાપ્રાપ્ત વિષયની આદર્શ શિસ્ત બાંધે છે. એ પાનાં ભરવા માટેનું, દીર્ઘસૂત્રીપણું કે મળી આવેલો માત્ર બંધબેસતો ટેકા—Support—નથી; પરંતુ વાચકને મતભેદ અને મતવિસ્તાર બેયની શક્યતાઓ તરફ દોરતું સાચું સાહિત્યકર્મ છે. ડૉ. ભાયાણી પાસેથી આવાં, સમ્યક્ અર્થમાં તટસ્થ સમતોલ વિવેચનો વિશેષ મળો એ જ અપેક્ષા.

**સુમન શાહ**

* * *

# સાભાર સ્વીકાર

૧ **વિવિધ વાયુ-પ્રવચનો :**—લે. પુરુષોત્તમ ગણેશ માવળંકર, પ્રકાશક: સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ–૧; પૃ. ૧–૧૬૦; કિંમત રૂા. ૩=૫૦ ન.પૈ.

૨ **ગુર્જર-શબ્દાનુશાસન (ગુર્જર વ્યાકરણ) :**—પ્રણેતા: પરમહંસ શ્રી સ્વામી શ્રીભગવદાચાર્યજી મહારાજ, પ્રકાશિકા: શ્રીમતી ચંદનદેવી અધ્યાપિકા, માતૃસ્મૃતિ બંગલા કાશ્મીરા સોસાયટી, અમદાવાદ–૭; પૃ. ૧–૮૦; કિંમત રૂા. ૪=૦૦ ન.પૈ.

૩ **ભારત-ભાસ્કરોદય :**—પ્રણેતા: પરમહંસ સ્વામી શ્રી ભગવદાચાર્યજી મહારાજ, પ્રકાશિકા: શ્રીમતી ચંદનદેવી અધ્યાપિકા, માતૃસ્મૃતિ બંગલા, કાશ્મીરા સોસાયટી, અમદાવાદ–૭; પૃ. ૧–૧૭૫; કિંમત અમૂલ્ય.

૪ **શીળો સ્પર્શ :**—રચયિતા: સૌ. પ્રભાવતીબેન પજવાણી, પ્રકાશક: પ્રભાવતીબેન પજવાણી, નિયામક અને આચાર્યા, મુકુલ ભારતી બાલનિકેતન, પ્રકાશન મંદિર, માંડવી, સરકારવાડા, વડોદરા–૬ પૃ. ૧–૭૮; કિંમત રૂા. ૧=૨૫ ન.પૈ.

૫ **સ્પંદ અને છંદ :**—લે. ઉશનસ્, પ્રકાશક: સાહિત્ય સંગમ, બાવા સીટી, ગોપીપુરા, સૂરત; પૃ. ૧–૧૨૮; કિંમત રૂા. ૬=૦૦ ન.પૈ.

૬ **અભિનવનો રસવિચાર અને બીજા લેખો :**—લે. શ્રી નગીનદાસ પારેખ, પ્રકાશક: બબાલાલ સોમચંદ શાહ, મેસર્સ બી. એસ. શાહની કંપની, ૧૧૮૩, પાનકોર નાકા, અમદાવાદ; પૃ. ૧–૩૪૩, કિંમત ૧૨=૮૦ ન.પૈ.

## ભાષાન્તરનિધિનાં પ્રકાશનો

૭ **ગાંડપણનું માનસ :**—અનુવાદક: નટવરલાલ પ્ર. બુચ, પૃ. ૧–૧૯૮; કિંમત રૂા. ૩=૨૫ ન.પૈ.

૮ **સુખની સિદ્ધિ :**—લે. બર્ટ્રાન્ડ રસેલ, અનુવાદક: વિનોદિની નીલકંઠ, પૃ. ૧–૨૫૬; કિંમત રૂા. ૪=૦૦ ન.પૈ.

૯ **સર્વ ધર્મોની તાત્ત્વિક એકતા, ભાગ–૧ :**—ભાષાન્તરકર્તા: ભૂપતરાય મો. બુચ, ડોલરરાય મો. બુચ, પૃ. ૧–૨૪૪ + ૪; કિંમત રૂા. ૬=૦૦ ન.પૈ.

૧૦ **આર્થિક વિકાસના સિદ્ધાંતો :**—લે. ડબલ્યુ આર્થર લેવિસ, અનુવાદક: બદરીપ્રસાદ માણેકલાલ ભટ્ટ, પૃ. ૧–૫૬૫; કિંમત રૂા. ૧૩=૦૦ ન.પૈ.

# સ્વાધ્યાય

પુસ્તક ૭ : અંક ૧ નવેમ્બર ૧૯૬૯

દીપોત્સવી વિ. સં. ૨૦૨૫

## અનુક્રમ

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | નયવિધાનજ્ઞ શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા... ... | ... ૧–૨૬ |
| ૨. | કવિની વિવેચના—સુસ્મિતા મ્હેડ ... ... ... | ... ૨૭–૩૪ |
| ૩. | કચ્છી લોકસાહિત્યનું એક ઉજ્જવળ પાસું—પ્રતાપરાય ગો. ત્રિવેદી | ... ૩૫–૪૪ |
| ૪. | સોમનાથનું મંદિર સૌ પ્રથમ ક્યારે બંધાયું—રસેશ જમીનદાર | ... ૪૫–૪૮ |
| ૫. | સુદર્શન તળાવ—કેશવરામ કા. શાસ્ત્રી ... ... | ... ૪૯–૫૬ |
| ૬. | સોળમા સૈકાની ગુજરાતી ચિત્ર-શૈલી—ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ | ... ૫૭–૬૩ |
| ૭. | મારુ-ગુર્જર વાસ્તુશાસ્ત્રમાં મસ્જિદનિર્માણ વિધિ—મધુસૂદન ઢાંકી | ... ૬૪–૭૯ |
| ૮. | મહિસાના નંદીના લેખ પર એક દૃષ્ટિપાત—હરિપ્રસાદ શાસ્ત્રી | ... ૮૦–૮૧ |
| ૯. | શતપુષ્પા અને મિસિ—બાપાલાલ ગ. વૈદ્ય ... ... | ... ૮૨–૮૬ |
| ૧૦. | શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવેને અંજલિ—ભોગીલાલ જ. સાંડેસરા | ... ૮૭–૮૮ |
| ૧૧. | ગ્રન્થાવલોકન : | |
| | ૧. અભીપ્સા અને પરિમાણ ... .. ... | ... ૮૯–૯૨ |
| | ૨. કાવ્યમાં શબ્દ ... ... ... ... | ... ૯૨–૯૬ |
| | સાભાર સ્વીકાર ... ... ... ... | ... ૯૨–૯૭ |

જ્યોતિ

## પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દૃષ્ટિએ જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિઃ કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવઃ ૩૦૦ ફૂટ સુધી.



*Quality is our Creed*

**જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩**

JY-884-GJ EVEREST

# એ અમારા એક માત્ર ગ્રાહક છે





**એવું રાધાને લાગે છે.**
એમને એવું જ લાગે એવી અમે આશા સેવીએ છીએ. તેમને બનતી મદદ અમે કરીએ છીએ. તેમણે જ્યારે લગ્ન કરવા માટે રાજીનામું આપ્યું ત્યારે તેમની પ્રોવિડન્ટ ફંડની રકમ બાંધી થાપણમાં કઇ રીતે રોકવી તેની અમે સમજ પાડી. પછી, તે સીવવાનો સંચો (સીવવાનું મશીન) ખરીદવા માંગતા હતા. અમે તેમને દર મહિને સરળ હપ્તામાં બચત કરવામાં મદદ કરી – રિકરિંગ ડિપોઝિટ યોજના દ્વારા અને જ્યારે એમને પોતાના કિંમતી દર દાગીના ઘરમાં સાચવવામાં જોખમ લાગ્યું ત્યારે અમે તેમને અમારા સેફ ડિપોઝિટ લોકરોમાંથી એક ખાનું ભાડે આપ્યુ.

હવે, જ્યારે પણ કોઇ પણ સમસ્યા મુંઝવતી હોય ત્યારે રાધા અમારી સલાહ માટે આવે છે. સાથે મળી અમે તેમની સમસ્યા હલ કરીએ છીએ એટલે રાધાને એમ લાગે કે એજ એક માત્ર અમારા ગ્રાહક છે. તે સ્વાભાવિક છે. અમારા બધા જ ગ્રાહકો — લાખો ગ્રાહકો — એમ જ માને છે (મઝાનો અનુભવ છે. તમે પણ પ્રયત્ન કરી જુવો).

ચિર સમૃધ્ધિનું પ્રતીક
**ધી બૅન્ક ઑફ બરોડા લિ.**
(સ્થાપના : ૧૯૦૮) રજિ. ઑફિસ : માંડવી, વડોદરા.
ભારતમાં તથા વિદેશોમાં ૩૦૦થી વધુ શાખાઓ.

હીરક જયંતી—૧૯૦૮–૧૯૬૮.

Shilpi-BOB-11/68 guj


# સર અવસર પર
# સાથ કરે જે
# એ સાચા સંગાથી !



આપનો એવો સાથી તે **દેના બેંક**માં બચતખાતું. આપની બચત પર આપને વર્ષે ૩½% વ્યાજ મળે છે. નિયમિત બચત કરવાની ટેવ, આપની ભવિષ્યની જરૂરતો માટે નાણાં એકઠા કરવામાં સહાય કરે છે, અને આપની બચત આપને સલામતી બક્ષે છે. આજે જ એક **બચતખાતું** ખોલો.


**દેના બેંક**
રજિસ્ટર્ડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હોર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ-૧

RATAN BATRA DB/G/116



# એક દીવાથી બીજો દીવો પેટાય છે... એક નાનકડી જ્યોત ઘર આખામાં અજવાળું કરી મૂકે છે...

આપ રોજ એક એક પૈસો કે એક એક રૂપિયો બચાવતા જાઓ તો એ નાનકડી બચતમાંથી મોટી રકમ બનીને રાષ્ટ્રનાં ઉપયોગી કાર્યોમાં મદદરૂપ થાય છે.




# નાની બચત

નાનેરા પ્રયાસોનું મોટેરૂં પરિણામ

ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત

RPC 1215

# ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે




મધુર

સ્વાદવાળું

# ગ્લાયકોડીન

## ટર્પ વસાકા

તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત ગ્લાયકોડીનની "ફોર્મ્યુલા" ખાંસીને તેનાં અનેક પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢે છે. આ રહી ગ્લાયકોડીનની વિવિધ અને અસરકારક કાર્યશક્તિ:


● **મગજમાં**—ગ્લાયકોડીન ખાંસીના હુમલાનું યોગ્ય સમયે-હાનિવિના અને અસરકારક રીતે-નિયંત્રણ કરે છે.

● **ગળામાં**—ગ્લાયકોડીન કફનો ભરાવો દૂર કરે છે, બળતરા અને પીડાને શાંત પાડે છે અને ગળાની અંદરના નાજુક ભાગોને કીટાણુઓ સામે રક્ષે છે.

● **છાતીમાં**—ગ્લાયકોડીન બંધ શ્વાસનળીઓ ખોલી નાંખે છે, જકડાયેલા છાતીનાં સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે.

● **ફેફસામાં**—ગ્લાયકોડીન ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છુટા પાડીને, ઊંડામાં ઊંડે રહેલી હઠીલી ખાંસીને દૂર કરે છે; અને જામેલા કફના ભરાવાને બહાર કાઢે છે.

**હંમેશા ગ્લાયકોડીનની શીશી આપની પાસે રાખો.**




**ગ્લાયકોડીન–૩૦ ઉપરાંત વર્ષોથી સૌથી વધુ વેચાણ ધરાવતો ખાંસીનો ઘરગથ્થુ ઈલાજ**

ચાર સાઈઝમાં મળે છે * એલેમ્બિકનું ઉત્પાદન *Alembic*

everest/363d /ACW gj

# પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૮=૦૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૫=૦૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભોગીલાલ સાંડેસરા | ૭=૫૦ |
| ૩. | **ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૬=૦૦ |
| ૪. | ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—સં. : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૦૦ |
| ૫. | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૪=૭૫ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૮=૨૫ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ ભાગ ૧**—સં. : ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૧૮=૬૦ |

# સ્વ. પ્રો. બ. ક. ઠાકોરકૃત ગ્રન્થમાલા

| | | |
|---|---|---|
| ૧. | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૧=૭૫ |
| ૨. | ,, ,, ,, ૨ | ૧=૭૫ |
| ૩. | ,, ,, ,, ૩ | ૪=૦૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૦૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) | ૧=૭૫ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૩=૫૦ |
| ૭. | ,, ,, **બીજો** | ૨=૪૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૩=૦૦ |
| ૯. | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૦. | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૧. | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |


પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા**


## શ્રી સયાજી સાહિત્યમાળા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **કહેવત કથાનકો**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૫૦ |
| ૨ | **પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા | ૪=૭૫ |
| ૩ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૫ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૬ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૭ | **મીરાંબાઈ–એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર | ૬=૭૫ |
| ૮ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૯ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૧૦ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૧૧ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૧૨ | **માનવસર્જિત વસ્તતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૩ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૪ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૫ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૬ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૭ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૮ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૯ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૨૦ | **મહાગુજરાતના મુસલમાનો**—કરીમ મહમદ માસ્તર | ૧૩=૦૦ |

## શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

| | | |
|---|---|---|
| ૧ | **ઘઉં**—શ્રી માર્તંડ શિવભદ્ર પંડ્યા | ૩=૦૦ |
| ૨ | **આબાદીને માર્ગે**—શ્રી. કેશવલાલ વ્યાસ | ૧=૭૫ |
| ૩ | **લોકનાટ્ય અને ગામડું**—શ્રી. જશવંત ઠાકર | ૧=૨૦ |
| ૪ | **ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—શ્રી. કાન્તિલાલ સી. પટવા | ૨=૩૦ |
| ૫ | **સમાજશિક્ષણ**—શ્રી. શાન્તિલાલ શાહ | ૨=૮૦ |

પ્રાપ્તિસ્થાન :
**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**
**વડોદરા**



ભીમકૃત 'પ્રબોધપ્રકાશ'–પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરાના સંગ્રહમાંથી

(જુઓ આ અંકમાં ડૉ. ઉમાકાન્ત શાહનો લેખ, ચિત્ર નં. ૧૧)

(ફોટો : ઉમાકાન્ત શાહ)